## શ્રી રાજનગર જૈન

# જ્ઞાનમંજરી



... પ્રકાશક ...

શતાધિક વર્ષ પ્રાચીન શ્રુત તીર્થ સમ

**શ્રી રાજનગર જૈન શ્વે. ધાર્મિક ઈનામી પરીક્ષા ટ્રસ્ટ**

**અમદાવાદ**



સંસ્થા સંસ્થાપક

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત

**શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

ૐ હ્રીઁ અર્હં નમઃ

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

# શ્રી રાજનગર જૈન જ્ઞાનમંજરી

## મૌખિક/લેખિત નૂતન અભ્યાસક્રમ

: પ્રકાશક :

શતાધિક વર્ષ પ્રાચીન શ્રુત તીર્થ સમ

**શ્રી રાજનગર જૈન શ્વે. ધાર્મિક ઈનામી પરીક્ષા ટ્રસ્ટ**

**અમદાવાદ**

ટ્રસ્ટ રજીસ્ટર નં. એ/૧૩૮૨

☞ પુસ્તકનું નામ :

**શ્રી રાજનગર જૈન જ્ઞાનમંજરી**

☞ પ્રથમ આવૃત્તિ : વિ.સં. ૨૦૭૫, નકલ : ૨૦૦૦

☞ દ્વિતીય આવૃત્તિ : વિ.સં. ૨૦૭૬, નકલ : ૨૦૦૦

☞ તૃતીય આવૃત્તિ : વિ.સં. ૨૦૭૬, નકલ : ૨૦૦૦

☞ ચતુર્થ આવૃત્તિ : વિ.સં. ૨૦૭૭, નકલ : ૨૦૦૦

☞ પંચમ આવૃત્તિ : વિ.સં. ૨૦૭૮, નકલ : ૨૦૦૦

☞ ષષ્ટમ્ આવૃત્તિ : વિ.સં. ૨૦૭૯, નકલ : ૫૦૦૦

☞ સપ્તમ્ આવૃત્તિ : વિ.સં. ૨૦૮૨, નકલ : ૨૦૦૦

☞ મૂલ્ય : રૂા. ૭૦/-

**પ્રાપ્તિસ્થાન**

- **રજી. ઑફિસ - ૭, સંગમપાર્ક, હીરાબાગ ક્રોસીંગ પાસે, આંબાવાડી, અમદાવાદ. મો. ૯૪૦૯૩ ૫૪૫૮૩**
- **પારી વરધીલાલ સંપ્રીતચંદ, ૨૨૮૭/૧, માણેકચોક, અમદાવાદ-૧. મો. ૯૪૨૮૧ ૧૬૨૫૧**

**E : rajnagarpariksha@gmail.com**

**W : www.rajnagarpariksha.com**

© સર્વ હક્ક પ્રકાશકને આધિન

પુસ્તકને ગમે ત્યાં મુકી આશાતના કરશો નહીં.

## પ્રસ્તાવના

જૈનોની રાજધાની રાજનગર (અમદાવાદ) ની ધન્યધરા ઉપર વિ.સં. ૧૯૭૩માં આગમોદ્ધારક પ. પૂજ્ય આ. શ્રી આનંદસાગર સૂરીશ્વરજી મ.સા.ની પાવન પ્રેરણા થી 'શેઠ સુબાજી રવચંદ જેચંદ જૈન વિદ્યાશાળા' ખાતે આ સંસ્થાની સ્થાપના થઈ.

જિનશાસનની ઉત્તમ પ્રણાલીકા મુજબ ચાલતી પાઠશાળાઓને વેગવંતી બનાવવાના મુખ્ય આશય સાથે પાઠશાળાના બાળકોની વાર્ષિક પરીક્ષાઓ લેવાનું શરૂ થયું. જે આજે ૧૦૯ વર્ષથી અવિરત ચાલુ છે. રાજનગરના તમામ વિદ્વાન પંડિતવર્યોના સાથ અને સહકારથી આજ સુધી લગભગ ૩ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી.

સંસ્થા દ્વારા દર વર્ષે તેજસ્વી વિદ્યાર્થીઓને એવોર્ડ વિતરણ અને પાઠશાળાના શિક્ષકોનું બહુમાન કરવામાં આવે છે. દર વર્ષે ૫૦૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ પરીક્ષા આપે છે. સંસ્થા સાથે અંદાજિકત ૪૦૦ પાઠશાળા, ૫૦૦ શિક્ષક અને ૧૮૦૦૦ વિદ્યાર્થીઓ રજીસ્ટર છે. દેશ ઉપરાંત વિદેશમાંથી પણ ઘણા બધા વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે.

વિદ્યાર્થીઓ પાઠશાળા સાથે જોડાઈ રહે તે માટે અનેક જ્ઞાનવર્ધક આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવી રહ્યા છે. જેવા કે IPL, ક્વિઝ, માસિક પ્રવૃત્તિઓ. આ સમગ્ર આયોજનમાં અમોને શાસનના ઘણા બધા પૂજ્યશ્રીઓનું સાનિધ્ય, માર્ગદર્શન મળેલ છે.

આ સંસ્થામાં અત્યંત જ્ઞાનપ્રેમી એવા શ્રેષ્ઠીવર્ય શ્રી વરધીલાલ સંપ્રીતચંદ શાહે ખૂબ જ લાંબા કાળ સુધી તન-મન-ધનથી સેવા આપેલ છે. જેનું શબ્દોમાં વર્ણન કરવું શક્ય નથી. સંસ્થા દ્વારા વિવિધ પુસ્તકો પ્રકાશીત થયેલ છે. તેમાં એક વિશિષ્ટ પુસ્તક રૂપે 'શ્રી રાજનગર જૈન જ્ઞાનમંજરી'ની ખૂબ જ ટૂંકા ગાળામાં છ આવૃત્તિ પ્રગટ થઈ છે અને આ ૭મી આવૃત્તિ પ્રગટ કરતાં ખૂબ જ હર્ષ અનુભવીએ છીએ.

વિ.સં. ૨૦૮૩ થી કોર્સમાં ફેરફાર થવાથી નવી આવૃત્તિ નવા કોર્સ મુજબની છે. કોર્સમાં ફેરફાર કરવા માટે રિદ્ધિબેન, અર્પિતાબેન, પંક્તિબેન, હેતાબેન, સેનલબેન, દર્શનાબેન, ભાવિકાબેન અને પુનમબેન તરફથી ખૂબ સહકાર મળેલ છે.

આ પુસ્તકના પ્રફીંગ માટે અર્પિતાબેન અને રિદ્ધિબેન તરફથી મળેલ સહકાર બદલ તેમનો ખુબ ખુબ આભાર.

# પૂ. આચાર્ય ભગવંતોની નિશ્રામાં
# વખતોવખત જ્ઞાનવર્ધક આયોજનો યોજવામાં આવેલ

| | |
|---|---|
| વિ.સં. ૨૦૧૦ | પ.પૂ.આ.ભ.શ્રી વિજયમનોહરસૂરીશ્વરજી મ.સાહેબ |
| | પ.પૂ.મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૧૧ | પ.પૂ.આ.ભ.શ્રી વિજયમનોહરસૂરીશ્વરજી મ.સાહેબ |
| | પ.પૂ.મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૧૪ | પ.પૂ.આ.ભ.શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મ.સાહેબ |
| | પ.પૂ.આ.ભ.શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.સાહેબ |
| | પ.પૂ.આ.ભ.શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૧૬ | પ.પૂ.આ.ભ.શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૧૭ | પ.પૂ.આ.ભ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૧૯ | પ.પૂ.આ.ભ.શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૨૦ | પ.પૂ.આ.ભ.શ્રી ભુવનસૂરીશ્વરજી મ.સાહેબ તથા |
| | પ.પૂ. યતીન્દ્રવિજયજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૨૧ | પ.પૂ.પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મ.સાહેબ તથા |
| | પ.પૂ.પંન્યાસ શ્રી ચંદ્રોદયસાગરજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૨૯ | પ.પૂ.આ.ભ.શ્રી કસ્તુરસૂરીશ્વરજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૩૦ | પ.પૂ.આ.ભ.શ્રી ભદ્રસૂરીશ્વરજી મ.સાહેબ |
| | પ.પૂ.આ.ભ.શ્રી ઓમકારસૂરીશ્વરજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૩૧ | પ.પૂ.આ.ભ.શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મ.સાહેબ |
| | પ.પૂ.આ.ભ.શ્રી મુક્તિચંદ્રસૂરીશ્વરજી મ.સાહેબ |
| | પ.પૂ.આ.ભ.શ્રી માનતુંગસૂરીશ્વરજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૩૨ | પ.પૂ.આ.ભ.શ્રી યશોભદ્રસૂરીશ્વરજી મ.સાહેબ |
| | પ.પૂ.આ.ભ.શ્રી ધર્મધૂરંધર વિજયજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૩૩ | પ.પૂ.મુનિરાજ શ્રી મતિધનવિજયજી મ.સાહેબ |
| | પ.પૂ.ગણિવર્ય શ્રી જયઘોષવિજયજી મ.સાહેબ |
| | પ.પૂ.મુનિરાજ શ્રી મિત્રાનંદવિજયજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૩૪ | પ.પૂ.આ.ભ.શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.સાહેબ |

| | |
|---|---|
| વિ.સં. ૨૦૩૫ | પ.પૂ.આ.ભ.શ્રી ભુવનરત્નસૂરીશ્વરજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૩૬ | પ.પૂ.આ.ભ.શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૩૮ | પ.પૂ.આ.ભ.શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૪૦ | પ.પૂ.મુનિરાજ શ્રી બલભદ્રવિજયજી મ.સાહેબ |
| | પ.પૂ.મુનિરાજ શ્રી ગૌતમવિજયજી મ.સાહેબ |
| | પ.પૂ.મુનિરાજ શ્રી રાજચંદ્રવિજયજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૪૪ | પ.પૂ.આ.ભ.શ્રી રામસૂરીશ્વરજી મ.સાહેબ (ડહેલાવાળા) |
| | પ.પૂ.આ.ભ.શ્રી અભયદેવસૂરીશ્વરજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૪૫ | પ.પૂ.આ.ભ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૪૬ | પ.પૂ.આ.ભ.શ્રી કંચનસાગરસૂરીશ્વરજી મ.સાહેબ |
| | પ.પૂ.પં.શ્રી પ્રમોદસાગરવિજયજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૪૭ | પ.પૂ.આ.ભ.શ્રી પ્રભાકરસૂરીશ્વરજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૪૮ | પ.પૂ.આ.ભ.શ્રી રામસૂરીશ્વરજી મ.સાહેબ (ડહેલાવાળા) |
| વિ.સં. ૨૦૫૧ | પ.પૂ.આ.ભ.શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૫૨ | પ.પૂ.આ.ભ.શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૫૪ | પ.પૂ.આ.ભ.શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૫૫ | પ.પૂ.આ.ભ.શ્રી રત્નાકરસૂરીશ્વરજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૭૩ | પ.પૂ.આ.ભ.શ્રી જિનચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સાહેબ |
| (શતાબ્દિ વર્ષ) | પ.પૂ.આ.ભ.શ્રી હેમચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૭૫ | ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી દોલતસાગરસૂરીશ્વરજી મ.સાહેબ |
| | પ.પૂ.આ.ભ.શ્રી નંદિવર્ધનસાગરસૂરીશ્વરજી મ.સાહેબ |
| | પ.પૂ.આ.ભ.શ્રી હર્ષસાગરસૂરીશ્વરજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૭૬ | પ.પૂ.આ.ભ.શ્રી મહાબોધિસૂરીશ્વરજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૭૭ | ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી રાજયશસૂરીશ્વરજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૭૮ | પ.પૂ.આ.ભ.શ્રી ઉદયવલ્લભસૂરીશ્વરજી મ.સાહેબ |

| | |
|---|---|
| વિ.સં. ૨૦૭૯ | ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. |
| | શ્રી કુલચંદ્ર (K.C.) સૂરીશ્વરજી મ.સા. |
| વિ.સં. ૨૦૭૯ | પ.પૂ.આ.ભ.શ્રી રત્નચંદ્રસૂરીશ્વરજી મ.સાહેબ |
| (સુરત) | (ડહેલાવાળા) |
| વિ.સં. ૨૦૮૦ | પ.પૂ.આ.ભ.શ્રી યોગતિલકસૂરીશ્વરજી મ.સાહેબ |
| (સુરત) | પ.પૂ.આ.ભ.શ્રી સાગરચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. |
| વિ.સં. ૨૦૮૧ | પ.પૂ.આ.ભ.શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.સા.(ડહેલાવાળા) |
| (સુરત) | ગચ્છા.પ.પૂ.આ.ભ.શ્રી અભયદેવસૂરીશ્વરજી મ.સાહેબ |
| વિ.સં. ૨૦૮૨ | ગચ્છા.પ.પૂ.આ.ભ.શ્રી નરદેવસાગરસૂરીશ્વરજી મ.સા. |
| (સુરત) | ગચ્છા.પ.પૂ.આ.ભ.શ્રી નરદેવસાગરસૂરીશ્વરજી મ.સા. |

# શ્રી રાજનગર જૈન જ્ઞાનમંજરી

## અનુક્રમણિકા

### મૌખિક


| વિષય | પૃષ્ઠ નં. | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|---|
| ધોરણ-૧ | ૧ થી ૧૧ | ધોરણ-૮ | ૧૦૫ થી ૧૧૭ |
| ધોરણ-૨ | ૧૨ થી ૨૫ | ધોરણ-૯ | ૧૧૮ થી ૧૩૭ |
| ધોરણ-૩ | ૨૬ થી ૪૦ | ધોરણ-૧૦ | ૧૩૮ થી ૧૫૯ |
| ધોરણ-૪ | ૪૧ થી ૫૧ | ધોરણ-૧૧ | ૧૬૦ થી ૧૬૯ |
| ધોરણ-૫ | ૫૨ થી ૭૨ | ધોરણ-૧૨ | ૧૭૦ થી ૧૮૦ |
| ધોરણ-૬ | ૭૩ થી ૮૭ | ધોરણ-૧૩ | ૧૮૧ થી ૨૦૦ |
| ધોરણ-૭ | ૮૮ થી ૧૦૪ | ધોરણ-૧૪ થી ૧૮ | ૨૦૧ |


### લેખિત


| વિષય | પૃષ્ઠ નં. | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|---|
| ધોરણ-૧ | ૨૦૨ | ધોરણ-૧૧ | ૨૨૭ |
| ધોરણ-૨ | ૨૦૪ | ધોરણ-૧૨ | ૨૩૧ |
| ધોરણ-૩ | ૨૦૭ | ધોરણ-૧૩ | ૨૩૬ |
| ધોરણ-૪ | ૨૦૯ | ધોરણ-૧૪ | ૨૪૧ |
| ધોરણ-૫ | ૨૧૧ | ધોરણ-૧૫ | ૨૪૪ |
| ધોરણ-૬ | ૨૧૩ | ધોરણ-૧૬ / ૧૭ | ૨૪૭ |
| ધોરણ-૭ | ૨૧૬ | ધોરણ-૧૮ | ૨૪૮ |
| ધોરણ-૮ | ૨૧૮ | ધોરણ-૧૯ / ૨૦ | ૨૫૦ |
| ધોરણ-૯ | ૨૨૧ | ધોરણ-૨૧ થી ૨૫ | ૨૫૧ |
| ધોરણ-૧૦ | ૨૨૫ | | |

# અનુક્રમણિકા


... સૂત્રો ...

| | | |
|---|---|---|
| ૧. | નમસ્કાર મહામંગલ (પંચમંગલ સૂત્ર) | ૧ |
| ૨. | પંચિંદિય સૂત્ર (ગુરુ સ્થાપના સૂત્ર) | ૨ |
| ૩. | ખમાસમણ સૂત્ર (પંચાંગ પ્રણિપાત સૂત્ર) | ૨ |
| ૪. | ઈચ્છકાર સૂત્ર (સુગુરુ સુખશાતા પૃચ્છા સૂત્ર) | ૨ |
| ૫. | અબ્ભુટ્ઠિઓ સૂત્ર (ગુરુખામણા સૂત્ર) | ૨ |
| ૬. | ઈરિયાવહિયં સૂત્ર (લઘુ પ્રતિક્રમણ સૂત્ર) | ૨ |
| ૭. | તસ્સઉત્તરી સૂત્ર (ઉત્તરીકરણ સૂત્ર) | ૩ |
| ૮. | અન્નત્થ સૂત્ર (આગાર સૂત્ર) | ૩ |
| ૯. | લોગસ્સ સૂત્ર (નામસ્તવ સૂત્ર) | ૩ |
| ૧૦. | કરેમિ ભંતે સૂત્ર (સામાયિક દંડક સૂત્ર) | ૪ |
| ૧૧. | સામાઇય-વયજુત્તો સૂત્ર (સામાયિક પારવાનું સૂત્ર) | ૪ |
| ૧૨. | જગચિંતામણિ (ચૈત્યવંદન સૂત્ર) | ૧૨ |
| ૧૩. | જંકિંચિ સૂત્ર (તીર્થવંદના સૂત્ર) | ૧૩ |
| ૧૪. | નમુત્થુણં સૂત્ર (શક્રસ્તવ સૂત્ર) | ૧૩ |
| ૧૫. | જાવંતિ ચેઇઆઇં સૂત્ર (ચૈત્યવંદન સૂત્ર) | ૧૪ |
| ૧૬. | જાવંત કે વિ સાહૂ સૂત્ર (ગુરુવંદન/મુનિવંદન સૂત્ર) | ૧૪ |
| ૧૭. | નમોઽર્હત સૂત્ર (સંક્ષિપ્ત પંચપરમેષ્ઠિ નમસ્કાર સૂત્ર) | ૧૪ |
| ૧૮. | ઉવસગ્ગહરં સૂત્ર (ઉપસર્ગહર સ્તોત્ર) | ૧૪ |
| ૧૯. | જય વીયરાય ! (પ્રાર્થના સૂત્ર) | ૧૫ |
| ૨૦. | અરિહંત-ચેઈયાણં સૂત્ર (ચૈત્યસ્તવ સૂત્ર) | ૧૫ |
| ૨૧. | કલ્લાણકંદં સૂત્ર (પાંચ જિનની થોય) | ૧૫ |
| ૨૨. | સંસારદાવાનલ સૂત્ર | ૧૬ |
| ૨૩. | પુક્ખરવરદીવડ્ઢે (શ્રુતસ્તવ) સૂત્ર | ૨૬ |
| ૨૪. | સિદ્ધાણં બુદ્ધાણં (સિદ્ધસ્તવ) સૂત્ર | ૨૭ |
| ૨૫. | વેયાવચ્ચગરાણં સૂત્ર | ૨૭ |
| ૨૬. | ભગવાનાદિ વંદન સૂત્ર | ૨૭ |
| ૨૭. | પડિક્કમણે ઠાઉં? (પ્રતિક્રમણ બીજ સૂત્ર) | ૨૮ |
| ૨૮. | ઈચ્છામિ ઠામિ (લઘુ અતિચાર સૂત્ર) | ૨૮ |
| ૨૯. | નાણંમિ (પાંચ આચારના અતિચારની ગાથા) | ૨૮ |
| ૩૦. | સુગુરુ વાંદણા (દ્વાદશાવર્ત્ત વંદન સૂત્ર) | ૨૯ |
| ૩૧. | દેવસિઅં આલોઉં સૂત્ર | ૨૯ |
| ૩૨. | સાત લાખ સૂત્ર | ૨૯ |
| ૩૩. | અઢાર પાપસ્થાનક સૂત્ર (અઢાર પાપ આલોવવાનું સૂત્ર) | ૩૦ |
| ૩૪. | સવ્વસ્સવિ (પ્રતિક્રમણ બીજક) સૂત્ર | ૩૦ |
| ૩૫. | ઈચ્છામિ પડિક્કમિઉં સૂત્ર | ૩૦ |
| ૩૬. | વંદિત્તુ (શ્રાદ્ધ પ્રતિક્રમણ) સૂત્ર | ૪૧ |
| ૩૭. | આયરિય ઉવજ્ઝાએ સૂત્ર | ૫૨ |
| ૩૮. | નમોઽસ્તુ વર્દ્ધમાનાય (વીરપ્રભુનું ચૈત્યવંદન) | ૫૩ |
| ૩૯. | વિશાલ-લોચન-દલં સૂત્ર (સવારનું વીરપ્રભુનું ચૈત્યવંદન) | ૫૩ |
| ૪૦. | શ્રુતદેવતાની સ્તુતિ | ૫૩ |
| ૪૧. | ક્ષેત્રદેવતાની સ્તુતિ | ૫૩ |
| ૪૨. | કમલદલ સ્તુતિ | ૫૪ |
| ૪૩. | ભવનદેવતાની સ્તુતિ | ૫૪ |
| ૪૪. | ક્ષેત્રદેવતાની સ્તુતિ | ૫૪ |
| ૪૫. | અઢાઇજ્જેસુ (મુનિ વંદન) સૂત્ર | ૫૪ |
| ૪૬. | વરકનક (૧૭૦ જિન) સ્તુતિ | ૫૪ |
| ૪૭. | લઘુ શાન્તિ (શ્રી શાન્તિનાથ) સ્તોત્ર | ૫૪ |
| ૪૮. | ચઉક્કસાય સૂત્ર | ૫૬ |
| ૪૯. | ભરહેસરની સજ્ઝાય | ૫૬ |
| ૫૦. | મન્હજિણાણં (શ્રાવકના કૃત્યો)ની સજ્ઝાય | ૫૮ |

૫૧. સકલતીર્થ વંદના ૫૮
૫૨. શ્રી સકલાર્હત્ સ્તોત્ર ૭૩
૫૩. સ્નાતસ્યા સ્તુતિ ૭૬
૫૪. શ્રાવકના અતિચાર ૧૧૮
૫૫. સાગરચંદો
(પૌષધ પારવાનું સૂત્ર) ૨૦૮
૫૬. ગમણાગમણે ૨૩૦
૫૭. સ્નાત્રપૂજા ૧૩૮
૫૮. ચાર શરણા ૨૪૩, ૨૪૬

## ... શબ્દાર્થ ...

૧. શ્રી નમસ્કાર મહામંત્ર ૩૧
૨. પંચિંદિય સૂત્ર
(ગુરુસ્થાપના સૂત્ર) ૩૧
૩. ખમાસમણ સૂત્ર
(પંચાંગ પ્રણિપાત સૂત્ર) ૩૨
૪. ઈચ્છકાર સૂત્ર
(સુગુરુ સુખશાતા પૃચ્છા સૂત્ર) ૩૨
૫. અબ્ભુટ્ઠિઓ સૂત્ર
(ગુરુ ખામણા સૂત્ર) ૪૬
૬. ઈરિયાવહિયં સૂત્ર
(લઘુ પ્રતિક્રમણ સૂત્ર) ૬૦
૭. તસ્સઉત્તરી સૂત્ર
(ઉત્તરીકરણ સૂત્ર) ૬૧
૮. અન્નત્થ સૂત્ર ૭૮
૯. લોગસ્સ સૂત્ર
(નામસ્તવ સૂત્ર) ૯૩
૧૦. કરેમિ ભંતે સૂત્ર
(સામાયિક દંડક સૂત્ર) ૧૦૮
૧૧. સામાઈય વયજુત્તો સૂત્ર
(સામાયિક પારવાનું સૂત્ર) ૧૦૮
૧૨. જગચિંતામણિ (ચૈત્યવંદન સૂત્ર) ૧૪૮
૧૩. જંકિંચિ સૂત્ર (તીર્થવંદના સૂત્ર) ૧૫૦
૧૪. નમુત્થુણં સૂત્ર (શક્રસ્તવ સૂત્ર) ૧૬૪
૧૫. જાવંતિ ચેઈઆઈ સૂત્ર
(ચૈત્યવંદન સૂત્ર) ૧૬૫
૧૬. જાવંત કે વિ સાહૂ સૂત્ર
(ગુરુવંદન/મુનિવંદન સૂત્ર) ૧૬૬
૧૭. નમોઽર્હત સૂત્ર (સંક્ષિપ્ત પંચપરમેષ્ઠિ
નમસ્કાર સૂત્ર) ૧૬૬
૧૮. ઉવસગ્ગહરં સૂત્ર
(ઉપસર્ગહર સ્તોત્ર) ૧૭૩
૧૯. જય વીયરાય ! (પ્રાર્થના સૂત્ર) ૧૭૫
૨૦. અરિહંત-ચેઈયાણં સૂત્ર
(ચૈત્યસ્તવ સૂત્ર) ૧૭૬
૨૧. વંદિત્તુ (શ્રાદ્ધ પ્રતિક્રમણ) સૂત્ર ૧૮૫

## ...નવસ્મરણ ...

૧. નમસ્કાર મહામંગલ
(પંચમંગલ સૂત્ર) ૧
૨. ઉવસગ્ગહરં સૂત્ર
(ઉપસર્ગહર સ્તોત્ર) ૧૪
૩. સંતિકરં સ્મરણમ્ ૭૭
૪. તિજયપહુત્ત સ્તોત્ર ૧૭૦
૫. નમિઊણ સ્તોત્ર ૧૭૧
૬. શ્રી અજિતશાંતિ સ્તવન ૮૮
૭. ભક્તામર સ્તોત્ર ૧૬૦
૮. કલ્યાણમંદિર સ્તોત્ર ૧૮૧
૯. મોટી શાન્તિ(બૃહચ્છાંતિ)સ્તોત્રમ્ ૧૦૫

## ... દુહા ...

૧. પ્રભુદર્શનના દુહા ૫
૨. જ્ઞાનના ૫ ખમાસમણા ૬
૩. અષ્ટપ્રકારી પૂજાના દુહા ૧૯
૪. નવ અંગ પૂજાના દુહા ૨૦
૫. પ્રદક્ષિણાના દુહા ૩૨
૬. શ્રી સીમંધરસ્વામીના દુહા ૮૦
૭. શ્રી શત્રુંજયના દુહા ૯૫

## ... સ્તુતિ ...

૧. દેખી મૂર્તિ ૪
૨. આવ્ય શરણો ૫
૩. રત્નાકર પચ્ચીસી
૧૦,૨૦૬,૨૦૭,૨૧૦,૨૧૨
૪. અર્હન્તો ભગવંત ૪૭
૫. અરિહંત વંદનાવલી(૧થી૫ ગાથા) ૪૯
૬. આરતિ / મંગળદીવો ૬-૭

## ... નામ ...


૧. ચોવિસ ભગવાનના નામ-લંછન-વર્ણ ૭
૨. નવપદના નામ ૮
૩. ગુજરાતી મહિનાના નામ ૯
૪. ગુજરાતી તિથિના નામ ૯


## ... ચૈત્યવંદન ...


૧. સકલકુશલવલ્લિ ૧૭
૨. શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ચૈત્યવંદન ૧૭
૩. ચોવિસજિનના શરીરના વર્ણનું ચૈત્યવંદન ૪૭
૪. શ્રી મહાવીરસ્વામી ભગવાનનું ચૈત્યવંદન ૩૩
૫. શ્રી શાન્તિનાથ ભગવાનનું ચૈત્યવંદન ૬૧
૬. શ્રી સીમંધરસ્વામીનું ચૈત્યવંદન ૮૦
૭. શ્રી શત્રુંજયનું ચૈત્યવંદન ૯૫
૮. પર્યુષણપર્વનું ચૈત્યવંદન ૧૦૯
૯. પર્યુષણપર્વનું ચૈત્યવંદન ૨૦૯
૧૦. શ્રી આદિશ્વર ભગવાનનું ચૈત્યવંદન ૨૦૩
૧૧. શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ચૈત્યવંદન ૨૨૭
૧૨. શ્રી નેમિનાથ ભગવાનનું ચૈત્યવંદન ૨૩૨
૧૩. શ્રી શાન્તિનાથ ભગવાનનું ચૈત્યવંદન ૨૩૬
૧૪. શ્રી નવપદજીનું ચૈત્યવંદન ૨૪૧
૧૫. સામાન્ય જિન ચૈત્યવંદન ૨૪૪
૧૬. શ્રી આદિશ્વર ભગવાનનું ચૈત્યવંદન ૨૨૧


## ... સ્તવન ...


૧. શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન ૧૭
૨. શ્રી મહાવીરસ્વામી ભગવાનનું સ્તવન ૩૩
૩. શ્રી શાન્તિનાથ ભગવાનનું સ્તવન ૬૧
૪. શ્રી સીમંધરસ્વામીનું સ્તવન ૮૧
૫. શ્રી શત્રુંજયનું સ્તવન ૯૬
૬. પર્યુષણપર્વનું સ્તવન ૧૦૯
૭. શ્રી મહાવીરપ્રભુનું ૨૭ ભવનું સ્તવન ૨૧૩, ૨૧૬, ૨૧૮, ૨૨૨
૮. શ્રી મહાવીરસ્વામી ભગવાનનું હાલરડું ૧૩૦
૯. શ્રી મહાવીરસ્વામી પંચકલ્યાણકનું સ્તવન ૨૨૮, ૨૩૨, ૨૩૭
૧૦. શ્રી આદિશ્વર ભગવાનનું સ્તવન ૨૦૩
૧૧. શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન ૨૨૮
૧૨. શ્રી નેમિનાથ ભગવાનનું સ્તવન ૨૩૧
૧૩. શ્રી શાન્તિનાથ ભગવાનનું સ્તવન ૨૩૭
૧૪. શ્રી નવપદજીનું સ્તવન ૨૪૨
૧૫. સામાન્ય જિન સ્તવન ૨૪૫


## ... થોય ...


૧. શ્રી પાર્શ્વનાથ ભગવાનની થોય ૧૮
૨. શ્રી મહાવીરસ્વામી ભગવાનની થોય ૩૩
૩. અધ્યાત્મની થોય ૪૭
૪. શ્રી શાન્તિનાથ ભગવાનની થોય ૬૨
૫. શ્રી સીમંધરસ્વામીની થોય ૮૨
૬. શ્રી આદિશ્વર ભગવાનની થોય ૮૨, ૨૨૪
૭. શ્રી શત્રુંજયની થોય ૯૬
૮. પર્યુષણપર્વની થોય ૧૧૦
૯. શ્રી મહાવીરસ્વામી ભગવાનની થોય ૨૧૪
૧૦. નવતત્ત્વની થોય ૨૧૯
૧૧. શ્રી નેમિનાથ ભગવાનની થોય ૨૩૫
૧૨. શ્રી શાન્તિનાથ ભગવાનની થોય ૨૪૦
૧૩. શ્રી નવપદજીની થોય ૨૪૨
૧૪. દસ (૧૦) ત્રિકની થોય ૨૩૦
૧૫. ષડ્ અતિશય ની થોય ૨૪૫


## ... સજ્ઝાય ...


૧. શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષીની સજ્ઝાય ૮૨
૨. વૈરાગ્યની સજ્ઝાય ૨૧૭

| | | |
|---|---|---|
| ૩. | શ્રી અઈમુત્તા મુનિની સજ્ઝાય | ૪૮ |
| ૪. | ધર્મદૃઢતાની સજ્ઝાય | ૨૧૫ |
| ૫. | ઘડપણની સજ્ઝાય (જોઈતુ નથી...) | ૨૨૦ |
| ૬. | અમૃતવેલની સજ્ઝાય | ૨૪૮ |

**... વિધિ ...**

| | | |
|---|---|---|
| ૧. | ગુરુવંદનની વિધિ | ૯ |
| ૨. | ચૈત્યવંદન વિધિ | ૧૮ |
| ૩. | સામાયિક લેવાની વિધિ | ૩૪ |
| ૪. | સામાયિક પારવાની વિધિ | ૩૫ |
| ૫. | રાઈ પ્રતિક્રમણની વિધિ | ૯૭ |
| ૬. | દેવસિઅ પ્રતિક્રમણની વિધિ | ૧૧૨ |
| ૭. | પાક્ષિક (પકખી) પ્રતિક્રમણની વિધિ | ૧૫૧ |
| ૮. | ચઉમાસી પ્રતિક્રમણની વિધિ | ૧૫૩ |
| ૯. | સંવત્સરી પ્રતિક્રમણની વિધિ | ૨૧૧ |
| ૧૦. | પક્ખિ, ચઉમાસી અને સંવત્સરી, પ્રતિક્રમણ માં છીંક આવે તો | ૨૧૨ |
| ૧૧. | છીંકના કાઉસ્સગ્ગની વિધિ | ૨૧૨ |
| ૧૨. | દેવવંદનની વિધિ | ૨૦૨ |
| ૧૩. | સંથારાપોરિસીની વિધિ | ૨૨૫ |
| ૧૪. | ૧૪ નિયમ ધારવાની વિધિ | ૧૭૬ |
| ૧૫. | વાંદણાના ૨૫ આવશ્યક | ૮૩ |
| ૧૬. | મુહપત્તિ પડિલેહણના ૫૦ બોલ | ૬૩ |
| ૧૭. | સત્તરસંડાસા (પ્રર્માજના) વિધિ | ૮૪ |
| ૧૮. | વજ્રપંજર સ્તોત્ર | ૬૪ |
| ૧૯. | સકલીકરણ મંત્ર | ૬૬ |
| ૨૦. | તપચિંતવણી કાઉસ્સગ્ગ | ૨૦૪ |

**... પચ્ચક્ખાણ ...**

| | | |
|---|---|---|
| ૧. | નવકારશી | ૧૧૧ |
| ૨. | પોરિસિ/સાઢ્ઢપોરિસિ | ૧૧૧ |
| ૩. | ચૌવિહાર, તિવિહાર, દુવિહાર | ૧૧૧ |
| ૪. | પાણહાર | ૧૧૨ |
| ૫. | આયંબિલ, નીવિ, એકાસણું, બિયાસણું | ૧૩૩ |
| ૬. | તિવિહાર ઉપવાસ, ચૌવિહાર ઉપવાસ | ૧૩૩-૧૩૪ |
| ૭. | ધારણા અભિગ્રહ | ૧૯૬ |
| ૮. | મુટ્ઠિસહિઅં | ૧૯૭ |
| ૯. | શ્રી રાજનગર પ્રશ્નોત્તરી | |
| | ★ ૧ થી ૧૦ | ૧૦ |
| | ★ ૧૧ થી ૨૫ | ૨૧ |
| | ★ ૨૬ થી ૩૫ | ૩૬ |
| | ★ ૩૬ થી ૫૦ | ૬૭ |
| | ★ ૫૧ થી ૬૦/૧ | ૮૫ |
| | ★ ૬૧ થી ૮૦ | ૧૦૦ |
| | ★ ૮૧ થી ૯૦ | ૧૧૬ |

**સ્ટોરી**

| | | |
|---|---|---|
| ૧. | ભગવાન મહાવીર અને ચંડકૌશિક | ૨૪ |
| ૨. | મેઘકુમારની સ્ટોરી | ૩૯ |
| ૩. | વજ્રસ્વામીની સ્ટોરી | ૫૦ |
| ૪. | જંબૂસ્વામીની સ્ટોરી | ૭૧ |
| ૫. | ચંદનબાળાની સ્ટોરી | ૧૦૩ |

**પદાર્થ**

| | | |
|---|---|---|
| ૧. | ભક્ષ્યાભક્ષ્ય ભાગ-૧ | ૧૭૮ |
| ૨. | ભક્ષ્યાભક્ષ્ય ભાગ-૨ | ૧૯૮ |
| ૩. | જૈન ધર્મની મોનોપોલી | ૧૫૫ |
| ૪. | કાઉસ્સગ્ગના ૧૬ આગાર | ૭૯ |
| ૫. | કાઉસ્સગ્ગના ૧૯ દોષ | ૮૦ |

**કર્મ સમજાવો**

| | | |
|---|---|---|
| ૧. | જ્ઞાનાવરણીય કર્મ | ૧૩૪ |
| ૨. | દર્શનાવરણીય કર્મ | ૧૩૬ |
| ૩. | વેદનીય કર્મ | ૧૫૩ |
| ૪. | મોહનીય કર્મ | ૧૫૩ |
| ૫. | આયુષ્ય કર્મ | ૧૬૬ |
| ૬. | નામ કર્મ | ૧૬૭ |
| ૭. | ગોત્ર કર્મ | ૧૬૭ |
| ૮. | અંતરાય કર્મ | ૧૬૮ |

**અન્ય**

| | | |
|---|---|---|
| ૧. | નિયમાવલી | ૨૫૨ |

## Connect with us

Instagram

@RAJNAGARPARIKSHA_COM

You Tube

**WhatsApp ગ્રુપમાં જોઈન થવા માટે**
**આ નંબર પર મેસેજ કરવો.**

## +91 94093 54583

**અન્ય જાણકારી માટે સંપર્ક**

## +91 94093 54583

# મૌખિક - ધો. ૧

| | | | |
|---|---|---|---|
| સૂત્ર | : | નવકાર થી સામાઈય વયજુત્તો (સૂત્ર ૧ થી ૧૧) | ૩૦ |
| કાવ્ય | : | દેખી મૂર્તિ, આવ્યો શરણે, પ્રભુ દર્શનના દુહા | ૧૫ |
| | | જ્ઞાનના ૫ ખમાસમણા, આરતી તથા મંગળદીવો | ૧૫ |
| નામ | : | ચોવીસ પ્રભુના નામ, નવપદના નામ<br>ગુજરાતી મહિનાના નામ તથા તિથિ | ૧૫ |
| વિધિ | : | ગુરુવંદનની વિધિ (પ્રેક્ટીકલ સહિત) | ૫ |
| સ્તુતિ | : | રત્નાકર પચ્ચીસી ૧ થી ૫ ગાથા | ૧૦ |
| | | રાજનગર પ્રશ્નોત્તરી : ૧ થી ૧૦ | ૧૦ |
| | | | ૧૦૦ |

## (૧) શ્રી નમસ્કાર મહામંત્ર (પંચમંગલ સૂત્ર)

નમો અરિહંતાણં ॥૧॥
નમો સિદ્ધાણં ॥૨॥
નમો આયરિયાણં ॥૩॥
નમો ઉવજ્ઝાયાણં ॥૪॥
નમો લોએ સવ્વ સાહૂણં ॥૫॥
એસો પંચ નમુક્કારો ॥૬॥
સવ્વ પાવપ્પણાસણો ॥૭॥
મંગલાણં ચ સવ્વેસિં,
પઢમં હવઈ મંગલં ॥૮॥

## (૨) પંચિંદિય સૂત્ર (ગુરુ સ્થાપના સૂત્ર)

પંચિંદિય સંવરણો, તહ નવવિહ-બંભચેર-ગુત્તિધરો,
ચઉવિહ-કસાય-મુક્કો, ઇઅ અટ્ઠારસ-ગુણેહિં સંજુત્તો ॥૧॥

પંચ-મહવ્વય-જુત્તો, પંચ-વિહાયાર-પાલણ-સમત્થો,
પંચ-સમિઓ તિ-ગુત્તો, છત્તીસગુણો ગુરુ મજ્ઝ ॥૨॥

## (૩) ખમાસમણ સૂત્ર (પંચાંગ પ્રણિપાત સૂત્ર)

ઇચ્છામિ ખમાસમણો ! વંદિઉં, જાવણિજ્જાએ, નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

## (૪) ઇચ્છકાર સૂત્ર (સુગુરુ સુખશાતા પૃચ્છા સૂત્ર)

ઇચ્છકાર ! સુહ રાઈ ? (સુહ દેવસિ ?) સુખ તપ ? શરીર નિરાબાધ ? સુખ સંજમ જાત્રા નિર્વહો છો જી ? સ્વામી ! શાતા છે જી ! ભાત પાણીનો લાભ દેજો જી.

## (૫) અબ્ભુટ્ઠિઓ સૂત્ર (ગુરુખામણા સૂત્ર)

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! અબ્ભુટ્ઠિઓ મિ અબ્ભિંતર દેવસિઅં (રાઇઅં) ખામેઉં ?

ઇચ્છં, ખામેમિ દેવસિઅં. (રાઇઅં)

જંકિંચિ અપત્તિઅં, પરપત્તિઅં, ભત્તે, પાણે, વિણએ, વેયાવચ્ચે, આલાવે, સંલાવે, ઉચ્ચાસણે, સમાસણે, અંતરભાસાએ, ઉવરિભાસાએ જંકિંચિ મજ્ઝ વિણય પરિહીણં, સુહુમં વા બાયરં વા તુબ્ભે જાણહ, અહં ન જાણામિ, તસ્સ મિચ્છા મિ દુક્કડં.

## (૬) ઈરિયાવહિયં સૂત્ર (લઘુપ્રતિક્રમણ સૂત્ર)

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઇરિયાવહિયં પડિક્કમામિ ?, ઇચ્છં, ઇચ્છામિ પડિક્કમિઉં ॥૧॥ ઇરિયાવહિયાએ, વિરાહણાએ ॥૨॥ ગમણાગમણે ॥૩॥





પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે, ઓસાઉત્તિંગ-પણગદગ-મટ્ટી-મક્કડા-સંતાણા-સંકમણે ॥૪॥ જે મે જીવા વિરાહિયા ॥૫॥ એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ॥૬॥ અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥૭॥

## (૭) તસ્સઉત્તરી સૂત્ર (ઉત્તરીકરણ સૂત્ર)

તસ્સ ઉત્તરી કરણેણં પાયચ્છિત્ત કરણેણં, વિસોહી કરણેણં, વિસલ્લી-કરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં ॥૧॥

## (૮) 'અન્નત્થ સૂત્ર' (આગારસૂત્ર)

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ॥૧॥ સુહુમેહિં અંગ-સંચાલેહિં, સુહુમેહિં ખેલ-સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિ-સંચાલેહિં ॥૨॥ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ॥૩॥ જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ॥૪॥ તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ ॥૫॥

## (૯) લોગસ્સ સૂત્ર (નામસ્તવ સૂત્ર)

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે,
અરિહંતે કિત્તઈસ્સં, ચઉવીસં પિ કેવલી ॥૧॥

ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ,
પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે ॥૨॥

સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપૂજ્જં ચ,
વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ॥૩॥

કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ,
વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ ॥૪॥

એવં મએ અભિથુઆ, વિહુય-રય-મલા પહીણ-જર-મરણા,
ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ॥૫॥

કિત્તિય-વંદિય-મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા,
આરુગ્ગ-બોહિલાભં, સમાહિ વરમુત્તમં દિંતુ ॥૬॥

ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા,
સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥૭॥

## (૧૦) કરેમિ ભંતે સૂત્ર (સામાયિક દંડક સૂત્ર)

કરેમિ ભંતે ! સામાઈયં, સાવજ્જં જોગં પચ્ચક્ખામિ, જાવ નિયમં પજ્જુવાસામિ, દુવિહં તિવિહેણં, મણેણં, વાયાએ, કાએણં, ન કરેમિ, ન કારવેમિ, તસ્સ ભંતે ! પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ ॥૧॥

## (૧૧) સામાઈય વયજુત્તો સૂત્ર (સામાયિક પારવાનું સૂત્ર)

સામાઈય-વયજુત્તો, જાવ મણે હોઈ નિયમસંજુત્તો,
છિન્નઈ અસુહં કમ્મં, સામાઈઅ જત્તિઆ વારા ॥૧॥

સામાઈઅમ્મિ ઉ કએ, સમણો ઈવ સાવઓ હવઈ જમ્હા,
એએણ કારણેણં, બહુસો સામાઈઅં કુજ્જા ॥૨॥

સામાયિક વિધિએ લીધું, વિધિએ પાર્યું, વિધિ કરતાં, જે કોઈ અવિધિ હુઓ હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં ॥૩॥

દશ મનના, દશ વચનના, બાર કાયાના એ બત્રીશ દોષમાંહે જે કોઈ દોષ લાગ્યો હોય તે સવિ હું મન વચન કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં ॥૪॥

## કાવ્ય વિભાગ - સ્તુતિ

દેખી મૂર્તિ શ્રી પાર્શ્વજિનની, નેત્ર મારાં ઠરે છે,
ને હૈયું આ ફરી ફરી પ્રભુ, ધ્યાન તારૂં ધરે છે ;





આત્મા મારો પ્રભુ તુજ કને, આવવા ઉલ્લસે છે,
આપો એવું બળ હૃદયમાં, માહરી આશ એ છે ! ૧

આવ્યો શરણે તમારા, જિનવર કરજો આશ પૂરી અમારી,
નાવ્યો ભવ પાર મારો, તુમ વિણ જગમાં સાર લે કોણ મારી;
ગાયો જિનરાજ આજે, હરખ અધિકથી, પરમ આનંદકારી,
પાયો તુમ દર્શનાર્થે ભવ ભય ભ્રમણા નાથ સર્વે અમારી. ૨

## પ્રભુ દર્શનના દુહા

પ્રભુ દરિશન સુખ સંપદા, પ્રભુ દરિશન નવનિધ;
પ્રભુ દરિશનથી પામીએ સકલ પદારથ સિદ્ધ. ૧

ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન;
ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળજ્ઞાન. ૨

જીવડા જિનવર પૂજીએ, પૂજાનાં ફળ હોય;
રાજા નમે પ્રજા નમે, આણ ન લોપે કોય. ૩

ફૂલડાં કેરા બાગમાં, બેઠા શ્રી જિનરાજ;
જેમ તારામાં ચંદ્રમાં, તેમ શોભે મહારાજ. ૪

વાડી ચંપો મોરિયો, સોવન પાંખડીએ,
પાર્શ્વ જિનેશ્વર પૂજીએ, પાંચે આંગળીએ. ૫

ત્રિભુવન નાયક તું ધણી, મહી મ્હોટો મહારાજ,
મ્હોટે પુણ્યે પામીયો, તુમ દરિશન હું આજ. ૬

આજ મનોરથ સવિ ફળ્યા, પ્રગટ્યા પુણ્ય કલ્લોલ,
પાપ કરમ દૂરે ટળ્યાં, નાઠાં દુઃખ દંદોલ. ૭

પંચમ કાલે પામવો, દુલહો પ્રભુ દેદાર,
તો પણ ત્હારા નામનો, છે મ્હોટો આધાર. ૮

## જ્ઞાનના ૫ ખમાસમણા

મતિ જ્ઞાન
સમકિત શ્રદ્ધાવંતને ઉપન્યું જ્ઞાન પ્રકાશ
પ્રણમું પદકજ તેહના ભાવ ધરી ઉલ્લાસ ૧

શ્રુત જ્ઞાન
પવયણ શ્રુત સિદ્ધાંત તે આગમ સમય વખાણ
પૂજો બહુવિધ રાગથી, ચરણકમલ ચિત્ત આણ ૨

અવધિ જ્ઞાન
ઉપન્યો અવધિજ્ઞાનનો, ગુણ જેહને અવિકાર
વંદના તેહને માહરી, શ્વાસ માંહે સો વાર ૩

મનઃપર્યવ જ્ઞાન
એ ગુણ જેહને ઉપન્યો, સર્વવિરતિ ગુણઠાણ
પ્રણમું હિતથી તેહના, ચરણકમલ ચિત્ત આણ ૪

કેવળ જ્ઞાન
કેવલ દંસણ નાણનો, ચિદાનંદઘન તેજ
જ્ઞાનપંચમી દિન પૂજિયે, વિજયલક્ષ્મી શુભ હેજ ૫

## આરતી

જય જય આરતી આદિ જિણંદા, નાભિરાયા મરુદેવીકો નંદા;
પહેલી આરતી પૂજા કીજે, નરભવ પામીને લાહો લીજે ॥૧॥
દૂસરી આરતી દીનદયાળા, ધૂળેવા મંડપમાં જગ અજવાળા ॥૨॥
તીસરી આરતી ત્રિભુવન દેવા, સુરનર ઈન્દ્ર કરે તોરી સેવા ॥૩॥
ચોથી આરતી ચઉગતિ ચૂરે, મનવાંછિત ફળ શિવસુખ પૂરે ॥૪॥
પંચમી આરતી પુણ્ય ઉપાયા; મૂળચંદે ઋષભ ગુણ ગાયા ॥૫॥

જ્ઞાનની જ્યોતિ સૂર્ય સમાન છે.



## મંગળદીવો

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો,
આરતી ઉતારણ બહુ ચિરંજીવો. દીવો૦ ॥૧॥
સોહમને ઘેર પર્વ દિવાળી; અંબર ખેલે અમરાબાળી. દીવો૦ ॥૨॥
દીપાળ ભણે એણે કુલ અજવાળી;
ભાવે ભગતે વિઘન નિવારી. દીવો૦ ॥૩॥
દીપાળ ભણે એણે એ કળિકાલે;
આરતી ઉતારી રાજા કુમારપાળે.૦ ॥૪॥
અમ ઘેર મંગલિક તુમ ઘેર મંગલિક;
મંગલિક ચતુર્વિધ સંઘને હોજો. દીવો૦ ॥૫॥

## ચોવીસ ભગવાનનાં નામ - લંછન - વર્ણ

| | નામ | લંછન | વર્ણ |
|---|---|---|---|
| ૧. | ઋષભદેવ (આદિનાથ) | વૃષભ (બળદ) | કંચન જેવો પીળો |
| ૨. | અજિતનાથ | હાથી | કંચન જેવો પીળો |
| ૩. | સંભવનાથ | ઘોડો | કંચન જેવો પીળો |
| ૪. | અભિનંદનસ્વામી | વાનર | કંચન જેવો પીળો |
| ૫. | સુમતિનાથ | ક્રૌંચપક્ષી | કંચન જેવો પીળો |
| ૬. | પદ્મપ્રભસ્વામી | પદ્મ કમલ | રાતો (લાલ) |
| ૭. | સુપાર્શ્વનાથ | સ્વસ્તિક (સાથિયો) | કંચન જેવો પીળો |
| ૮. | ચન્દ્રપ્રભસ્વામી | ચંદ્ર | ઉજ્જ્વલ (સફેદ) |
| ૯. | સુવિધિનાથ (પુષ્પદંત) | મગર | ઉજ્જ્વલ (સફેદ) |

અજ્ઞાની જીવો કર્મોના કર્તા છે.

| | | | |
|---|---|---|---|
| ૧૦. | શીતલનાથ | શ્રીવત્સ | કંચન જેવો પીળો |
| ૧૧. | શ્રેયાંસનાથ | ગેંડો | કંચન જેવો પીળો |
| ૧૨. | વાસુપૂજ્યસ્વામી | પાડો | રાતો (લાલ) |
| ૧૩. | વિમલનાથ | વરાહ | કંચન જેવો પીળો |
| ૧૪. | અનંતનાથ | સિંચાણો | કંચન જેવો પીળો |
| ૧૫. | ધર્મનાથ | વજ્ર | કંચન જેવો પીળો |
| ૧૬. | શાંતિનાથ | હરણ | કંચન જેવો પીળો |
| ૧૭. | કુંથુનાથ | બકરો | કંચન જેવો પીળો |
| ૧૮. | અરનાથ | નંદાવર્ત | કંચન જેવો પીળો |
| ૧૯. | મલ્લિનાથ | કળશ | લીલો (નીલો) |
| ૨૦. | મુનિસુવ્રતસ્વામી | કાચબો | શ્યામ (અંજન) |
| ૨૧. | નમિનાથ | નીલકમલ | કંચન જેવો પીળો |
| ૨૨. | નેમિનાથ (અરિષ્ટનેમિ) | શંખ | શ્યામ (અંજન) |
| ૨૩. | પાર્શ્વનાથ | સાપ | લીલો (નીલો) |
| ૨૪. | મહાવીરસ્વામી (વર્ધમાનસ્વામી) | સિંહ | કંચન જેવો પીળો |

## નવપદના નામ

| ક્રમ | નવપદના નામ | ક્રમ | નવપદના નામ |
|---|---|---|---|
| ૧. | અરિહંત ભગવંત | ૬. | દર્શન |
| ૨. | સિદ્ધ ભગવંત | ૭. | જ્ઞાન |
| ૩. | આચાર્ય ભગવંત | ૮. | ચારિત્ર |
| ૪. | ઉપાધ્યાય ભગવંત | ૯. | તપ |
| ૫. | સાધુ ભગવંત | | |





## ગુજરાતી મહિનાના નામો

| | | | |
|---|---|---|---|
| (૧) કારતક | (૪) મહા | (૭) વૈશાખ | (૧૦) શ્રાવણ |
| (૨) માગસર | (૫) ફાગણ | (૮) જેઠ | (૧૧) ભાદરવો |
| (૩) પોષ | (૬) ચૈત્ર | (૯) અષાઢ | (૧૨) આસો |

## ગુજરાતી તિથિ

**સુદ :** એકમ, બીજ, ત્રીજ, ચોથ, પાંચમ, છઠ્ઠ, સાતમ, આઠમ, નોમ, દશમ, અગિયારસ, બારસ, તેરસ, ચૌદસ, પૂનમ

**વદ :** એકમ, બીજ, ત્રીજ, ચોથ, પાંચમ, છઠ્ઠ, સાતમ, આઠમ, નોમ, દશમ, અગિયારસ, બારસ, તેરસ, ચૌદસ, અમાસ

## ગુરુવંદનની વિધિ (પ્રેક્ટીકલ કરવી)

(૧) પ્રથમ બે હાથ જોડી **બે ખમાસમણા** દેવા.

(૨) પછી ઊભા થઈ બે હાથ જોડી **ઈચ્છાકાર** સૂત્ર બોલવું.

(૩) પછી બે હાથ જોડી જો પદસ્થ એટલે આચાર્ય ભગવંત આદિ હોય તો એક **ખમાસમણ** આપવું પછી અને **અબ્ભુટ્ઠિઓ** ખામવો, પદવીધર ન હોય તો સીધો **અબ્ભુટ્ઠિઓ** ખામવો.

(૪) પછી એક ખમાસમણ આપીને શાતા પૂછવી.

નોંધ : સવારે **'રાઈઅં'** શબ્દ અને મધ્યાહ્ન પછી **'દેવસિઅં'** શબ્દ બોલવો. બંને સાથે ન બોલવા.

## શ્રી રત્નાકર પચ્ચીસી

મંદિર છો મુક્તિ તણી, માંગલ્ય ક્રીડાના પ્રભુ,
ને ઇંદ્ર નર ને દેવતા સેવા કરે તારી વિભુ;
સર્વજ્ઞ છો સ્વામી વળી, શિરદાર અતિશય સર્વના;
ઘણું જીવ તું ઘણું જીવ તું, ભંડાર જ્ઞાનકળાતણા. ૧

ત્રણ જગતના આધાર ને, અવતાર હે કરુણાતણા,
વળી વૈદ્ય હે દુર્વાર આ, સંસારના દુઃખો તણા;
વીતરાગ વલ્લભ વિશ્વના, તુજ પાસ અરજી ઉચ્ચરૂં,
જાણો છતાં પણ કહી અને, આ હૃદય હું ખાલી કરૂં. ૨

શું બાળકો મા બાપ પાસે, બાળક્રીડા નવ કરે,
ને મુખમાંથી જેમ આવે તેમ શું નવ ઉચ્ચરે,
તેમજ તમારી પાસ તારક આજ ભોળાભાવથી,
જેવું બન્યું તેવું કહું તેમાં કશું ખોટું નથી. ૩

મેં દાન તો દીધું નહિ ને, શીયળ પણ પાળ્યું નહિ,
તપથી દમી કાયા નહિ, શુભભાવ પણ ભાવ્યો નહિ;
એ ચાર ભેદે ધર્મમાંથી કાંઇ પણ પ્રભુ નવ કર્યું,
મ્હારૂં ભ્રમણ ભવસાગરે, નિષ્ફળ ગયું નિષ્ફળ ગયું. ૪

હું ક્રોધ અગ્નિથી બળ્યો, વળી લોભ સર્પ ડશ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે, હું કેમ કરી ધ્યાવું તને ?
મન મારું માયાજાળમાં મોહન ! મહા મૂંઝાય છે,
ચડી ચાર ચોરો હાથમાં ચેતન ઘણો ચગદાય છે. ૫

## રાજનગર પ્રશ્નોત્તરી

★સ. ૧ તમે કોણ છો ?
જ. અમે જૈન છીએ.





સ. ૨ તમે કયો ધર્મ પાળો છો ?
જ. અમે જૈન ધર્મ પાળીએ છીએ.

સ. ૩ જૈન કોને કહેવાય ?
જ. શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞા માને તેને જૈન કહેવાય.

સ. ૪ જૈન ધર્મ એટલે શું ?
જ. શ્રી જિનેશ્વર ભગવાને બતાવેલો ધર્મ.

સ. ૫ શ્રી જિનેશ્વર ભગવાન કોને કહેવાય ?
જ. જેમણે રાગ દ્વેષ જીત્યા હોય, જેમનામાં સર્વ ગુણો હોય અને એક પણ દોષ ન હોય તેમને શ્રી જિનેશ્વર ભગવાન કહેવાય.

સ. ૬ જૈન ધર્મનાં બીજાં નામો કયા કયા છે ?
જ. જૈન ધર્મનાં દયાધર્મ, સ્યાદ્વાદધર્મ, આર્હત્‌ધર્મ વગેરે બીજા નામો છે.

સ. ૭ શ્રી જિનેશ્વર ભગવાન કેટલા થયા છે ?
જ. આ અવસર્પિણીમાં શ્રી જિનેશ્વર ભગવાન ચોવીસ થયા છે.

સ. ૮ શ્રી જિનેશ્વર ભગવાનનાં બીજા નામો આપો.
જ. અરિહંત, તીર્થંકર, વીતરાગ, પરમાત્મા, ભગવાન્‌, દેવાધિદેવ વગેરે.

સ. ૯ દહેરાસરમાં પેસતાં શું બોલવું ? અને પ્રભુ નજરે પડે ત્યારે શું બોલવું ?
જ. દહેરાસરમાં પેસતાં ત્રણવાર નિસીહિ અને પ્રભુ નજરે પડે ત્યારે બે હાથ જોડીને મસ્તક નમાવીને "નમો જિણાણં" બોલવું.

સ. ૧૦ ગુરુ મહારાજ મળે ત્યારે શું બોલવું ?
જ. બે હાથ જોડીને મસ્તક નમાવીને 'મત્થએણ વંદામિ' બોલવું.

★ સ. એટલે સવાલ અને જ. એટલે જવાબ સમજવો.

● બીજ, પાંચમ, આઠમ, અગ્યારસ, ચૌદસ, પૂનમ સુદ અને વદ બન્નેમાં લીલોતરીનો ત્યાગ કરવો.

## મૌખિક - ધો. ૨

| | | | |
|---|---|---|---|
| સૂત્ર : | જગચિંતામણિ થી સંસારદાવાનલ (સૂત્ર ૧૨ થી ૨૨) | | ૩૦ |
| કાવ્ય : | ચૈત્યવંદન : | (૧) સકલકુશલ | ૨૦ |
| | | (૨) આશ પૂરે પ્રભુ પાસજી | |
| | સ્તવન : | અંતરજામી સુણ... | |
| | થોય : | શંખેશ્વર પાસજી પૂજીએ (૪ ગાથા) | |
| વિધિ : | ચૈત્યવંદનની વિધિ (પ્રેક્ટીકલ - મુદ્રા સહિત) | | ૧૦ |
| | અષ્ટપ્રકારી પૂજા અને નવાંગી પૂજાના દુહા | | ૧૫ |
| | રાજનગર પ્રશ્નોત્તરી : ૧૧ થી ૨૫ | | ૧૫ |
| સ્ટોરી : | ભગવાન મહાવીર અને ચંડકૌશિકની સ્ટોરી | | ૧૦ |
| | | | ૧૦૦ |

### (૧૨) જગચિંતામણિ (ચૈત્યવંદન સૂત્ર)

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં, જગચિંતામણિ ! જગ-નાહ ! જગગુરૂ ! જગરક્ખણ ! જગબંધવ ! જગસત્થવાહ ! જગભાવ-વિઅક્ખણ ! અટ્ઠાવય-સંઠવિઅરૂવ ! કમ્મટ્ઠ-વિણાસણ ! ચઉવીસં પિ જિણવર ! જયંતુ, અપ્પડિહયસાસણ ! ॥૧॥

કમ્મભૂમિહિં, કમ્મ ભૂમિહિં, પઢમસંઘયણિ, ઉક્કોસય સત્તરિસય, જિણવરાણ વિહરંત લબ્ભઈ, નવકોડિહિં કેવલિણ, કોડિસહસ્સ નવ સાહુગમ્મઈ, સંપઈ જિણવર વીસ મુણિ બિહું કોડિહિં વરનાણ, સમણહ કોડિ સહસ્સદુઅ, થુણિજ્જઈ નિચ્ચવિહાણિ ॥૨॥





જયઉ સામિય જયઉ સામિય રિસહ સત્તુંજિ; ઉજ્જિંતિ પહુ નેમિજિણ જયઉ વીર સચ્ચઉરિમંડણ, ભરૂઅચ્છહિં મુણિસુવ્વય ! મુહરિપાસ ! દુહ દુરિઅ ખંડણ, અવરવિદેહિં તિત્થયરા, ચિહું દિસિ વિદિસિ જિંકેવિ, તીઆણાગય સંપઈઅ, વંદું જિણ સવ્વેવિ ॥૩॥

સત્તાણવઈ-સહસ્સા, લક્ખા છપ્પન્ન અટ્ઠ કોડીઓ; બત્તીસસય બાસિયાઈં, તિઅલોએ ચેઈએ વંદે ॥૪॥

પન્નરસ કોડિસયાઈં, કોડી બાયાલ લક્ખ અડવન્ના; છત્તીસસહસ-અસિઈં, સાસયબિંબાઈં પણમામિ ॥૫॥

### (૧૩) જંકિંચિ સૂત્ર (તીર્થવંદન સૂત્ર)

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ,
જાઈં જિણબિંબાઈં, તાઈં સવ્વાઈં વંદામિ. ॥૧॥

### (૧૪) નમુત્થુણં સૂત્ર (શક્રસ્તવ સૂત્ર)

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં ॥૧॥

આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં ॥૨॥

પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવર પુંડરીઆણં, પુરિસવર ગંધ-હત્થીણં ॥૩॥

લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં ॥૪॥

અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં ॥૫॥

ધમ્મદયાણં, ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત ચક્કવટ્ટીણં ॥૬॥

અપ્પડિહયવરનાણ દંસણધરાણં, વિઅટ્ટછઉમાણં ॥૭॥

જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં ॥૮॥

સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ-મરૂઅ-મણંત-મક્ખય મવ્વાબાહ-મપુણરાવિત્તિ-સિદ્ધિગઈ નામધેયં ઠાણં સંપત્તાણં, નમો જિણાણં જિઅભયાણં ॥૯॥

જે અ અઈઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ ॥૧૦॥

## (૧૫) જાવંતિ ચેઈઆઈ સૂત્ર (ચૈત્યવંદન સૂત્ર)

જાવંતિ ચેઈઆઈ, ઉઢ્ઢે અ અહે અ તિરિઅલોએ અ;
સવ્વાઈં તાઈં વંદે, ઈહ સંતો તત્થ સંતાઈં ॥૧॥

## (૧૬) જાવંત કે વિ સાહૂ સૂત્ર (ગુરુવંદન સૂત્ર)

જાવંત કે વિ સાહૂ, ભરહેરવય-મહાવિદેહે અ;
સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડ-વિરયાણં ॥૧॥

## (૧૭) નમોડર્હત્ સૂત્ર (સંક્ષિપ્ત પંચપરમેષ્ઠિ નમસ્કાર સૂત્ર)

નમોડર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ ।

## (૧૮) ઉવસગ્ગહરં સ્તોત્ર (ઉપસર્ગહર સ્તોત્ર)

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણ મુક્કં;
વિસહર-વિસનિન્નાસં, મંગલ-કલ્લાણ-આવાસં ॥૧॥

વિસહરફુલિંગમંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ;
તસ્સ ગહ-રોગમારી, દુટ્ઠજરા જંતિ ઉવસામં ॥૨॥

ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામો વિ બહુફલો હોઈ;
નરતિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ-દોગચ્ચં ॥૩॥





તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિ-કપ્પપાય-વબ્ભહિએ;
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં ॥૪॥

ઈઅ સંથુઓ મહાયસ ! ભત્તિબ્ભરનિબ્ભરેણ હિયએણ;
તા દેવ ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણચંદ ! ॥૫॥

## (૧૯) જયવીયરાય સૂત્ર (પ્રાર્થના સૂત્ર)

જય વીયરાય ! જગગુરુ ! હોઉ મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગાણુસારિઆ ઈટ્ઠફલસિદ્ધી ॥૧॥

લોગવિરુદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહગુરુજોગો તવ્વયણ સેવણા આભવમખંડા ॥૨॥

વારિજ્જઈ જઈવિ નિઆણ-બંધણં વીય-રાય ! તુહ સમએ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં ॥૩॥

દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં ॥૪॥

સર્વ-મંગલ-માંગલ્યં, સર્વકલ્યાણ-કારણં;
પ્રધાનં સર્વ-ધર્માણાં; જૈનં જયતિ શાસનમ્ ॥૫॥

## (૨૦) અરિહંત ચેઈઆણં સૂત્ર (ચૈત્યસ્તવ સૂત્ર)

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ॥૧॥

વંદણવત્તિયાએ, પૂઅણવત્તિયાએ, સક્કારવત્તિયાએ, સમ્માણ-વત્તિયાએ, બોહિલાભવત્તિયાએ, નિરુવસગ્ગવત્તિયાએ. ॥૨॥

સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વઢ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં. ॥૩॥ (અન્નત્થ)

## (૨૧) કલ્લાણકંદં સૂત્ર (પાંચ જિનની થોય)

કલ્લાણ-કંદં પઢમં જિણિંદં, સંતિં તઓ નેમિજિણં મુણિંદં;
પાસં પયાસં સુગુણિક્કઠાણં, ભત્તીઈ વંદે સિરિવદ્ધમાણં. ॥૧॥

અપાર-સંસાર-સમુદ્દપારં, પત્તા સિવં દિંતુ સુઈક્કસારં;
સવ્વે જિણિંદા, સુર-વિંદવંદા, કલ્લાણ-વલ્લીણ વિસાલકંદા. ॥૨॥

નિવ્વાણમગ્ગે વરજાણકપ્પં, પણાસિયાસેસ-કુવાઈદપ્પં;
મયં જિણાણં સરણં બુહાણં, નમામિ નિચ્ચં તિજગ-પ્પહાણં. ॥૩॥

કુંદિંદુ ગોક્ખીર-તુસારવન્ના, સરોજહત્થા કમલે નિસન્ના;
વાએસિરી પુત્થય-વગ્ગ-હત્થા, સુહાય સા અમ્હ સયા પસત્થા. ॥૪॥

## (૨૨) સંસારદાવાનલ સૂત્ર

(ઉપજાતિ છન્દ)

સંસારદાવાનલ-દાહનીરં,
સંમોહ-ધૂલીહરણે સમીરં;
માયા-રસા-દારણ-સાર-સીરં,
નમામિ વીરં ગિરિસાર-ધીરં. ॥૧॥

(વસન્ત તિલકા છન્દ)

ભાવાવનામ-સુરદાનવમાનવેન,
ચુલાવિલોલકમલાવલિમાલિતાનિ;
સંપૂરિતાભિનત-લોક-સમીહિતાનિ,
કામંનમામિ જિનરાજપદાનિ તાનિ. ॥૨॥

(મન્દાક્રાન્તા છન્દ)

બોધાગાધં સુપદપદવીનીરપૂરાભિરામં,
જીવાહિંસાવિરલલહરીસંગમાગાહદેહં;
ચૂલાવેલં ગુરુગમમણિસંકુલં દૂરપારં,
સારંવીરાગમજલનિધિં સાદરં સાધુ સેવે. ॥૩॥





(સ્રગ્ધરા છન્દ)

આમૂલાલોલ-ધૂલીબહુલ-પરિમલાલીઢલોલાલિમાલા,
ઝંકારારાવસારા-મલદલકમલાગારભૂમિ-નિવાસે !
છાયાસંભારસારે ! વરકમલકરે ! તાર-હારાભિરામે !
વાણીસંદોહદેહે ! ભવવિરહ-વરં દેહિ મે દેવિ ! સારં. ॥૪॥

## કાવ્ય વિભાગ - સકલ કુશલવલ્લી

સકલ કુશલવલ્લી, પુષ્કરાવર્તમેઘો,
દુરિત તિમિર ભાનુઃ; કલ્પવૃક્ષોપમાનઃ;
ભવજલનિધિપોતઃ; સર્વ સંપત્તિ હેતુઃ;
સ ભવતુ સતતં વઃ, શ્રેયસે શાન્તિનાથઃ શ્રેયસે પાર્શ્વનાથઃ

## શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ચૈત્યવંદન

આશ પૂરે પ્રભુ પાસજી, તોડે ભવ પાસ;
વામા માતા જનમીયા, અહિ લંછન જાસ. ૧

અશ્વસેન સુત સુખકરું, નવ હાથની કાય;
કાશી દેશ વારાણસી, પુણ્યે પ્રભુ આય. ૨

એકસો વરસનું આઉખું, એ પાળી પાર્શ્વકુમાર;
પદ્મ કહે મુક્તે ગયા, નમતાં સુખ નિરધાર. ૩

## શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન

અંતરજામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તુમારો;
સાંભળીને આવ્યો હું તીરે, જન્મ મરણ દુઃખ વારો,
સેવક અરજ કરે છે રાજ ! અમને શિવસુખ આપો ૧

સહુકોનાં મનવાંછિત પૂરો, ચિંતા સહુની ચૂરો;
એહવું બિરૂદ છે રાજ ! તમારું, કેમ રાખો છો દૂરે ?
સેવક૦ ૨

સેવકને વલવલતો દેખી, મનમાં મહેર ન ધરશો;
કરૂણાસાગર કેમ કહેવાશો ? જો ઉપકાર ન કરશો.
સેવક૦ ૩

લટપટનું હવે કામ નહિ છે, પ્રત્યક્ષ દરિશન દીજે;
ધુંઆડે ધીજું નહિ સાહિબ, પેટ પડ્યા પતિજે.
સેવક૦ ૪

શ્રી શંખેશ્વરમંડન સાહિબ, વિનતડી અવધારો;
કહે જિનહર્ષ મયા કરી મુજને, ભવસાગરથી તારો.
સેવક૦ ૫

## શ્રી પાર્શ્વનાથ ભગવાનની થોય

શંખેશ્વર પાસજી પૂજીએ, નરભવનો લાહો લીજીએ;
મનવાંછિત પૂરણ સુરતરૂ, જય વામાસુત અલવેસરૂ. ૧

દોય રાતા જિનવર અતિભલા, દોય ધોળા જિનવર ગુણનીલા;
દોય નીલા દોય શામળ કહ્યા, સોળે જિન કંચન વર્ણ લહ્યા. ૨

આગમ તે જિનવર ભાખીયો, ગણધર તે હેડે રાખીયો;
તેહનો રસ જેણે ચાખીયો, તે હુવો શિવસુખ સાખીયો. ૩

ધરણેન્દ્ર રાય પદ્માવતી, પ્રભુ પાર્શ્વતણા ગુણ ગાવતી;
સહુ સંઘના સંકટ ચૂરતી, નયવિમલનાં વાંછિત પૂરતી. ૪

## ચૈત્યવંદન વિધિ (પ્રેક્ટીકલ)

સૌ પ્રથમ એક ખમાસમણ આપવું. ત્યારબાદ ઈરિયાવહિયં તસ્સ ઉત્તરી, અન્નત્થ સૂત્ર બોલવું, પછી એક લોગસ્સ ચંદેસુ નિમ્મલયરા સુધી (ન આવડે તો ચાર નવકારનો) કાઉસ્સગ્ગ કરવો. ''નમો અરિહંતાણં'' કહી કાઉસ્સગ્ગ પારીને પ્રગટ લોગસ્સ કહેવો.

પછી ત્રણ ખમાસમણ આપવા, ત્યારબાદ ડાબો ઢીંચણ ઉભો કરવો પછી ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? 'ઈચ્છં' ! કહી





યોગમુદ્રામાં સકલકુશલવલ્લી બોલવું. ત્યારબાદ કોઈ પણ એક ચૈત્યવંદન બોલવું.

પછી જંકિંચિ, નમુત્થુણં બોલવું

પછી (મુક્તાશુક્તિ મુદ્રામાં) જાવંતિ ચેઈઆઈ બોલવું, ત્યારબાદ એક ખમાસમણ આપવું અને પછી (મુક્તાશુક્તિ મુદ્રામાં) જાવંત કેવિ સાહૂ બોલવું. પછી નમોઽર્હત્ (ભાઈઓએ જ બોલવું) પછી સ્તવન કહેવું (યોગમુદ્રામાં).

પછી જયવીયરાય સૂત્ર બોલવું. અર્ધ જયવીયરાય (આભવ મખંડા) સુધી (મુક્તાશુક્તિ મુદ્રા) રાખવી. ત્યારબાદ યોગમુદ્રામાં સૂત્ર પૂર્ણ કરવું.

પછી ઉભા થઈને અરિહંત ચેઈઆણં, અન્નત્થ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો. ''નમો અરિહંતાણં'' કહી પારીને થોય કહેવી.

પછી એક ખમાસમણ આપી જમણો હાથ જમીન પર સ્થાપી અવિધિ આશાતનાનું મિચ્છામિ દુક્કડં માંગવું

## અષ્ટપ્રકારી પૂજાના દુહા

દરેક પૂજાના દુહા પહેલા ભાઈઓએ નમોઽર્હત૦ બોલવું.

જળ પૂજા : જળ પૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ;
જળ પૂજા ફલ મુજ હોજો, માંગો એમ પ્રભુ પાસ.

દરેક દુહા પછી નીચે આપેલ મંત્ર બોલવો.

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ જરા મૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેન્દ્રાય, જલં (ચંદનં, પુષ્પં વગેરે જે પૂજા હોય તે પ્રમાણે નામ બોલવું) યજામહે સ્વાહા. (૨૭ ડંકા વગાડવા.)

ચંદન પૂજા : શીતલ ગુણ જેમાં રહ્યો, શીતલ પ્રભુ મુખ રંગ;
આત્મ શીતલ કરવા ભણી, પૂજો અરિહા અંગ.

પુષ્પ પૂજા : સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગત સંતાપ;
સુમ જંતુ ભવ્ય જ પરે, કરીએ સમકિત છાપ.

ધૂપ પૂજા : ધ્યાન ઘટા પ્રગટાવીએ, વામ નયન જિન ધૂપ;
મિચ્છત્ત દુર્ગંધ દૂરે ટળે, પ્રગટે આત્મ સ્વરૂપ.

દીપક પૂજા : દ્રવ્યદીપક સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક;
ભાવ પ્રદીપ પ્રગટ હુએ, ભાસિત લોકાલોક.

અક્ષત પૂજા : શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી, નંદાવર્ત વિશાળ;
પૂરી પ્રભુ સન્મુખ રહો, ટાળી સકળ જંજાળ.

નૈવેદ્ય પૂજા : અણાહારી પદ મેં કર્યા, વિગ્ગહ ગઈય અનંત;
દૂર કરી તે દીજીએ, અણાહારી શિવ સંત.

ફળ પૂજા : ઈન્દ્રાદિક પૂજા ભણી, ફળ લાવે ધરી રાગ;
પુરુષોત્તમ પૂજી કરી, માંગે શિવ ફળ ત્યાગ.

## નવ અંગ પૂજાના દુહા

૧. અંગૂઠે : જળ ભરી સંપુટ પત્રમાં, યુગલિક નર પૂજંત;
ઋષભ ચરણ અંગુઠડે, દાયક ભવ જલ અંત.

૨. ઘૂંટણે : જાનુ બળે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશ વિદેશ;
ખડાં ખડાં કેવલ લહ્યું, પૂજો જાનુ નરેશ.

૩. કાંડે : લોકાંતિક વચને કરી, વરસ્યા વરસીદાન;
કરકાંડે પ્રભુ પૂજના, પૂજો ભવિ બહુમાન.

૪. ખભે : માન ગયું દોય અંશથી, દેખી વીર્ય અનંત;
ભુજાબળે ભવ જલ તર્યા, પૂજો ખંધ મહંત.

૫. મસ્તકે : સિદ્ધશિલા ગુણ ઉજળી, લોકાંતે ભગવંત;
વસિયા તેણે કારણ ભવિ ! શિર શિખા પૂજંત.

૬. કપાળે : તીર્થંકર પદ પુણ્યથી, ત્રિભુવન જન સેવંત;
ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલ તિલક જયવંત.

૭. ગળે : સોળ પ્રહર પ્રભુ દેશના, કંઠે વિવર વર્તુળ;
મધુર ધ્વનિ સુર નર સુણે, તિણે ગળે તિલક અમૂલ.





૮. હૃદયે : હૃદય કમલ ઉપશમ બળે, બાળ્યા રાગ ને રોષ;
હિમ દહે વન ખંડને, હૃદય તિલક સંતોષ.

૯. નાભિએ : રત્નત્રયી ગુણ ઉજળી, સકળ સુગુણ વિશ્રામ;
નાભિ કમળની પૂજના, કરતાં અવિચલ ધામ.

ઉપદેશક નવતત્ત્વના, તિણે નવ અંગ જિણિંદ;
પૂજો બહુવિધ રાગશું, કહે શુભવીર મુણીંદ.

નોંધ : દરેક પૂજાના દુહા ગભારામાં મોટેથી બોલવાના નથી, પણ મનમાં ચિંતવવાના છે.

## રાજનગર પ્રશ્નોત્તરી

**સ. ૧૧ હાલમાં કોનું શાસન ચાલે છે ?**

જ. હાલમાં ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર પરમાત્માનું શાસન ચાલે છે.

**સ. ૧૨ તત્ત્વ કેટલાં છે ? અને તે ક્યા ક્યા ?**

જ. તત્ત્વ ત્રણ છે (૧) દેવ (૨) ગુરુ (૩) ધર્મ.

**સ. ૧૩ દેવ એટલે શું ?**

જ. દેવ એટલે જેનામાં સર્વ ગુણો હોય અને એક પણ દોષ ન હોય તે.

**સ. ૧૪ ગુરુ એટલે શું ?**

જ. ગુરુ એટલે પાંચ મહાવ્રતો પાળે તે.

**સ. ૧૫ મહાવ્રતો એટલે શું ? તે કેટલાં છે ? અને કયા કયા છે ?**

જ. મહાવ્રતો એટલે મોટાં વ્રત (પાળવામાં કઠિન વ્રત) તે પાંચ છે. (૧) જીવદયા પાળવી (જીવહિંસા ન કરવી). (૨) સાચું બોલવું (જૂઠું ન બોલવું). (૩) ચોરી ન કરવી. (૪) શિયળ પાળવું. (૫) પૈસા ટકા ન રાખવા.

**સ. ૧૬ ધર્મ એટલે શું ?**

જ. જીવને દુર્ગતિમાં જતો અટકાવી સારી ગતિમાં લઈ જાય અને પરંપરાએ મોક્ષ પમાડે તે.

**સ. ૧૭ શ્રાવક એટલે શું ?**

જ. શ્રાવક એટલે શ્રી જિનેશ્વર ભગવાનનાં વચનો ઉપર શ્રદ્ધા રાખે, વિનય વિવેક કરે અને દર્શન, પૂજા, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ કરે તથા દેવ ગુરુની ભક્તિ વગેરે કરે તે.

**સ. ૧૮ શ્રાવક શબ્દનો અર્થ આપો.**

જ. 'શ્ર' = અક્ષરથી શ્રદ્ધા રાખે.
'વ' = અક્ષરથી વિનય વિવેક કરે.
'ક' = અક્ષરથી ક્રિયા કરે.

**સ. ૧૯ નવકાર મંત્રના કેટલા અક્ષરો છે ? તેમાં સાત અક્ષરો, પાંચ અક્ષરો, આઠ અક્ષરો અને નવ અક્ષરો કયા કયા પદોના છે ?**

જ. નવકાર મંત્રના ૬૮ અક્ષરો છે. તેમાં પહેલા, ત્રીજા અને ચોથા પદના સાત અક્ષરો, બીજા પદના પાંચ અક્ષરો, પાંચમા અને નવમા પદના નવ અક્ષરો તેમજ છઠ્ઠા, સાતમા અને આઠમા પદના આઠ અક્ષરો છે.

**સ. ૨૦ શ્રી નવકાર મંત્ર ક્યારે સ્મરણ કરાય છે ?**

જ. આ મહામંત્ર ઉપદ્રવની શાન્તિ માટે, તેમજ માંગલિક માટે સ્મરણ કરાય છે. ઉત્તમ મનુષ્યો સૂતાં, બેસતાં, ઊઠતાં, બોલતાં, ચાલતાં, તેમજ કોઈ પણ કાર્ય કરતાં રાત્રે અગર દિવસે સર્વ સ્થળે આ નવકાર મંત્રને યાદ કરે છે.

**સ. ૨૧ સામાયિક એટલે શું ?**

જ. સામાયિક એટલે સમતાનો લાભ, જેનાથી જૂનાં બંધાયેલાં કર્મો નાશ પામે અને નવાં કર્મો બંધાતાં અટકી જાય, એવી શ્રી જિનેશ્વર ભગવાને બતાવેલી ક્રિયા.





**સ. ૨૨ સામાયિકનો કાળ કેટલો ?**

જ. ૪૮ મિનિટનો, પોણો કલાક અને ત્રણ મિનિટનો અથવા બે ઘડીનો.

**સ. ૨૩ શ્રી જિનપૂજા પ્રભુના કયા કયા નવ અંગે કરાય છે ?**

જ. (૧) જમણા અને ડાબા પગના અંગૂઠે.
(૨) જમણા અને ડાબા ઢીંચણે.
(૩) જમણા અને ડાબા કાંડે.
(૪) જમણા અને ડાબા ખભે.
(૫) મસ્તકે (શિખાએ). (૬) કપાળે.
(૭) કંઠે. (૮) હૃદયે. (૯) નાભિએ.

**સ. ૨૪ પ્રભુને નવ અંગે પૂજા કરવાનું શું કારણ ?**

જ. પ્રભુ નવ તત્ત્વના ઉપદેશક છે અને એ નવ તત્ત્વોમાં દુનિયાનાં સર્વ તત્ત્વોનો સમાવેશ થાય છે, માટે પ્રભુને નવ અંગે પૂજા કરવી જોઈએ.

**સ. ૨૫ પ્રભુદર્શન કેવી રીતે કરવાં જોઈએ ?**

જ. સંસારના વિચારોનો ત્યાગકરી, બે હાથ જોડી, માથું નમાવી, પ્રભુની સમક્ષ દૃષ્ટિ રાખીને, પ્રભુના ગુણો યાદ કરવાપૂર્વક પ્રભુદર્શન કરવાં જોઈએ.

## ભગવાન મહાવીર અને ચંડકૌશિકની સ્ટોરી

ઘણા સમય પહેલાની વાત છે. ભૂતકાળના એક જૈન તપસ્વી સાધુ ક્રોધના ભાવમાં મૃત્યુ પામી ચોથા ભવે 'ચાવાલ' ગામની નજીકના એક જંગલમાં કનકખળ નામે તાપસોના એક આશ્રમમાં 'ચંડકૌશિક' નામના ખૂબ જ ભયાનક એક દૃષ્ટિવિષ સાપ તરીકે જન્મ્યા. તે એટલા ઝેરી હતા કે જો તે કોઈની સામે ગુસ્સામાં જોવે કે ફૂંફાડો મારે, તો તે પ્રાણી કે પક્ષી ત્યાં જ મરી જતું! આ સાપના ડરથી લોકોએ એ જંગલનો રસ્તો વાપરવાનું જ બંધ કરી દીધું હતું. એક વખત પ્રભુ મહાવીર વિહાર કરતાં શ્વેતાંબી નગરી તરફ જતા હતા ત્યાં એ જ રસ્તેથી પસાર થઈ રહ્યા હતા. ગામના ગોવાળોએ પ્રભુને રોક્યા અને કહ્યું, 'હે ભગવાન! આગળ ન જશો, ત્યાં એક કાળમુખો સાપ રહે છે. તે કોઈને પણ જીવતા છોડતો નથી!' માટે તમે બીજા એક લાંબા રસ્તે થઈને શ્વેતાંબી નગરી જાઓ. પણ અનંત કરુણાના સાગર એવા પ્રભુએ જ્ઞાનથી આ ચંડકૌશિકના ભવો જાણી તેને પ્રતિબોધવો જોઈએ એમ સમજી તે ભયંકર રસ્તે જ ગયા અને જંગલમાં શાંતિથી ધ્યાન ધરીને ઊભા રહી ગયા.

થોડા સમય પછી જ્યારે ચંડકૌશિકે ભગવાનને જોયા, ત્યારે તેને ખૂબ ગુસ્સો આવ્યો. તેણે વિચાર્યું, 'આ મારી મરજી વગર અહીં કોણ આવી ગયું?' તેણે ભગવાન તરફ જોરદાર ફૂંફાડા માર્યા, પણ પ્રભુ તો શાંત હતા. અંતે ગુસ્સામાં આવીને સાપે ભગવાનના પગના અંગૂઠા પર ઝેરી ડંખ માર્યો! ત્યારે એક ચમત્કાર થયો! ભગવાનના લોહીનો રંગ લાલને બદલે દૂધ જેવો સફેદ નીકળ્યો. સાપ તો નવાઈ પામી ગયો! તેને થયું કે આ કોઈ સામાન્ય માણસ નથી. તે ભારે આશ્ચર્યમગ્ન બની પ્રભુની પ્રશાંત મુદ્રા જોતાં શાંત થવા લાગ્યો. તે વખતે ભગવાને મધુર શબ્દોમાં કહ્યું કે - 'બુજ્ઝ ચંડકૌશિક, બુજ્ઝ... હે ચંડકૌશિક! તું બોધ પામ અને શાંત થા.' ભગવાનના આ શબ્દો સાંભળતા જ સાપને તેના જૂના ભવની યાદ આવી ગઈ. તેને





સમજાયું કે 'અરેરે! મેં કેટલો બધો ગુસ્સો કર્યો, જેના કારણે હું સાધુમાંથી સાપ બની ગયો.' તેને પશ્ચાત્તાપ થયો. તેણે ભગવાનની માફી માંગી અને નક્કી કર્યું કે હવે તે ક્યારેય કોઈને નુકસાન નહીં પહોંચાડે. તેણે હિંસા છોડી પોતાના મનથી અનશન કરવાનો નિશ્ચય કર્યો.

પ્રભુએ સાપના ભાવ જાણીને પોતાની કરુણા દ્રષ્ટિ વડે તેનું સિંચન કર્યું. સાપ હવે એકદમ શાંત થઈ ગયો. તે કોઈને કરડે નહીં તે માટે પોતાનું મોઢું રાફડામાં છુપાવીને પડ્યો રહ્યો. લોકોએ જોયું કે હવે સાપ શાંત થઈ ગયો છે, એટલે લોકો તેની પૂજા કરવા લાગ્યા અને તેના પર ઘી ચઢાવવા લાગ્યા.

ઘીની સુગંધથી હજારો કીડીઓ ત્યાં આવી અને સાપના શરીરને કરડવા લાગી. સાપને ખૂબ દુઃખાવો થતો હતો, પણ તેણે વિચાર્યું, 'જો હું હલીશ તો આ નાની નાની કીડીઓ મરી જશે.' આવી દયા અને ધીરજ રાખીને તે શાંતિથી બધું સહન કરી રહ્યો. અંતે, આ પ્રમાણેના કરુણાના પરિણામવાળો અને ભગવંતની દયામૃત દ્રષ્ટિથી સિંચન થયેલો સાપ એક પખવાડીએ મૃત્યુ પામી સહસ્રાર દેવલોકમાં દેવતા થયો.

**બોધ:** ક્રોધ સામે ક્ષમાના અને હિંસા સામે અહિંસાના થયેલા ભવ્ય વિજયનું આ જ્વલંત ઉદાહરણ છે. ક્રોધ એ આત્માનો સૌથી મોટો શત્રુ છે. આ કથા આપણને શીખવે છે કે ગમે તેટલી ભક્તિ કે તપસ્યા હોય, પણ જો ક્રોધ પર કાબૂ ન હોય તો બધું જ એળે જાય છે. સાચા હૃદયથી કરેલો પશ્ચાત્તાપ ભયંકર પાપોમાંથી પણ મુક્તિ અપાવી શકે છે.

• • •

## મૌખિક - ધો. ૩

| | | | |
|---|---|---|---|
| સૂત્ર | : | પુક્ખરવરદીવડ્ઢે થી ઈચ્છામિ પડિક્કમિઉં (સૂત્ર ૨૩ થી ૩૫) | ૩૦ |
| અર્થ | : | નવકાર, પંચિંદિય, ખમાસમણ, ઈચ્છકાર સૂત્ર (શબ્દાર્થ) | ૨૦ |
| કાવ્ય | : | દુહા : કાળ અનાદિ... (પ્રદિક્ષણાના)<br>ચૈત્યવંદન : સિદ્ધારથ સુત વંદીએ...<br>સ્તવન : ગિરુઆ રે ગુણ...<br>થોય : જય જય ભવિ હિતકર (૪ ગાથા) | ૨૦ |
| વિધિ | : | સામાયિક લેવા - પારવાની વિધિ (પ્રેકટીકલ) | ૧૦ |
| | | રાજનગર પ્રશ્નોત્તરી : ૨૬ થી ૩૫ | ૧૦ |
| સ્ટોરી | : | મેઘકુમારની સ્ટોરી | ૧૦ |
| | | | ૧૦૦ |

### (૨૩) પુક્ખરવરદીવડ્ઢે (શ્રુતસ્તવ) સૂત્ર

પુક્ખરવરદીવડ્ઢે, ધાયઈસંડે અ જંબૂદીવે અ; ભરહેરવયવિદેહે, ધમ્માઈગરે નમંસામિ. ॥૧॥

તમતિમિરપડલવિદ્ધં-સણસ્સ, સુરગણનરિન્દમહિઅસ્સ; સીમાધરસ્સવંદે, પપ્ફોડિઅ-મોહજાલસ્સ. ॥૨॥

(વસંતતિલકા છન્દ)

જાઈજરામરણસોગપણાસણસ્સ, કલ્લાણપુક્ખલવિસાલ સુહાવહસ્સ, કો દેવદાણવનરિંદગણચ્ચિઅસ્સ, ધમ્મસ્સ સારમુવલબ્ભ કરે પમાયં ? ॥૩॥





(શાર્દૂલવિક્રીડિતમ્ વૃતમ્)

સિદ્ધે ભો ! પયઓ ણમો જિણમએ, નંદી સયા સંજમે; દેવંનાગ-સુવન્નકિન્નરગણ, સબ્ભૂઅ-ભાવચ્ચિએ, લોગોજત્થ પઈટ્ઠિઓ જગમિણં, તેલુક્કમચ્ચાસુરં, ધમ્મો વડ્ઢઉ સાસઓ વિજયઓ, ધમ્મુત્તરં વડ્ઢઉ. ॥૪॥

સુઅસ્સ ભગવઓ, કરેમિ કાઉસ્સગ્ગં, વંદણવત્તિયાએ૦

### (૨૪) સિદ્ધાણં બુદ્ધાણં (સિદ્ધસ્તવ) સૂત્ર

સિદ્ધાણં બુદ્ધાણં, પારગયાણં, પરંપરગયાણં;
લોઅગ્ગમુવગયાણં, નમો સયા સવ્વસિદ્ધાણં. ॥૧॥

જો દેવાણવિ દેવો, જં દેવા પંજલી નમંસંતિ;
તં દેવદેવમહિઅં, સિરસા વંદે મહાવીરં. ॥૨॥

ઈક્કોવિ નમુક્કારો, જિણવરવસહસ્સ વદ્ધમાણસ્સ;
સંસારસાગરાઓ, તારેઈ નરં વ નારિં વા. ॥૩॥

ઉજ્જિંતસેલસિહરે, દિક્ખા નાણં નિસીહિઆ જસ્સ;
તં ધમ્મચક્કવટ્ટિં, અરિટ્ઠનેમિં નમંસામિ. ॥૪॥

ચત્તારિ અટ્ઠદસ દોય, વંદિયા જિણવરા ચઉવ્વીસં;
પરમટ્ઠનિટ્ઠિઅટ્ઠા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ॥૫॥

### (૨૫) વેયાવચ્ચગરાણં સૂત્ર
### (સમકિતી દેવોને સંભારવાનું સૂત્ર)

વેયાવચ્ચગરાણં, સંતિગરાણં, સમ્મદિટ્ઠિસમાહિગરાણં, કરેમિ કાઉસ્સગ્ગં. અન્નત્થ૦

### (૨૬) ભગવાનાદિ વંદનસૂત્ર

ભગવાન્હં, આચાર્યહં, ઉપાધ્યાયહં, સર્વસાધુહં

## (૨૭) પડિક્કમણે ઠાઉં ? સૂત્ર (પ્રતિક્રમણ બીજ સૂત્ર)

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દેવસિઅ (રાઈઅ) પડિક્કમણે ઠાઉં ? ઈચ્છં, સવ્વસ્સવિ દેવસિઅ, (રાઈઅ) દુચ્ચિંતિઅ, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ મિચ્છા મિ દુક્કડં.

## (૨૮) ઇચ્છામિ ઠામિ સૂત્ર (લઘુ અતિચાર સૂત્ર)

ઈચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં, જો મે દેવસિઓ (રાઈઓ) અઈયારો કઓ, કાઈઓ, વાઈઓ, માણસિઓ, ઉસ્સુત્તો ઉમ્મગ્ગો, અકપ્પો, અકરણિજ્જો, દુજ્ઝાઓ, દુવ્વિચિંતિઓ, અણાયારો અણિચ્છિઅવ્વો, અસાવગપાઉગ્ગો નાણે દંસણે ચરિત્તાચરિત્તે, સુએ સામાઈએ, તિણ્હં ગુત્તીણં, ચઉણ્હં કસાયાણં, પંચણ્હ-મણુવ્વયાણં તિણ્હં ગુણવ્વયાણં, ચઉણ્હં-સિક્ખાવયાણં, બારસવિહસ્સ સાવગધમ્મસ્સ જં ખંડિઅં, જં વિરાહિઅં, તસ્સ મિચ્છા મિ દુક્કડં.

## (૨૯) નાણંમિ સૂત્ર (પાંચ આચારના અતિચારોની ગાથાઓ)

નાણંમિ દંસણંમિ અ, ચરણંમિ તવંમિ તહ ય વીરિયંમિ,
આયરણં આયારો, ઈઅ એસો પંચહા ભણિઓ. ॥૧॥

કાલે વિણએ બહુમાણે, ઉવહાણે તહ અનિન્હવણે;
વંજણ-અત્થ-તદુભએ, અટ્ઠવિહો નાણમાયારો. ॥૨॥

નિસ્સંકિઅ નિક્કંખિઅ, નિવ્વિતિગિચ્છા અમૂઢદિટ્ઠી અ;
ઉવવૂહ થિરીકરણે, વચ્છલ્લ પ્પભાવણે અટ્ઠ. ॥૩॥

પણિહાણજોગજુત્તો, પંચહિં સમિઈહિં તીહિં ગુત્તીહિં;
એસ ચરિત્તાયારો, અટ્ઠવિહો હોઈ નાયવ્વો. ॥૪॥

બારસવિહંમિવિતવે, સબ્ભિંતર-બાહિરે કુસલદિટ્ઠે;
અગિલાઈ અણાજીવી, નાયવ્વો સો તવાયારો. ॥૫॥





અણસણમૂણોઅરિઆ, વિત્તીસંખેવણં રસચ્ચાઓ;
કાયકિલેસો સંલીણયા ય, બજ્ઝો તવો હોઈ. ॥૬॥

પાયચ્છિત્તં વિણઓ, વેયાવચ્ચં તહેવ સજ્ઝાઓ;
ઝાણં ઉસ્સગ્ગો વિ અ, અબ્ભિંતરઓ તવો હોઈ. ॥૭॥

અણિગૂહિઅ બલવીરિઓ, પરક્કમઈ જો જહુત્તમાઉત્તો;
જુંજઈ અ જહાથામં, નાયવ્વો વીરિઆયારો. ॥૮॥

## (૩૦) સુગુરુ વાંદણા સૂત્ર (દ્વાદશાવર્ત્ત વંદન સૂત્ર)

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ અણુજાણહ મે મિઉગ્ગહં, નિસીહિ, અ-હો, કા-યં, કા-ય સંફાસં, ખમણિજ્જો ભે ! કિલામો અપ્પકિલંતાણં બહુસુભેણ ભે, દિવસો (રાઈઅ વઈક્કંતા) વઈક્કંતો ? જ-ત્તા ભે ! જ-વ-ણિજ્જં ચભે ? ખામેમિ ખમાસમણો ! દેવસિઅં (રાઈઅં) વઈક્કમં, આવસ્સિઆએ પડિક્કમામિ ખમાસમણાણં દેવસિઆએ (રાઈએ) આસાયણાએ, તિત્તીસન્નયરાએ, જંકિંચિ મિચ્છાએ; મણદુક્કડાએ, વયદુક્કડાએ, કાયદુક્કડાએ, કોહાએ, માણાએ, માયાએ, લોભાએ, સવ્વકાલિયાએ, સવ્વમિચ્છોવયારાએ; સવ્વધમ્માઈક્કમણાએ આસાયણાએ, જો મે અઈઆરો કઓ, તસ્સ ખમાસમણો ! પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ.

## (૩૧) દેવસિઅં આલોઉં સૂત્ર

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દેવસિઅં (રાઈઅં) આલોઉં ? ઈચ્છં, આલોએમિ જો મે દેવસિઓ૦ (રાઈઓ)

## (૩૨) સાત લાખ સૂત્ર
## (ચોર્યાશી લાખ જીવયોનિ ખમાવવાનું સૂત્ર)

સાત લાખ પૃથ્વીકાય, સાત લાખ અપ્કાય, સાત લાખ તેઉકાય, સાત લાખ વાઉકાય, દશ લાખ પ્રત્યેક વનસ્પતિકાય, ચૌદ લાખ સાધારણ

વનસ્પતિકાય, બે લાખ બેઇંદ્રિય, બે લાખ તેઇંદ્રિય, બે લાખ ચઉરિંદ્રિય, ચાર લાખ દેવતા, ચાર લાખ નારકી, ચાર લાખ તિર્યંચ પંચેંદ્રિય, ચૌદ લાખ મનુષ્ય એવંકારે ચોરાશી લાખ જીવયોનિમાંહિ મ્હારે જીવે જે કોઇ જીવ હણ્યો હોય, હણાવ્યો હોય, હણતાં પ્રત્યે અનુમોદ્યો હોય, તે સવિ હુ મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.

## (૩૩) અઢાર પાપસ્થાનક સૂત્ર (અઢાર પાપ આલોવવાનું સૂત્ર)

પહેલે પ્રાણાતિપાત, બીજે મૃષાવાદ, ત્રીજે અદત્તાદાન, ચોથે મૈથુન, પાંચમે પરિગ્રહ, છટ્ઠે ક્રોધ, સાતમે માન, આઠમે માયા, નવમે લોભ, દશમે રાગ, અગ્યારમે દ્વેષ, બારમે કલહ, તેરમે અભ્યાખ્યાન, ચૌદમે પૈશુન્ય, પંદરમે રતિ અરતિ, સોળમે પર પરિવાદ, સત્તરમે માયા મૃષાવાદ અઢારમે મિથ્યાત્વશલ્ય. એ અઢાર પાપસ્થાનકમાંહિ મ્હારે જીવે જે કોઇ પાપ સેવ્યું હોય, સેવરાવ્યું હોય, સેવતાં પ્રત્યે અનુમોદ્યું હોય, તે સવિહુ મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.

## (૩૪) સવ્વસ્સવિ (પ્રતિક્રમણ બીજક) સૂત્ર

સવ્વસ્સવિ દેવસિઅ (રાઈઅ), દુચ્ચિંતિઅ, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ; ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઇચ્છં, તસ્સ મિચ્છા મિ દુક્કડં.

## (૩૫) ઇચ્છામિ પડિક્કમિઉં સૂત્ર

ઇચ્છામિ પડિક્કમિઉં ? જો મે દેવસિઓ (રાઈઓ) અઈયારો કઓ૦





## શ્રી નમસ્કાર મહામંત્ર સૂત્ર - શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| નમો | - નમસ્કાર કરું છું. | પંચનમુક્કારો | - પાંચ નમસ્કાર |
| અરિહંતાણં | - અરિહંત ભગવાનોને | સવ્વપાવ | - બધાં પાપનો |
| સિદ્ધાણં | - સિદ્ધ ભગવંતોને | પ્પણાસણો | - નાશ કરનાર |
| આયરિયાણં | - આચાર્ય મહારાજાઓને | મંગલાણં | - મંગલોમાં |
| | | ચ | - અને |
| ઉવજ્ઝાયાણં | - ઉપાધ્યાય મહારાજાઓને | સવ્વેસિં | - સર્વને વિષે |
| | | પઢમં | - પ્રથમ |
| લોએ | - લોકમાં | હવઈ | - છે |
| સવ્વસાહૂણં | - સર્વ સાધુઓને | મંગલં | - મંગળરૂપ |
| એસો | - આ | | |

## પંચિંદિય સૂત્ર - શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| પંચિંદિય | - પાંચ ઈન્દ્રિયોને (વિષયમાં જતા) | પંચમહવ્વય | - પાંચ મહાવ્રતોએ |
| | | જુત્તો | - યુક્ત. |
| સંવરણો | - રોકનાર | પંચવિહાયાર | - પાંચ પ્રકારના આચારને |
| તહ | - તથા | | |
| નવવિહ | - નવ પ્રકારની | પાલણ-સમત્થો | - પાળવામાં-સમર્થ |
| બંભચેર | - બ્રહ્મચર્યની | પંચસમિઓ | - પાંચ પ્રકારની સમિતિથી યુક્ત. |
| ગુત્તિધરો | - વાડને ધારણ કરનારા | | |
| ચઉવિહ | - ચાર પ્રકારના | તિગુત્તો | - ત્રણ ગુપ્તિથી સહિત |
| કસાય | - કષાયથી | છત્તીસગુણો | - છત્રીસ ગુણોથી યુક્ત |
| મુક્કો | - મુકાએલા | | |
| ઈઅ | - એ | ગુરુ | - ગુરુ |
| અટ્ઠારસગુણેહિં | - અઢાર ગુણોથી | મજ્ઝ | - મારા. |
| સંજુત્તો | - યુક્ત | | |

## ખમાસમણ સૂત્ર - શબ્દાર્થ

ઈચ્છામિ - હું ઈચ્છું છું
ખમાસમણો - હે ક્ષમાશ્રમણ, સાધુજી !
વંદિઉં - વંદન કરવા
જાવણિજ્જાએ - શક્તિ સહિત એવા
નિસીહિઆએ - પાપ વ્યાપાર ત્યાગ કર્યો છે એવા શરીર વડે.
મત્થએણ - મસ્તકથી.
વંદામિ - હું વંદન કરું છું.

## ઈચ્છકાર સૂત્ર - શબ્દાર્થ

ઈચ્છકાર - ઈચ્છા કરું છું
સુહરાઈ - સુખે રાત્રિ
સુહદેવસિ - સુખે દિવસ
સુખતપ - સુખે તપશ્ચર્યામાં
શરીર નિરાબાધ - રોગ રહિત શરીરે
સુખસંજમજાત્રા - સુખે સંયમયાત્રામાં
નિર્વહો છો જી - પ્રવર્તો છો જી.

## કાવ્ય - પ્રદક્ષિણાના દુહા

કાળ અનાદિ અનંતથી, ભવ ભ્રમણ નો નહિ પાર;
તે ભવ ભ્રમણ નિવારવા, પ્રદક્ષિણા દઉં ત્રણ વાર. ૧

ભમતીમાં ભમતાં થકાં, ભવ ભાવઠ દૂર પલાય,
દર્શન જ્ઞાન ચારિત્ર રૂપ, પ્રદક્ષિણા ત્રણ દેવાય. ૨

જન્મ મરણાદિ સવિ ભય ટળે, સીઝે જો દરિસણ કાજ,
રત્નત્રયી પ્રાપ્તિ ભણી, દરિસણ કરો જિનરાજ. ૩

જ્ઞાન વડું સંસારમાં, જ્ઞાન પરમ સુખ હેત;
જ્ઞાન વિના જગ જીવડા, ન લહે તત્ત્વ સંકેત. ૪

ચય તે સંચય કર્મનો, રિક્ત કરે વળી જેહ;
ચારિત્ર નિર્યુક્તે કહ્યું, વંદો તે ગુણગેહ. ૫





દર્શન જ્ઞાન ચારિત્ર એ, રત્નત્રયી શિવદ્વાર;
ત્રણ પ્રદક્ષિણા તે કારણે, ભવદુઃખ ભંજનહાર. ૬

## શ્રી મહાવીરસ્વામી ભગવાનનું ચૈત્યવંદન

સિદ્ધારથ સુત વંદીએ, ત્રિશલાનો જાયો,
ક્ષત્રિયકુંડમાં અવતર્યો, સુરનરપતિ ગાયો. ૧

મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાય,
બહોંતેર વર્ષનું આઉખું, વીરજિનેશ્વર રાય. ૨

'ખિમાવિજય' જિનરાજનો, એ ઉત્તમ ગુણ અવદાત,
સાત બોલથી વર્ણવ્યો પદ્મવિજય વિખ્યાત. ૩

## શ્રી મહાવીરસ્વામી ભગવાનનું સ્તવન

ગિરૂઆરે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જિનરાયા રે,
સુણતાં શ્રવણે અમીઝરે, મ્હારી નિર્મલ થાયે કાયા રે. ગિ૦ ૧

તુમ ગુણગણ ગંગા જલે, હું ઝીલીને નિર્મલ થાઉં રે,
અવર ન ધંધો આદરૂં, નિશ દિન તોરા ગુણ ગાઉં રે. ગિ૦ ૨

ઝીલ્યા જે ગંગા જળે, તે છિલ્લર જળ નવિ પેસે રે,
જે માલતી ફૂલે મોહીયા, તે બાવળ જઈ નવિ બેસે રે ગિ૦ ૩

એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે,
તે કેમ પરસુર આદરે ? જે પરનારી વશ રાચ્યા રે. ગિ૦ ૪

તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે,
વાચક 'યશ' કહે માહરે, તું જીવ જીવન આધારો રે. ગિ૦ ૫

## શ્રી મહાવીરસ્વામી ભગવાનની થોય

જય જય ભવિહિતકર, વીર જિનેશ્વર દેવ,
સુર નરના નાયક, જેહની સારે સેવ;

કરુણારસકંદો, વંદો આનંદ આણી,
ત્રિશલા સુત સુંદર, ગુણ મણિ કેરો ખાણી. ૧.

જસ પંચ કલ્યાણક, દિવસ વિશેષ સુહાવે,
પણ થાવર નારક, તેહને પણ સુખ થાવે;
તે ચ્યવન, જન્મ વ્રત, નાણ અને નિર્વાણ,
સવિ જિનવર કેરાં, એ પાંચે અહિઠાણ. ૨

જિહાં પંચસમિતિ યુત, પંચમહાવ્રત સાર,
જેહમાં પ્રકાશ્યા, વળી પાંચે વ્યવહાર,
પરમેષ્ઠિ, અરિહંત, નાથ, સર્વજ્ઞ ને પાર,
એહ પંચપદે લહ્યો, આગમ અર્થ ઉદાર. ૩

માતંગ સિદ્ધાઈ, દેવી જિનપદ સેવી,
દુઃખ દુરિત ઉપદ્રવ, જે ટાળે નિતમેવી;
શાસન સુખદાયી, આઈ સુણો અરદાસ,
શ્રી જ્ઞાનવિમલ ગુણ, પૂરો વાંછિત આશ. ૪

## સામાયિક લેવાની વિધિ - પ્રેક્ટીકલ

(૧) પ્રથમ શુદ્ધ વસ્ત્ર પહેરીને ચરવળાથી જગ્યા પૂંજી ભૂમિ શુદ્ધ કરવી. ઊંચા આસને સ્થાપનાચાર્યજી પધરાવવા અથવા સાપડા ઉપર પુસ્તક મૂકવું.

(૨) પછી ડાબા હાથથી મુહપત્તિ પકડીને મુખ પાસે રાખવી. શક્ય હોય તો પૂર્વ કે ઉત્તરદિશા તરફ મુખ રાખીને જમણો હાથ સ્થાપનાજી તરફ અવળો રાખી નવકાર અને પંચિંદિય કહીને સ્થાપનાજી સ્થાપવા.

(૩) પછી એક ખમાસમણ દઇને ઉભા થઈ ઈરિયાવહિયા, તસ્સઉત્તરી, અન્નત્થ કહી એક લોગસ્સ ચંદેસુ નિમ્મલયરા સુધી (ન આવડે તો ચાર નવકાર)નો કાઉસ્સગ્ગ કરવો. પછી નમો અરિહંતાણં કહી કાઉસ્સગ્ગ પારીને પ્રગટ લોગસ્સ કહેવો.





(૪) પછી એક ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક મુહપત્તિ પડિલેહું ? આદેશ માંગી ગુરુ આદેશ આપે પછી ઈચ્છં કહીને મુહપત્તિનું પડિલેહણ કરવું.

(૫) પછી એક ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક સંદિસાહું ? ગુરુ આદેશ આપે પછી, ઇચ્છં કહેવું.

(૬) પછી એક ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક ઠાઉં ?, ગુરુ આદેશ આપે પછી, ઇચ્છં કહી બે હાથ જોડીને એક નવકાર ગણવો.

(૭) પછી બે હાથ જોડી મસ્તક નમાવીને ઈચ્છકારી ભગવન્ પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવશોજી એમ કહી ગુરુ ભગવંત પાસે અથવા ગુરુ ભગવંત ન હોય તો વડિલ પાસે 'કરેમિ ભંતે સૂત્ર' ઉચ્ચરાવવું. કોઈ ના હોય તો જાતે બોલવું.

(૮) પછી એક ખમાસમણ દઈ, ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ બેસણે સંદિસાહું ? (ગુરુ આદેશ આપે) પછી ઇચ્છં કહેવું.

(૯) પછી એક ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ બેસણે ઠાઉં ? (ગુરુ આદેશ આપે) પછી ઇચ્છં કહેવું.

(૧૦) પછી એક ખમાસમણ દઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સજ્ઝાય સંદિસાહું ? (ગુરુ આદેશ આપે) પછી ઇચ્છં કહેવું.

(૧૧) પછી એક ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ સજ્ઝાય કરું ? (ગુરુ આદેશ આપે) પછી ઇચ્છં કહેવું.

(૧૨) પછી બે હાથ જોડીને ઉભડક પગે બેસીને ત્રણ નવકાર ગણવા.

(૧૩) ત્યારબાદ બે ઘડી (૪૮ મિનિટ) સ્થિર આસને બેસી સ્વાધ્યાય, ધર્મધ્યાન વગેરે કરવું.

## સામાયિક પારવાની વિધિ - પ્રેક્ટીકલ

(૧) પ્રથમ એક ખમાસમણ દઈને ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઇરિયાવહિયં પડિક્કમામિ ? ઇચ્છં, કહી ઈરિયાવહિયા તસ્સઉત્તરી

અન્નત્થ કહી એક લોગસ્સ ચંદેસુ નિમ્મલયરા સુધી (ન આવડે તો ચાર નવકાર)નો કાઉસ્સગ્ગ કરવો. ત્યાર બાદ નમો અરિહંતાણં કહી કાઉસ્સગ્ગ પારી પ્રગટ લોગસ્સ બોલવો.

(૨) પછી એક ખમાસમણ દઇ, ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! મુહપત્તિ પડિલેહું ?, ગુરુ આદેશ આપે પછી, ઇચ્છં કહીને મુહપત્તિ પડિલેહવી.

(૩) પછી એક ખમાસમણ દઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક પારું ?, ગુરુ આદેશ આપે પછી, યથાશક્તિ કહેવું.

(૪) પછી એક ખમાસમણ દઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક પાર્યું ?, ગુરુ આદેશ આપે પછી, તહત્તિ એમ કહી,

(૫) જમણો હાથ મુઠ્ઠીવાળીને, ચરવળા ઉપર સ્થાપીને એક નવકાર અને સામાઇઅ વયજુત્તો સૂત્ર કહેવું. પછી

(૬) (સ્થાપનાચાર્યજી ન હોય તો સામાયિક લેતી વખતે સ્થાપનાચાર્યજી સ્થાપેલ તે) જમણો હાથ પોતાની સામે સીધો સવળો રાખી એક નવકાર ગણીને સ્થાપનાચાર્યજીને ઉત્થાપીને યોગ્ય સ્થાને મૂકવા.

## રાજનગર પ્રશ્નોત્તરી

**સ. ૨૬ જૈનને ઓળખવાનું પ્રગટ ચિહ્ન શું ?**

જ. કેસરનો ચાંલ્લો, રાત્રિભોજનનો ત્યાગ અને કંદમૂળનો ત્યાગ.

**સ. ૨૭ ચાંલ્લો શા માટે કરવો જોઈએ ?**

જ. શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞા માથે ચઢાવું છું, તે સૂચવવા માટે ચાંલ્લો કરવો જોઈએ.

**સ. ૨૮ પ્રભુને ત્રણ પ્રદક્ષિણા શા માટે દેવી જોઈએ ?**

જ. દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણની પ્રાપ્તિ માટે અને સંસારના ચોરાશી લાખ ફેરા ટાળવા માટે પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દેવી જોઈએ.





**સ. ૨૯ આપણા તીર્થોનાં નામ આપો.**

જ. શ્રી શત્રુંજય, ગિરનાર, આબુ, અષ્ટાપદ, અચલગઢ, સમ્મેતશિખર, શંખેશ્વર, કુંભારીયાજી, મક્ષીજી, અંતરિક્ષ પાર્શ્વનાથ, તારંગાજી, રાણકપુર, ભોયણી, પાવાપુરી, ચંપાપુરી, કેશરીયાજી, પાનસર, શેરીસા વગેરે.

**સ. ૩૦ આપણાં પર્વોનાં નામ આપો, અને તે ક્યારે ક્યારે આવે છે ? તે જણાવો.**

જ.

| | | |
|---|---|---|
| (૧) | કારતક સુદ ૫ | જ્ઞાન પાંચમ |
| (૨) | કારતક સુદ ૧૪ | ચોમાસી ચૌદસ |
| (૩) | કારતક સુદ ૧૫ | શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રા કરવી, અગર શ્રી શત્રુંજય આદિ મહાતીર્થના પટોનાં દર્શન કરવા જવું. |
| (૪) | માગશર સુદ ૧૧ | મૌન અગિયારસ |
| (૫) | માગશર વદ ૧૦ (પોષ દશમ) | શ્રી પાર્શ્વનાથ પ્રભુનું જન્મ કલ્યાણક. |
| (૬) | પોષ વદ ૧૩ (મેરૂતેરસ) | શ્રી ઋષભદેવ પ્રભુનું મોક્ષ કલ્યાણક. |
| (૭) | ફાગણ સુદ ૧૩ | શ્રી શત્રુંજય તીર્થની-છ ગાઉ યાત્રા |
| (૮) | ફાગણ સુદ ૧૪ | ચોમાસી ચૌદસ |
| (૯) | ચૈત્ર સુદ ૭ થી ૧૫ (નવ દિવસ) | આયંબિલની શાશ્વતી ઓળી |
| (૧૦) | ચૈત્ર સુદ ૧૩ | શ્રી મહાવીર પ્રભુનું જન્મકલ્યાણક |
| (૧૧) | ચૈત્ર સુદ ૧૫ | શ્રી ઋષભદેવ પ્રભુના ગણધર શ્રી પુંડરીકસ્વામી પાંચ ક્રોડ મુનિવરો સાથે મોક્ષે ગયા. |

| | |
|---|---|
| (૧૨) વૈશાખ સુદ ૩ (અખાત્રીજ) | શ્રી ઋષભદેવ પ્રભુને શ્રેયાંસકુમારે શેરડીના રસથી પારણું કરાવ્યું, બીજું નામ અક્ષય તૃતીયા. |
| (૧૩) અષાઢ સુદ ૧૪ | ચોમાસી ચૌદસ |
| (૧૪) શ્રાવણ વદ ૧૨ થી ભાદરવા સુદ ૪ | પજુસણ (પર્યુષણ) |
| (૧૫) આસો સુદ ૭ થી ૧૫ (નવ દિવસ) | આયંબિલની શાશ્વતી ઓળી |
| (૧૬) આસો વદ ૦)) (અમાસ) | શ્રી મહાવીરપ્રભુનું નિર્વાણકલ્યાણક દિવાળીની રાત્રે |

**સ. ૩૧ પ્રતિક્રમણ એટલે શું ?**

જ. પ્રતિક્રમણ એટલે પાપથી પાછા હઠવું. પાપ ધોવાઈ જાય પાપનો નાશ થાય તેવી જ્ઞાની ભગવંતોએ બતાવેલી મહાન ક્રિયા.

**સ. ૩૨ પ્રતિક્રમણ શા માટે કરવું જોઈએ ?**

જ. દિવસનાં કે રાત્રિનાં દરમ્યાન થયેલા પાપોનો નાશ કરવા પ્રતિક્રમણ કરવું જોઈએ.

**સ. ૩૩ પ્રતિક્રમણ કેટલાં છે ? અને તે કયા કયા ?**

જ. પ્રતિક્રમણ પાંચ છે (૧) દેવસિ (૨) રાઈ (૩) પક્ખિ (૪) ચૌમાસી (૫) સંવચ્છરી

**સ. ૩૪ પાંચ પ્રતિક્રમણ વર્ષમાં કેટલી વખત થાય ?**

જ. સંવત્સરી પ્રતિક્રમણ વર્ષમાં એકવાર ભાદરવા સુદ ૪ના દિવસે થાય. ચૌમાસી પ્રતિક્રમણ વર્ષમાં ત્રણ વાર કારતક સુદ ૧૪, ફાગણ સુદ ૧૪ અને અષાઢ સુદ ૧૪ ના દિવસે થાય છે. પક્ખિ પ્રતિક્રમણ વર્ષમાં એકવીસ વાર ચૌમાસી સિવાયની સુદ





ચૌદસોએ તથા બધી વદ ચૌદસોએ થાય. દેવસી પ્રતિક્રમણ ઉપરના ૨૫ દિવસ સિવાય બાકીના બધા દિવસે રોજ સાંજે અને રાઈ પ્રતિક્રમણ વર્ષના સર્વ દિવસોએ રોજ સવારે કરવામાં આવે છે.

**સ. ૩૫ રાત્રિભોજન કરવાથી શું નુકશાન થાય છે ?**

જ. રાત્રિભોજન કરવાથી જિનાજ્ઞાભંગનો મહાન દોષ લાગે છે અને શુભ પરિણામનો હ્રાસ થાય છે. વળી પરભવમાં કાગડા, ઘુવડ, ગીધ, બિલાડી, શિયાળ, સાપ, વીંછી અને ગરોળી જેવા દુષ્ટ અવતાર પ્રાપ્ત થાય છે. અહીં પ્રત્યક્ષ પણ ઘણાં નુકસાન થાય છે. ભોજનમાં કીડી આવી જવાથી બુદ્ધિનો નાશ થાય છે. જુથી જલોદરનો રોગ થાય છે. માખીથી ઊલટી થઈ જાય છે. કરોળિયો કોઢ રોગ કરે છે. આ તથા બીજા ઘણા દોષો અને અપચો વગેરે રોગો થાય છે. માટે કદી પણ રાત્રિભોજન કરવું નહીં.

## મેઘકુમારની સ્ટોરી

રાજગૃહીના રાજા શ્રેણિકની ધારિણી રાણીના મેઘકુમાર નામે પુત્ર આઠ રાજાઓની કન્યાઓને પરણ્યા હતા. એક દિવસે પ્રભુ મહાવીરને વંદન કરવા ગયેલા, ત્યાં ઉપદેશ સાંભળી મેઘકુમાર વૈરાગ્ય પામે છે અને પછી દીક્ષા લઇ બને છે મુનિ મેઘકુમાર. દીક્ષા આપ્યા પછી વહાણ-આસેવન શિક્ષા શીખવવા તેમને પ્રભુએ સ્થવિર મુનિઓને સોંપ્યા. સ્થવિરો બીજે ગામ જઈ રાત રહ્યા. મેઘકુમારનો સંથારો છેલ્લે બારણા પાસે આવ્યો. રાતમાં માતરું કરવા જતાં આવતાં સાધુઓના પગ પડવાથી ને સંથારામાં ધૂળ પડવાથી, તેમને ઊંઘ આવી નહીં. રાજકુમાર કંટાળી ગયા ને વિચાર કર્યો કે, "આપણે તો સવારે પ્રભુને આ બધું સોંપીને ઘેર જ જઈશું."

સ્થવિર ભગવંતો સવારમાં ગામડેથી પ્રભુને વાંદવા આવ્યા. સાથે મેઘકુમાર હતા. પ્રભુ આ વાત જાણતા તો હતા જ. તેથી તેમને કહ્યું

"મેઘમુનિ ! તમને જે દુઃખ થયું, તે તો તારા પૂર્વ ભવના દુઃખ આગળ કાંઈ હિસાબમાં જ નથી. સાંભળ - આ ભવથી ત્રીજે ભવે તું વૈતાઢ્ય પર્વતમાં છ દંતશૂળવાળો અને હજાર હાથણીના પરિવારવાળો સુમેરૂપ્રભ નામનો ધોળો હાથી હતો. તું તરસને લીધે તળાવમાં પાણી પીવા ગયો, ત્યાં તું ખુંપી ગયો, એટલે તારા શત્રુ હાથીઓએ તને ઘણી પીડા કરી. ત્યાંથી મરીને વિન્ધ્યાટવીમાં તું મેરૂપ્રભ નામનો ચાર દંતશૂળવાળો સાતસો હાથણીનો સ્વામી ધોળો હાથી થયો. ત્યાં દાવાનળ જોઈ તને જાતિસ્મરણ જ્ઞાન થયું, એટલે તે તારા પરિવારને માટે વેલા ઘાસ વગેરે સૂંઢથી ચૂંટી કાઢી એક યોજન પ્રમાણ ચોખ્ખી જમીનનું માંડલું કર્યું. પાછો દાવાનળ સળગ્યો ત્યારે તે પરિવાર છોડીને તું પેલા માંડલામાં જઈ ભરાયો. તેવામાં અનેક વન પશુઓ પણ તે માંડલામાં ભરાઈ ગયા. તું પણ સંકડાશમાં ઊભો રહ્યો. તેવામાં ખરજ ખણવા તે જેવો પગ ઊંચો કર્યો, અને એક સસલું તારા પગને ઠેકાણે સંકડાશથી ગભરાઈને બેસી ગયું. જેવો તું ખરજ ખણી પગ મૂકવા જતો હતો, તેવામાં તે પેલું સસલું દેખ્યું. તારો પગ આવે, તો સસલું તો ચગદાઈ મરે જ ને ? પણ દયાથી તે પગ અધ્ધર જ રાખી લીધો. બે દિવસ પછી દાવાનળ શાંત થયો. જનાવર ચાલ્યા ગયાં. સસલું ચાલ્યું ગયું. એટલે જેવો તું પગ નીચે મૂકવા ગયો, તેવો જ પગ અકડાઈ જવાથી તું ધડામ કરતો નીચે પડ્યો, ને દયાની ભાવનામાં ને ભાવનામાં તું મરણ પામ્યો. ત્યાંથી મેઘકુમારપણે ઉત્પન્ન થયો. મેઘકુમાર ! આ પવિત્ર મુનિઓના પગની રજમાં તને વધારે દુઃખ લાગ્યું કે તે પૂર્વભવે દુઃખ સહન કર્યા, તેમાં વધારે દુઃખ હતુ?" આ સાંભળી મેઘકુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું. પ્રભુની સાક્ષીએ પોતાના આત્માની નિંદા કરતાં નેત્રો સિવાય શરીર વોસિરાવીને મેઘકુમાર સંયમમાં દઢ થયા. લાંબો વખત દીક્ષા પાળી વિજય વિમાનમાં સ્વર્ગે ગયા. ત્યાંથી મોક્ષમાં જશે.

**બોધઃ** જૈનધર્મનો પાયો છેઃ અહિંસા. એટલે કે કોઈ પણ જીવની હિંસા ન કરવી. તમે પણ નાનામાં નાના કીડી-મકોડા-મચ્છર જેવા જીવની રક્ષા કરશો અને નોન-વેજીટેરિયન, જીલેટીન જેવા પદાર્થોની ભેળસેળવાળી ચીજો ખાવાનો ત્યાગ કરશો તો તમે પણ મેઘકુમાર બની શકશો.





## મૌખિક - ધો. ૪

| | | | |
|---|---|---|---|
| સૂત્ર | : | નવકાર થી ઈચ્છામિ પડિક્કમિઉં સૂત્ર (સૂત્ર ૧ થી ૩૫ પુનરાવર્તન) | |
| | | વંદિત્તુ (સૂત્ર ૩૬) | ૫૦ |
| અર્થ | : | અબ્ભુટ્ઠિઓ સૂત્ર - શબ્દાર્થ | ૧૦ |
| કાવ્ય | : | સ્તુતિ : અર્હન્તો ભગવંત | ૨૦ |
| | | ચૈત્યવંદન : સામાન્ય જિન ચૈત્યવંદન (પદ્મપ્રભુને વાસુપૂજ્ય) | |
| | | થોય : અધ્યાત્મની થોય | |
| | | સજ્ઝાય : અઈમુત્તા મુનિની સજ્ઝાય | |
| સ્તુતિ | : | અરિહંત વંદનાવલી : ૧ થી ૫ ગાથા | ૧૦ |
| સ્ટોરી | : | વજ્રસ્વામીની સ્ટોરી | ૧૦ |
| | | | ૧૦૦ |

### (૩૬) વંદિત્તુ (શ્રાદ્ધ પ્રતિક્રમણ) સૂત્ર

વંદિત્તુ સવ્વસિદ્ધે, ધમ્માયરિએ અ સવ્વસાહૂ અ;
ઈચ્છામિ પડિક્કમિઉં, સાવગધમ્માઈઆરસ્સ. ॥૧॥

જો મે વયાઈયારો, નાણે તહ દંસણે ચરિત્તે અ;
સુહુમો અ બાયરો વા, તં નિંદે તં ચ ગરિહામિ. ॥૨॥

દુવિહે પરિગ્ગહમ્મિ, સાવજ્જે બહુવિહે અ આરંભે;
કારાવણે અ કરણે, પડિક્કમે દેસિઅં સવ્વં. ॥૩॥

જં બદ્ધમિંદિએહિં, ચઉહિં કસાએહિં અપ્પસત્થેહિં;
રાગેણ વ દોસેણ વ, તં નિંદે તં ચ ગરિહામિ. ॥૪॥

આગમણે નિગ્ગમણે, ઠાણે ચંકમણે અણાભોગે;
અભિઓગે અ નિઓગે; પડિક્કમે દેસિઅં સવ્વં. ॥૫॥

સંકા કંખ વિગિચ્છા, પસંસ તહ સંથવો કુલિંગીસુ;
સમ્મત્તસ્સઈયારે, પડિક્કમે દેસિઅં સવ્વં. ॥૬॥

છક્કાય સમારંભે, પયણે અ પયાવણે અ જે દોસા;
અત્તટ્ઠા ય પરટ્ઠા, ઉભયટ્ઠા ચેવ તં નિંદે. ॥૭॥

પંચણ્હ-મણુવ્વયાણં, ગુણવ્વયાણં ચ તિણ્હમઈયારે;
સિક્ખાણં ચ ચઉણ્હં, પડિક્કમે દેસિઅં સવ્વં. ॥૮॥

પઢમે અણુવ્વયમ્મિ, થૂલગ પાણાઈવાય વિરઈઓ;
આયરિય-મપ્પસત્થે, ઈત્થ પમાયપ્પસંગેણં. ॥૯॥

વહ-બંધ-છવિચ્છેએ, અઈભારે ભત્ત-પાણવુચ્છેએ;
પઢમવયસ્સ-ઈઆરે, પડિક્કમે દેસિઅં સવ્વં. ॥૧૦॥

બીએ અણુવ્વયમ્મિ, પરિથૂલગ-અલિઅ-વયણવિરઈઓ;
આયરિય-મપ્પસત્થે, ઈત્થ પમાયપ્પસંગેણં. ॥૧૧॥

સહસા રહસ્સ દારે, મોસુવએસે અ કૂડલેહે અ;
બીઅવયસ્સ ઈઆરે, પડિક્કમે દેસિઅં સવ્વં. ॥૧૨॥

તઈએ અણુવ્વયમ્મિ, થૂલગપરદવ્વહરણ વિરઈઓ;
આયરિઅ-મપ્પસત્થે, ઈત્થ પમાયપ્પસંગેણં. ॥૧૩॥

તેનાહડપ્પઓગે, તપ્પડિરુવ્વે વિરુદ્ધગમણે અ;
કૂડતુલકૂડમાણે, પડિક્કમે દેસિઅં સવ્વં. ॥૧૪॥

ચઉત્થે અણુવ્વયમ્મિ, નિચ્ચં પરદારગમણ-વિરઈઓ;
આયરિઅ-મપ્પસત્થે, ઈત્થ પમાયપ્પસંગેણં. ॥૧૫॥

અપરિગ્ગહિઆ ઈત્તર, અણંગ વિવાહ તિવ્વ-અણુરાગે;
ચઉત્થવયસ્સઈઆરે, પડિક્કમે દેસિઅં સવ્વં. ॥૧૬॥





ઈત્તો અણુવ્વએ પંચમમ્મિ, આયરિઅમપ્પસત્થમ્મિ;
પરિમાણપરિચ્છેએ, ઈત્થ પમાયપ્પસંગેણં. ॥૧૭॥

ધણ ધન્ન ખિત્તવત્થૂ, રુપ્પસુવન્ને અ કુવિઅ-પરિમાણે;
દુપએ ચઉપ્પયમ્મિ ય, પડિક્કમે દેસિઅં સવ્વં. ॥૧૮॥

ગમણસ્સ ઉ પરિમાણે, દિસાસુ ઉઙ્ઢં અહે અ તિરિઅં ચ;
વુઢ્ઢિ સઈઅંતરદ્ધા, પઢમમ્મિ ગુણવ્વએ નિંદે. ॥૧૯॥

મજ્જંમિ અ મંસમ્મિ અ, પુપ્ફે અ ફલે અ ગંધ મલ્લે અ;
ઉવભોગપરિભોગે, બીયમ્મિ ગુણવ્વએ નિંદે. ॥૨૦॥

સચ્ચિત્તે પડિબદ્ધે, અપોલ દુપ્પોલિઅં ચ આહારે;
તુચ્છોસહિભક્ખણયા, પડિક્કમે દેસિઅં સવ્વં. ॥૨૧॥

ઈંગાલી વણ સાડી, ભાડી ફોડી સુવજ્જએ કમ્મં;
વાણિજ્જં ચેવ દંત, લક્ખ રસ કેસ વિસ વિસયં. ॥૨૨॥

એવં ખુ જંતપિલ્લણ કમ્મં, નિલ્લંછણં ચ દવદાણં;
સર-દહ-તલાય-સોસં, અસઈ-પોસં ચ વજ્જિજ્જા. ॥૨૩॥

સત્થગ્ગિ-મુસલ-જંતગ, તણ-કટ્ઠે-મંતમૂલ-ભેસજ્જે;
દિન્ને દવાવિએ વા, પડિક્કમે દેસિઅં સવ્વં. ॥૨૪॥

ન્હાણુ-વ્વટ્ટણ-વન્નગ, વિલેવણે સદ્દરુવ્વ-રસ-ગંધે;
વત્થાસણ-આભરણે, પડિક્કમે દેસિઅં સવ્વં. ॥૨૫॥

કંદપ્પે કુક્કુઈએ, મોહરિ અહિગરણ ભોગઅઈરિત્તે;
દંડમ્મિ અણટ્ઠાએ, તઈઅમ્મિ ગુણવ્વએ નિંદે. ॥૨૬॥

તિવિહે દુપ્પણિહાણે, અણવટ્ઠાણે તહા સઈવિહૂણે;
સામાઈઅ વિતહકએ, પઢમે સિક્ખાવએ નિંદે. ॥૨૭॥

આણવણે પેસવણે, સદ્દે રુવ્વે અ પુગ્ગલક્ખેવે;
દેસાવગાસિઅમ્મિ, બીએ સિક્ખાવએ નિંદે. ॥૨૮॥

સંથારુચ્ચારવિહી, પમાય તહ ચેવ ભોયણાભોએ;
પોસહવિહિ-વિવરીએ, તઈએ સિક્ખાવએ નિંદે. ॥૨૯॥

સચ્ચિત્તે નિક્ખિવણે, પિહિણે વવએસ મચ્છરે ચેવ;
કાલાઈક્કમદાણે, ચઉત્થે સિક્ખાવએ નિંદે. ॥૩૦॥

સુહિએસુ અ દુહિએસુ અ, જા મે અસ્સંજએસુ અણુકંપા;
રાગેણ વ દોસેણ વ, તં નિંદે તં ચ ગરિહામિ. ॥૩૧॥

સાહૂસુ સંવિભાગો, ન કઓ તવચરણ કરણ-જુત્તેસુ;
સંતે ફાસુઅદાણે, તં નિંદે તં ચ ગરિહામિ. ॥૩૨॥

ઈહલોએ પરલોએ, જીવિઅ-મરણે અ આસંસપઓગે;
પંચવિહો અઈયારો, મા મજ્ઝ હુજ્જ મરણંતે. ॥૩૩॥

કાએણ કાઈઅસ્સ, પડિક્કમે વાઈઅસ્સ વાયાએ;
મણસા માણસિઅસ્સ, સવ્વસ્સવયાઈઆરસ્સ. ॥૩૪॥

વંદણ વય સિક્ખા-ગારવેસુ, સન્ના કસાય દંડેસુ;
ગુત્તીસુ અ સમિઈસુ અ, જો અઈઆરો અ તં નિંદે. ॥૩૫॥

સમ્મદિટ્ઠીજીવો, જઈ વિ હુ પાવં સમાયરે કિંચિ;
અપ્પો સિ હોઈ બંધો, જેણ ન નિદ્ધંધસં કુણઈ. ॥૩૬॥

તં પિ હુ સપડિક્કમણં, સપ્પરિઆવં સઉત્તર ગુણં ચ;
ખિપ્પં ઉવસામેઈ, વાહિવ્વ સુસિક્ખિઓ વિજ્જો. ॥૩૭॥

જહા વિસં કુટ્ઠગયં, મંતમૂલવિસારયા;
વિજ્જા હણંતિ મંતેહિં, તો તં હવઈ નિવ્વિસં. ॥૩૮॥

એવં અટ્ઠ વિહં કમ્મં, રાગ દોસ સમજ્જિઅં;
આલોઅંતો અ નિંદંતો, ખિપ્પં હણઈ સુસાવઓ. ॥૩૯॥

કયપાવો વિ મણુસ્સો, આલોઈઅ નિંદિઅ ગુરુ સગાસે;
હોઈ અઈરેગ લહુઓ, ઓહરિઅભરુવ્વ ભારવહો. ॥૪૦॥





આવસ્સએણ એએણ, સાવઓ જઈવિ બહુરઓ હોઈ;
દુક્ખાણમંતકિરિઅં, કાહી અચિરેણ કાલેણ. ॥૪૧॥

આલોઅણા બહુવિહા, ન ય સંભરિઆ પડિક્કમણ કાલે;
મૂલગુણ ઉત્તરગુણે, તં નિંદે તં ચ ગરિહામિ. ॥૪૨॥

તસ્સ ધમ્મસ્સ કેવલિપન્નત્તસ્સ, અબ્ભુટ્ઠિઓ મિ આરાહણાએ,
વિરઓમિ વિરાહણાએ, તિવિહેણ પડિક્કંતો,
વંદામિ જિણે ચઉવ્વીસં. ॥૪૩॥

જાવંતિ ચેઈઆઈં, ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ;
સવ્વાઈં તાઈં વંદે, ઈહ સંતો તત્થ સંતાઈં. ॥૪૪॥

જાવંત કે વિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ;
સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડ વિરયાણં. ॥૪૫॥

ચિરસંચિય પાવપણાસણીઈ, ભવસયસહસ્સ મહણીએ;
ચઉવીસ જિણ વિણિગ્ગય કહાઈ, વોલંતુ મે દિઅહા. ॥૪૬॥

મમ મંગલમરિહંતા, સિદ્ધા સાહૂ સુઅંચધમ્મો અ;
સમ્મદિટ્ઠી દેવા, દિંતુ સમાહિં ચ બોહિં ચ. ॥૪૭॥

પડિસિદ્ધાણં કરણે, કિચ્ચાણમકરણે પડિક્કમણં;
અસદ્દહણે અ તહા, વિવરીઅ પરૂવણાએ અ. ॥૪૮॥

ખામેમિ સવ્વજીવે, સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તી મે સવ્વભૂએસુ, વેરં મજ્ઝ ન કેણઈ. ॥૪૯॥

એવ-મહં આલોઈઅ, નિંદિઅ ગરહિઅ દુગંછિઅં સમ્મં;
તિવિહેણ પડિક્કંતો, વંદામિ જિણે ચઉવ્વીસં. ॥૫૦॥

## અબ્ભુટ્ઠિઓ સૂત્ર - શબ્દાર્થ

ઈચ્છાકારેણ - ઈચ્છાપૂર્વક
સંદિસહ - આજ્ઞા આપશોજી
ભગવન્ - હે પૂજ્ય
અબ્ભુટ્ઠિઓ - ઊભો થયો છું
મિ - હું
અબ્ભિંતર - અંદર
દેવસિઅં - દિવસના અપરાધને
ખામેઉં - ખામું છું
ઈચ્છં - હું ઈચ્છું છું.
ખામેમિ - ખમાવું છું
જં કિંચિ - જે કોઈ
અપત્તિઅં - અપ્રીતિભાવ
પરપત્તિઅં - વિશેષ અપ્રીતિભાવ
ભત્તે - ભોજનને વિષે
પાણે - પાણીને વિષે
વિણએ - વિનયને વિષે
વેયાવચ્ચે - વૈયાવચ્ચને વિષે
આલાવે - એકવાર બોલવાને વિષે
સંલાવે - વારંવાર બોલવાને વિષે
ઉચ્ચાસણે - ગુરુથી ઊંચે આસને બેસવાને વિષે
સમાસણે - ગુરુની બરાબર આસને બેસવાને વિષે
અંતરભાસાએ - ગુરુ બોલતા હોય તેની વચ્ચે બોલવામાં
ઉવરિભાસાએ - ગુરુએ કહેલી વાત તેને વધારીને વિશેષપણે કહેવામાં
જં કિંચિ - જે કાંઈ.
મજ્ઝ - મેં
વિણયપરિહીણં - વિનય રહિતપણું કર્યું હોય
સુહુમં - સૂક્ષ્મ
બાયરં - બાદર-સ્થૂળ
તુબ્ભે - તમે
જાણહ - જાણો છો.
અહં - હું
ન જાણામિ - જાણતો નથી
તસ્સ - તે સંબંધીનું
મિચ્છા - મિથ્યા થાઓ
મિ - મારું
દુક્કડં - દુષ્કૃત, પાપ, દોષ





## કાવ્ય વિભાગ - સ્તુતિ

અર્હન્તો ભગવંત ઈન્દ્રમહિતાઃ, સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતાઃ,
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ, પૂજ્યા ઉપાધ્યાયકાઃ ।
શ્રી સિદ્ધાન્તસુપાઠકા મુનિવરા, રત્નત્રયારાધકાઃ,
પંચૈઃ તે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં, કુર્વન્તુ વો મંગલમ્ ॥

## ચોવીશ જિનના શરીરના વર્ણનું ચૈત્યવંદન

પદ્મપ્રભને વાસુપૂજ્ય, દોય રાતા કહીએ;
ચંદ્રપ્રભ ને સુવિધિનાથ, દો ઉજ્જવલ લહીએ (૧)
મલ્લિનાથ ને પાર્શ્વનાથ, દો નીલા નિરખ્યા;
મુનિસુવ્રત ને નેમનાથ, દો અંજન સરીખા (૨)
સોળે જિન કંચનસમાં એ, એવા જિન ચોવીશ;
ધીરવિમલ પંડિતતણો, જ્ઞાનવિમલ કહે શિષ્ય (૩)

## અધ્યાત્મની થોય

સોવનવાડી ફૂલડે છાઈ, છાબ ભરી હું લાવુંજી,
ફૂલ જ લાવું ને હાર ગુંથાવું, પ્રભુજીને કંઠે સોહાવુંજી,
ઉપવાસ કરું તો ભૂખ જ લાગે, ઉનું પાણી નવિ ભાવેજી,
આયંબિલ કરૂં તો લુખું ન ભાવે, નીવી એ ડૂચા આવેજી.. (૧)

એકાસણું કરું તો ભૂખે ન રહી શકું, સુખે ખાઉં ત્રણ ટંકજી,
સામયિક કરૂં તો બેસી ન શકું, નિંદ્રા કરું સારી રાતજી,
દેરે જાઉં તો ખોટી થાઉં, ઘરનો ધંધો ચુકુજી,
દાન દઉં તો હાથ જ ધ્રૂજે, હૈયે કંપારી છૂટેજી.. (૨)

જીવને જમડાનું તેડું આવ્યું, સર્વ મેલીને ચાલોજી,
રહો જમડાજી આજનો દહાડો, શત્રુંજે જઈને આવુંજી,
શત્રુંજે જઈને દ્રવ્ય જ ખર્ચુ, મોક્ષ માર્ગ હું માંગુજી,
ઘેલા રે જીવડા ઘેલું શું બોલે? આટલા દિવસ શું કીધું જી.. (૩)

જાતે જે જીવે પાછળ ભાતું, શું શું આવે સાથે જી,
કાચી કુલેરને ખોખરી હાંડી, કાષ્ટના ભારા સાથે જી,
"જ્ઞાનવિમલ" ગુરૂ એણિ પેરે ભાખે, ધ્યાવો અધ્યાત્મ ધ્યાનજી,
ભાવ ભક્તિ શું જિનવર ને પૂજો, સમકિત ને અજવાળોજી.. (૪)

## અઈમુત્તા મુનિની સજ્ઝાય

(રાગ -દીન દુખિયાનો તું છે બેલી...)

સંયમ રંગે રંગ્યુ જીવન, નાનો બાલકુમાર
વંદો અઈમુત્તા અણગાર.. વંદો. ૧

ગૌતમ સ્વામી ગોચરી જાવે, નાના બાલકને મન ભાવે,
પ્રેમ થકી નિજ ઘેર બોલાવે, ભાવ ધરી મોદક વહોરાવે,
મારે પણ ગૌતમ સમ થાવું, એમ કરે વિચાર. વંદો. ૨

મનની ઇચ્છાઓ પૂરણ કીધી, માતપિતાની આજ્ઞા લીધી,
રાજ તણી ઋદ્ધિને છોડી, ગૌતમ પાસે દીક્ષા લીધી,
રહે ઉમંગે ગુરુને સંગે વહેતા સંયમ ભાર. વંદો. ૩

તલાવડી જલની એક આવી, બાલમુનિને મન બહુ ભાવી,
પાત્ર તણી નૌકા ખેલાવી, ગુરુને દેખી લજ્જા આવી,
અણઘટતું કારજ કીધુ તે, પામ્યા ક્ષોભ અપાર. વંદો. ૪

સમવસરણમાં પ્રભુજી સામે, ઇરિયાવહી પડિક્કમીય પ્રમાણે,
ચાર કર્મની ગતિ વિરામે, કેવલ જ્ઞાન તિહાં મુનિ પામે,
દેવ દેવી સહુ ઉત્સવ કરતા, વર્ત્યો જયજયકાર. વંદો. ૫

ક્ષણમાં સઘલા કર્મ ખપાવ્યા, એવા અઈમુત્તા મુનિરાયા,
ભવ્યજીવોને બોધ પમાડી, અંતે મુક્તિપુરી સીધાયા,
જ્ઞાન વિમલ કહે મુનિને વંદે, થાયે બેડો પાર, વંદો. ૬





## અરિહંત વંદનાવલી - સ્તુતિ

જે ચૌદ મહાસ્વપનો થકી નીજ માતને હરખાવતા,
ને ગર્ભમાંહી જ્ઞાન ત્રયને ગોપવી અવધારતા;
ને જન્મતાં પહેલાં જ ચોસઠ ઇન્દ્ર જેને વંદતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું. (૧)

મહાયોગના સામ્રાજ્યમાં જે ગર્ભમાં ઉલ્લાસતા,
ને જન્મતા ત્રણ લોકમાં મહાસૂર્ય સમ પ્રકાશતા,
જે જન્મકલ્યાણક વડે સહુ જીવોને સુખ અર્પતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું... (૨)

છપ્પન દિક્કુમારી તણી સેવા સુભાવે પામતા,
દેવેન્દ્ર કરસંપુટ મહીં ધારી જગત હરખાવતા,
મેરુ શિખર સિંહાસને જે નાથ જગના શોભતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું... (૩)

કુસુમાંજલિથી સુરઅસુર જે ભવ્ય જિનને પૂજતા,
ક્ષીરોદધિના ન્હવણજળથી દેવ જેને સિંચતા,
વળી દેવદુંદુભિ નાદ ગજવી દેવતાઓ રીઝતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.. (૪)

મઘમઘ થતા ગોશીર્ષ ચંદનથી વિલેપન પામતા,
દેવેન્દ્ર દૈવી પુષ્પની માળા ગળે આરોપતા,
કુંડળ-કડાં મણિમય ચમકતા, હાર મુકુટે શોભતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.. (૫)

## વજસ્વામીની સ્ટોરી

અવંતી દેશના તુંગવન નામના રમણીય કસબામાં ધનપાળ શેઠની પુત્રી સુનંદા વસતી હતી. તેના લગ્ન યુવાન વ્યાપારી ધનગિરિ સાથે થયા, જેમના અંતરમાં વૈરાગ્યના દીપ પ્રગટ્યા હતા. સુનંદા સગર્ભા હતી, ત્યારે જ ધનગિરિએ સંસાર ત્યાગી સિંહગિરિ મહારાજ પાસે દીક્ષા લીધી. મુનિ ધનગિરિ સંયમ માર્ગે આગળ વધ્યા, અને અહીં સુનંદાના ઘરે પુત્રનો જન્મ થયો. પુત્રનું મુખ જોઈ સખીઓ બોલી, ‘જો તારા પિતા હોત તો કેવો રૂડો જન્મોત્સવ ઊજવાત! માત્ર ‘દીક્ષા’ શબ્દ સાંભળતા જ તે નવજાત શિશુને પોતાના પૂર્વભવનું જાતિસ્મરણ જ્ઞાન થયું. તે બાળક પૂર્વભવમાં અષ્ટાપદ પર પુંડરીક અધ્યયન સાંભળીને આવેલો જંભકદેવનો જીવ હતો. તેને સમજાયું કે સંસાર અસાર છે, અને તે જ ક્ષણે તેનામાં દીક્ષા લેવાની તીવ્ર ઈચ્છા જાગી. પણ અબુધ બાળક પોતાની ઈચ્છા કેવી રીતે વ્યક્ત કરે? તેણે રડવાનું શરૂ કરી દીધું. માતા સુનંદા અને સખીઓએ તેને છાનો રાખવા અનેક પ્રયત્નો કર્યા, પણ બધું નિષ્ફળ ગયું. છ મહિના વીતી ગયા પણ બાળકની રડવાની હઠ ન છૂટી, સુનંદા આ હેરાનગતિથી કંટાળી ગઈ. તે વારંવાર બોલતી, ‘જો આના પિતા આવે તો હું હમણાં જ આ બાળક તેમને સોંપી દઉં.’
યોગાનુયોગ, સિંહગિરિ ગુરુમહારાજ પોતાના શિષ્ય સમુદાય સાથે તે જ નગરમાં પધાર્યા. મુનિ ધનગિરિ અને આર્ય સમિત ગોચરી માટે નીકળ્યા ત્યારે ગુરુએ જ્ઞાનબળથી આશીર્વાદ આપ્યા. ગુરુ બોલ્યા, ‘આજે મહાન લાભ થશે, જે મળે તે વહોરી લાવજો, સચિત્ત-અચિત્તનો વિચાર ન કરશો.’ મુનિઓ ફરતા-ફરતા સુનંદાના ઘરે પહોંચ્યા, જ્યાં સુનંદા દુઃખ અને ક્રોધના આવેશમાં હતી. ‘લો આ તમારો છોકરો, મને બહુ હેરાન કરી છે, હવે આ કાળ જેવો લાગે છે, લઈ જાવ!’ સુનંદાના આ વેણ સાંભળી મુનિ ધનગિરિએ ચેતવણી આપી, ‘પછી પસ્તાશો નહીં, પાછો નહીં મળે.’ સખીઓની સાક્ષીએ સુનંદાએ બાળક સોંપ્યો, અને મુનિએ તેને પોતાની રજોહરણની ઝોળીમાં લીધો. ગુરુ મહારાજે જોયું કે ઝોળી અત્યંત ભારે છે, તેથી બાળકનું નામ ‘વજ્ર’ (વજ્ર જેવું ભારે) પાડ્યું. જેવો ગુરુએ વજ્રકુમારને ખોળામાં લીધો, બાળકનું રુદન





અદ્રશ્ય થયું અને તે ખિલખિલાટ હસી પડ્યો. બાળકના પાલન માટે શ્રાવિકાઓ અને સાધ્વીજીઓને જવાબદારી સોંપવામાં આવી. સાધ્વીજીઓ જ્યારે અગિયાર અંગોનું વાંચન કરતા, ત્યારે પારણામાં રહેલા વજ્રકુમાર તે સાંભળતા. અદ્ભુત બુદ્ધિપ્રતિભાને કારણે ત્રણ વર્ષની વયે તો તેઓ અગિયાર અંગના મુખપાઠી બની ગયા!

ત્રણ વર્ષ પછી સુનંદાના હૃદયમાં માતૃત્વ જાગ્યું અને તેણે પુત્ર પાછો મેળવવા માંગણી કરી. મુનિઓએ ના પાડી, વાત વધી અને મામલો રાજાની કચેરી સુધી પહોંચી ગયો. રાજાએ ન્યાય કરતા કહ્યું, ‘બાળક પોતે જેની પાસે જશે, તેને જ સોંપવામાં આવશે.’ બધાની વચ્ચે એક પરીક્ષા યોજાઈ; માતા સુનંદાએ સુંદર રમકડાં, મીઠાઈઓ અને ઘરેણાં ધર્યા. તેણે હેતભર્યા અવાજે વજ્રને બોલાવ્યો, પણ બાળકની નજર સંસારના મોહપાશમાં ન હતી. બીજી બાજુ મુનિ ધનગિરિએ માત્ર પોતાનો રજોહરણ (ઓઘો) હવામાં લહેરાવ્યો. માત્ર ત્રણ વર્ષનો વજ્રકુમાર નાચતો-કૂદતો બધા વૈભવો ત્યાગી પિતાના ખોળામાં જઈ બેઠો. આ દ્રશ્ય જોઈ આખું નગર સ્તબ્ધ થઈ ગયું અને સુનંદાના હૃદયમાં પણ વૈરાગ્યની લહેર ઉઠી.

પુત્રના ત્યાગથી પ્રેરાઈને સુનંદાએ પણ સંસાર છોડી સિંહગિરિ મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી. છ વર્ષની નાની ઉંમરે વજ્રકુમારે વિધિવત દીક્ષા લીધી અને આર્ય વજ્રસ્વામી તરીકે વિખ્યાત થયા. તેઓ જૈન શાસનના છેલ્લા ‘દશપૂર્વી’આચાર્ય બન્યા અને અનેક જીવોનું કલ્યાણ કર્યું.

**બોધ:** આ કથા આપણને સમજાવે છે કે સંસ્કાર અને વૈરાગ્યને ઉંમર સાથે કોઈ સંબંધ નથી. વજ્રસ્વામીએ પારણામાં રહીને પણ જ્ઞાન પ્રાપ્ત કર્યું, જે બતાવે છે કે જિજ્ઞાસા ગમે ત્યાં ફળે છે. માતા સુનંદાની કથા શીખવે છે કે મોહ અને આસક્તિ દુઃખનું કારણ છે, પણ ત્યાગ શાંતિ આપે છે. બાળ વજ્રકુમારની જેમ જો આપણે પણ સાચો ‘ઓઘો’ (સંયમનો માર્ગ) પકડીએ, તો ગમે તેવા ભૌતિક આકર્ષણો આપણને મુક્તિના માર્ગે જતા રોકી શકતા નથી.

## મૌખિક - ધો. ૫

| | | | |
|---|---|---|---|
| સૂત્ર | : | આયરિય ઉવજ્ઝાએ થી સકલતીર્થ (સૂત્ર ૩૭ થી ૫૧) | ૩૦ |
| અર્થ | : | ઈરિયાવહિયં સૂત્ર, તસ્સ ઉત્તરી સૂત્ર (શબ્દાર્થ) | ૧૦ |
| કાવ્ય | : | ચૈત્યવંદનઃ શાન્તિ જિનેશ્વર સોળમા... સ્તવન : શાન્તિ જિનેશ્વર સાચો સાહિબ... થોય : શાન્તિ સુહંકર...(૪ ગાથા) | ૧૫ |
| વિધિ | : | મુહપત્તિ પડિલેહણના ૫૦ બોલ (પ્રેક્ટીકલ સહિત) | ૧૦ |
| | | (પ્રેક્ટીકલ સહિત) વજપંજર સ્તોત્ર અને સકલીકરણ મંત્ર (પ્રેક્ટીકલ સહિત) | ૧૦ |
| | | રાજનગર પ્રશ્નોત્તરી : ૩૬ થી ૫૦ | ૧૫ |
| સ્ટોરી | : | જંબૂસ્વામીની સ્ટોરી | ૧૦ |
| | | | ૧૦૦ |

### (૩૭) આયરિય ઉવજ્ઝાએ સૂત્ર

આયરિય ઉવજ્ઝાએ, સીસે સાહમ્મિએ કુલ ગણે અ;
જે મે કેઇ કસાયા, સવ્વે તિવિહેણ ખામેમિ. ॥૧॥

સવ્વસ્સ સમણ-સંઘસ્સ, ભગવઓ અંજલિં કરિઅ સીસે;
સવ્વં ખમાવઈત્તા, ખમામિ સવ્વસ્સ અહયં પિ. ॥૨॥

સવ્વસ્સ જીવરાસિસ્સ, ભાવઓ ધમ્મ નિહિઅ-નિયચિત્તો;
સવ્વં ખમાવઈત્તા, ખમામિ સવ્વસ્સ અહયં પિ. ॥૩॥





### (૩૮) નમોઽસ્તુ વર્દ્ધમાનાય (વીરપ્રભુનું ચૈત્યવંદન)

ઈચ્છામો અણુસટ્ઠિં, નમો ખમાસમણાણં,
નમોઽર્હત્૦ નમોઽસ્તુ વર્દ્ધમાનાય.
સ્પર્દ્ધમાનાય કર્મણા; તજ્જયાવાપ્તમોક્ષાય, પરોક્ષાય કુતીર્થિનામ્. ॥૧॥

યેષાં વિકચારવિંદરાજ્યા, જ્યાયઃ ક્રમ-કમલાવલિં દધત્યા;
સદૃશૈરિતિ સંગતં પ્રશસ્યં, કથિતં સન્તુ શિવાય તે જિનેન્દ્રાઃ ॥૨॥

કષાયતાપાર્દિત-જન્તુનિર્વૃતિં, કરોતિ યો જૈનમુખામ્બુદોદ્ગતઃ,
સ શુક્રમાસોદ્ભવવૃષ્ટિસન્નિભો, દધાતુ તુષ્ટિં મયિ વિસ્તરો ગિરામ્. ॥૩॥

### (૩૯) વિશાલ-લોચન-દલં સૂત્ર (સવારનું વીરપ્રભુનું ચૈત્યવંદન)

વિશાલ-લોચન-દલં, પ્રોદ્યદ્દંતાંશુ કેસરમ્;
પ્રાતર્વીરજિનેન્દ્રસ્ય, મુખપદ્મં પુનાતુ વઃ. ॥૧॥

યેષામભિષેકકર્મ કૃત્વા, મત્તા હર્ષ-ભરાત્ સુખં સુરેન્દ્રાઃ;
તૃણમપિ, ગણયન્તિ નૈવ નાકં, પ્રાતઃ સન્તુ શિવાય તે જિનેન્દ્રાઃ. ॥૨॥

કલંકનિર્મુક્તમમુક્તપૂર્ણતં, કુતર્ક-રાહુગ્રસનં સદોદયમ્;
અપૂર્વચન્દ્રં જિનચન્દ્રભાષિતં, દિનાગમે નૌમિ બુધૈર્નમસ્કૃતમ્. ॥૩॥

### (૪૦) શ્રુતદેવતાની સ્તુતિ

સુઅદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં, અન્નત્થ૦

સુઅદેવયા ભગવઈ, નાણાવરણીય કમ્મસંઘાયં;
તેસિં ખવેઉ સયયં, જેસિં સુઅસાયરે ભત્તી. ॥૧॥

### (૪૧) ક્ષેત્રદેવતાની સ્તુતિ

ખિત્તદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં, અન્નત્થ૦

જિસે ખિત્તે સાહૂ, દંસણ-નાણેહિં, ચરણ-સહિએહિં;
સાહંતિ મુક્ખમગ્ગં, સા દેવી હરઉ દુરિઆઇં. ॥૧॥

## (૪૨) કમલદલ સ્તુતિ

કમલ-દલ-વિપુલ-નયના, કમલમુખી કમલગર્ભ-સમગૌરી,
કમલે સ્થિતા ભગવતી, દદાતુ શ્રુતદેવતા સિદ્ધિમ્. ॥૧॥

## (૪૩) ભવનદેવતાની સ્તુતિ

ભવણદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં, અન્નત્થ૦

જ્ઞાનાદિગુણયુતાનાં, નિત્યં સ્વાધ્યાય સંયમરતાનામ્;
વિદધાતુ ભવનદેવી, શિવં સદા સર્વસાધૂનામ્. ॥૧॥

## (૪૪) ક્ષેત્રદેવતાની સ્તુતિ

યસ્યાઃ ક્ષેત્રં સમાશ્રિત્ય, સાધુભિઃ સાધ્યતે ક્રિયા;
સા ક્ષેત્ર દેવતા નિત્યં, ભૂયાન્નઃ સુખ દાયિની. ॥૧॥

## (૪૫) અઢ્ઢાઇજ્જેસુ (મુનિ વંદન) સૂત્ર

અઢ્ઢાઈજ્જેસુ દીવસમુદ્દેસુ, પન્નરસસુ કમ્મભૂમીસુ, જાવંત કે વિ સાહૂ, રયહરણગુચ્છ-પડિગ્ગહધારા, પંચમહવ્વયધારા, અટ્ઠારસસહસ્સ-સીલંગધારા, અક્ખુયાયાર ચરિત્તા, તે સવ્વે સિરસા મણસા મત્થએણ વંદામિ. ॥૧॥

## (૪૬) વરકનક (૧૭૦ જિન) સ્તુતિ

વરકનક શંખ વિદ્રુમ, મરકત ઘનસન્નિભં વિગતમોહમ્;
સપ્તતિશતં જિનાનાં, સર્વામર પૂજિતં વન્દે. ॥૧॥

## (૪૭) લઘુ શાન્તિ (શ્રી શાન્તિનાથ) સ્તોત્ર

શાન્તિં શાન્તિ નિશાન્તં, શાન્તં શાન્તાશિવં નમસ્કૃત્ય;
સ્તોતુઃ શાન્તિનિમિત્તં, મંત્રપદૈઃ શાન્તયે સ્તૌમિ. ॥૧॥





ઓમિતિ નિશ્ચિતવચસે, નમો નમો ભગવતેઽર્હતે પૂજામ્;
શાન્તિજિનાય જયવતે, યશસ્વિને સ્વામિને દમિનામ્. ॥૨॥

સકલાતિશેષકમહા, સંપત્તિસમન્વિતાય શસ્યાય;
ત્રૈલોક્યપૂજિતાય ચ, નમો નમઃ શાન્તિદેવાય. ॥૩॥

સર્વામરસુસમૂહ-સ્વામિકસંપૂજિતાય ન(નિ)જિતાય;
ભુવનજનપાલનોદ્યત-તમાય સતતં નમસ્તસ્મૈ. ॥૪॥

સર્વ દુરિતૌઘનાશન કરાય સર્વાડશિવપ્રશમનાય;
દુષ્ટગ્રહભૂતપિશાચ શાકિનીનાં પ્રમથનાય. ॥૫॥

યસ્યેતિ નામમંત્ર પ્રધાનવાક્યોપયોગ કૃતતોષા;
વિજયા કુરુતેજનહિત મિતિ ચ નુતા નમતતં શાન્તિમ્. ॥૬॥

ભવતુ નમસ્તે ભગવતિ ! વિજયે સુજયે પરાપરૈરજિતે !
અપરાજિતે ! જગત્યાં, જયતીતિ જયાવહે ભવતિ ! ॥૭॥

સર્વસ્યાપિ ચ સંઘસ્ય, ભદ્રકલ્યાણ મંગલપ્રદદે;
સાધૂનાં ચ સદા શિવ સુતુષ્ટિ પુષ્ટિપ્રદે ! જીયાઃ. ॥૮॥

ભવ્યાનાં કૃતસિદ્ધે ! નિર્વૃતિનિર્વાણજનનિ ! સત્ત્વાનામ્;
અભયપ્રદાનનિરતે ! નમોઽસ્તુ સ્વસ્તિપ્રદે તુભ્યમ્. ॥૯॥

ભક્તાનાં જન્તૂનાં, શુભાવહે ! નિત્યમુદ્યતે ! દેવિ !
સમ્યગ્દૃષ્ટીનાં ધૃતિરતિમતિબુદ્ધિપ્રદાનાય. ॥૧૦॥

જિનશાસન નિરતાનાં, શાન્તિનતાનાં ચ જગતિ જનતાનામ્;
શ્રી-સંપત્કીર્તિ યશોવર્દ્ધનિ ! જયદેવિ ! વિજયસ્વ. ॥૧૧॥

સલિલાનલ વિષવિષધર દુષ્ટગ્રહ-રાજ-રોગ-રણભયતઃ;
રાક્ષસરિપુગણમારી ચૌરેતિશ્વાપદાદિભ્યઃ ! ॥૧૨॥

અથ રક્ષરક્ષ સુશિવં, કુરુ કુરુ શાન્તિં ચ કુરુ કુરુ સદેતિ;
તુષ્ટિં કુરુ કુરુ પુષ્ટિં, કુરુ કુરુ સ્વસ્તિં ચ કુરુ કુરુ ત્વમ્. ॥૧૩॥

ભગવતિ ! ગુણવતિ ! શિવશાન્તિ તુષ્ટિ પુષ્ટિ
સ્વસ્તીહ કુરુ કુરુ જનાનામ્,
ઓમિતિ નમો નમો હ્રૌં હ્રીં હ્રૂં હ્રઃ યઃ ક્ષઃ હ્રીં ફટ્ ફટ્ સ્વાહા. ॥૧૪॥

એવં યન્નામાક્ષર પુરસ્સરં સંસ્તુતા જયાદેવી;
કુરુતે શાન્તિં નમતાં, નમો નમઃ શાન્તયે તસ્મૈ. ॥૧૫॥

ઈતિ પૂર્વસૂરિદર્શિત મંત્રપદ-વિદર્ભિતઃ સ્તવઃ શાન્તેઃ;
સલિલાદિ ભયવિનાશી, શાન્ત્યાદિકરશ્ચ ભક્તિમતામ્. ॥૧૬॥

યશ્ચૈનં પઠતિ સદા, શૃણોતિ ભાવયતિ વા યથા યોગમ્;
સ હિ શાન્તિપદં યાયાત્, સૂરિઃ શ્રીમાનદેવશ્ચ. ॥૧૭॥

ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ, છિદ્યન્તે વિઘ્નવલ્લયઃ;
મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે. ॥૧૮॥

સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ-કલ્યાણ-કારણમ્;
પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્. ॥૧૯॥

## (૪૮) ચઉક્કસાય સૂત્ર

ચઉક્કસાય-પડિમલ્લુલ્લૂરણુ, દુજ્જય-મયણ-બાણ-મુસુમૂરણુ;
સરસપિયંગુ-વન્નુ-ગય-ગામિઉ, જયઉ પાસુ ભુવણત્તય-સામિઉ. ॥૧॥

જસુ તણુ-કંતિ-કડપ્પ સિણિદ્ધઉ, સોહઈ ફણિ-મણિ-કિરણાલિદ્ધઉ;
નં નવજલહર-તડિલ્લય-લંછિઉ, સો જિણુ પાસુ પયચ્છઉ વંછિઉ. ॥૨॥

## (૪૯) ભરહેસરની સજ્ઝાય

ભરહેસર બાહુબલી, અભયકુમારો અ, ઢંઢણકુમારો;
સિરિઓ અણિઆઉત્તો, અઈમુત્તો નાગદત્તો અ. ॥૧॥

મેઅજ્જ, થૂલિભદ્દો, વયરરિસી નંદિસેણ સિંહગિરી;
કયવન્નો અ સુકોસલ, પુંડરિઓ કેસી કરકંડૂ. ॥૨॥





હલ્લ, વિહલ્લ, સુદંસણ, સાલ, મહાસાલ, સાલિભદ્દો અ;
ભદ્દો, દસન્નભદ્દો, પસન્નચંદો અ જસભદ્દો. ॥૩॥

જંબુપહુ, વંકચૂલો, ગયસુકુમાલો, અવંતિસુકુમાલો;
ધન્નો ઈલાઈપુત્તો, ચિલાઈપુત્તો અ બાહુમુણી. ॥૪॥

અજ્જગિરી, અજ્જરક્ખિઅ, અજ્જસુહત્થી, ઉદાયગો મણગો;
કાલયસૂરી, સંબો, પજ્જુન્નો મૂલદેવો અ. ॥૫॥

પભવો, વિણ્હુકુમારો, અદ્દકુમારો, દઢપ્પહારી અ;
સિજ્જંસ કૂરગડૂ અ, સિજ્જં-ભવ મેહકુમારો અ. ॥૬॥

એમાઈ મહાસત્તા, દિંતુ સુહં ગુણગણેહિં સંજુત્તા;
જેસિં નામગ્ગહણે, પાવપ્પબંધા વિલયંજંતિ. ॥૭॥

સુલસા, ચંદનબાલા, મણોરમા, મયણરેહા, દમયંતી;
નમયાસુંદરી, સીયા, નંદા, ભદ્દા, સુભદ્દા ય. ॥૮॥

રાઈમઈ, રિસિદત્તા, પઉમાવઈ, અંજણા, સિરીદેવી;
જિટ્ઠ, સુજિટ્ઠ, મિગાવઈ, પભાવઈ, ચિલ્લણાદેવી. ॥૯॥

બંભી, સુંદરી, રુપ્પિણી, રેવઈ, કુંતી, સિવા, જયંતી ય;
દેવઈ, દોવઈ, ધારણી, કલાવઈ પુપ્ફચૂલા ય. ॥૧૦॥

પઉમાવઈ અ ગોરી, ગંધારી, લક્ખમણા, સુસીમા ય;
જંબૂવઈ, સચ્ચભામા, રુપ્પિણી, કણ્હટ્ઠ મહિસીઓ. ॥૧૧॥

જક્ખા ય જક્ખદિન્ના ભૂઆ તહ ચેવ ભૂઅદિન્ના ય;
સેણા, વેણા, રેણા, ભઈણીઓ થૂલભદ્દસ્સ. ॥૧૨॥

ઈચ્ચાઈ મહાસઈઓ, જયંતિ અકલંક-સીલ-કલિઆઓ;
અજ્જ વિ વજ્જઈ જાસિં, જસ-પડહો તિહુઅણે સયલે. ॥૧૩॥

## (૫૦) મન્હજિણાણં (શ્રાવકના કૃત્યો)ની સજ્ઝાય

મન્હજિણાણં આણં (મન્નહ જિણાણમાણં), મિચ્છં પરિહરહ, ધરહ સમ્મત્તં;
છવ્વિહ આવસ્સયમ્મિ, ઉજ્જુત્તો હોઇ (ઉજ્જુત્તા હોહ) પઇદિવસં. ॥૧॥

પવ્વેસુ પોસહવયં, દાણં, સીલં, તવો અ ભાવો અ;
સજ્ઝાય નમુક્કારો, પરોવયારો અ જયણા અ. ॥૨॥

જિણપૂઆ, જિણથુણણં, ગુરુથુઅ, સાહમ્મિઆણ વચ્છલ્લં;
વવહારસ્સ ય સુદ્ધી, રહજત્તા, તિત્થજત્તા ય. ॥૩॥

ઉવસમ વિવેગ સંવર, ભાસાસમિઈ, છ જીવકરુણા ય;
ધમ્મિઅ-જણ-સંસગ્ગો, કરણદમો ચરણ-પરિણામો. ॥૪॥

સંઘોવરિ બહુમાણો, પુત્થયલિહણં પભાવણા તિત્થે;
સઢ્ઢાણકિચ્ચ-મેઅં, નિચ્ચં સુગુરૂવએસેણં. ॥૫॥

## (૫૧) સકલતીર્થ વંદના

સકલતીર્થ વંદું કરજોડ, જિનવર નામે મંગલ કોડ;
પહેલે સ્વર્ગે લાખ બત્રીસ, જિનવર ચૈત્ય નમું નિશદિશ. ॥૧॥

બીજે લાખ અટ્ઠાવીશ કહ્યાં, ત્રીજે બાર લાખ સદ્દહ્યાં;
ચોથે સ્વર્ગે અડલખ ધાર, પાંચમે વંદું લાખ જ ચાર. ॥૨॥

છટ્ઠે સ્વર્ગે સહસ પચાસ, સાતમે ચાલીશ સહસ પ્રાસાદ;
આઠમે સ્વર્ગે છ હજાર, નવ દશમે વંદું શત ચાર. ॥૩॥

અગ્યાર બારમે ત્રણસેં સાર, નવગ્રૈવેયકે ત્રણસેં અઢાર;
પાંચ અનુત્તર સર્વે મળી, લાખ ચોરાશી અધિકાં વળી. ॥૪॥

સહસ સત્તાણું ત્રેવીશ સાર, જિનવર ભવનતણો અધિકાર;
લાંબા સો જોજન વિસ્તાર, પચાસ ઊંચા બહોંત્તેર ધાર. ॥૫॥





એકસો એંશી બિંબ પ્રમાણ, સભાસહિત એક ચૈત્યે જાણ;
સો કોડ બાવન કોડ સંભાલ, લાખ ચોરાણું સહસ ચૌંઆલ. ॥૬॥

સાતસેં ઉપર સાઠ વિશાલ, સવિ બિંબ પ્રણમું ત્રણ કાલ;
સાત કોડ ને બહોંતેર લાખ, ભવનપતિમાં દેવલ ભાખ. ॥૭॥

એકસો એંશી બિંબ પ્રમાણ, એક એક ચૈત્યે સંખ્યા જાણ;
તેરસેં કોડ નેવ્યાશી કોડ, સાઠ લાખ વંદું કર જોડ. ॥૮॥

બત્રીસેં ને ઓગણસાઠ, તિર્ચ્છા લોકમાં ચૈત્યનો પાઠ;
ત્રણ લાખ એકાણું હજાર, ત્રણસેં વીસ તે બિંબ જુહાર. ॥૯॥

વ્યંતર જ્યોતિષીમાં વળી જેહ, શાશ્વતા જિન વંદું તેહ;
ઋષભ ચન્દ્રાનન વારિષેણ, વર્ધમાન નામે ગુણસેણ. ॥૧૦॥

સમેતશિખર વંદું જિન વીશ, અષ્ટાપદ વંદું ચોવીશ;
વિમલાચલ ને ગઢ ગિરનાર, આબુ ઉપર જિનવર જુહાર. ॥૧૧॥

શંખેશ્વર કેસરિયો સાર, તારંગે શ્રી અજિત જુહાર;
અંતરિક્ખ વરકાણો પાસ, જીરાઉલો ને થંભણ પાસ. ॥૧૨॥

ગામ નગર પુર પાટણ જેહ, જિનવરચૈત્ય નમું ગુણગેહ;
વિહરમાન વંદું જિન વીશ, સિદ્ધ અનંત નમું નિશદિશ. ॥૧૩॥

અઢીદ્વીપમાં જે અણગાર, અઢાર સહસ શીલાંગના ધાર;
પંચ મહાવ્રત સમિતિ સાર, પાળે પળાવે પંચાચાર. ॥૧૪॥

બાહ્ય અભ્યંતર તપ ઉજમાલ, તે મુનિ વંદું ગુણમણિમાલ;
નિત નિત ઊઠી કીર્તિ કરું, "જીવ" કહે ભવસાયર તરું. ॥૧૫॥

## ઈરિહયાવહિયં સૂત્ર (લઘુ પ્રતિક્રમણ સૂત્ર)ના અર્થ

ઈચ્છાકારેણ - ઈચ્છાપૂર્વક.
સંદિસહ - આજ્ઞા આપો.
ભગવન્ - હે ભગવંત
ઈરિયાવહિયં - ઈરિયાવહિ- ગમન કરતાં થયેલ જીવબાધાદિ પાપક્રિયા.
પડિક્કમામિ - હું પ્રતિક્રમું છું (પાછો હઠું)
પડિક્કમહ - પ્રતિક્રમ. (નિવર્ત)
ઈચ્છં - પ્રમાણ છે
ઈચ્છામિ પડિક્કમિઉં - હું પ્રતિક્રમવા (પાછો હઠવા) ઈચ્છું છું.
ઈરિયાવહિયાએ - માર્ગમાં ચાલતાં
વિરાહણાએ - જીવની વિરાધના
ગમણાગમણે - જતાં-આવતાં.
પાણક્કમણે - પ્રાણી ચાંપ્યા હોય.
બીયક્કમણે - બીજ ચાંપ્યા હોય.
હરિયક્કમણે- લીલી વનસ્પતિ ચાંપી હોય.
ઓસા - ઝાકળ.
ઉત્તિંગ - કીડીયારૂં, ઉત્તિંગા.
પણગદગ - સેવાળ તથા કાચું પાણી.
મટ્ટી - માટી.
મક્કડાસંતાણા - કરોળીયાની જાળ.
સંકમણે - ચાંપી હોય.
જે - જે.
મે - મેં.
જીવા - જીવો.
વિરાહિયા - વિરાધ્યા હોય.
એગિંદિયા - એકેન્દ્રિય જીવો.
બેઇંદિયા - બેઇન્દ્રિય જીવો.
તેઇંદિયા - ત્રણ ઈન્દ્રિયવાળા.
ચઉરિંદિયા - ચાર ઈન્દ્રિયવાળા.
પંચિંદિયા - પાંચ ઈન્દ્રિયવાળા.
અભિહયા - લાતે માર્યા.
વત્તિયા - ધૂળવડે ઢાંક્યા.
લેસિયા - ભોંય સાથે ઘસ્યા.
સંઘાઈયા - ભેગા કર્યા.
સંઘટ્ટિયા - સ્પર્શ કર્યા.
પરિયાવિયા - પરિતાપ
કિલામિયા - ખેદ પમાડ્યા.
ઉદ્દવિયા - બીવરાવ્યા (ત્રાસ પમાડ્યા)
ઠાણાઓ ઠાણં - એક ઠેકાણેથી બીજે ઠેકાણે.
સંકામિયા - મૂક્યા હોય.





જીવિઆઓ - જીવિતથી
વવરોવિયા - ચૂકાવ્યા.
તસ્સ - તે.
મિચ્છા - મિથ્યા થાઓ.
મિ - મારું.
દુક્કડં - પાપ.

## તસ્સ ઉત્તરી સૂત્ર (ઉત્તરીકરણ સૂત્ર)ના અર્થ

તસ્સ - તેની.
ઉત્તરીકરણેણં - ફરીને શુદ્ધિને
પાયચ્છિત્તકરણેણં - પ્રાયશ્ચિત્ત કરવા વડે.
વિસોહીકરણેણં - વિશેષ શુદ્ધિએ કરી.
વિસલ્લીકરણેણં - શલ્ય રહિત પણે
પાવાણં કમ્માણં - પાપ કર્મોને.
નિગ્ઘાયણટ્ઠાએ - નાશ કરવાને અર્થે
ઠામિ - કરું છું.
કાઉસ્સગ્ગં - કાઉસ્સગ્ગ.

## કાવ્ય વિભાગ

### શ્રી શાન્તિનાથ ભગવાનનું ચૈત્યવંદન

શાન્તિ જિનેશ્વર સોળમાં, અચિરાસુત નંદો;
વિશ્વસેન કુલ નભોમણિ, ભવિજન સુખ કંદો. ૧
મૃગલંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ;
હત્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણમણિ ખાણ. ૨
ચાલીશ ધનુષની દેહડીએ, સમચઉરંસ સંઠાણ;
વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ. ૩

### શ્રી શાન્તિનાથ ભગવાનનું સ્તવન

શાન્તિ જિનેશ્વર સાચો સાહિબ,
શાન્તિકરણ ઈન કલિ મેં હો જિનજી૦ ૧
તું મેરા મનમેં તું મેરા દિલમેં, ધ્યાન ધરૂ પલપલ મેં હો૦ ૨

ભવમાં ભમતાં મેં દિરશન પાયો, આશા પૂરો એક પલ મેં હો૦ ૩
નિર્મલજ્યોત વદન પર સોહે, નિકસ્યો જ્યું ચંદ બાદલ મેં હો૦ ૪
મેરો મન તુમ સાથે લીનો, મીન વસે જ્યું જલ મેં હો૦ ૫
જિનરંગ કહે પ્રભુ શાન્તિ જિનેશ્વર, દીઠોજી દેવ સકલ મેં હો૦ ૬

### શ્રી શાન્તિનાથ ભગવાનની થોય

શાન્તિ સુહંકર સાહિબો, સંયમ અવધારે,
સુમિત્રને ઘેર પારણું, ભવપાર ઉતારે;
વિચરંતા અવનીતલે, તપ ઉગ્ર વિહારે,
જ્ઞાન ધ્યાન એકતાનથી, તિર્યંચને તારે. ૧

પાસ વીર વાસુપૂજ્યજી, નેમ મલ્લિકુમારી,
રાજ્યવિહુણા એ થયા, આપે વ્રતધારી;
શાન્તિનાથ પ્રમુખા સવિ, લહી રાજ્ય નિવારી,
મલ્લી નેમ પરણ્યા નહિ, બીજા ઘરબારી. ૨

કનક કમલ પગલાં ઠવે, જગ શાન્તિ કરીજે,
રયણ સિંહાસન બેસીને, ભલી દેશના દીજે;
યોગાવંચક પ્રાણીયા, ફલ લેતાં રીઝે,
પુષ્કરાવર્તના મેઘમાં, મગશેલ ન ભીંજે. ૩

ક્રોડવદન શૂકરારૂઢો, શ્યામ રૂપે ચાર,
હાથ બીજોરૂ કમલ છે, દક્ષિણ કર સાર;
જક્ષ ગરૂડ વામ પાણિએ નકુલાક્ષ વખાણે,
નિર્વાણીની વાત તો, કવિ વીર તે જાણે. ૪





### મુહપત્તિ પડિલેહણના ૫૦ બોલ (ભાઈઓને-૫૦ બોલ, બહેનોને ૪૦ બોલ)

| બોલ | સંખ્યા | સ્થાન |
|---|---|---|
| સૂત્ર, અર્થ, તત્ત્વ કરી સદ્દહું. | ૧ | દૃષ્ટિપડિલેહણ |
| સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વમોહનીય પરિહરું | ૩ | પુરિમ |
| કામરાગ, સ્નેહરાગ, દ્રષ્ટિરાગ પરિહરું | ૩ | પુરિમ |
| સુદેવ, સુગુરુ, સુધર્મ આદરું. | ૩ | અક્ખોડા |
| કુદેવ, કુગુરુ, કુધર્મ પરિહરું. | ૩ | પક્ખોડા |
| જ્ઞાન, દર્શન, ચારિત્ર આદરું. | ૩ | અક્ખોડા |
| જ્ઞાન વિરાધના, દર્શન વિરાધના, ચારિત્ર વિરાધના પરિહરું. | ૩ | પક્ખોડા |
| મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરું. | ૩ | અક્ખોડા |
| મનદંડ, વચનદંડ, કાયદંડ પરિહરું. | ૩ | પક્ખોડા |
| | ૨૫ | |
| હાસ્ય, રતિ, અરતિ પરિહરું. | ૩ | ડાબા હાથનો પાછળનો અને બન્ને બાજુનો ભાગ |
| ભય, શોક, જુગુપ્સા પરિહરું | ૩ | જમણા હાથનો પાછળનો અને બન્ને બાજુનો ભાગ |
| કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા પરિહરું. | ૩ | મસ્તક |
| રસગારવ, ઋદ્ધિગારવ, | | |

| | | |
|---|---|---|
| સાતાગારવ પરિહરું | ૩ | મુખ |
| માયાશલ્ય, નિયાણશલ્ય, | | |
| મિથ્યાત્વશલ્ય પરિહરું | ૩ | છાતી |
| ક્રોધ, માન પરિહરું | ૨ | જમણો ખભો |
| માયા, લોભ પરિહરું | ૨ | ડાબો ખભો |
| પૃથ્વીકાય, અપ્કાય, | | |
| તેઉકાયની જયણા કરું. | ૩ | ડાબો પગ |
| વાઉકાય, વનસ્પતિકાય, | | |
| ત્રસકાયની રક્ષા કરું. | ૩ | જમણો પગ |
| | ૫૦ | |

પુરિમ = હાથ વડે મુહપત્તિ ખંખેરવી.

અક્ખોડા પક્ખોડા = હાથની આંગળીના ત્રણ આંતરામાં મુહપત્તિને પકડી હથેળી પર અને હથેળીથી કોણી સુધીની પ્રમાર્જનાને અક્ખોડા કહેવાય અને તે જ રીતે કોણીથી હથેળી સુધીની પ્રમાર્જનાને પક્ખોડા કહેવાય.

નોંધ - સ્ત્રીઓનું માથું, હૃદય અને ખભા વસ્ત્રથી હંમેશા ઢંકાયેલ હોય છે. તેથી માથાના ત્રણ, હૃદયના ત્રણ અને ખભાના ચાર એમ કુલ દશ પડિલેહણા નથી હોતી.

## વજપંજર સ્તોત્ર

બે હાથ જોડીને -
ૐ પરમેષ્ટિ નમસ્કારં, સારં નવપદાત્મકમ્
આત્મરક્ષા કરં વજ, પંજરાભં સ્મરામ્યહમ્ ॥૧॥
હાથ મસ્તક પર -
ૐ નમો અરિહંતાણં, શિરસ્કમ્ શિરસિ સ્થિતમ્ ॥૨॥





હાથ મુખ પર -
ૐ નમો સવ્વ સિદ્ધાણં, મુખે મુખપટં વરમ્ ॥૩॥
હાથ શરીરની આસપાસ(ઉપર) ફેરવવા -
ૐ નમો આયરિયાણં, અંગરક્ષાતિ શાયિની ॥૪॥
બંને મુઠ્ઠીઓ બંધ કરીને -
ૐ નમો ઉવજ્ઝાયાણં, આયુધં હસ્તયોર્દઢમ્ ॥૫॥
પગ પર હાથ ફેરવવો -
ૐ નમો લોએ સવ્વ સાહુણં, મોચકે પાદયોઃ શુભે ॥૬॥
જમીન પર હાથ ફેરવતા -
એસો પંચ નમુક્કારો, શિલાવજમયિ તલે ॥૭॥
ચારેય તરફ આંગળી ફેરવવી -
સવ્વ પાવપ્પણાસણો, વપ્રો વજમયો બહિઃ ॥૮॥
આંગળી નીચે ફેરવવી -
મંગલાણં ચ સવ્વેસિં, ખાદિરાંગાર ખાતિકા ॥૯॥
માથા ઉપર હાથ ફેરવીને -
સ્વાહાન્તં ચ પદં જ્ઞેયં, પઢમં હવઈ મંગલં ॥૧૦॥
વપ્રોપરિ વજમયં, પિધાનં દેહ રક્ષણે
મહાપ્રભાવા રક્ષેયં, ક્ષુદ્રોપદ્રવ નાશિની
પરમેષ્ટી પદોદ્ભૂતા, કથિતા પૂર્વ સુરિભિઃ
યશ્ચૈવં કુરુતે રક્ષાં, પરમેષ્ટિ પદૈઃ સદા ॥૧૧॥
તસ્ય ન સ્યાદ્ભયં વ્યાધિ-રાધિશ્ચાપિ કદાચન ॥૧૨॥

## સકલીકરણ મંત્ર

**સકલીકરણ :** સકલીકરણનો અર્થ થાય છે 'શરીરને મંત્રોથી પવિત્ર અને સુરક્ષિત કરવું.' આ વિધિ ખાસ કરીને પૂજા, સાધના કે સામાયિકની શરૂઆતમાં કરવામાં આવે છે જેથી બાહ્ય અવરોધો કે અશુભ તત્વોથી રક્ષણ મળે.

**વિધિઃ** આ મંત્રના પાંચ અક્ષરો શરીરના પાંચ કેન્દ્રો સાથે જોડાયેલા છે.

- **ક્ષિ (Kshi) : ઘૂંટણ (Knee)**
- **પ (Pa) : નાભિ (Navel)**
- **ૐ (Om) : હૃદય (Heart)**
- **સ્વા (Sva) : મુખ (Mouth)**
- **હા (Ha) : મસ્તક (Forehead)**

**પ્રક્રિયાઃ** આરોહ (ચડતો ક્રમ)ઃ ઘૂંટણથી શરૂ કરીને મસ્તક સુધી મંત્ર બોલતા સ્પર્શ કરવો.

**અવરોહ (ઉતરતો ક્રમ)ઃ** મસ્તકથી શરૂ કરીને ફરી ઘૂંટણ સુધી મંત્ર બોલતા નીચે આવવું. (આ વિધિ ત્રણ વાર કરવી)

**મહત્વઃ**

૧. **રક્ષણઃ** આ વિધિ કરવાથી અકસ્માત અને અશુભ ઘટનાઓથી બચી શકાય છે તેવી શ્રદ્ધા છે.

૨. **એકાગ્રતાઃ** તેનાથી મન અને શરીર સ્થિર થાય છે.





## રાજનગર પ્રશ્નોત્તરી

**સ. ૩૬ અઠ્ઠાઈ એટલે શું ? તે કેટલી છે ? તે કઈ કઈ ? અને શેની શેની કહેવાય ?**

જ. ધર્મની વિશેષ આરાધના કરવાના દિવસો અઠ્ઠાઈ કહેવાય છે. તે ૬ છે. તે નીચે પ્રમાણે છે :

(૧) કારતક સુદ ૭ થી કારતક સુદ ૧૫ સુધીની... કારતક ચોમાસાની.

(૨) ફાગણ સુદ ૭ થી ફાગણ સુદ ૧૫ સુધીની... ફાગણ ચોમાસાની.

(૩) ચૈત્ર સુદ ૭ થી ચૈત્ર સુદ ૧૫ સુધીની... આયંબિલની શાશ્વતી ઓળીની.

(૪) અષાઢ સુદ ૭ થી અષાઢ સુદ ૧૫ સુધીની... અષાઢ ચોમાસાની.

(૫) શ્રાવણ વદ ૧૨ થી ભાદરવા સુદ ૪ સુધીની... પર્યુષણની.

(૬) આસો સુદ ૭ થી આસો સુદ ૧૫ સુધીની... આયંબિલની શાશ્વતી ઓળીની.

**સ. ૩૭ પાંચ પરમેષ્ઠિનાં નામ આપો.**

જ. પાંચ પરમેષ્ઠી (૧) અરિહંત (૨) સિદ્ધ (૩) આચાર્ય (૪) ઉપાધ્યાય (૫) સાધુ

**સ. ૩૮ નવપદનાં નામ, ગુણ અને રંગ કહો.**

જ.

| | નામ | ગુણ | વર્ણ |
|---|---|---|---|
| (૧) | અરિહંત | ૧૨ | ધોળો (સફેદ) |
| (૨) | સિદ્ધ | ૮ | રાતો |
| (૩) | આચાર્ય | ૩૬ | પીળો |

| | | | |
|---|---|---|---|
| (૪) | ઉપાધ્યાય | ૨૫ | લીલો (નીલો) |
| (૫) | સાધુ | ૨૭ | કાળો (અંજન) |
| (૬) | દર્શન | ૬૭ | ધોળો (સફેદ) |
| (૭) | જ્ઞાન | ૫૧ | ધોળો (સફેદ) |
| (૮) | ચારિત્ર | ૭૦ | ધોળો (સફેદ) |
| (૯) | તપ | ૫૦ | ધોળો (સફેદ) |

**સ. ૩૯ નવપદનો દેવાદિ કયા તત્ત્વમાં સમાવેશ થાય છે ?**

જ. પહેલાં બે પદનો દેવતત્ત્વમાં સમાવેશ થાય છે. પછીનાં ત્રણ પદોનો ગુરુતત્ત્વમાં સમાવેશ થાય છે અને બાકીનાં ચાર પદોનો ધર્મતત્ત્વમાં સમાવેશ થાય છે.

**સ. ૪૦ નવકારવાળીમાં ૧૦૮ મણકા રાખવાનું શું કારણ ?**

જ. પંચ પરમેષ્ઠીના ગુણો ૧૦૮ છે. તેનું સ્મરણ કરવા માટે ૧૦૮ મણકા રાખવામાં આવે છે.

**સ. ૪૧ વિહરમાન તીર્થંકર એટલે શું ? તે કેટલા છે ? અને ક્યાં વિચરે છે ?**

જ. વિહરમાન તીર્થંકર એટલે વિચરતા તીર્થંકરો, તે વીશ છે, તેઓ મહાવિદેહ ક્ષેત્રમાં વિચરે છે.

**સ. ૪૨ સંઘ એટલે શું ? તે કેટલા પ્રકારનો છે ? અને કયો કયો છે ?**

જ. સંઘ એટલે શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞા માનનારાઓ અને પાલન કરનારાઓનો સમૂહ, તે ચાર પ્રકારનો છે (૧) સાધુ ભગવંત, (૨) સાધ્વીજી ભગવંત, (૩) શ્રાવક, (૪) શ્રાવિકા.

**સ. ૪૩ ક્ષેત્ર એટલે શું ? અને તે કેટલાં છે ? તેનાં નામ આપો.**

જ. ક્ષેત્ર એટલે જ્યાં ધન ધાન્ય વસ્ત્ર પાત્ર વગેરે વાપરવાથી ઘણો લાભ મળે એવાં ઉત્તમ સ્થાનો. તે સાત છે.
(૧) જિનમંદિર (૨) જિનપ્રતિમા (૩) જિનાગમ





(૪) સાધુ ભગવંત (૫) સાધ્વીજી ભગવંત (૬) શ્રાવક (૭) શ્રાવિકા

**સ. ૪૪ વ્યસન એટલે શું ? તે કેટલાં છે ? કયા કયા ?**

જ. વ્યસન એટલે જીવને આ ભવ અને પરભવમાં દુઃખ આપનારી ભયંકર કુટેવો. તે સાત છે.
(૧) જુગાર રમવો (૨) માંસ ખાવું, (૩) દારૂ પીવો, (૪) પરસ્ત્રી સાથે સંગ કરવો, (૫) વેશ્યાનો સંગ કરવો, (૬) ચોરી કરવી, (૭) શિકાર કરવો.

**સ. ૪૫ શ્રી મહાવીર પ્રભુનું ટૂંકું જીવનચરિત્ર લખો.**

જ. શ્રી મહાવીર પ્રભુનો જન્મ ક્ષત્રિયકુંડ નગરમાં થયો હતો. તેમના પિતાનું નામ સિદ્ધાર્થ રાજા અને માતાનું નામ ત્રિશલાદેવી હતું. તેમના ભાઈનું નામ નંદિવર્ધન, બેનનું નામ સુદર્શના, પત્નીનું નામ યશોદા, પુત્રીનું નામ પ્રિયદર્શના અને જમાઈનું નામ જમાલી હતું. ૩૦ વર્ષની ઉંમરે તેમણે દીક્ષા (ચારિત્ર) ગ્રહણ કરેલ, ચારિત્ર લીધા બાદ તેમને સાડા બાર વર્ષે કેવલજ્ઞાન થયું હતું; ત્યારબાદ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી તેઓ ૩૦ વર્ષ સુધી ભરતક્ષેત્રમાં વિચરી, ધર્મનો ઉપદેશ આપી, ૭૨ વર્ષનું આયુષ્ય ભોગવી વિક્રમ સંવતથી ૪૭૦ વર્ષ પહેલાં દિવાળીની રાત્રે મોક્ષે ગયા.

**સ. ૪૬ ચોવીસમા ભગવાનનું નામ માતા પિતાએ વર્ધમાન અને દેવતાઓએ મહાવીર શાથી પાડ્યું ?**

જ. શ્રી મહાવીર પ્રભુ ગર્ભમાં આવ્યા પછી ધન, ધાન્ય, સંપત્તિ વગેરે વધવા લાગ્યાં. સર્વ રાજાઓ આજ્ઞામાં રહેવા લાગ્યા. આ પ્રભુના ગર્ભનો પ્રભાવ દેખી માતા પિતાએ પ્રભુનું વર્ધમાન નામ પાડ્યું. તેમ જ બાળપણમાં આંબલી પીપળી રમતાં દેવતાને મૂઠીનો માર મારી હરાવ્યાથી દેવતાઓએ પ્રભુનું મહાવીર નામ પાડ્યું.

**સ. ૪૭ નિસીહિ એટલે શું ? તે કેટલી છે ? તે ક્યારે ક્યારે કહેવાય ? અને કઈ કઈ નિસીહિથી કયો કયો ત્યાગ કરવો ?**

જ. નિસીહિ એટલે સાવદ્ય ક્રિયાનો ત્યાગ કરવો તે ત્રણ છે :

(૧) દહેરાસરના મુખ્ય દ્વારમાં પ્રવેશતા
આ નિસીહિથી ઘરના તમામ કામકાજનો ત્યાગ થાય છે.

(૨) દહેરાસરના મુખ્ય ગભારા આગળ
આ નિસીહિથી દહેરાસર સંબંધી કામકાજનો ત્યાગ થાય છે.

(૩) ચૈત્યવંદન કરતાં પહેલાં
આ નિસીહિથી દ્રવ્યપૂજાનો ત્યાગ થાય છે.

**સ.૪૮ આરતી અને મંગળદીવો શા માટે ઉતારવો ?**

જ. આરતી ઉતારવાથી શરીરની તથા મનની પીડા દૂર થાય છે અને મનને શાન્તિ મળે છે.
મંગળ દીવો ઉતારવાથી આપણું મંગળ થાય છે અને સુખ ઉપજે છે.

**સ. ૪૯ આરતી અને મંગળ દીવો કેવી રીતિએ ઉતારવો ?**

જ. તે ડાબી બાજુએથી ઊંચે લઈ જઈને જમણી બાજુએ ઉતારવો, તેમજ તે નાભિની નીચે અને મસ્તકથી ઉપર લઈ જવો જોઈએ નહિ, ઊલટી રીતિએ ઉતારવાથી આશાતના થાય છે.

**સ. ૫૦ આવશ્યક એટલે શું ? તે કેટલાં છે ? અને કયા કયા છે ?**

જ. આવશ્યક એટલે અવશ્ય કરવા યોગ્ય કરણી. તે ૬ છે.
(૧) સામાયિક (૨) ચઉવીસત્થો (૩) વાંદણાં (૪) પડિક્કમણું (૫) કાઉસ્સગ્ગ (૬) પચ્ચક્ખાણ





## જંબૂસ્વામીની સ્ટોરી

આજથી આશરે ૨૫૦૦ વર્ષ પુરાણી આ વાર્તા છે. મગધ દેશના સુગ્રામ નામના નગરમાં ભવદત્ત અને ભવદેવ નામના બે ભાઈઓ રહેતા હતા. તેમાંથી ભવદત્તે દીક્ષા લીધેલી હતી. તેમણે નાગિલા સાથે પરણેલા પોતાના ભાઈ ભવદેવને પણ દીક્ષા લેવા પ્રેરણા આપી, અને ભવદેવે ભાઈની શરમમાં આવીને દીક્ષા તો લીધી પણ મન સંસારમાં હતું. કાળક્રમે ભવદત્ત મુનિ કાળધર્મ પામી સ્વર્ગમાં ગયા, એટલે ભવદેવ પોતાની પૂર્વ પત્ની નાગિલાને મળવા આવ્યા. પરંતુ નાગિલા ખૂબ જ ધર્મનિષ્ઠ હતી, તેણે ભવદેવને સુંદર ઉપદેશ આપ્યો. નાગિલાના બોધથી જાગ્રત થઈ મુનિ પાછા ગુરુ ભગવંત પાસે ગયા અને ત્યાર બાદ નિરતિચાર (દોષરહિત) ચારિત્ર પાળીને દેવલોકમાં ગયા.

દેવલોકમાંથી ચ્યવીને ભવદેવનો જીવ આગળ જતાં 'શિવકુમાર' તરીકે ઉત્પન્ન થયો. એક વખત તેમને વૈરાગ્ય થયો, પરંતુ માતા-પિતાએ દીક્ષાની સંમતિ ન આપી. આથી તેમણે ગૃહસ્થ જીવનમાં જ રહીને છઠ્ઠના પારણે છઠ્ઠનો તપ અને પારણાના દિવસે આયંબિલ કરી ધર્મની ઉગ્ર આરાધના કરી. આજીવન આ પ્રકારે ધર્મ પાળી તેઓ બ્રહ્મ દેવલોકમાં 'વિદ્યુન્માળી'નામે દેવ થયા.

એક વખત રાજગૃહી નગરીના ઋષભદત્ત શેઠ પોતાની પત્ની ધારિણી સાથે શ્રી સુધર્મા સ્વામીને વંદન કરવા વૈભારગિરી પર્વત ઉપર ગયા. ત્યાં ધારિણી માતાએ ગણધર ભગવંતને પોતાને ત્યાં પુત્ર પ્રાપ્તિ થશે કે નહીં તે વિષે પૂછ્યું. ગણધર ભગવંતે કહ્યું: "અમો આવા સાવદ્ય પ્રશ્નોના જવાબ આપી શકતા નથી. તો પણ મહાપુણ્યનો લાભ થવાથી પરિણામે નિરવદ્ય હોવાથી કહીએ છીએ કે - આપને એકસો આઠ આયંબિલની તપશ્ચર્યા કરવાથી જંબૂવૃક્ષના સ્વપ્નથી સૂચિત પુત્ર થશે." ત્યાર પછી ધારિણીદેવીએ ભાવપૂર્વક આયંબિલ તપ કર્યા અને બીજી બાજુ વિદ્યુન્માળી દેવનું આયુષ્ય

પૂર્ણ થતાં તેઓ ચ્યવીને ધારિણી માતાના ગર્ભમાં ઉત્પન્ન થયા. જન્મ પછી માતા-પિતાએ તેમનું નામ 'જંબૂકુમાર' પાડ્યું.

યુવાવસ્થામાં શ્રી સુધર્માસ્વામીનો વૈરાગ્યસભર ઉપદેશ સાંભળીને જંબૂકુમાર ઘેર આવ્યા અને માતા-પિતા પાસે દીક્ષાની સંમતિ માગી. પરંતુ માતા-પિતાના અતિશય આગ્રહ અને દબાણને વશ થઈ તેમણે આઠ કન્યાઓ સાથે લગ્ન કરવા પડ્યા. લગ્નની પ્રથમ રાત્રે જ તેમણે પોતાની આઠેય પત્નીઓને સંસારની અસારતાનો એવો સુંદર બોધ આપ્યો કે તેઓ પણ દીક્ષા લેવા તૈયાર થઈ ગઈ. તેમના વિવાહની એ જ રાત્રે ઘરમાં પ્રભવ ચોર પોતાના ૫૦૦ ચોરોની ટોળી સાથે ચોરી કરવા આવેલો. જંબૂકુમારનો પત્નીઓ સાથેનો આધ્યાત્મિક સંવાદ સાંભળી પ્રભવ ચોર અને તેના સાથીઓનું હૃદય પરિવર્તન થઈ ગયું. જંબૂકુમારે તે સઘળાને પણ પ્રતિબોધ્યા. આમ, બીજા દિવસે જંબૂકુમાર, તેમના માતા-પિતા, તેમની ૮ સ્ત્રીઓ, સ્ત્રીઓના માતા-પિતા અને ૫૦૦ ચોરો, બધા મળીને કુલ ૫૨૭ (પાંચસો સત્તાવીસ) જણાએ શ્રી સુધર્મા ગણધર ભગવંત પાસે દીક્ષા અંગીકાર કરી.

શ્રી સુધર્મા સ્વામી ગણધર ભગવંતે ભગવાન મહાવીરના મુખેથી સાંભળેલા સર્વ આગમો જંબૂસ્વામીને ઉદ્દેશીને જ રચ્યા છે. દીક્ષા લીધા બાદ વીસમે વર્ષે જંબૂકુમારને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. છેવટે, તેઓ આ શાસનના છેલ્લા કેવળી થયા અને પ્રભવસ્વામીને પોતાની પાટ સોંપીને, પ્રભુ મહાવીર પરમાત્માના નિર્વાણ પછી ૬૪મે વર્ષે મોક્ષ પધાર્યા.

**બોધ :** જેમ અગ્નિ સોનાને શુદ્ધ કરે છે, તેમ સાચું 'તપ' (બાહ્ય અને અભ્યંતર) આત્મા પર લાગેલા જૂના કર્મોને તોડી નાખે છે. જેમ જંબૂસ્વામીએ સંસારના તમામ સુખોનો ત્યાગ કરી, દ્રઢ મનોબળ અને શુદ્ધ ભાવો સાથે તપસ્યા કરી 'કેવળજ્ઞાન' પ્રાપ્ત કર્યું, તેવું જ આપણું લક્ષ્ય હોવું જોઈએ. સાચા હૃદયથી અને શુદ્ધ ભાવથી કરેલી નાની અમથી ભક્તિ પણ આત્મા માટે મોક્ષના દ્વાર ખોલી શકે છે.





## મૌખિક - ધો. ૬

| | | | |
|---|---|---|---|
| સૂત્ર | : | સકલાર્હત્, સ્નાતસ્યા, સંતિકરમ્ (સૂત્ર ૫૨ થી ૫૪) | ૩૦ |
| અર્થ | : | અન્નત્થ સૂત્ર (શબ્દાર્થ) | ૧૦ |
| | | કાઉસગ્ગના ૧૬ આગાર + ૧૯ દોષ | ૧૦ |
| કાવ્ય | : | દુહા : અનંત ચઉવીસી જિન નમું<br>ચૈત્યવંદન : શ્રી સીમંધર જગધણી<br>સ્તવન : સુણો ચંદાજી...<br>થોય : સીમંધર જિનવર.. ૧ ગાથા, આદિ જિનવર રાયા... ૧ ગાથા<br>સજ્ઝાય : પ્રસન્નચંદ્ર રાજર્ષિની સજ્ઝાય | ૨૫ |
| વિધિ | : | ૨૫ આવશ્યક + સત્તર સંડાસા પૂર્વક ખમાસમણા (પ્રેક્ટીકલ સહિત) | ૧૦ |
| | | રાજનગર પ્રશ્નોત્તરી : ૫૧ થી ૬૦ | ૧૫ |
| | | | ૧૦૦ |

### (૫૨) શ્રી સકલાર્હત્ સ્તોત્ર

સકલાર્હત્પ્રતિષ્ઠાન-મધિષ્ઠાનં શિવશ્રિયઃ,
ભૂર્ભુવઃસ્વસ્ત્રયીશાન-માર્હન્ત્યં પ્રણિદધ્મહે ॥૧॥

નામાકૃતિદ્રવ્યભાવૈઃ પુનતસ્ત્રિજગજ્જનમ્,
ક્ષેત્રે કાલે ચ સર્વસ્મિન્નર્હતઃ સમુપાસ્મહે ॥૨॥

આદિમં પૃથિવીનાથ-માદિમં નિષ્પરિગ્રહમ્,
આદિમં તીર્થનાથં ચ, ઋષભસ્વામિનં સ્તુમઃ ॥૩॥

અર્હન્તમજિતંવિશ્વ-કમલાકર-ભાસ્કરં,
અમ્લાન-કેવલાદર્શ-સંક્રાંતજગતં સ્તુવે ॥૪॥

વિશ્વભવ્યજનારામ કુલ્યાતુલ્યા જયન્તિ તાઃ,
દેશનાસમયે વાચઃ, શ્રી સંભવ-જગત્પતેઃ ॥૫॥

અનેકાન્તમતાંભોધિદ્ સમુલ્લાસનચન્દ્રમાઃ,
દદ્યાદમન્દમાનન્દં, ભગવાનભિનંદનઃ ॥૬॥

દ્યુસત્કિરીટશાણાગ્રો-ત્તેજિતાંઘ્રિનખાવલિઃ,
ભગવાન્ સુમતિસ્વામી, તનોત્વભિમતાનિવઃ ॥૭॥

પદ્મપ્રભપ્રભોર્દેહ-ભાસઃ પુષ્ણંતુ વઃ શ્રિયમ્,
અન્તરંગારિમથને, કોપાટોપાદિવારુણાઃ ॥૮॥

શ્રીસુપાર્શ્વજિનેન્દ્રાય, મહેન્દ્રમહિતાંઘ્રયે,
નમશ્ચતુર્વર્ણસંઘ-ગગનાભોગ ભાસ્વતે ॥૯॥

ચન્દ્રપ્રભપ્રભોશ્ચન્દ્ર મરીચિનિચયોજ્જવલા,
મૂર્ત્તિર્મૂર્ત્તસિતધ્યાન, નિર્મિતેવ શ્રિયેઽસ્તુ વઃ ॥૧૦॥

કરામલકવદ્વિશ્વં, કલયન્ કેવલશ્રિયા,
અચિન્ત્યમાહાત્મ્યનિધિઃ, સુવિધિર્બોધયેઽસ્તુ વઃ ॥૧૧॥

સત્ત્વાનાં પરમાનન્દ કંદોદ્ભેદનવાંબુદઃ,
સ્યાદ્વાદામૃતનિઃસ્યંદી, શીતલઃ પાતુ વો જિનઃ ॥૧૨॥

ભવરોગાર્ત્તજન્તૂના મગદંકારદર્શનઃ,
નિઃશ્રેયસશ્રીરમણઃ શ્રેયાંસઃ શ્રેયસેઽસ્તુવઃ ॥૧૩॥

વિશ્વોપકારકીભૂત તીર્થકૃત્કર્મનિર્મિતિઃ,
સુરાસુરનરૈઃ પૂજ્યો, વાસુપૂજ્યઃ પુનાતુ વઃ ॥૧૪॥





વિમલસ્વામિનો વાચઃ, કતકક્ષોદસોદરાઃ,
જયન્તિ ત્રિજગચ્ચેતો જલનૈર્મલ્યહેતવઃ ॥૧૫॥

સ્વયંભૂરમણસ્પર્દ્ધી, કરુણારસવારિણા,
અનંતજિદનન્તાં વઃ, પ્રયચ્છતુ સુખશ્રિયમ્ ॥૧૬॥

કલ્પદ્રુમસધર્માણ-મિષ્ટપ્રાપ્તૌ શરીરિણામ્,
ચતુર્ધાધર્મદેષ્ટારં, ધર્મનાથમુપાસ્મહે ॥૧૭॥
સુધાસોદરવાગ્જ્યોત્સ્ના, નિર્મલીકૃતદિઙ્મુખઃ,
મૃગલક્ષ્માતમઃશાંત્યૈ, શાન્તિનાથજિનોઽસ્તુ વઃ ॥૧૮॥

શ્રી કુંથુનાથો ભગવાન્, સનાથોઽતિશયર્દ્ધિભિઃ,
સુરાસુરનૃનાથાના મેકનાથોઽસ્તુ વઃ શ્રિયે ॥૧૯॥

અરનાથસ્તુ ભગવાં શ્ચતુર્થારનભોરવિઃ,
ચતુર્થપુરુષાર્થશ્રી વિલાસંવિતનોતુ વઃ ॥૨૦॥

સુરાસુરનરાધીશ, મયૂરનવવારિદમ્,
કર્મદ્રૂન્મૂલને હસ્તિ, મલ્લં મલ્લિમભિષ્ટુમઃ ॥૨૧॥

જગન્મહામોહાનિદ્રા પ્રત્યૂષસમયોપમમ્,
મુનિસુવ્રતનાથસ્ય, દેશનાવચનં સ્તુમઃ ॥૨૨॥

લુઠન્તો નમતાં મૂર્ધ્નિ નિર્મલીકારકારણમ્,
વારિપ્લવા ઈવ નમેઃ, પાન્તુ પાદ નખાંશવઃ ॥૨૩॥

યદુવંશ સમુદ્રેન્દુઃ, કર્મકક્ષ હુતાશનઃ,
અરિષ્ટનેમિર્ભગવાન્, ભૂયાદ્વોઽરિષ્ટનાશનઃ ॥૨૪॥

કમઠે-ધરણેંદ્રે ચ, સ્વોચિતં-કર્મ કુર્વતિ,
પ્રભુસ્તુલ્ય-મનોવૃત્તિઃ, પાર્શ્વનાથઃ શ્રિયેઽસ્તુ વઃ ॥૨૫॥

શ્રીમતે વીરનાથાય, સનાથાયાદ્ભુતશ્રિયા,
મહાનન્દસરોરાજ મરાલાયાઽર્હતે નમઃ ॥૨૬॥

કૃતાપરાધેઽપિ જને, કૃપામંથરતારયોઃ,
ઈષદ્બાષ્પાર્દ્રયોર્ભદ્રં, શ્રીવીરજિનનેત્રયોઃ ॥૨૭॥

જયતિ વિજિતાન્યતેજાઃ, સુરાસુરાધીશસેવિતઃ શ્રીમાન્,
વિમલસ્ત્રાસવિરહિત સ્ત્રિભુવનચૂડામણિર્ભગવાન્ ॥૨૮॥

વીરઃ સર્વસુરાસુરેંદ્ર મહિતો વીરં બુધાઃ સંશ્રિતાઃ,
વીરેણાભિહતઃ સ્વકર્મનિચયો વીરાય નિત્યં નમઃ,
વીરાત્તીર્થમિદં-પ્રવૃત્તમતુલં વીરસ્ય ઘોરં તપો,
વીરે શ્રી ધૃતિકીર્તિકાંતિનિચયઃ શ્રી વીર ! ભદ્રં દિશ ॥૨૯॥

અવનિતલગતાનાં કૃત્રિમાકૃત્રિમાનાં,
વરભવનગતાનાં દિવ્ય વૈમાનિકાનામ્,
ઇહ મનુજ કૃતાનાં દેવરાજાર્ચિતાનાં,
જિનવરભવનાનાં ભાવતોઽહં નમામિ ॥૩૦॥

સર્વેષાંવેધસામાદ્ય માદિમં પરમેષ્ઠિનામ્,
દેવાધિદેવં સર્વજ્ઞં, શ્રી વીરં પ્રણિદધ્મહે ॥૩૧॥

દેવોઽનેકભવાર્જિતોર્જિતમહા પાપપ્રદીપાનલો,
દેવઃ સિદ્ધિવધૂ વિશાલહૃદયા લંકારહારોપમઃ,
દેવોઽષ્ટાદશદોષસિંધુરઘટા નિર્ભેદપંચાનનો,
ભવ્યાનાં વિદધાતુ વાંછિતફલં, શ્રી વીતરાગો જિનઃ ॥૩૨॥

ખ્યાતોઽષ્ટાપદપર્વતો ગજપદઃ સમ્મેતશૈલાભિધઃ,
શ્રીમાન્ રૈવતકઃ પ્રસિદ્ધમહિમા શત્રુંજયો મંડપઃ,
વૈભારઃ કનકાચલોઽર્બુદગિરિઃ શ્રી ચિત્રકૂટાદય,
સ્તત્ર શ્રી ઋષભાદયો જિનવરાઃ કુર્વન્તુ વો મંગલમ્ ॥૩૩॥

## (૫૩) સ્નાતસ્યા સ્તુતિ

સ્નાતસ્યાપ્રતિમસ્ય મેરુશિખરે શચ્યા વિભોઃ શૈશવે,
રૂપાલોકનવિસ્મયાહૃતરસ ભ્રાન્ત્યા ભ્રમચ્ચક્ષુષા,





ઉન્મૃષ્ટં નયનપ્રભાધવલિતં ક્ષીરોદકાશંકયા,
વક્ત્રં યસ્ય પુનઃ પુનઃ સ જયતિ શ્રી વર્ધમાનો જિનઃ ॥૧॥

હંસાંસાહત-પદ્મરેણુકપિશ ક્ષીરાર્ણવામ્ભોભૃતૈઃ,
કુમ્ભૈરપ્સરસાં પયોધરભર-પ્રસ્પર્દ્ધિભિઃ કાન્ચનૈઃ,
યેષાં મન્દરરત્નશૈલશિખરે જન્માભિષેકઃ કૃતઃ,
સર્વૈઃ સર્વસુરાસુરેશ્વરગણૈસ્તેષાં નતોઽહં ક્રમાન્ ॥૨॥

અર્હદ્વક્ત્રપ્રસૂતં ગણધરરચિતં દ્વાદશાંગં વિશાલં,
ચિત્રં બહ્વર્થયુક્તં મુનિગણવૃષભૈર્ધારિતં બુદ્ધિમદ્ભિઃ,
મોક્ષાગ્રદ્વારભૂતં વ્રતચરણફલં જ્ઞેયભાવપ્રદીપં,
ભક્ત્યા નિત્યં પ્રપદ્યે શ્રુતમહમખિલં સર્વલોકૈકસારમ્ ॥૩॥

નિષ્પં-કવ્યોમનીલ દ્યુતિમલસદૃશં બાલચન્દ્રાભદંષ્ટ્રં,
મત્તં ઘંટારવેણ પ્રસૃતમદજલં પૂરયંતં સમન્તાત્,
આરૂઢો દિવ્યનાગં વિચરતિ ગગને કામદઃ કામરૂપી,
યક્ષઃ સર્વાનુભૂતિર્દિશતુ મમ સદા સર્વકાર્યેષુ સિદ્ધિમ્ ॥૪॥

## (૫૪) સંતિકરં સ્મરણમ્

સંતિકરં સંતિજિણં, જગસરણં જયસિરીઈ દાયારં,
સમરામિ ભત્તપાલગ, નિવ્વાણી ગરુડકયસેવં ॥૧॥

ૐ સનમો વિપ્પોસહિ-પત્તાણંસંતિસામિપાયાણં,
ૐ સ્વાહામંતેણં, સવ્વાસિવ દુરિઅ-હરણાણં ॥૨॥

ૐ સંતિ નમુક્કારો, ખેલોસહિમાઇ લદ્ધિ પત્તાણં,
સૌઁ હ્રીઁ નમો સવ્વોસહિ પત્તાણં ચ દેઇ સિરિં ॥૩॥

વાણી તિહુઅણ સામિણિ, સિરિદેવી જક્ખરાય ગણિપિડગા,
ગહ દિસિપાલ સુરિંદા, સયા વિ રક્ખંતુ જિણભત્તે ॥૪॥

રક્ખંતુ મમ રોહિણી, પન્નત્તી વજ્જસિંખલા ય સયા,
વજ્જંકુસિ ચક્કેસરિ, નરદત્તા કાલી મહાકાલી ॥૫॥

ગોરી તહ ગંધારી, મહજાલા માણવી અ વઈરુટ્ટા,
અચ્છુત્તા માણસિઆ, મહામાણસિયા ઉ દેવીઓ ॥૬॥

જક્ખા ગોમુહ મહજક્ખ, તિમુહ જક્ખેસ તુંબરૂ કુસુમો,
માયંગ વિજય અજિઆ, બંભો મણુઓ સુરકુમારો ॥૭॥

છમ્મુહ પયાલ કિન્નર, ગરુલો ગંધવ્વ તહય જક્ખિદો ।
કુબેર (કૂબર) વરુણો ભિઉડી, ગોમેહો પાસ માયંગા ॥૮॥

દેવીઓ ચક્કેસરિ, અજિઆ દુરિઆરિ કાલી મહાકાલી,
અચ્ચુઅ સંતા જાલા સુતારયાસોય સિરિવચ્છા ॥૯॥

ચંડાવિજયંકુસિ, પન્નઈત્તિ નિવ્વાણિ અચ્ચુઆ ધરણી,
વઈરુટ્ટછુત્ત ગંધારી, અંબ પઉમાવઈ સિદ્ધા ॥૧૦॥

ઈઅ તિત્થરક્ખણરયા, અન્નેવિ સુરાસુરી ય ચઉહાવિ,
વંતર જોઈણિ પમુહા, કુણંતુ રક્ખં સયા અમ્હં ॥૧૧॥

એવં સુદિટ્ઠિ સુરગણ, સહિઓ સંઘસ્સ સંતિ જિણચંદો,
મજ્ઝવિ કરેઉ રક્ખં, મુણિસુંદરસૂરિથુઅ મહિમા ॥૧૨॥

ઈઅ સંતિનાહ સમ્મદિટ્ઠિ, રક્ખં સરઈ તિકાલં જો,
સવ્વોવદ્દવરહિઓ, સ લહઈ સુહસંપયં પરમં ॥૧૩॥

(તવગચ્છ ગયણ દિણયર જુગવર સિરિ સોમ સુંદર ગુરુણં,
સુપસાય લદ્ધ ગણ હર, વિજ્જા સિદ્ધી ભણઈ સીસો) ॥૧૪॥

## અન્નત્થ સૂત્રના અર્થ

અન્નત્થ - બીજે (નીચેની બાર બાબતો સિવાય).
ઊસસિએણં - ઊંચો શ્વાસ લેવાથી.
નીસસિએણં - નીચે શ્વાસ મૂકવાથી.
ખાસિએણં - ઉધરસ ખાવાથી.
છીએણં - છીંક આવવાથી.
જંભાઈએણં - બગાસું આવવાથી.
ઉડ્ડુએણં - ઓડકાર આવવાથી.
વાયનિસગ્ગેણં - વાછૂટ થવાથી.





ભમલીએ - ચકરી આવવાથી.
પિત્તમુચ્છાએ - પિત્તના પ્રકોપથી મૂર્ચ્છા આવવાથી.
સુહુમેહિં - સૂક્ષ્મ.
અંગસંચાલેહિં - અંગ ચાલવાથી.
ખેલસંચાલેહિં- બળખો આવવાથી.
દિટ્ઠિસંચાલેહિં- દષ્ટિ ચાલવાથી.
એવમાઈ એહિં - એ વગેરે.
આગારેહિં - આગારો (ટાળીને).
અભગ્ગો - અખંડિત.
અવિરાહિઓ - અવિરાધિત
હુજ્જ - હો.
મે - મારો.
કાઉસ્સગ્ગો - કાઉસ્સગ્ગ.
જાવ - જયાં સુધી.
અરિહંતાણં - અરિહંત
ભગવંતાણં - ભગવંતોને.
નમુક્કારેણં - નમસ્કાર કરીને.
ન પારેમિ - ન પારું.
તાવ - ત્યાં સુધી.
કાયં - કાયાને.
ઠાણેણં - એક સ્થાન વડે.
મોણેણં - મૌનપણે.
ઝાણેણં - ધ્યાન વડે.
અપ્પાણં - પોતાની કાયાને.
વોસિરામિ - વોસિરાવું છું.

## કાઉસ્સગ્ગના ૧૬ આગારનું સ્વરૂપ

અન્નત્થયાઈ બારસ, આગારા એવમાઈયા ચઉરો,
અગણી પણિંદિ છિંદણ બોહિ ખોભાઈ ડક્કો ય. (ભા. ગા. ૫૫)

અન્નત્થ ઉસસિએણં વગેરે ૧૨ આગાર (૧) ઉંચો શ્વાસ લેવો (૨) નીચો શ્વાસ મૂકવો (૩) ખાંસી આવવી (૪) છીંક ખાવી (૫) બગાસું ખાવું (૬) ઓડકાર આવવો (૭) અધોવાયુ થવો (૮) ચકરી ચક્કર આવવા (૯) પિત્ત વડે મૂર્છા આવવી (૧૦) સૂક્ષ્મ અંગનો સંચાર થવો (૧૧) સૂક્ષ્મ શ્લેષ્મનો સંચાર થવો (૧૨) સૂક્ષ્મ દષ્ટિનો સંચાર થવો એ બાર તથા

(૧) અગ્નિ (૨) પંચેન્દ્રિયની આડ (૩) ચોર રાજા વગેરેથી ઉપદ્રવ (૪) સર્પનો દંશ થાય એ ૧૬ આગાર છે.

## કાઉસ્સગ્ગના ૧૯ દોષ

ઘોડગ લય ખંભાઈ, માલુ દ્ધી નિઅલ સબરિ ખલિણ વહૂ,
લંબુત્તર થણ સંજઈ, ભમુહંગુલિ વાયસ કવિટ્ઠો. (ભા.ગા. ૫૬)

સિરકંપ મૂઅ વારુણિ, પેહત્તિ ચઈજ્જ દોસ ઉસ્સગ્ગે,
લંબુત્તર થણ સંજઈ, ન દોસ સમણીણ સવહુ સટ્ઠીણં. (ભા.ગા. ૫૭)

(૧) ઘોટક (૨) લતા (૩) સ્તંભાદિ (૪) માલ (૫) ઉદ્ધિ (૬) નિગડ (૭) શબરી (૮) ખલિણ (૯) વધૂ (૧૦) લંબુત્તર (૧૧) સ્તન (૧૨) સંયતિ (૧૩) ભમુહંગુલિ (૧૪) વાયસ (૧૫) કપિત્થ (૧૬) શિરઃકંપ (૧૭) મૂક (૧૮) વારૂણી (૧૯) પ્રેક્ષાદોષ (એ ૧૯ દોષ કાયોત્સર્ગમાં ત્યાગ કરવા. સાધ્વીઓને લંબુત્તર દોષ, સ્તનદોષ અને સંયતિ દોષ સિવાયના ૧૬ દોષ અને શ્રાવિકાને વધૂદોષ રહિત ૧૫ દોષ હોય છે.)

## કાવ્ય વિભાગ - શ્રી સીમંધરસ્વામીના દુહા

અનંત ચોવીશી જિન નમું, સિદ્ધ અનંતી ક્રોડ;
કેવળધર મુગતે ગયા, વંદુ બે કર જોડ ૧

બે કોડી કેવળધરા, વિહરમાન જિન વીશ;
સહસ કોડી યુગલ નમું, સાધુ નમું નિશદિશ ૨

જે ચારિત્રે નિર્મળા, જે પંચાનન સિંહ;
વિષય કષાય નાગં જીઆ, તે પ્રણમું નિશદિશ ૩

## શ્રી સીમંધરસ્વામીનું ચૈત્યવંદન

શ્રી સીમંધર ! જગધણી ! આ ભરતે આવો;
કરુણાવંત કરુણા કરી, અમને વંદાવો. ૧

સકલ ભક્ત તુમે ધણી, જો હોવે અમ નાથ;
ભવોભવ હું છું તાહરો, નહિ મેલું હવે સાથ. ૨





સયલ સંગ છંડી કરી, ચારિત્ર લઈશું;.
પાય તુમારા સેવીને, શિવરમણી વરીશું. ૩

એ અળજો મુજને ઘણો એ, પૂરો સીમંધર દેવ;
ઈહાં થકી હું વિનવું, અવધારો મુજ સેવ. ૪

કર જોડીને વિનવુ, સામો રહી ઈશાન;
ભાવ જિનેશ્વર ભાણને, દેજો સમકિત દાન. ૫

## શ્રી સીમંધરસ્વામીનું સ્તવન

સુણો ચંદાજી ! સીમંધર પરમાતમ પાસે જાજો,
મુજ વિનતડી, પ્રેમ ધરીને, એણી પેરે તુમે સંભળાવજો.
જે ત્રણ ભુવનનો નાયક છે, જસ ચોસઠ ઈન્દ્ર પાયક છે;
નાણ દરિસણ જેહને ક્ષાયક છે. સુણો૦ ૧

જેની કંચન વરણી કાયા છે, જસ ધોરી લંછન પાયા છે;
પુંડરિગિણી નગરીનો રાયા છે.સુણો૦ ૨

બાર પર્ષદામાંહી બિરાજે છે, જસ ચોત્રીસ અતિશય છાજે છે;
ગુણ પાંત્રીશ વાણીએ ગાજે છે. સુણો૦ ૩

ભવિજનને જે પડિબોહે છે, તુમ અધિક શીતળગુણ સોહે છે;
રૂપ દેખી ભવિજન મોહે છે. સુણો૦ ૪

તુમ સેવા કરવા રસિયો છું, પણ ભરતમાં દૂરે વસિયો છું;
મહા મોહરાય કર ફસિયો છું. સુણો૦ ૫

પણ સાહિબ ચિત્તમાં ધરીયો છે, તુમ આણા ખડગ કર ગ્રહીઓ છે;
તો કાંઈક મુજથી ડરિયો છે. સુણો૦ ૬
જિન ઉત્તમ પૂંઠ હવે પૂરો, કહે પદ્મવિજય થાઉં શૂરો;
તો વાધે મુજ મન અતિ નૂરો. સુણો૦ ૭

## શ્રી સીમંધરસ્વામીની થોય

શ્રીસીમંધર જિનવર, સુખકર સાહિબ દેવ,
અરિહંત સકલની, ભાવધરી કરું સેવ,
સકલાગમ પારગ, ગણધર ભાષિત વાણી,
જયવંતી આણા, જ્ઞાનવિમલ ગુણખાણી. ૧

## શ્રી આદિશ્વર ભગવાનની થોય

આદિજિનવર રાયા જાસ સોવન્ન કાયા,
મરૂદેવી માયા ધોરી લંછન પાયા,
જગતસ્થિતિ નિપાયા શુદ્ધચારિત્ર પાયા,
કેવલસિરિરાયા મોક્ષનગરે સિધાયા. ૧

## શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષીની સજ્ઝાય

પ્રણમું તુમારા પાય, પ્રસન્નચંદ્ર પ્રણમું તુમારા પાય;
રાજ છોડી રળીયામણું રે, જાણી અથીર સંસાર
વૈરાગે મન વાળીયું રે, લીધો સંયમ ભાર. પ્રસન્ન૦૧

સ્મશાને કાઉસ્સગ્ગ રહ્યા રે, પગ ઉપર પગ ચઢાય;
બાહુ બે ઉંચા કરી ને, સૂરજ સામી દૃષ્ટિ લગાય. પ્રસન્ન૦૨

દુર્મુખ દુત વચન સુણી ને, કોપ ચઢ્યો તત્કાળ;
મનશું સંગ્રામ માંડીયો રે, જીવ પડ્યો જંજાળ. પ્રસન્ન૦૩

શ્રેણીક પ્રશ્ન પૂછે તે સમે રે, સ્વામી એહની કુણ ગતિ થાય;?
ભગવંત કહે હમણાં મરે તો, સાતમી નરકે જાય.પ્રસન્ન૦૪

ક્ષણ એક આંતરે પૂછીયુ રે, સર્વાથસિદ્ધ વિમાન;
વાગી દેવની દુંદુભી રે, ઋષિ પામ્યા કેવળજ્ઞાન. પ્રસન્ન૦૫

પ્રસન્નચંદ્ર ઋષિ મુગતે ગયા રે, શ્રી મહાવીરના શિષ્યઃ
રૂપવિજય કહે ધન્ય ધન્ય, દીઠા એ પ્રત્યક્ષ. પ્રસન્ન૦૬





## વાંદણાના ૨૫ આવશ્યક

- અવશ્ય સાચવવાના તે આવશ્યક કહેવાય.
- વાંદણાના ૨૫ આવશ્યક આ પ્રમાણે છે.

  (૧) ૨ અવનત (૨) ૧ યથાજાત (૩) ૧૨ આવર્ત્ત (૪) ૪ શીર્ષનમન (૫) ૩ ગુપ્તિ (૬) ૨ પ્રવેશ (૭) ૧ નિષ્ક્રમણ

> નોંધ : ૨૫ આવશ્યક અને ૧૭ સંડાસા પ્રેક્ટિકલ કરીને બતાવવાના રહેશે. નીચેની માહિતી ફક્ત સમજૂતી માટે આપેલી છે.

- ૨ અવનત - વાંદણામાં બે વાર શરીરનો ઉપરનો ભાગ નમાવવો, પહેલું વાંદણુ દેવા માટે અવગ્રહમાં પ્રવેશ કરવાની આજ્ઞા માગતા એટલે ''અણુજાણહ મે મિઉગ્ગહં'' એ પદ બોલતાં શરીરનો ઉપરનો ભાગ નમાવવો. તે ૧ અવનત થયું. બીજી વાર વાંદણામાં બીજું થાય - એ બે અવનત રૂપે બે આવશ્યકો થયા.
- ૧ યથાજાત - એટલે જે રીતે જન્મતા બાળકના બે હાથ જોડેલા હોય તેમ કરસંપુટ કરેલા હાથને લલાટે લગાડે તે યથાજાત આવશ્યક કહેવાય.
- ૧૨ આવર્ત - એક વાંદણામાં ૬ આવર્ત આવે તો બે વાંદણા થઈને ૧૨ થાય. તે આ પ્રમાણે છે.

  પ્રથમ ૩ આવર્ત ''અહો કાયં કાય'', એટલે 'અ' બોલતા બે હાથની દશેય આંગળીઓ નખના સ્પર્શ વગર ગુરુચરણે લગાડે તથા 'હો' સવળા હાથે પોતાના લલાટને સ્પર્શે, એમ બે બે અક્ષરના ત્રણ પદો બોલતાં ૩ આવર્ત થયા. પછી હાથ જોડી ''વઈક્કંતો'' સુધી બોલે અને ત્યાંથી બીજા ૩ આવર્ત ૩-૩ અક્ષરના 'જત્તા ભે, જવણિ જ્જં ચ ભે' જાણવા. તેમાં પહેલો અક્ષર 'જ' ગુરુચરણે અવળો હાથ લગાડતાં. 'ત્તા' ઉત્તાન (સવળા) બંને હાથે વચ્ચે વિશ્રામરૂપ કહે અને ત્રીજે અક્ષર 'ભે' લલાટના ભાગે હાથ લગાડતાં બોલે આ એક આવર્ત થયો

તે જ રીતે ''જવણિજ્'' અને ''જં ચ ભે'' ના ૩-૩ અક્ષરો એ ઉપર મુજબ એમ ૩ આવર્ત થયા. આમ પહેલે વાંદણે ૬ આવર્ત અને તે મુજબ જ બીજા વાંદણે ૬ આવર્ત મળીને કુલ ૧૨ આવર્ત થયા.

- ૪ શીર્ષનમન - શીર્ષનમન એટલે ૪ વખત માથું નમાવવું તેમાં પહેલા ૩ આવર્ત થયા પછી 'સંફાસં' બોલતાં ૧લી વાર અને બીજા ૩ આવર્ત થયા પછી 'ખામેમિ' બોલતાં ૨જી વાર એમ એક એક વાંદણામાં ૨ વખત અને બે વાંદણા થઈને ૪ શીર્ષનમન થયા.
- ૩ ગુપ્તિ - વાંદણા દેતાં મન-વચન-કાયાની ગુપ્તિ રાખવી. (કાયાને ઠેકાણે રાખવી) )
- ૨ પ્રવેશ અને ૧ નિષ્ક્રમણ - પ્રવેશ એટલે બે વાર ગુરુની આજ્ઞા માંગી અવગ્રહમાં પ્રવેશ કરવો. અને એક નિષ્ક્રમણ એટલે અવગ્રહની બહાર નીકળવું. તે આ પ્રમાણે પ્રથમ વાંદણે આજ્ઞા માંગી 'નિસીહિ' કહી સંડાસા (સાંધા) અને જમીન પૂંજી અવગ્રહમાં પ્રવેશ કરે... પછી 'આવસ્સિયાએ'' કહી પાછળ પૂંજી અવગ્રહથી બહાર નીકળવાનું પછી બીજા વાંદણામાં પ્રવેશ કરે. પણ બહાર નીકળે નહિ એટલે ''આવસ્સિયાએ'' કહે નહિ. આમ ૨ વાર પ્રવેશ થયો અને ૧ વાર નીકળવું (નિષ્ક્રમણ) થયું.

આ રીતે કુલ ૨૫ આવશ્યક વાંદણામાં જાળવવા જોઈએ.

### સત્તર સંડાસા (પ્રમાર્જના)ની વિધિ

- ૧૭ સંડાસા - સાણસી-સાંધા; સાણસીને હિન્દીમાં સંડાસી કહે છે. અર્થાત્ પંચાંગ પ્રણિપાત વખતે પાંચ અંગોને ભૂમિ ઉપર સ્પર્શ કરાવતાં શરીરનાં જે જે અંગો સાણસીની માફક વળે છે, તે તે ઠેકાણે જીવોની વિરાધના અટકાવવા ૧૭ ઠેકાણે પ્રમાર્જના કરવી જોઈએ. તેથી તેનું પૂરું નામ ૧૭ સંડાસા પ્રમાર્જના છે.
- ૩ વખત પાછળ- જમણે પગે- વચ્ચે અને ડાબે પગે.





- ૩ વખત આગળ- જમણે પગે- વચ્ચે અને ડાબે પગે.
- ૩ અવગ્રહમાં પ્રવેશ કરવાની ભૂમિ ઉપર
- ૧ જમણા કપાળેથી ડાબા હાથ ઉપર થઈ તેની કોણી સુધી.
- ૧ ડાબે કપાળેથી જમણા હાથ ઉપરથી તેની કોણી સુધી.
- ૩ ચરવળા ઉપર - મસ્તક નમાવવાને સ્થાને. અને
- ૩ ઊભા થતાં પહેલાં પગ મૂકવાના સ્થાને.

પહેલાં નવ ચરવળાથી, પછીના પાંચ મુહપત્તિથી, અને છેલ્લા ત્રણ ચરવળાથી કરવાના છે.

## રાજનગર પ્રશ્નોત્તરી

**સ. ૫૧** **છ આવશ્યકનો અર્થ સમજાવો. પ્રતિક્રમણમાં તે ક્યાંથી ક્યાં સુધી ગણાય છે ?**

જ. (૧) **સામાયિક :** જેનાથી સમતાનો લાભ થાય તે પહેલું આવશ્યક. તે દેવસિ પ્રતિક્રમણ ઠાયા પછી કરેમિભંતેથી પંચાચારની આઠ ગાથાનો કાઉસ્સગ્ગ કરીએ ત્યાં સુધી ગણાય છે.

(૨) **ચઉવીસત્થો લોગસ્સ :** જેમાં ચોવીસ ભગવાનનાં નામોનું સ્મરણ થાય છે તે બીજું આવશ્યક. તે પંચાચારની આઠ ગાથાનો કાઉસ્સગ્ગ કર્યા પછી લોગસ્સ કહીએ છીએ તે ગણાય છે.

(૩) **વાંદણાં :** જેમાં ગુરુ મહારાજને વંદન કરવામાં આવે છે તે ત્રીજું આવશ્યક, તે ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડીલેહી બે વાંદણા દેવાય છે ત્યાં સુધી ગણાય છે.

(૪) **પ્રતિક્રમણ :** જેમાં લાગેલાં પાપોનો પશ્ચાત્તાપ કરી માફી માંગવામાં આવે છે તે ચોથું આવશ્યક છે. 'ઈચ્છા૦ દેવસિઅં આલોઉંથી આયરિય ઉવજ્ઝાએ' સુધીનું ગણાય છે.

(૫) **કાઉસ્સગ્ગ :** મન, વચન અને કાયાની એકાગ્રતા થાય તે પાંચમું આવશ્યક. તે આયરિય ઉવજ્ઝાએ પછી આવતા બે લોગસ્સ અને એક લોગસ્સના કાઉસ્સગ્ગ સુધી ગણાય છે.

(૬) **પચ્ચક્ખાણ :** અવિરતિપણાનો ત્યાગ જેમાં થાય તે છઠ્ઠું આવશ્યક, પચ્ચક્ખાણ કરાય છે તે.

**સ. ૫૨ શિયળ (બ્રહ્મચર્ય) વ્રતની નવ વાડો કઈ કઈ છે ?**

જ. (૧) સ્ત્રી, પશુ, નપુંસક ન રહેતા હોય એવા સ્થાનમાં રહેવું.
(૨) સ્ત્રીની સાથે રાગથી વાતો ન કરવી.
(૩) સ્ત્રી જે આસને બેઠી હોય તે આસને પુરુષે બે ઘડી સુધી બેસવું નહીં. અને પુરુષ બેઠો હોય તે આસન ઉપર સ્ત્રીએ ત્રણ પહોર સુધી બેસવું નહીં.
(૪) સ્ત્રીનાં અંગોપાંગ રાગથી જોવાં નહિ.
(૫) જ્યાં સ્ત્રી પુરુષ સૂતાં હોય અથવા કામક્રીડાની વાતો કરતાં હોય ત્યાં ભીંત પ્રમુખને આંતરે રહેવું નહિ.
(૬) સ્ત્રીની સાથે પહેલાં ભોગવેલા ભોગો સંભારવા નહિ.
(૭) વિકાર ઉત્પન્ન કરે એવા ઘી, દૂધ વગેરે રસવાળા આહાર ન કરવા.
(૮) ભૂખ શાંત થાય તે કરતાં વધારે અને ભારે આહાર ન કરવો.
(૯) શરીરની શોભા વગેરે ન કરવી.

**સ. ૫૩ સાથીયો શા માટે કરવો જોઈએ ?**

જ. ચાર ગતિનો નાશ કરવા માટે સાથીયો કરવો જોઈએ.

**સ. ૫૪ ગતિ કેટલી છે ? અને તે કઈ કઈ ?**

જ. ગતિ ચાર છે (૧) દેવગતિ (૨) મનુષ્યગતિ (૩) તિર્યંચગતિ (૪) નરકગતિ





**સ. ૫૫ સાથીયા ઉપરની ત્રણ ઢગલીને શું કહેવાય ?**

જ. રત્નત્રયી કહેવાય.

**સ. ૫૬ રત્નત્રયીનાં નામ આપો.**

જ. (૧) જ્ઞાન (૨) દર્શન (૩) ચારિત્ર

**સ. ૫૭ સાથીયા ઉપરથી ત્રણ ઢગલી ઉપર અર્ધચંદ્ર જેવો આકાર કરીએ છીએ તે શું કહેવાય ?**

જ. **સિદ્ધશિલા કહેવાય.**

**સ. ૫૮ સાથીયો કરીને શું બોલવું ?**

જ. હે પ્રભુ ! ચાર ગતિમાંથી છૂટવા દર્શન જ્ઞાન ચારિત્રની આરાધના કરી સિદ્ધશિલા ઉપર પહોંચવા શક્તિમાન કરો.

**સ. ૫૯ શ્રી મહાવીર પ્રભુનાં બીજા નામ આપો.**

જ. વીર, વર્ધમાન, ચરમજિન, સિદ્ધાર્થ નંદન, જ્ઞાતપુત્ર વગેરે.

**સ. ૬૦ ગુરુ મહારાજનાં બીજા નામ આપો.**

જ. સાધુ, મુનિ, શ્રમણ, નિર્ગ્રંથ, અણગાર, તપસ્વી, સંયમી વગેરે.

**સ. ૬૦ (૧) આઠ કર્મોના નામ અને તેના ભેદ જણાવો.**

જ. આઠ કર્મોના નામ અને તેના ભેદ નીચે પ્રમાણે છે.

| | કર્મ | ભેદ |
|---|---|---|
| (૧) | જ્ઞાનાવરણીય કર્મ | ૫ |
| (૨) | દર્શનાવરણીય કર્મ | ૯ |
| (૩) | વેદનીય કર્મ | ૨ |
| (૪) | મોહનીય કર્મ | ૨૮ |
| (૫) | આયુષ્ય કર્મ | ૪ |
| (૬) | નામ કર્મ | ૧૦૩ |
| (૭) | ગોત્ર કર્મ | ૨ |
| (૮) | અંતરાય કર્મ | ૫ |

## મૌખિક - ધો. ૭

| | | | |
|---|---|---|---|
| સૂત્ર | : | અજિતશાંતિ સ્તવન (સૂત્ર ૫૫) | ૨૫ |
| અર્થ | : | લોગસ્સ સૂત્ર (શબ્દાર્થ) | ૧૦ |
| કાવ્ય | : | દુહા : શ્રી સિદ્ધાચલના નવ | |
| | | ચૈત્યવંદન : શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર | |
| | | સ્તવન : વિમલાચલ નિતુ વંદીએ... | |
| | | થોય : શત્રુંજય મંડણ.... (૪ ગાથા) | ૨૦ |
| વિધિ | : | રાઈઅ પ્રતિક્રમણની વિધિ | ૨૦ |
| | | રાજનગર પ્રશ્નોત્તરી : ૬૧ થી ૮૦ | ૧૫ |
| સ્ટોરી | : | ચંદનબાળાની સ્ટોરી | ૧૦ |
| | | | ૧૦૦ |

### (૫૫) શ્રી અજિતશાંતિ સ્તવન

અજિઅં જિઅસવ્વભયં, સંતિં ચ પસંત સવ્વગયપાવં, જય ગુરુ સંતિગુણકરે, દોવિ જિણવરે પણિવયામિ. ॥૧॥ (ગાહા.)

વવગયમંગુલભાવે, તે હં વિઉલતવનિમ્મલસહાવે, નિરુવમ મહપ્પભાવે, થોસામિ સુદિટ્ઠસબ્ભાવે. ॥૨॥ (ગાહા.)

સવ્વદુક્ખપ્પસંતીણં, સવ્વપાવપ્પસંતીણં, સયા અજિઅસંતીણં, નમો અજિઅસંતીણં. ॥૩॥ (સિલોગો.)

અજિઅજિણ ! સુહપ્પવત્તણં, તવ પુરિસુત્તમ ! નામકિત્તણં, તહ ય





ધિઈમઈપ્પવત્તણં, તવ ય જિણુત્તમ ! સંતિ ! કિત્તણં. ॥૪॥ (માગહિઆ.)

કિરિઆવિહિ સંચિઅ કમ્મ કિલેસ વિમુક્ખયરં, અજિઅં નિચિઅં ચ ગુણેહિં મહામુણિસિદ્ધિગયં, અજિઅસ્સ ય સંતિ મહામુણિણો વિ ય સંતિકરં, સયયં મમ નિવ્વુઈકારણયં ચ નમંસણયં. ॥૫॥ (આલિંગણયં)

પુરિસા ! જઈ દુક્ખવારણં, જઈ અ વિમગ્ગહ સુક્ખકારણં, અજિઅં સંતિં ચ ભાવઓ, અભયકરે સરણં પવજ્જહા. ॥૬॥ (માગહિઆ.)

અરઈ રઈ તિમિરવિરહિઅ મુવરય જરમરણં, સુરઅસુર-ગરુલભુયગવઈપયય-પણિવઈઅં, અજિઅમહમવિ અ સુનય નય-નિઉણમભયકરં, સરણમુવસરિઅ ભુવિદિવિજમહિઅં સયયમુવણમે. ॥૭॥ (સંગયયં.)

તં ચ જિણુત્તમ મુત્તમ નિત્તમ સત્તધરં, અજ્જવ મદ્દવ ખંતિ વિમુત્તિ સમાહિનિહિં, સંતિકરં પણમામિ દમુત્તમ તિત્થયરં, સંતિ-મુણી ! મમ સંતિ સમાહિવરં દિસઉ. ॥૮॥ (સોવાણયં.)

સાવત્થિપુવ્વપત્થિવં ચ વરહત્થિ મત્થયપસત્થ વિચ્છિન્નસંથિયં થિરસરિચ્છવચ્છં, મયગલલીલાયમાણ વરગંધહત્થિ-પત્થાણ-પત્થિયં સંથવારિહં, હત્થિ-હત્થબાહું ધંતકણગ-રુઅગ-નિરુવહય-પિંજરં, પવર-લક્ખણોવચિય-સોમ-ચારુ-રૂવં, સુઈસુહ-મણાડભિરામ પરમ-રમણિજ્જ વરદેવદુંદુહિ-નિનાય મહુરયર-સુહગિરં. ॥૯॥ (વેઢ્ઢઓ.)

અજિઅં જિઆરિગણં, જિઅસવ્વભયં ભવોહરિઉં, પણમામિ અહં પયઓ, પાવં પસમેઉ મે ભયવં. ॥૧૦॥ (રાસાલુધ્ધઓ.)

કુરુજણવય હત્થિણાઉર નરીસરો પઢમં, તઓ મહાચક્કવટ્ટિભોએ મહપ્પભાવો, જો બાવત્તરિ પુરવરસહસ્સ વરનગર નિગમજણવયવઈ બત્તીસા-રાયવરસહસ્સાડણુયાયમગ્ગો, ચઉદસ વરરયણ નવમહાનિહિચઉસટ્ઠિસહસ્સપવરજુવઈણ સુંદરવઈ, ચુલસી હયગયરહ

સયસહસ્સસામી છન્નવઈગામકોડિસામી આસી જો ભારહમ્મિ ભયવં.
॥૧૧॥ (વેઢ્ઢઓ.)

તં સંતિં સંતિકરં, સંતિણ્ણં સવ્વભયા, સંતિં થુણામિ જિણં, સંતિં વિહેઉ મે. ॥૧૨॥ (રાસાનંદિઅયં.)

ઈક્ખાગ ! વિદેહનરીસર ! નરવસહા ! મુણિવસહા ! નવસારય સસિસકલાણણ ! વિગયતમા ! વિહુઅરયા ! અજિઉત્તમતેઅ ગુણેહિં મહામુણિ ! અમિઅબલા ! વિઉલકુલા ! પણમામિ તે ભવભયમૂરણ ! જગસરણા ! મમ સરણં.
॥૧૩॥ (ચિત્તલેહા.)

દેવદાણવિંદચંદસુરવંદ ! હટ્ઠ તુટ્ઠ જિટ્ઠ પરમ લટ્ઠરૂવ ! ધંતરુપ્પપટ્ટ સેઅ સુદ્ધ નિદ્ધ ધવલ દંત પંતિ સંતિ ! સત્તિ-કિત્તિ-મુત્તિ-જુત્તિ-ગુત્તિ-પવર !, દિત્ત ત્તેઅ ! વંદ ! ધેય ! સવ્વલોઅ ભાવિઅપ્પભાવણેઅ ! પઈસ મે સમાહિં. ॥૧૪॥ (નારાયઓ.)

વિમલસસિ કલાઈરેઅસોમં, વિતિમિર સૂર કરાઈરેઅ તેઅં, તિઅસવઈગણાઈરેઅ રૂવં, ધરણિધરપ્પ-વરાઈરેઅસારં. ॥૧૫॥ (કુસુમલયા.)

સત્તે અ સયા અજિઅં, સારીરે અ બલે અજિઅં, તવ સંજમે અ અજિઅં એસ થુણામિ જિણં અજિઅં. ॥૧૬॥ (ભુઅગપરિરિંગિઅં.)

સોમગુણેહિં પાવઈ ન તં નવસરયસસી, તેઅગુણેહિં પાવઈ ન તં નવસરયરવી, રૂવગુણેહિં પાવઈ ન તં તિઅસગણવઈ, સારગુણેહિં પાવઈ ન તં ધરણિધરવઈ. ॥૧૭॥ (ખિજ્જિઅયં.)

તિત્થવરપવત્તયં, તમરયરહિઅં, ધીરજણથુઅચ્ચિઅં ચુઅકલિકલુસં, સંતિસુહપ્પવત્તયં, તિગરણપયઓ, સંતિમહં મહામુણિં સરણમુવણમે.
॥૧૮॥ (લલિઅયં.)

વિણઓણય-સિરરઈ-અંજલિ-રિસિગણ-સંથુઅં થિમિઅં, વિબુહાહિવધણવઈ-નરવઈ-થુઅ-મહિ-અચ્ચિઅં બહુસો, અઈરૂગ્ગય





સરયદિવાયરસમહિઅ-સપ્પભં તવસા, ગયણં-ગણવિયરણ-સમુઈઅ-ચારણ-વંદિઅં સિરસા. ॥૧૯॥ (કિસલયમાલા)

અસુર-ગરૂલ-પરિવંદિઅં, કિન્નરોરગનમંસિઅં, દેવકોડિ સયસંથુઅં, સમણસંઘપરિવંદિઅં. ॥૨૦॥ (સુમુહં.)

અભયં અણહં, અરયં અરુયં, અજિઅં અજિઅં, પયઓ પણમે.
॥૨૧॥ (વિજ્જુવિલસિઅં.)

આગયાવરવિમાણ-દિવ્વકણગ-રહતુરય-પહકર-સએહિં હુલિઅં, સસંભમોઅરણ-ખુભિઅ-લુલિય-ચલ-કુંડલંગય-તિરીડ-સોહં તમઉલિમાલા.
॥૨૨॥ (વેઢ્ઢઓ.)

જં સુરસંઘા સાસુરસંઘા વેરવિઉત્તા ભત્તિસુજુત્તા, આયરભૂસિઅ-સંભમપિંડિઅ સુટ્ઠુસુવિમ્હિય-સવ્વબલોઘા, ઉત્તમકંચણરયણ-પરૂવિયભાસુર-ભૂસણ-ભાસુરિ-અંગા, ગાય-સમોણય-ભત્તિવસા-ગય-પંજલિ-પેસિય-સીસપણામા. ॥૨૩॥ (રયણમાલા)

વંદિઊણ થોઊણ તો જિણં, તિગુણમેવ ય પુણો પયાહિણં, પણમિઊણ ય જિણં સુરાસુરા, પમુઈઆ સભવણાઈં તો ગયા. ॥૨૪॥ (ખિત્તયં.)

તં મહામુણિમહંપિ પંજલી, રાગદોસ-ભય-મોહવજ્જિઅં, દેવદાણવ-નરિંદ-વંદિઅં, સંતિ-મુત્તમં મહાતવં નમે. ॥૨૫॥ (ખિત્તયં.)

અંબરંતર-વિઆરણિઆહિં, લલિઅહંસવહુ-ગામિણિઆહિં, પીણસોણિથણસાલિણિઆહિં, સકલ-કમલદલ-લોઅણિઆહિં.॥૨૬॥ (દીવયં.)

પીણ-નિરંતર-થણભર-વિણમિય-ગાયલયાહિં, મણિકંચણપસિઢિલ મેહલ-સોહિઅ-સોણિતડાહિં, વરખિંખિણિ નેઉર-સતિલય-વલય-વિભૂસણિઆહિં, રઈકર-ચઉર મણોહર-સુંદરદંસણિઆહિં. ॥૨૭॥ (ચિત્તક્ખરા.)

દેવસુંદરીહિં પાયવંદિઆહિં વંદિઆ ય જસ્સ તે સુવિક્કમા કમા, અપ્પણો નિડાલએહિં મંડણોડ્ડણપ્પગારએહિં કેહિ કેહિં વિ, અવંગતિલય

પત્તલેહનામએહિં ચિલ્લએહિં સંગયં-ગયાહિં, ભત્તિસન્નિવિટ્ઠવંદણાગયાહિં હુંતિ તે વંદિઆ પુણો પુણો. ॥૨૮॥ (નારાયઓ.)

તમહં જિણચંદં, અજિઅં જિઅમોહં, ધુયસવ્વકિલેસં, પયઓ પણમામિ. ॥૨૯॥ (નંદિઅયં.)

થુઅ-વંદિઅયસ્સા રિસિગણ-દેવગણેહિં, તો દેવવહુહિં પયઓ પણમિઅસ્સા, જસ્સ જગુત્તમસાસણઅસ્સા, ભત્તિવસાગય પિંડિઅયાહિં, દેવવરચ્છરસા બહુઆહિં, સુરવર-રઇગુણ-પંડિઅયાહિં. ॥૩૦॥ (ભાસુરયં.)

વંસસદ્દ-તંતિ-તાલ-મેલિએ, તિઉક્ખરાભિરામ-સદ્દમીસએ કએ અ, સુઈસમાણ-ણેઅ સુદ્ધ-સજ્જ ગીય-પાય-જાલ-ઘંટિઆહિં, વલય મેહલા કલાવ નેઉરાભિરામ સદ્દમીસએ કએ અ, દેવનટ્ટિઆહિં, હાવભાવ વિબ્ભમપ્પગારએહિં નચ્ચિઊણ અંગહારએહિં, વંદિઆ ય જસ્સ તે સુવિક્કમા કમા, તયં તિલોય-સવ્વસત્તસંતિકારયં, પસંત-સવ્વ-પાવ-દોસમેસહં, નમામિ સંતિ-મુત્તમં જિણં. ॥૩૧॥ (નારાયઓ.)

છત્ત ચામર પડાગ જુઅ જવ મંડિઆ, ઝયવર મગર તુરય સિરિવચ્છ સુલંછણા, દીવ સમુદ્દ મંદર દિસાગય સોહિયા, સત્થિઅ વસહસીહ રહ ચક્કવરંકિયા. ॥૩૨॥ (લલિઅયં)

સહાવલટ્ઠા, સમપ્પઈટ્ઠા, અદોસદુટ્ઠા ગુણેહિં જિટ્ઠા, પસાયસિટ્ઠા તવેણ પુટ્ઠા, સિરીહિં ઈટ્ઠા રિસીહિં જુટ્ઠા. ॥૩૩॥ (વાણવાસિઆ.)

તે તવેણ ધુઅસવ્વપાવયા, સવ્વલોઅહિઅમૂલપાવયા, સંથુઆ અજિઅ સંતિ-પાયયા, હુંતુ મે સિવસુહાણ દાયયા. ॥૩૪॥ (અપરાંતિકા.)

એવંતવ-બલ-વિઉલં, થુઅંમએ અજિઅ-સંતિ-જિણ-જુઅલં, વવગય-કમ્મ-રયમલં, ગઈ ગયં સાસયં વિઉલં. ॥૩૫॥ (ગાહા.)

તં બહુગુણપ્પસાયં, મુક્ખસુહેણ પરમેણ અવિસાયં, નાસેઉ મે વિસાયં, કુણઉ અ પરિસાવિ અ પ્પસાયં. ॥૩૬॥ (ગાહા.)

**કુસંસ્કારી મિત્રના સંપર્કથી સદ્‌ગુણોથી વાસિત જીવન બરબાદ થઈ જાય છે**



તં મોએઉઅ નંદિં, પાવેઉ અ નંદિસેણમભિનંદિં, પરિસાવિ અ સુહનંદિં, મમ ય દિસઉ સંજમે નંદિં. ॥૩૭॥ (ગાહા.)

પક્ખિઅ ચાઉમ્માસિઅ સંવચ્છરિએ અવસ્સ ભણિઅવ્વો, સોઅવ્વો સવ્વેહિં, ઉવસગ્ગ નિવારણો એસો. ॥૩૮॥

જો પઢઇ જો અ નિસુણઈ, ઉભઓ કાલંપિ અજિઅસંતિથયં, ન હુ હુંતિ તસ્સ રોગા, પુવ્વુપ્પન્ના વિ નાસંતિ. ॥૩૯॥

જઈ ઈચ્છહ પરમપયં, અહવા કિત્તિં સુવિત્થડં ભુવણે, તા તેલુક્કુદ્ધરણે, જિણવયણે આયરં કુણહ. ॥૪૦॥

## લોગસ્સ સૂત્ર (નામસ્તવ સૂત્ર) અર્થ

લોગસ્સ - લોકને.
ઉજ્જોઅગરે - ઉદ્યોત કરનારા.
ધમ્મતિત્થયરે - ધર્મરૂપ તીર્થના કરનારા.
જિણે - જિનને.
અરિહંતે - અરિહંત ભગવાનોને.
કિત્તઈસ્સં - હું સ્તવીશ.
ચઉવીસંપિ - ચોવીશે.
કેવલી - કેવળી ભગવાનોને.
ઉસભમજિઅં - શ્રી ઋષભદેવ અને અજિતનાથને.
ચ - અને.
વંદે - હું વંદના કરું છું.
સંભવમભિણંદણંચ- સંભવનાથ તથા અભિનંદન સ્વામીને.
સુમઈ - સુમતિનાથને.
પઉમપ્પહં - પદ્મપ્રભપ્રભુને.
સુપાસં - સુપાર્શ્વનાથને.
ચંદપ્પહં - ચંદ્રપ્રભપ્રભુને.
સુવિહિં - સુવિધિનાથને.
પુપ્ફદંતં - (બીજું નામ) પુષ્પદંતને.
સીયલ સિજ્જંસ - શીતલનાથ તથા શ્રેયાંસનાથને.
વાસુપુજ્જં - વાસુપૂજયસ્વામીને.
વિમલમણંતં - વિમલનાથ તથા અનંતનાથને.
જિણં - જિનને.
ધમ્મં - ધર્મનાથને.
સંતિં - શાન્તિનાથને.

**સ્વાર્થી મિત્રોથી દૂર રહેજો, કલ્યાણ મિત્રોનો સંગ કરજો**

| | | | |
|---|---|---|---|
| કુંથું | - કુંથુનાથને. | વંદિય | - વાંદ્યા |
| અરં | - અરનાથને. | મહિયા | - પૂજ્યા. |
| મલ્લિં | - મલ્લિનાથને. | જે એ | - જે |
| મુણિસુવ્વયં | - મુનિસુવ્રતસ્વામીને. | લોગસ્સ | - લોકમાં |
| નમિજિણં | - નમિ જિનને. | ઉત્તમા | - ઉત્તમપ |
| વંદામિ | - હું વંદન કરું છું. | સિદ્ધા | - સિદ્ધ થયા છે.. |
| રિટ્ઠનેમિં | - અરિષ્ટનેમિને. | આરુગ્ગ | - આરોગ્ય |
| પાસં | - પાર્શ્વનાથને. | બોહિલાભં | - સમ્યગ્‌દર્શનનો લાભ. |
| વદ્ધમાણં | - વર્ધમાન સ્વામીને | | |
| એવં | - એવી રીતે | સમાહિવરં | - પ્રધાન સમાધિ |
| મએ | - મેં. | ઉત્તમં | - ઉત્તમ. |
| અભિથુઆ | - સ્તવ્યા | દિંતુ | - આપો. |
| વિહુય | - વિશેષે ક્ષય કર્યા છે. | ચંદેસુ | - ચંદ્રના સમૂહથી. |
| રયમલા | - કર્મરૂપ રજ અને મેલને - જેમણે. | નિમ્મલયરા | - અતિ નિર્મળ. |
| | | આઇચ્ચેસુ | - સૂર્યના સમૂહથી. |
| પહીણ | - વિશેષ ક્ષય કર્યા છે. | અહિયં | - અધિક. |
| જરમરણા | - જરા અને મરણ જેમણે. | પયાસયરા | - પ્રકાશ કરનારા |
| | | સાગરવરગંભીરા | - સ્વયંભૂરમણ સમુદ્રની પેઠે, ગંભીર એવા.. |
| જિણવરા | - સામાન્ય કેવળીઓમાં શ્રેષ્ઠ | | |
| તિત્થયરા | - તીર્થકરો | સિદ્ધા | - સિદ્ધ ભગવાનો. |
| મે | - મને. | સિદ્ધિં | - મોક્ષ |
| પસીયંતુ | - પ્રસન્ન થાઓ | મમ | - મને. |
| કિત્તિય | - સ્તવ્યા | દિસંતુ | - આપો. |





## કાવ્ય વિભાગ - શ્રી શત્રુંજયના દુહા

સિદ્ધાચલ સમરું સદા, સોરઠ દેશ મોઝાર;
મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર. ૧

સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢ ગિરનાર;
શેત્રુંજી નદીએ નાહ્યો નહીં, એનો એળે ગયો અવતાર. ૨

શેત્રુંજી નદીએ નાહીને, મુખબાંધી મુખકોશ;
દેવ યુગાદિ પૂજીએ, આણી મન સંતોષ. ૩

એકેકું ડગલું ભરે, શત્રુંજય સમો જેહ;
ઋષભ કહે ભવ ક્રોડનાં, કર્મખપાવે તેહ. ૪

શત્રુંજય સમો તીરથ નહિ, ઋષભ સમો નહિ દેવ;
ગૌતમ સરિખા ગુરુ નહિ, વળી વળી વંદુ તેહ. ૫

જગમાં તીરથ દો વડા, શત્રુંજય ગિરનાર;
એક ગઢ ઋષભ સમોસર્યા એક ગઢ નેમકુમાર. ૬

સિદ્ધાચલ સિદ્ધિ વર્યા, મુનિવર કોડી અનંત;
આગે અનંતા સિદ્ધશે, પૂજો ભવિ ભગવંત. ૭

શત્રુંજયગિરિ મંડણો, મરૂદેવાનો નંદ;
યુગલાધર્મ નિવારણો, નમો યુગાદિ જિણંદ. ૮

તન મન ધન સુત વલ્લભા, સ્વર્ગાદિ સુખ ભોગ;
વળી વળી એ ગિરિવંદતા, શિવરમણી સંયોગ. ૯

### શ્રી શત્રુંજયનું ચૈત્યવંદન

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુર્ગતિ વારે,
ભાવ ધરીને જે ચઢે, તેને ભવ પાર ઉતારે. ૧

અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ તીર્થનો રાય,
પૂર્વ નવાણું ઋષભદેવ, જ્યાં ઠવિયા પ્રભુ પાય. ૨

સૂરજકુંડ સોહામણો, કવડ જક્ષ અભિરામ,
નાભિરાયાકુલ મંડણો, જિનવર કરું પ્રણામ. ૩

## શ્રી શત્રુંજયનું સ્તવન

વિમલાચલ નિતુ વંદીએ, કીજે એહની સેવા,
માનું હાથ એ ધર્મનો, શિવતરૂં ફળ લેવા. વિમલા૦ ૧.

ઉજ્જવલ જિનગૃહ મંડળી, તિહાં દીપે ઉત્તંગા;
માનું હિમગિરિ વિભ્રમે, આઈ અંબર ગંગા. વિમલા૦ ૨.

કોઈ અનેરું જગ નહિ, એ તીરથ તોલે;
એમ શ્રીમુખ હરિ આગળે, શ્રી સીમંધર બોલે વિમલા૦ ૩.

જે સઘળાં તીરથ કહ્યાં, યાત્રા ફળ કહિએ;
તેહથી એ ગિરિ ભેટતાં, શતગણું ફલ લહિએ. વિમલા૦ ૪.

જન્મ સફલ હોય તેહનો, જે એ ગિરિ વંદે;
સુજસવિજય સંપદ લહે, તે નર ચિર નંદે. વિમલા૦ ૫.

## શ્રી શત્રુંજયની થોય

શ્રી શત્રુંજયમંડણ, ઋષભ જિણંદ દયાલ,
મરૂદેવાનંદન, વંદન કરૂં ત્રણ કાલ;
એ તીરથ જાણી, પૂર્વ નવ્વાણું વાર,
આદિશ્વર આવ્યા, જાણી લાભ અપાર. ૧

ત્રેવીશ તીર્થંકર, ચઢીયા ઇણ ગિરિરાય,
એ તીરથના ગુણ, સુર અસુરાદિક ગાય;
એ પાવન તીરથ, ત્રિભુવન નહિ તસ તોલે,
એ તીરથના ગુણ, સીમંધર મુખ બોલે. ૨

પુંડરિકગિરિ મહિમા, આગમમાં પ્રસિદ્ધ,





વિમલાચલ ભેટી, લહીએ અવિચલ રિદ્ધ;
પંચમી ગતિ પહોંચ્યા, મુનિવર ક્રોડાક્રોડ,
ઇણ તીરથે આવી, કર્મ વિપાક વિછોડ. ૩

શ્રી શત્રુંજય કેરી, અહોનિશ રક્ષાકારી,
શ્રી આદિ જિનેશ્વર, આણ હૃદયમાં ધારી;
શ્રી સંઘ વિઘનહર, કવડજક્ષ ગણ ભૂર,
શ્રી રવિબુધસાગર, સંઘના સંકટ ચૂર. ૪

## રાઈ પ્રતિક્રમણની વિધિ

૧. પ્રથમ પૂર્વ રીતે સામાયિક લેવું પછી

૨. ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! કુસુમિણ દુસુમિણ ઉડ્ડાવણી રાઈઅ પાયચ્છિત્ત વિસોહણત્થં કાઉસ્સગ્ગ કરું ? ઈચ્છં, કુસુમિણ દુસુમિણ ઉડ્ડાવણી રાઈઅ પાયચ્છિત્ત વિસોહણત્થં કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ૦ કહી ચાર લોગસ્સનો સાગરવરગંભીરા સુધીનો, ન આવડે તો સોળ નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી, પ્રગટ લોગસ્સ કહેવો. પછી,

૩. ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં, કહી જગચિંતામણિનું ચૈત્યવંદન કહી, જંકિંચિ, નમુત્થુણં, જાવંતિ ચેઈઆઈ, ખમાસમણ દઈ જાવંત કેવિ સાહુ, નમોऽર્હત્૦ કહી ઉવસગ્ગહરં અને જયવીયરાય કહેવું પછી,

૪. એક ખમાસમણ દઈ ભગવાનૂહં, બીજું ખમાસમણ દઈ આચાર્યહં, ત્રીજું ખમાસમણ દઈ ઉપાધ્યાયહં અને ચોથું ખમાસમણ દઈ, સર્વસાધુહં પછી ખમાસમણ દઈ, ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય સંદિસાહું ? ઈચ્છં, ખમાસમણ લઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય કરું ? ઈચ્છં, કહી એક નવકાર ગણીને ભરહેસરની સજ્ઝાય કહી, એક નવકાર ગણવો.

૫. પછી ઈચ્છકાર સુહરાઈનો પાઠ કહેવો. પછી ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! રાઈઅ પડિક્કમણે ઠાઉં ? ઈચ્છં, કહી, જમણો હાથ ચરવળા ઉપર સ્થાપીને સવ્વસ્સવિ રાઈઅ દુચ્ચિંતિય, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ મિચ્છા મિ દુક્કડં કહેવું. પછી,

૬. નમુત્થુણં, કરેમિભંતે, ઈચ્છામિ ઠામિ, તસ્સ ઉત્તરી, અન્નત્થ૦ કહી એક લોગસ્સ ચંદેસુ નિમ્મલયરા સુધીનો કાઉસ્સગ્ગ, ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી,

૭. પ્રગટ લોગસ્સ કહી, સવ્વલોએ અરિહંત ચેઈયાણં, અન્નત્થ૦ કહી એક લોગસ્સ ચંદેસુ નિમ્મલયરા સુધીનો કાઉસ્સગ્ગ કરવો. પછી,

૮. પુક્ખરવરદી, સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં વંદણ વત્તિયાએ, અન્નત્થ૦ કહી પંચાચારની આઠ ગાથાનો (ન આવડે તો આઠ નવકાર) કાઉસ્સગ્ગ કરવો.

૯. સિદ્ધાણં બુદ્ધાણં, કહીને ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહી બે વાંદણા લેવાં. પછી,

૧૦. ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! રાઈઅં આલોઉં ? ઈચ્છં, આલોએમિ જો મે રાઈઓ અઈયારોનો પાઠ કહેવો. પછી,

૧૧. સાત લાખ અને અઢાર પાપસ્થાનક કહી સવ્વસ્સવિ રાઈઅ દુચ્ચિંતિઅ, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ, ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈચ્છં, તસ્સ મિચ્છા મિ દુક્કડં કહેવું. પછી,

૧૨. (જમણો પગ ઉભો કરી) નવકાર, કરેમિભંતે, ઈચ્છામિ પડિક્કમિઉં જો મે રાઈઓનો૦ પાઠ કહી, વંદિત્તુ કહી બે વાંદણાં દેવા. પછી,

૧૩. અબ્ભુટ્ઠિઓ ખામીને બે વાંદણાં દેવાં. પછી,

૧૪. આયરિય ઉવજ્ઝાએ, કરેમિ ભંતે, ઈચ્છામિ ઠામિ, તસ્સ ઉત્તરી, અન્નત્થ૦ કહી તપચિંતવણીનો કાઉસ્સગ્ગ (ન આવડે તો સોળ નવકારનો કાઉસ્સગ્ગ) કરવો, પારીને પ્રગટ લોગસ્સ કહી છટ્ઠા આવશ્યકની મુહપત્તિ પડિલેહીને બે વાંદણાં દેવાં. પછી,





૧૫. સકલતીર્થ કહી યથાશક્તિ પચ્ચક્ખાણ કરવું. પછી,

૧૬. સામાયિક, ચઉવ્વિસત્થો, વાંદણાં, પડિક્કમણું, કાઉસ્સગ્ગ, પચ્ચક્ખાણ કર્યું છે જી (ધાર્યું હોય તો ધાર્યું છે જી) કહેવું પછી,

૧૭. ચૈત્યવંદન મુદ્રામાં ઈચ્છામો અણુસટ્ઠિં, નમો ખમાસમણાણં, નમોઽર્હત્૦ કહી, વિશાલલોચન કહેવું, સ્ત્રીએ સંસારદાવાની ત્રણ ગાથા બોલવી. પછી,

૧૮. નમુત્થુણં, અરિહંત ચેઈયાણં૦ અન્નત્થ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી નમોઽર્હત્૦ કહી કલ્લાણકંદંની પ્રથમ થોય કહેવી. પછી,

૧૯. લોગસ્સ, સવ્વલોએ અરિહંત ચેઈયાણં અને અન્નત્થ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, કલ્લાણકંદંની બીજી થોય કહેવી. પછી,

૨૦. પુક્ખરવરદી, સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં વંદણ વત્તિયાએ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, કલ્લાણકંદંની ત્રીજી થોય કહેવી.

૨૧. પછી સિદ્ધાણં બુદ્ધાણં, વેયાવચ્ચગરાણં, અન્નત્થ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, નમોઽર્હત્૦ કહી કલ્લાણકંદંની ચોથી થોય કહેવી.

૨૨. પછી નમુત્થુણં કહી, ખમાસમણ દઈ, ભગવાન્હં, આચાર્યહં, ઉપાધ્યાયહં અને સર્વસાધુહં દરેક ઠેકાણે ખમાસમણ દઈ કહેવું. પછી જમણો હાથ ચરવળા ઉપર સ્થાપી અઢ્ઢાઈજ્જેસુ કહેવું. પછી શ્રી સીમંધરસ્વામીના ત્રણ દુહા ખમાસમણ પૂર્વક કહેવા.

૨૩. પછી ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! શ્રી સીમંધરસ્વામી આરાધનાર્થે ચૈત્યવંદન કરું ? ઈચ્છં, કહી શ્રી સીમંધરસ્વામીનું ચૈત્યવંદન કહેવું. પછી જંકિંચિ, નમુત્થુણં, જાવંતિ ચેઈઆઈં, ખમાસમણ દઈ જાવંત કે વિ સાહૂ, નમોઽર્હત્૦

કહી શ્રી સીમંધરસ્વામીનું સ્તવન કહેવું, પછી જય વીયરાય, અરિહંત ચેઈયાણં, અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, નમોઽર્હત્‌૦ કહી શ્રી સીમંધર સ્વામીની થોય કહેવી. પછી શ્રી સિદ્ધાચલના ત્રણ દુહા ખમાસમણ પૂર્વક કહેવા.

૨૪. પછી ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! શ્રી સિદ્ધાચલજી આરાધનાર્થે ચૈત્યવંદન કરું ? ઈચ્છં, કહી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન કહેવું, પછી જંકિંચિ, નમુત્થુણં, જાવંતિ ચેઈયાઈં, ખમાસમણ દઈ જાવંત કે વિ સાહૂ, નમોઽર્હત્‌૦ કહી સિદ્ધાચલજીનું સ્તવન કહેવું. પછી જય વીયરાય, અરિહંત ચેઈયાણં અને અન્નત્થ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી, નમોઽર્હત્‌૦ કહી સિદ્ધાચલજીની થોય કહેવી. પછી ખમાસમણ દેવું.

૨૫. સામાયિક પારવાની વિધિ પ્રમાણે સામાયિક પારવું. (સ્થાપના સ્થાપેલી હોય તો સવળો હાથ રાખી એક નવકાર ગણવો.)

## રાજનગર પ્રશ્નોત્તરી

સ. ૬૧ પૂજાના મુખ્ય કેટલા ભેદ છે ? અને કયા કયા ?

જ. પૂજાના બે ભેદ છે (૧) દ્રવ્યપૂજા (૨) ભાવપૂજા

સ. ૬૨ દ્રવ્યપૂજા અને ભાવપૂજા એટલે શું ?

જ. દ્રવ્યપૂજા એટલે જલ ચંદન પુષ્પાદિ સામગ્રી વડે પ્રભુની પૂજા કરવી તે અને ભાવપૂજા એટલે ચૈત્યવંદન તથા પ્રભુના ગુણગાન આદિ કરવાં તે.

સ. ૬૩ દ્રવ્યપૂજા કેટલા પ્રકારની છે ?

જ. દ્રવ્યપૂજા પાંચ, આઠ, સત્તર, એકવીસ અને એકસો આઠ પ્રકારની છે.

સ. ૬૪. ભાવપૂજા કેટલા પ્રકારની છે ?

જ. ચૈત્યવંદન કરવું, સ્તુતિ બોલવી, ગીત, નૃત્ય, ભાવના ભાવવી વગેરે અનેક પ્રકારે છે.





સ. ૬૫ અષ્ટપ્રકારી પૂજાનાં નામ આપો.

જ. (૧) જલપૂજા (૨) ચંદનપૂજા (૩) પુષ્પપૂજા (૪) ધૂપપૂજા (૫) દીપકપૂજા (૬) અક્ષતપૂજા (૭) નૈવેદ્યપૂજા (૮) ફળપૂજા

સ. ૬૬ દ્રવ્યપૂજાના મુખ્ય કેટલા ભેદ છે ? અને કયા કયા ?

જ. બે ભેદ છે (૧) અંગપૂજા (૨) અગ્રપૂજા

સ. ૬૭ અંગપૂજા એટલે શું ? અને કઈ કઈ પૂજા અંગપૂજામાં ગણાય છે ?

જ. અંગપૂજા એટલે શુદ્ધ વસ્તુઓ વડે પ્રભુના શરીરે પૂજા થાય તે. પહેલી ત્રણ (૧) જલપૂજા (૨) ચંદનપૂજા (૩) પુષ્પપૂજા અંગપૂજામાં ગણાય છે.

સ. ૬૮ અગ્રપૂજા એટલે શું ? કઈ કઈ પૂજા અગ્રપૂજામાં ગણાય છે ?

જ. અગ્રપૂજા એટલે પ્રભુની સામે રહી પૂજા થાય તે, છેલ્લી પાંચ પૂજાઓ અગ્રપૂજાઓમાં ગણાય છે.
(૪) ધૂપપૂજા (૫) દીપકપૂજા (૬) અક્ષતપૂજા (૭) નૈવેદ્ય પૂજા (૮) ફળપૂજા

સ. ૬૯ પંચામૃત એટલે શું ?

જ. દૂધ, દહીં, ઘી, સાકર અને પાણી.

સ. ૭૦ જળપૂજા એટલે શું ?

જ. જળપૂજા એટલે પ્રથમ પંચામૃતથી પ્રભુને અભિષેક કરી પછી પાણીથી પ્રક્ષાલ કરવો તે.

સ. ૭૧ ચંદનપૂજા એટલે શું ?

જ. ચંદનપૂજા એટલે કેસર, સુખડ, બરાસ, કસ્તૂરી વગેરેથી પ્રભુની પૂજા કરવી તે.

સ. ૭૨ પુષ્પપૂજા એટલે શું ?

જ. પુષ્પપૂજા એટલે સુગંધી રંગબેરંગી અને ભાતભાતનાં ઉત્તમ ફૂલો પ્રભુને ચઢાવવાં તે.

સ. ૭૩ ધૂપપૂજા એટલે શું ?

જ. ધૂપપૂજા એટલે પ્રભુની સામે ઊભા રહીને દશાંગ કપૂર અગરબત્તી ચંદન વગેરેનો ધૂપ કરવો તે.

સ. ૭૪ દીપકપૂજા એટલે શું ?

જ. પ્રભુની સામે ઉભા રહીને આરતી મંગળદીવો ઉતારવો તે અથવા પ્રભુની આગળ દીપક ધરવો તે.

સ. ૭૫ અક્ષતપૂજા એટલે શું ?

જ. અક્ષતપૂજા એટલે પ્રભુની સામે ચોખાનો સાથીયો કરવો તે.

સ. ૭૬ નૈવેદ્યપૂજા એટલે શું ?

જ. નૈવેદ્યપૂજા એટલે સાથીયા ઉપર પતાસું, સાકર, પેંડા, બરફી, વગેરે મૂકવું તે.

સ. ૭૭ ફળપૂજા એટલે શું ?

જ. ફળપૂજા એટલે સિદ્ધશિલા ઉપર શ્રીફળ, બદામ, સોપારી, નારંગી, મોસંબી, કેરી, જામફળ વગેરે મૂકવાં.

સ. ૭૮ દેવગતિ અને મનુષ્યગતિમાં કોણ જાય ?

જ. જે જીવ દાન, શીલ, તપ, ભાવના, જિનપૂજા, સામાયિક વગેરે ઉત્તમ કાર્યો કરે તે.

સ. ૭૯ તિર્યંચગતિમાં કોણ જાય ?

જ. હૃદયમાં આંટી ઘૂંટી રાખનારા, ઠગાઈ કરનાર, પ્રપંચી, શલ્યવાળા વગેરે તિર્યંચગતિમાં જાય છે.

સ. ૮૦ નરકગતિમાં કોણ જાય ?

જ. જે મનુષ્ય અગર તિર્યંચ ઘણાં ભયંકર પાપ કરે તે નરકમાં જાય. જેમકે પંચેન્દ્રિય પ્રાણીનો વધ કરે માંસાહાર વગેરે કરે તે.





## ચંદનબાળાની સ્ટોરી

જૈન ધર્મના ૨૪માં તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી જ્યારે છદ્મસ્થ અવસ્થામાં હતા, ત્યારે તેમણે એક અત્યંત કઠિન અને અસંભવ જેવો 'અભિગ્રહ' ધારણ કર્યો હતો. તેમણે નક્કી કર્યું હતું કે જો મારો ધારેલો સંકલ્પ પૂરો થશે તો જ હું પારણું કરીશ. તેમની શરતો એવી હતી કે વહોરાવનાર સ્ત્રી રાજકુમારી હોય પણ દાસી બની હોય, તેના પગમાં લોખંડની બેડી હોય, માથું મૂંડેલું હોય અને તે ત્રણ દિવસની ભૂખી હોય. વળી, તેના હાથમાં અડદના બાકળા હોય અને આંખમાં આંસુની ધાર વહેતી હોય, તેનો એક પગ ઘરના ઉંબરાની અંદર અને બીજો પગ બહાર હોય તેવી સ્થિતિ જોઈએ.

આ બાજુ ચંપાનગરીની રાજકુમારી વસુમતી, યુદ્ધના કારણે અનાથ બની વેચાઈ ગઈ હતી. કૌશાંબીના ધનાવહ શેઠે તેને પોતાની દીકરી માની ઘરે લાવી તેનું નામ 'ચંદના' પાડ્યું. ચંદનાના રૂપ અને ગુણો જોઈ શેઠની પત્ની મૂળા શેઠાણી ઈર્ષ્યાની આગમાં બળી ઉઠી. ખોટી શંકાના વશ થઈ મૂળાએ ચંદના પર ભયંકર અત્યાચાર ગુજારવાનું નક્કી કર્યું. તેણે હજામ બોલાવી ચંદનાનું માથું મૂંડાવ્યું અને તેના પગમાં લોખંડની બેડીઓ જડી દીધી. ચંદનાને એક અંધારી કોટડીમાં પૂરી દીધી અને ત્રણ દિવસ સુધી તેને ભૂખી-તરસી રાખી.

ત્રણ દિવસ પછી બહારગામથી આવેલા શેઠને સત્યની ખબર પડી ત્યારે તેમનું હૃદય દ્રવી ઉઠ્યું. તેમણે ઘરમાં ખાવાની કાંઈ વસ્તુ ના હોવાને કારણે રડતા હૃદયે ચંદનાને ખાવા માટે સૂપડામાં પડેલા અડદના બાકળા આપ્યા. ચંદનાએ વિચાર્યું, 'હું ભલે આટલા દિવસની ભૂખી છું, પણ પહેલા કોઈ સાધુને વહોરાવીને જ જમીશ.' તેના અંતરની શુદ્ધિ અને ભક્તિ એટલી ઉચ્ચ હતી કે સ્વયં ભગવાન મહાવીર ત્યાં પધાર્યા. ચંદનબાળા આનંદિત થઈને ભગવાનને વહોરાવવા ઉંબરા સુધી દોડી ગઈ. ભગવાને જોયું કે અભિગ્રહની બધી શરતો મળી રહી હતી, પણ એક કમી હતી. ચંદનબાળાની આંખમાં આંસુ નહોતા, તેથી ભગવાન ભિક્ષા લીધા વગર

પાછા વળ્યા. ભગવાનને પાછા વળતા જોઈ ચંદનબાળાનું હૃદય ભરાઈ આવ્યું અને તે રડવા લાગી. 'હું કેટલી દુર્ભાગી કે પ્રભુ આંગણે આવ્યા છતાં વહોરાવી ન શકી,' એમ વિચારી અશ્રુધારા વહી. જેવા આંસુ પડ્યા, ભગવાને પાછા વળીને જોયું - અભિગ્રહ સંપૂર્ણ થયો હતો!

ભગવાને ચંદનબાળાના હાથે અડદના બાકળા વહોર્યા અને સાડા પાંચ મહિનાના ઉપવાસના પારણા કર્યા. તે જ ક્ષણે દેવોએ આકાશમાંથી રત્નોની વૃષ્ટિ કરી અને દુંદુભિના નાદ ગુંજી ઉઠ્યા. ચંદનબાળાના પગની બેડીઓ સોનાના ઝાંઝર બની ગઈ અને વાળ ફરી સુંદર થઈ ગયા. આ ચમત્કાર જોઈ રાજા શતાનિક અને રાણી મૃગાવતી પણ ત્યાં દોડી આવ્યા. ચંદનબાળાની પવિત્રતા જાણીને આખું નગર તેના ચરણે નમી પડ્યું. ભગવાન મહાવીરને કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી ચંદનબાળા તેમના પ્રથમ શિષ્યા બન્યા. તેઓ આર્યા ચંદનબાળા તરીકે ઓળખાયા અને હજારો સાધ્વીઓના વડા બન્યા.

**બોધઃ** આ કથા આપણને શીખવે છે કે શંકા સોનાની લંકાને પણ બાળી નાખે છે, જ્યારે અતૂટ શ્રદ્ધા અને શુદ્ધ ભાવ હોય તો સ્વયં ભગવાન પણ આંગણે પધારે છે. ચંદનબાળાનું જીવન તપ, શીલ અને નિઃસ્વાર્થ ભક્તિનું સર્વોત્તમ ઉદાહરણ છે. મૂળા શેઠાણીએ માત્ર ખોટી શંકાને કારણે પાપ કર્યું, જેનું ફળ તેને ભોગવવું પડ્યું. શંકા ભયંકર આર્તધ્યાન ને રૌદ્રધ્યાન કરાવે છે; જે આપણને નરકમાં લઈ જાય છે. ચંદનબાળાએ કઠિન પરિસ્થિતિમાં પણ પોતાની પવિત્રતા અને ધૈર્ય ગુમાવ્યું નહીં.





# મૌખિક - ધો. ૮

| | | |
|---|---|---|
| સૂત્ર | : સકલાર્હત્, સ્નાતસ્યા, સંતિકરમ્,<br>અજિતશાંતિ પુનરાવર્તન (સૂત્ર ૫૨ થી ૫૫)<br>મોટી શાન્તિ (સૂત્ર ૫૬) | ૩૫ |
| અર્થ | : કરેમિભંતે, સામાઈય વયજુત્તો સૂત્ર (શબ્દાર્થ) | ૧૦ |
| કાવ્ય | : ચૈત્યવંદન : કલ્પતરુવર કલ્પસૂત્ર...<br>સ્તવન - સુણજો સાજન...<br>થોય : પુણ્યનું પોષણ (૪ ગાથા) | ૧૫ |
| પચ્ચક્ખાણ | : નવકારશી, દિવસચરિમ, પાણહાર | ૧૦ |
| વિધિ | : દેવસિઅ પ્રતિક્રમણની વિધિ | ૨૦ |
| | રાજનગર પ્રશ્નોત્તરી : ૮૧ થી ૯૦ | ૧૦ |
| | | ૧૦૦ |

## (૫૬) મોટી શાન્તિ (બૃહચ્છાંતિ) સ્તોત્રમ્

ભો ભો ભવ્યાઃ ! શૃણુત વચનં પ્રસ્તુતં સર્વમેતદ્, યે યાત્રાયાં ત્રિભુવન-ગુરો-રાર્હતા ! ભક્તિભાજઃ ! તેષાં શાંતિર્ભવતુ ભવતા મર્હદાદિ- પ્રભાવા, દારોગ્યશ્રીધૃતિ-મતિકરી ક્લેશવિધ્વંસહેતુઃ. ॥૧॥

ભો ! ભો ! ભવ્યલોકાઃ ! ઈહ હિ ભરતૈરાવત વિદેહ સંભવાનાં સમસ્તતીર્થકૃતાં જન્મન્યાસન પ્રકમ્પાનન્તર-મવધિના વિજ્ઞાય, સૌધર્માધિપતિઃ સુઘોષાઘણ્ટા ચાલનાનન્તરં સકલ સુરાસુરેન્દ્રૈઃ સહ સમાગત્ય, સવિનય-મર્હદ્ભટ્ટારકં ગૃહીત્વા, ગત્વા કનકાદ્રિશૃઙ્ગે, વિહિતજન્માભિષેકઃ શાન્તિમુદ્ઘોષયતિ યથા, તતોઽહં કૃતાનુકાર-મિતિ કૃત્વા, મહાજનો યેન ગતઃ સ પન્થાઃ, ઈતિ ભવ્યજનૈઃ સહ સમેત્ય, સ્નાત્રપીઠે સ્નાત્રં વિધાય, શાન્તિમુદ્ઘોષયામિ, તત્પૂજા-યાત્રા-સ્નાત્રાદિ મહોત્સવાનન્તરમિતિ કૃત્વા કર્ણં

દત્વા નિશમ્યતાં નિશમ્યતાં સ્વાહા. ॥૨॥

ૐ પુણ્યાહં પુણ્યાહં, પ્રીયન્તાં પ્રીયન્તાં, ભગવંતોઙર્હન્તઃ સર્વજ્ઞાઃ સર્વદર્શિન-સ્ત્રિલોકનાથા-સ્ત્રિલોકમહિતા-સ્ત્રિલોકપૂજ્યા-સ્ત્રિલોકેશ્વરા-સ્ત્રિલોકોદ્યોતકરાઃ. ॥૩॥

ૐ ઋષભ અજિત સંભવ અભિનન્દન સુમતિ પદ્મપ્રભ સુપાર્શ્વ ચન્દ્રપ્રભ સુવિધિ શીતલ શ્રેયાંસ વાસુપૂજ્ય વિમલ અનન્ત ધર્મ શાન્તિ કુન્થુ અર મલ્લિ મુનિસુવ્રત નમિ નેમિ પાર્શ્વ વર્દ્ધમાનાન્તા જિનાઃ શાન્તાઃ શાન્તિકરા ભવન્તુ સ્વાહા. ॥૪॥

ૐ મુનયો મુનિપ્રવરા રિપુ-વિજય-દુર્ભિક્ષ-કાન્તારેષુ દુર્ગમાર્ગેષુ રક્ષન્તુ વો નિત્યં સ્વાહા. ॥૫॥

ૐ હ્રીં શ્રીં ધૃતિ મતિ કીર્તિ કાન્તિ બુદ્ધિ લક્ષ્મી મેધા વિદ્યાસાધન-પ્રવેશ-નિવેશનેષુ સુગૃહીત નામાનો જયન્તુ તે જિનેન્દ્રાઃ. ॥૬॥

ૐ રોહિણી પ્રજ્ઞપ્તિ વજ્રશૃઙ્ખલા વજ્રાઙ્કુશી અપ્રતિચક્રા પુરુષદત્તા કાલી મહાકાલી ગૌરી ગાન્ધારી સર્વાસ્ત્રા મહાજ્વાલા માનવી વૈરોટ્યા અચ્છુપ્તા માનસી મહામાનસી ષોડશ વિદ્યાદેવ્યો રક્ષન્તુ વો નિત્યં સ્વાહા. ॥૭॥

ૐ આચાર્યોપાધ્યાય-પ્રભૃતિ-ચાતુર્વર્ણસ્ય શ્રી શ્રમણસંઘસ્ય શાન્તિર્ભવતુ તુષ્ટિર્ભવતુ પુષ્ટિર્ભવતુ. ॥૮॥

ૐ ગ્રહાશ્ચન્દ્ર-સૂર્યાઙ્ગારક બુધ બૃહસ્પતિ શુક્ર શનૈશ્ચર રાહુ કેતુ સહિતાઃ સ લોકપાલાઃ સોમ યમ વરુણ કુબેર વાસવાદિત્ય સ્કન્દ વિનાયકોપેતાઃ, યે ચાન્યેઙપિ ગ્રામ નગર ક્ષેત્રદેવતાદયસ્તે સર્વે પ્રીયન્તામ્, પ્રીયન્તામ્ અક્ષીણ કોશ કોષ્ઠાગારા નરપતયશ્ચ ભવન્તુ સ્વાહા. ॥૯॥

ૐ પુત્ર મિત્ર ભ્રાતૃ કલત્ર સુહૃત્ સ્વજન સંબન્ધિ બન્ધુવર્ગ સહિતાઃ નિત્યં ચામોદ પ્રમોદ કારિણઃ, અસ્મિંશ્ચ ભૂમણ્ડલઆયતન નિવાસિ સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકાણાં રોગોપસર્ગ વ્યાધિ દુઃખ દુર્ભિક્ષ દૌર્મનસ્યોપશમનાય





શાંતિર્ભવતુ. ॥૧૦॥

ૐ તુષ્ટિ પુષ્ટિ ઋદ્ધિવૃદ્ધિ માંગલ્યોત્સવાઃ સદા પ્રાદુર્ભૂતાનિ પાપાનિ શામ્યન્તુ દુરિતાનિ, શત્રવઃ પરાઙ્મુખા ભવન્તુ સ્વાહા. ॥૧૧॥

શ્રીમતે શાન્તિનાથાય, નમઃ શાન્તિવિધાયિને,
ત્રૈલોક્યસ્યામરાધીશ, મુકુટાભ્યર્ચિતાઙ્ઘ્રયે. ॥૧૨॥

શાન્તિઃ શાન્તિકરઃ શ્રીમાન્, શાન્તિં દિશતુ મે ગુરુઃ,
શાન્તિરેવ સદા તેષાં, યેષાં શાન્તિર્ગૃહે ગૃહે. ॥૧૩॥

ઉન્મૃષ્ટ-રિષ્ટ-દુષ્ટ, ગ્રહગતિ દુઃસ્વપ્ન-દુર્નિમિત્તાદિ,
સંપાદિત હિત-સંપન્નામગ્રહણં જયતિ શાન્તેઃ. ॥૧૪॥

શ્રી સંઘ જગજ્જનપદ રાજાધિપ-રાજસન્નિવેશાનામ્,
ગોષ્ઠિક પુરમુખ્યાણાં, વ્યાહરણૈ-ર્વ્યાહરેચ્છાન્તિમ્. ॥૧૫॥

શ્રી શ્રમણસંઘસ્ય શાન્તિર્ભવતુ. શ્રી જનપદાનાં શાન્તિર્ભવતુ. શ્રીરાજાધિપાનાં શાન્તિર્ભવતુ. શ્રી રાજસન્નિવેશાનાં શાંતિર્ભવતુ. શ્રી ગોષ્ઠિકાનાં શાન્તિર્ભવતુ. શ્રી પૌરમુખ્યાણાં શાંતિર્ભવતુ, શ્રી પૌરજનસ્ય શાન્તિર્ભવતુ. શ્રી બ્રહ્મલોકસ્ય શાન્તિર્ભવતુ. ૐ સ્વાહા ૐ સ્વાહા ૐ શ્રી પાર્શ્વનાથાય સ્વાહા. ॥૧૬॥

એષાં શાન્તિઃ પ્રતિષ્ઠા યાત્રા સ્નાત્રાદ્યવસાનેષુ શાન્તિકલશં ગૃહીત્વા કુંકુમ ચન્દન કર્પૂરાગરુ ધૂપવાસ કુસુમાંજલિ સમેતઃ સ્નાત્રચતુષ્કિકાયાં શ્રી સંઘ સમેતઃ શુચિશુચિવપુઃ, પુષ્પ વસ્ત્ર ચન્દના ભરણાલઙ્કૃતઃ પુષ્પમાલાં કણ્ઠે કૃત્વા, શાન્તિમુદ્ઘોષયિત્વા શાન્તિપાનીયં મસ્તકે દાતવ્યમિતિ. ॥૧૭॥

નૃત્યન્તિ નૃત્યં મણિપુષ્પવર્ષં, સૃજન્તિ ગાયન્તિ ચ મંગલાનિ,
સ્તોત્રાણિ ગોત્રાણિ પઠન્તિ મન્ત્રાન્, કલ્યાણભાજો હિ જિનાભિષેકે. ॥૧૮॥

શિવમસ્તુ સર્વજગતઃ, પરહિત નિરતા ભવન્તુ ભૂતગણાઃ,
દોષાઃ પ્રયાન્તુ નાશં, સર્વત્ર સુખી ભવન્તુ લોકાઃ. ॥૧૯॥

અહં તિત્થયરમાયા, સિવાદેવી તુમ્હ નયરનિવાસિની;
અમ્હ સિવં, તુમ્હ સિવં, અસિવોવસમં સિવં ભવતુ સ્વાહા. ॥૨૦॥

ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ, છિદ્યન્તે વિઘ્નવલ્લયઃ,
મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે. ॥૨૧॥

સર્વ-મંગલ-માંગલ્યં, સર્વકલ્યાણ-કારણમ્,
પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્. ॥૨૨॥

## કરેમિ ભંતે સૂત્ર (સામાયિક દંડક સૂત્ર) અર્થ

| | | | |
|---|---|---|---|
| કરેમિ | - કરું છું. | કાએણં | - કાયાએ કરી. |
| ભંતે | - હે ભગવાન્ ! | ન કરેમિ | - ન કરું. |
| સામાઈયં | - સામાયિક. | ન કારવેમિ | - ન કરાવું. |
| સાવજ્જં | - પાપકારી. | તસ્સ | - (પૂર્વે કરેલ અપરાધ) થકી. |
| જોગં | - યોગનું | | |
| પચ્ચક્ખામિ | - પચ્ચક્ખાણ કરું છું. | પડિક્કમામિ | - પાછો હઠું છું. |
| નિયમં | - નિયમને. | નિંદામિ | - આત્મસાક્ષીએ નિંદું છું. |
| પજ્જુવાસામિ | - પર્યુપાસું - સેવું છું. | ગરિહામિ | - ગુરુસાક્ષીએ વિશેષ કરી નિંદું છું. |
| દુવિહં | - બે પ્રકારે. | | |
| તિવિહેણં | - ત્રણ પ્રકારે. | અપ્પાણં | - મારા આત્માને. |
| મણેણં | - મને કરી. | વોસિરામિ | - હું પાપ થકી વોસિરાવું છું. |
| વાયાએ | - વચને કરી. | | |

## સામાઈય વયજુત્તો સૂત્ર (સામાયિક પારવાનું સૂત્ર) અર્થ

| | | | |
|---|---|---|---|
| સામાઈયવય | - સામાયિક્ના વ્રતથી. | છિન્નઈ | - છેદાય છે. |
| | | અસુહં | - અશુભ. |
| જુત્તો | - સહિત. | કમ્મં | - કર્મ. |
| જાવ | - જ્યાં સુધી. | સામાઈઅ | - સામાયિક. |
| મણે | - મનમાં. | જત્તિઆ વારા | - જેટલી વાર |
| હોઈ | - હોય. | સામાઈઅંમિ | - સામાયિક. |
| નિયમસંજુત્તો | - નિયમથી યુક્ત. | | |





| | | | |
|---|---|---|---|
| ઉ | - વળી. | જમ્હા | - જે માટે. |
| કએ | - કર્યે છતે. | એએણ | - એ. |
| સમણો ઈવ | - સાધુની પેઠે. | કારણેણં | - કારણથી. |
| સાવઓ | - શ્રાવક. | બહુસો | - બહુવાર. |
| હવઈ | - હોય છે. | કુજ્જા | - કરવું. |

## કાવ્ય વિભાગ
## પર્યુષણપર્વનું ચૈત્યવંદન

કલ્પતરૂવર(સમ) કલ્પસૂત્ર, પૂરે મન વંછિત;
કલ્પધરે(સૂત્ર) ધુરથી સુણો, શ્રીમહાવીર ચરિત. ૧

ક્ષત્રિયકુંડે નરપતિ (ગ્રામ્યનગર), સિદ્ધારથ રાય;
રાણી ત્રિશલા તણી કૂખે, કંચન સમકાય ૨

પુષ્પોત્તરવરથી ચવ્યા એ, ઉપજ્યા પુણ્ય પવિત્ર;
ચતુરા ચૌદ સુપન લહે, ઉપજે વિનય વિનીત. ૩

## પર્યુષણપર્વનું સ્તવન

સુણજો સાજન સંત પજુસણ આવ્યા રે......
તમે પુણ્ય કરો પુણ્યવંત, ભવિક મન ભાવ્યાં રે....
વીર જિણેસર અતિ અલવેસર, વહાલા મારા, પરમેશ્વર એમ બોલે રે,
પર્વમાંહે પજુસણ મહોટાં, અવર ન આવે તસ તોલે. રે પજુ૦ ૧

ચઉપદમાં જેમ કેશરી મોટો, વહાલા૦ ખગમાં ગરૂડ તે કહીએ રે,
નદીમાંહી જેમ ગંગા મ્હોટી, નગમાં મેરૂ લહીએ રે. પજુ૦ ૨

ભૂપતિમાં ભરતેશ્વર ભાખ્યો, વહાલા૦ દેવ માંહે સુરઈન્દ્ર રે,
તીરથમાં શત્રુંજય દાખ્યો, ગ્રહગણમાં જેમ ચંદ્ર રે. પજુ૦ ૩

દશરા દિવાળી ને વળી હોળી, વહાલા૦ અખાત્રીજ દિવાસો રે,
બળેવ પ્રમુખ બહુલાં છે બીજાં, પણ નહિ મુક્તિનો વાસો રે. પજુ૦ ૪

તે માટે તમે અમર પળાવો, વહાલા૦ અટ્ઠાઈ મહોત્સવ કીજે રે,
અટ્ઠમતપ અધિકાઈએ કરીને, નરભવ લાહો લીજે રે. પજુ૦ ૫

ઢોલ દદામા ભેરી નફેરી, વહાલા૦ કલ્પસૂત્રને જગાવો રે,
ઝાંઝરના ઝમકાર કરીને, ગૌરીની ટોળી મળી આવો રે. પજુ૦ ૬

સોના રૂપાના ફૂલડે વધાવો, વહાલા૦ કલ્પસૂત્રને પૂજો રે,
નવ વખાણ વિધિએ સાંભળતા, પાપ મેવાસી ધ્રુજ્યા રે. પજુ૦ ૭

એમ અટ્ઠાઈ મહોત્સવ કરતાં, વહાલા૦ બહુજીવ જગ ઉદ્ધરીયા રે,
વિબુધ વિમલ વર સેવક નય કહે, નવ નિધિ ઋદ્ધિ સિદ્ધિવરીયા રે. પજુ૦ ૮

## પર્યુષણપર્વની થોય

પુણ્યનું પોષણ પાપનું શોષણ, પર્વ પજુસણ પામીજી,
કલ્પ ઘરે પધરાવો સ્વામી, નારી કહે શિર નામીજી;
કુંવર ગયવર ખંધે ચઢાવી, ઢોલ નિશાન વજડાવોજી,
સદ્‌ગુરુ સંગે ચઢતે રંગે, વીરચરિત્ર સુણાવોજી. ૧

પ્રથમ વખાણે ધર્મસારથીપદ, બીજે સુપના ચારજી,
ત્રીજે સુપન પાઠક વળી ચોથે, વીર જનમ અધિકારજી;
પાંચમે દીક્ષા છટ્ઠે શિવપદ, સાતમે જિન ત્રેવીશજી,
આઠમે થિરાવલી સંભળાવી, પિયૂડા પૂરો જગીશજી. ૨

છટ્ઠ અટ્ઠમ અટ્ઠાઈ કીજે, જિનવર ચૈત્ય નમીજે જી,
વરસી પડિક્કમણું મુનિ વંદન, સંઘ સયલ ખામીજેજી;
આઠ દિવસ લગે અમર પળાવી, દાન સુપાત્રે દીજેજી,
ભદ્રબાહુ ગુરુ વયણ સુણીને, જ્ઞાન સુધારસ પીજેજી. ૩





તીરથમાં વિમલાચલ ગિરિમાં, મેરુ મહીધર જેમજી,
મુનિવરમાંહિ જિનવર મોટા, પર્વ પજુસણ તેમજી;
અવસર પામી સાહમ્મિવચ્છલ, બહુ પકવાન્ન વડાઈજી,
ખિમાવિજય જિન દેવી સિદ્ધાઈ, દિન દિન અધિક વધાઈજી. ૪

## પચ્ચક્ખાણ – નવકારશી

ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ, (પચ્ચક્ખામિ) ચઉવ્વિહં પિ આહારં, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઇ. (વોસિરામિ.)

(પચ્ચક્ખાણ પોતાને લેવાનું હોય તો પચ્ચક્ખાઇ અને વોસિરઇ ના સ્થાને અનુક્રમે પચ્ચક્ખામિ અને વોસિરામિ બોલવું.)

(ગુરુ ભગવંત પચ્ચક્ખાણ આપતા હોય તો તેઓ પચ્ચક્ખાઇ/ વોસિરઇ બોલે ત્યારે આપણે પચ્ચક્ખામિ/ વોસિરામિ બોલવું.)

## પોરિસિ - સાડ્ઢપોરિસિ

ઉગ્ગએ સૂરે પોરિસિં સાડ્ઢપોરિસિં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ) ઉગ્ગએ સૂરે ચઉવ્વિહં પિ આહારં, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઇ (વોસિરામિ.)

## ચોવિહાર - તિવિહાર - દુવિહાર

દિવસચરિમં પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ) ચઉવ્વિહં પિ આહારં (તિવિહં પિ આહારં દુવિહં પિ આહારં) અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વ સમાહિવત્તિયાગારેણં, વોસિરઇ. (વોસિરામિ.)

તિવિહારમાં અસણં ખાઈમં, સાઈમં અને દુવિહારમાં અસણં, ખાઈમં બોલવું.

## પાણહાર

પાણહાર દિવસચરિમં પચ્ચક્ખાઇ (પચ્ચક્ખામિ), અન્નત્થણાભોગેણં સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વમાહિવત્તિયાગારેણં વોસિરઇ. (વોસિરામિ.)

## દેવસિઅ પ્રતિક્રમણની વિધિ

૧ પ્રથમ સામાયિક લેવું

૨ પછી પાણી વાપર્યુ હોય તો ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! મુહપત્તિ પડિલેહું ? ઈચ્છં, કહી મુહપત્તિ પડિલેહવી.

૩ આહાર વાપર્યો હોય તો બે વાંદણા દેવા. (બીજા વાંદણામાં ''આવસ્સિયાએ'' પાઠ ન કહેવો.)

૪ પછી ઈચ્છકારી ભગવન્ પસાય કરી પચ્ચક્ખાણનો આદેશ દેશોજી, એમ કહી યથાશક્તિ પચ્ચક્ખાણ કરવું.

૫ પછી ખમાસમણ દઈ, ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં, કહી ચૈત્યવંદન કરવું.

૬ પછી જંકિંચિ, નમુત્થુણં, અરિહંતચેઈયાણં, અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી. પારી નમોઽર્હત્ કહીને પહેલી થોય કહેવી. પછી,

૭ લોગસ્સ, સવ્વલોએ અરિહંત ચેઈયાણં અન્નત્થ૦ કહી, એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને બીજી થોય કહેવી. પછી,

૮ પુક્ખરવરદી, સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં, વંદણવત્તિયાએ, અન્નત્થ૦ કહી, એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને ત્રીજી થોય કહેવી. પછી,

૯ સિદ્ધાણં બુદ્ધાણં૦ વેયાવચ્ચગરાણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને નમોઽર્હત્૦ કહી ચોથી થોય કહેવી, પછી,





૧૦ બેસીને નમુત્થુણં કહેવું. પછી,

૧૧ એક ખમાસમણ દઈ ભગવાન્હં, બીજું ખમાસમણ દઈ આચાર્યહં, ત્રીજું ખમાસમણ દઈ ઉપાધ્યાયહં અને ચોથું ખમાસમણ દઈ સર્વસાધુહં, કહેવું પછી,

૧૨ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દેવસિઅ પડિક્કમણે ઠાઉં ? ઈચ્છં, કહી જમણો હાથ (ચરવળા કે કટાસણા ઉપર) થાપી સવ્વસ્સવિ દેવસિઅ દુચ્ચિંતિઅ, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ મિચ્છા મિ દુક્કડં, કહેવું. પછી,

૧૩ કરેમિ ભંતે, ઈચ્છામિ ઠામિ, તસ્સ ઉત્તરી, અન્નત્થ૦ કહી, પંચાચારની આઠ ગાથાનો કાઉસ્સગ્ગ કરવો. આઠ ગાથા ન આવડે તો આઠ નવકારનો કાઉસ્સગ્ગ કરવો. પારીને, લોગસ્સ કહેવો. પછી ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહી બે વાંદણાં દેવાં.

૧૪ પછી ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દેવસિઅં આલોઉં ? ઈચ્છં, આલોએમિ જો મે દેવસિઓ૦નો પાઠ કહેવો.

૧૫ પછી સાત લાખ અને અઢાર પાપસ્થાનક કહેવા.

૧૬ પછી સવ્વસ્સવિ દેવસિઅ, દુચ્ચિંતિઅ, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ, ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈચ્છં, તસ્સ મિચ્છા મિ દુક્કડં કહેવું પછી,

૧૭ બેસીને જમણો પગ ઉંચો રાખીને એક નવકાર, કરેમિભંતે, ઈચ્છામિ પડિક્કમિઉં કહીને વંદિત્તુ કહી બે વાંદણાં દેવાં. પછી,

૧૮ અબ્ભુટ્ઠિઓ ખામીને બે વાંદણાં દેવા. પછી,

૧૯ આયરિઅ ઉવજ્ઝાએ, કરેમિ ભંતે, ઈચ્છામિ ઠામિ, તસ્સ ઉત્તરી, અન્નત્થ૦ કહી બે લોગસ્સનો કાઉસ્સગ્ગ (ચંદેસુ નિમ્મલયરા સુધી), ન આવડે તો આઠ નવકારનો કાઉસ્સગ્ગ કરવો. પારીને,

૨૦ પ્રગટ લોગસ્સ, સવ્વલોએ અરિહંત ચેઈયાણં, અન્નત્થ૦ કહી એક

લોગસ્સ ચંદેસુ નિમ્મલયરા સુધી (ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો). પારીને,

૨૧ પુક્ખરવરદી, સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં વંદણ વત્તિયાએ કહી અન્નત્થ૦ કહી, એક લોગસ્સનો કાઉસ્સગ્ગ (ચંદેસુ નિમ્મલયરા સુધી) કરવો, ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો. પારીને,

૨૨ સિદ્ધાણં બુદ્ધાણં૦ કહી, સુઅદેવયાએકરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ૦ કહી, એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને નમોડર્હત્૦ કહી પુરુષે સુઅદેવયાની થોય કહેવી અને સ્ત્રીએ કમલદલની થોય કહેવી. પછી,

૨૩ ખિત્તદેવયાએ કરેમિ કાઉસ્સગં અન્નત્થ૦ કહી, એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી નમોડર્હત્૦ કહી, પુરુષે જીસેખિત્તે સાહૂની થોય કહેવી, અને સ્ત્રીએ યસ્યાઃ ક્ષેત્રં સમાશ્રિત્યની થોય કહેવી. પછી,

૨૪ એક નવકાર ગણી, છટ્ઠા આવશ્યકની મુહપત્તિ પડિલેહી બે વાંદણાં દેવાં. પછી,

૨૫ સામાયિક, ચઉવ્વિસત્થો, વાંદણાં, પડિક્કમણું, કાઉસ્સગ્ગ, પચ્ચક્ખાણ કર્યુ છે જી (એમ કહી છ આવશ્યક સંભારવા.) પછી,

૨૬ ઇચ્છામો અણુસટ્ઠિં, નમો ખમાસમણાણં નમોડર્હત્૦ કહીને પુરુષે નમોડસ્તુવર્ધમાનાય કહેવું. સ્ત્રીએ સંસારદાવાની ત્રણ થોયો કહેવી. પછી,

૨૭ નમુત્થુણં કહી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સ્તવન ભણું ? ઇચ્છં, નમોડર્હત્૦ કહી સ્તવન કહેવું. પછી,

૨૮ (માત્ર પુરુષોએ) વરકનક કહી ચાર ખમાસમણ વડે ભગવાનાહં આદિને વાંદવા. પછી જમણો હાથ (ચરવળા ઉપર) થાપી અઢ્ઢાઇજ્જેસુ૦ કહેવું. પછી,

૨૯ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દેવસિઅ પાયચ્છિત્ત વિસોહણત્થં કાઉસ્સગ્ગ કરું ? ઇચ્છં, દેવસિઅ પાયચ્છિત્ત વિસોહણત્થં કરેમિ





કાઉસ્સગ્ગં અન્નત્થ૦ કહી ચાર લોગસ્સનો (ચંદેસુ નિમ્મલયરા સુધી) કાઉસ્સગ્ગ કરવો. ન આવડે તો સોળ નવકારનો કાઉસ્સગ્ગ કરવો. પારી લોગસ્સ કહેવો. પછી,

૩૦ ખમાસમણ દઇ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય સંદિસાહુ ? ઇચ્છં, ખમાસમણ દઇ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય કરું ? ઇચ્છં, કહી એક નવકાર ગણી સજ્ઝાય કહેવી પછી એક નવકાર ગણવો. પછી,

૩૧ ખમાસમણ દઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દુક્ખક્ખય કમ્મક્ખય નિમિત્તં કાઉસ્સગ્ગ કરું ? 'ઇચ્છં' દુક્ખક્ખય કમ્મક્ખય નિમિત્તં કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ કહી સંપૂર્ણ ચાર લોગસ્સનો (ન આવડે તો સોળ નવકારનો) કાઉસ્સગ્ગ કરવો. પારીને નમોડર્હત્૦ કહી લઘુશાંતિ કહી, પ્રગટ લોગસ્સ કહેવો. પછી,

૩૨ ખમાસમણ દઇ ઇરિયાવહીયં૦ તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સ, ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી પ્રગટ લોગસ્સ કહેવો. પછી,

૩૩ ચૈત્યવંદન મુદ્રામાં, ચઉક્કસાય૦ નમુત્થુણં૦ જાવંતિચેઇઆઇં૦ ખમાસમણ દઇ જાવંત કે વિ સાહૂ૦ કહી નમોડર્હત્૦ કહી ઉવસગ્ગહરં૦ અને જયવીયરાય કહેવું પછી,

૩૪ ખમાસમણ દઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં, કહી મુહપત્તિ પડિલેહવી. પછી, ખમાસમણ દઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક પારું ? યથાશક્તિ. બીજું ખમાસમણ દઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક પાર્યુ ? તહત્તિ કહી

૩૫ જમણો હાથ (ચરવળા ઉપર) સ્થાપી એક નવકાર ગણીને સામાઇઅ વયજુત્તો કહેવો. પછી, સ્થાપના સ્થાપેલી હોય તો સવળો હાથ રાખી એક નવકાર ગણવો.

## રાજનગર પ્રશ્નોત્તરી

સ. ૮૧ શ્રી જિનેશ્વર ભગવાને ધર્મ કેટલા પ્રકારે કહ્યો છે ?

જ. શ્રી જિનેશ્વર ભગવાને ધર્મ બે પ્રકારે કહ્યો છે (૧) સાધુ ધર્મ, (૨) શ્રાવક ધર્મ.

સ. ૮૨ પ્રભુનાં દર્શન કરવાથી શો લાભ થાય ?

જ. પ્રભુ અઢાર દૂષણોથી રહિત અને સર્વ ગુણોએ સહિત છે, તેથી તેમનાં દર્શન કરવાથી આપણો આત્મા તેમના તરફ વળે છે, દોષો જતા રહે છે અને ગુણો પ્રગટ થાય છે. ટૂંકાણમાં પ્રભુનાં દર્શન કરવાથી પ્રભુ જેવા ગુણો આવે છે અને દોષો જતા રહે છે.

સ. ૮૩ કલ્યાણક એટલે શું ? અને તેનાં નામ આપો.

જ. કલ્યાણક એટલે કલ્યાણ કરનારા દિવસો. અર્થાત્ જે દિવસોમાં તીર્થંકર પરમાત્મા દેવગતિમાંથી કે નરકગતિમાંથી ચ્યવી માતાની કુક્ષિમાં આવે, જન્મ પામે, દીક્ષા લે, કેવળજ્ઞાન પામે અને મોક્ષે જાય તે પવિત્ર દિવસો.

(૧) ચ્યવન (૨) જન્મ (૩) દીક્ષા (૪) કેવળજ્ઞાન (૫) મોક્ષ. આ પાંચ કલ્યાણક છે.

સ. ૮૪ શ્રી મહાવીર પ્રભુનાં પાંચ કલ્યાણક ક્યારે ક્યારે થયાં ?

જ.

| | |
|---|---|
| ચ્યવન કલ્યાણક | અષાઢ સુદ ૬ |
| જન્મ કલ્યાણક | ચૈત્ર સુદ ૧૩ |
| દીક્ષા કલ્યાણક | કારતક વદ ૧૦ |
| કેવલજ્ઞાન કલ્યાણક | વૈશાખ સુદ ૧૦ |
| મોક્ષ કલ્યાણક | આસો વદ ૦)) |

સ. ૮૫ ત્રેસઠ શલાકા પુરુષ કયા કયા ?

જ. ૨૪ તીર્થંકર, ૯ વાસુદેવ, ૯ બળદેવ, ૯ પ્રતિવાસુદેવ, ૧૨ ચક્રવર્તી.





સ. ૮૬ વધુમાં વધુ અને ઓછામાં ઓછા તીર્થંકરો, કેવલજ્ઞાનીઓ અને સાધુઓ કેટલી સંખ્યામાં વિચરે ?

જ. વધુમાં વધુ તીર્થંકરો ૧૭૦, કેવલજ્ઞાનીઓ ૯ ક્રોડ અને સાધુઓ ૯ હજાર ક્રોડ (૯૦ અબજ) વિચરે, ઓછામાં ઓછા તીર્થંકરો ૨૦, કેવળજ્ઞાનીઓ ૨ ક્રોડ અને સાધુઓ બે હજાર ક્રોડ (૨૦ અબજ) વિચરે.

સ. ૮૭ ત્રણેય લોકમાં શાશ્વતાં દહેરાસરો કેટલાં છે ?

જ. ૮,૫૭,૦૦,૨૮૨ (આઠ ક્રોડ, સત્તાવન લાખ, બસો બ્યાસી).

સ. ૮૮ ત્રણેય લોકમાં શાશ્વતી પ્રતિમાઓ કેટલી છે ?

જ. ૧૫,૪૨,૫૮,૩૬,૦૮૦ (પંદર અબજ, બેતાલીશ ક્રોડ, અઠ્ઠાવન લાખ, છત્રીશ હજાર, એંશી).

સ. ૮૯ થોય જોડાની દરેક ગાથામાં કોની કોની સ્તુતિ હોય છે ?

જ. પહેલી ગાથામાં જે મુખ્ય ભગવાનની થોય હોય તે ભગવાનની, બીજી ગાથામાં સર્વ શ્રી જિનેશ્વર ભગવાનની, ત્રીજી ગાથામાં જ્ઞાનની અને ચોથી ગાથામાં શાસનના અધિષ્ઠાયક દેવ દેવીઓની સ્તુતિ હોય છે.

સ. ૯૦ મુહપત્તિ, ચરવળો, કટાસણું એટલે શું ? અને તે કેટલા માપનું હોય છે ?

જ. મુહપત્તિ, એટલે સામાયિક, પ્રતિક્રમણ આદિમાં બોલતી વખતે મોં આગળ રાખવાનું કપડું. તે એક વેંત અને ચાર આંગળનું હોય છે.

ચરવળો એટલે જતાં આવતાં બેસતાં ઊઠતાં જીવરક્ષા કરવાનું ઉપકરણ. તે બત્રીસ આંગળનો હોય છે. તેની ગણતરી ચોવીસ આંગળની દાંડી અને આઠ આંગળની દશીઓની હોય છે.

કટાસણું એટલે બેસવા માટેનું ગરમ આસન. તે એક ગજનું હોય છે. ત્રણ ઉપકરણો જીવરક્ષા માટે રાખવામાં આવે છે.

## મૌખિક - ધો. ૯

| | | | |
|---|---|---|---|
| સૂત્ર | : | અતિચાર સંપૂર્ણ (સૂત્ર ૫૭) | ૫૦ |
| કાવ્ય | : | પ્રભુવીરનું હાલરડું | ૨૦ |
| પચ્ચક્ખાણ | : | આયંબિલ, નીવિ, એકાસણું, બિયાસણું, તિવિહાર - ચઉવિહાર ઉપવાસ | ૧૦ |
| કર્મ | : | (૧) જ્ઞાનાવરણીય કર્મ | |
| | | (૨) દર્શનાવરણીય કર્મ | ૨૦ |
| | | | ૧૦૦ |

### (૫૭) શ્રાવકના અતિચાર

નાણંમિ દંસણંમિ અ, ચરણંમિ તવંમિ તહ ય વીરિયંમિ,
આયરણં આયારો, ઈય એસો પંચહા ભણિઓ ॥૧॥

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર, એ પંચવિધ આચારમાંહિ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હુ મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં. ॥૧॥

તત્ર જ્ઞાનાચારે આઠ અતિચાર, કાલે વિણએ બહુમાણે,
ઉવહાણે તહ અનિન્હવણે,
વંજણ અત્થ તદુભએ અટ્ઠવિહો નાણમાયારો ॥૨॥

જ્ઞાન કાળવેળાએ ભણ્યો, ગણ્યો નહીં, અકાલે ભણ્યો વિનયહીન, બહુમાનહીન, યોગ ઉપધાનહીન, અનેરા કન્હે ભણી અનેરો ગુરુ કહ્યો. દેવ ગુરુ વાંદણે પડિક્કમણે, સજ્ઝાય કરતાં ભણતાં ગુણતાં, કૂડો અક્ષર કાને





માત્રાએ અધિકો ઓછો ભણ્યો. સૂત્ર કૂડું કહ્યું, અર્થ કૂડો કહ્યો, તદુભય કૂડાં કહ્યાં, ભણીને વિસાર્યાં.

સાધુતણે ધર્મે કાજો અણઉદ્ધર્યે, દાંડો અણપડિલેહે, વસતિ અણશોધે, અણપવેસે, અસજ્ઝાય અણોજ્ઝાયમાંહે શ્રી દશવૈકાલિક પ્રમુખ સિદ્ધાંત ભણ્યો ગુણ્યો. શ્રાવકતણે ધર્મે સ્થવિરાવલિ, પડિક્કમણાં, ઉપદેશમાળા પ્રમુખ સિદ્ધાંત ભણ્યો ગુણ્યો, કાળવેળાએ કાજો અણઉદ્ધર્યે પઢ્યો. જ્ઞાનોપગરણ પાટી, પોથી, ઠવણી, કવલી, નવકારવાળી, સાપડા, સાપડી, દસ્તરી, વહી, ઓલિયા પ્રમુખ પ્રત્યે પગ લાગ્યો, થૂંક લાગ્યું, થૂંકે કરી અક્ષર માંજ્યો, ઓશીસે ધર્યો, કન્હે છતાં આહાર નિહાર કીધો, જ્ઞાનદ્રવ્ય ભક્ષતાં ઉપેક્ષા કીધી, પ્રજ્ઞાપરાધે વિણાશ્યો, વિણસતાં ઉવેખ્યો, છતી શક્તિએ સારસંભાળ ન કીધી, જ્ઞાનવંત પ્રત્યે દ્વેષ, મત્સર ચિંતવ્યો, અવજ્ઞા આશાતના કીધી. કોઈ પ્રત્યે ભણતાં ગુણતાં અંતરાય કીધો, આપણા જાણપણાતણો ગર્વ ચિંતવ્યો. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન, એ પંચવિધ જ્ઞાન તણી અસદ્દહણા કીધી, કોઈ તોતડો, બોબડો દેખી હસ્યો, વિતર્ક્યો અન્યથા પ્રરૂપણા કીધી. જ્ઞાનાચાર વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ॥૨॥

દર્શનાચારે આઠ અતિચાર,
નિસ્સંકિઅ નિક્કંખિઅ, નિવ્વિતિગિચ્છા અમૂઢદિટ્ઠિઅ ।
ઉવવૂહ થિરીકરણે, વચ્છલ્લપ્પભાવણે અટ્ઠ ॥૩॥

દેવ, ગુરુ ધર્મતણે વિષે નિઃશંકપણું ન કીધું. તથા એકાંત નિશ્ચય ન કીધો, ધર્મ સંબંધીયા ફલતણે વિષે નિઃસંદેહ બુદ્ધિ ધરી નહીં, સાધુ સાધ્વીનાં મલ મલિન ગાત્ર દેખી દુગંછા નીપજાવી. કુચારિત્રીયા દેખી ચારિત્રીયા ઉપર અભાવ હુઓ, મિથ્યાત્વીતણી પૂજા પ્રભાવના દેખી મૂઢદષ્ટિપણું કીધું, તથા સંઘમાંહે ગુણવંતતણી અનુપબૃંહણા કીધી. અસ્થિરીકરણ, અવાત્સલ્ય, અપ્રીતિ, અભક્તિ નીપજાવી, અબહુમાન કીધું, તથા દેવદ્રવ્ય, ગુરુદ્રવ્ય,

જ્ઞાનદ્રવ્ય, સાધારણદ્રવ્ય, ભક્ષિત ઉપેક્ષિત પ્રજ્ઞાપરાધે વિણાસ્યાં, વિણસતાં ઉવેખ્યાં, છતી શક્તિએ સાર સંભાળ ન કીધી,, તથા સાધર્મિક સાથે કલહ કર્મબંધ કીધો, અધોતી, અષ્ટપડ મુખકોશ પાખે દેવપૂજા કીધી, બિંબપ્રત્યે વાસકૂંપી, ધૂપધાણું કળશતણો ઠબકો લાગ્યો. બિંબ હાથ થકી પાડ્યું. ઊસાસ નિઃસાસ લાગ્યો. દેહરે, ઉપાશ્રયે, મલ શ્લેષ્માદિક લોહ્યું, દેહરામાંહે હાસ્ય, ખેલ, કેલિ, કુતૂહલ, આહાર, નિહાર કીધાં, પાન, સોપારી, નિવેદીયાં ખાધાં, ઠવણાયરિય હાથથકી પાડ્યા, પડિલેહવા વિસાર્યા. જિનભવને ચોરાશી આશાતના, ગુરુ ગુરુણી પ્રત્યે તેત્રીશ આશાતના કીધી હોય, ગુરુ વચન તહત્તિ કરી પડિવજ્યું નહીં, દર્શનાચાર વિષઈઓ એનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ॥૩॥

ચારિત્રાચારે આઠ અતિચાર,
પણિહાણ જોગજુત્તો, પંચહિં સમિઈહિં તીહિં ગુત્તીહિં ।
એસ ચરિત્તાયારો, અટ્ઠવિહો હોઈ નાયવ્વો ॥૪॥

ઈર્યાસમિતિ તે અણજોયે હિંડ્યા, ભાષાસમિતિ તે સાવદ્ય વચન બોલ્યા, એષણાસમિતિ તે તૃણ, ડગલ, અન્ન, પાણી, અસૂઝતું લીધું. આદાનભંડમત્ત નિક્ખેવણા સમિતિ તે આસન, શયન, ઉપકરણ, માત્રુ પ્રમુખ અણપૂંજી જીવાકુળ ભૂમિકાએ મૂક્યું લીધું. પારિષ્ઠાપનિકા સમિતિ તે મલ, મૂત્ર, શ્લેષમાદિક અણપૂંજી જીવાકુળ, ભૂમિકાએ પરઠવ્યું. મનોગુપ્તિ મનમાં આર્તરૌદ્ર ધ્યાન ધ્યાયાં. વચનગુપ્તિ સાવદ્ય વચન બોલ્યાં. કાયગુપ્તિ શરીર અણપડિલેહ્યું હલાવ્યું, અણપૂંજે બેઠા. એ અષ્ટ પ્રવચનમાતા સાધુતણે ધર્મે સદૈવ અને શ્રાવકતણે ધર્મે સામાયિક પોસહ લીધે રૂડી પેરે પાળ્યા નહીં, ખંડણા વિરાધના હુઇ, ચારિત્રાચાર વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ॥૪॥





વિશેષતઃ શ્રાવકતણે ધર્મે શ્રીસમ્યક્ત્વ મૂલ બાર વ્રત, સમ્યક્ત્વતણા પાંચ અતિચાર,

**સંકા કંખ વિગિચ્છા.** **શંકા** શ્રી અરિહંતતણાં બળ, અતિશય, જ્ઞાનલક્ષ્મી, ગાંભીર્યાદિક ગુણ, શાશ્વતી પ્રતિમા, ચારિત્રીયાના ચારિત્ર, શ્રી જિન વચનતણો સંદેહ કીધો.

**આકાંક્ષા** બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, ક્ષેત્રપાલ, ગોગો, આસપાલ, પાદરદેવતા, ગોત્રદેવતા, ગ્રહપૂજા, વિનાયક, હનુમંત, સુગ્રીવ, વાલી, નાહ, ઈત્યેવમાદિક દેશ, નગર, ગામ, ગોત્ર, નગરી જૂજૂઆ દેવ દેહરાના પ્રભાવ દેખી રોગ આતંક કષ્ટ આવે ઈહલોક પરલોકાર્થે પૂજ્યા માન્યા, સિદ્ધ, વિનાયક, જીરાઉલાને માન્યું, ઈચ્છ્યું, બૌદ્ધ, સાંખ્યાદિક સંન્યાસી, ભરડા, ભગત, લિંગીયા, જોગિયા, જોગી, દરવેશ, અનેરા દર્શનીયાતણો કષ્ટ, મંત્ર ચમત્કાર દેખી પરમાર્થ જાણ્યા વિના ભુલ્યા, વ્યામોહ્યા, કુશાસ્ત્ર, શીખ્યા, સાંભળ્યા, શ્રાદ્ધ, સંવચ્છરી, હોળી, બળેવ, માહિપૂનમ, અજાપડવો, પ્રેતબીજ, ગૌરીત્રીજ, વિનાયકચોથ, નાગપંચમી, ઝીલણાછટ્ઠી, શીલસાતમી, ધ્રુવઆઠમી, નૌલીનવમી, અહવાદશમી, વ્રતઅગ્યારશી, વચ્છબારશી, ધનતેરશી, અનંતચઉદશી, અમાવાસ્યા, આદિત્યવાર, ઉત્તરાયણ નૈવેદ્ય કીધાં. નવોદક, યાગ, ભોગ, ઉતારણાં કીધા, કરાવ્યાં, અનુમોદ્યાં. પીંપલે પાણી ઘાલ્યાં, ઘલાવ્યાં, ઘર બાહિર ક્ષેત્રે, ખલે, કૂવે, તળાવે, નદીએ, દ્રહે, વાવીએ, સમુદ્રે, કુંડે, પુણ્યહેતુ સ્નાન કીધાં, કરાવ્યાં, અનુમોદ્યાં, દાન દીધાં, ગ્રહણ, શનૈશ્ચર માહમાસે નવરાત્રિ એ નાહ્યાં. અજાણના થાપ્યાં. અનેરાઈ વ્રત વ્રતોલાં કીધાં, કરાવ્યાં.,

**વિતિગિચ્છા** ધર્મ સંબંધિયા ફલતણે વિષે સંદેહ કીધો. જિન અરિહંત ધર્મના આગાર, વિશ્વોપકાર સાગર, મોક્ષમાર્ગના દાતાર, ઈસ્યા ગુણ ભણી ન માન્યા, ન પૂજ્યા. મહાસતી, મહાત્માની ઈહલોક પરલોક સંબંધીયા ભોગવાંછિત પૂજા કીધી, રોગ, આતંક, કષ્ટ આવ્યે ખીણ વચન ભોગ માન્યા. મહાત્માનાં ભાત, પાણી, મલ શોભા તણી નિંદા કીધી, કુચારિત્રીયા દેખી

ચારિત્રીયા ઉપર કુભાવ હુઓ. મિથ્યાત્વી તણી પૂજા પ્રભાવના દેખી પ્રશંસા કીધી. પ્રીતિ માંડી. દાક્ષિણ્ય લગે તેહનો ધર્મ માન્યો, કીધો। શ્રી સમ્યક્ત્વવ્રત વિષઇઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ॥૫॥

પહેલે સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રતે પાંચ અતિચાર.

**વહ બંધ છવિચ્છેએ૦ ॥** દ્વિપદ ચતુષ્પદ પ્રત્યે રીસવશે ગાઢો ઘાવ ઘાલ્યો. ગાઢે બંધને બાંધ્યો, અધિક ભાર ઘાલ્યો, નિર્લાંછન કર્મ કીધાં. ચારા પાણી તણી વેળાએ સારસંભાળ ન કીધી. લેહણે દેહણે કીણહી પ્રત્યે લંઘાવ્યો. તેણે ભૂખે આપણે જમ્યા. કન્હે રહી મરાવ્યો, બંદીખાને ઘલાવ્યો. સળ્યાં ધાન્ય તાવડે નાખ્યાં, દળાવ્યાં ભરડાવ્યાં, શોધી ન વાવર્યા, ઈંધણ છાણાં અણશોધ્યાં બાળ્યાં. તે માંહિ સાપ, વીંછી, ખજુરા, સરવલા, માંકડ, જુઆ, ગીંગોડા સાહતા મુઆ દુહવ્યા, રૂડે સ્થાનકે ન મૂક્યા. કીડી મંકોડીનાં ઈંડાં વિછોહ્યાં, લીખ ફોડી, ઉદેહી, કીડી, મંકોડી, ધીમેલ, કાતરા, ચૂડેલ, પતંગિયાં, દેડકા, અલસીયાં, ઈયલ, કુંતા, ડાંસ, મસા, બગતરાં, માખી, તીડ પ્રમુખ જીવ વિણઠ્ઠા, માળા હલાવતાં ચલાવતાં પંખી, ચકલાં, કાગ તણાં ઈંડાં ફોડ્યાં. અનેરા એકેંદ્રિયાદિક જીવ વિણાસ્યા, ચાંપ્યા, દુહવ્યા, કાંઈ હલાવતાં ચલાવતાં, પાણી છાંટતાં, અનેરા કાંઈ કામકાજ કરતાં, નિર્ધ્વંસપણું કીધું. જીવરક્ષા રૂડી ન કીધી, સંખારો સૂકવ્યો. રૂડું ગલણું ન કીધું. અણગળ પાણી વાવર્યું, રૂડી જયણા ન કીધી. અણગળ પાણીએ ઝીલ્યા, લૂગડાં ધોયાં. ખાટલા તાવડે નાંખ્યા, ઝાટ્ક્યા. જીવાકુલ ભૂમિ લીંપી. વાશી ગાર રાખી. દલણે, ખાંડણે, લીંપણે રૂડી જયણા ન કીધી, આઠમ ચઉદશના નિયમ ભાંગ્યા. ધૂણી કરાવી. પહેલે સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત વિષઇઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ॥૧॥

બીજે સ્થૂલમૃષાવાદ વિરમણ વ્રતે પાંચ અતિચાર.

**સહસારહસ્સદારે૦** ॥ સહસાત્કારે કુણહી પ્રત્યે અજુગતું આળ અભ્યાખ્યાન દીધું. સ્વદારા મંત્રભેદ કીધો. અનેરો કુણહીનો મંત્ર આલોચ





મર્મ પ્રકાશ્યો. કુણહીને અનર્થ પાડવા કૂડી બુદ્ધિ દીધી. કૂડો લેખ લખ્યો. કૂડી સાખ ભરી. થાપણમોસો કીધો. કન્યા, ગૌ, ઢોર, ભૂમિ સંબંધી લેહણે દેહણે વ્યવસાયે વાદ વઢવાડ કરતાં મોટકું જૂઠું બોલ્યા. હાથ પગ તણી ગાળ દીધી. કડકડા મોડ્યા. મર્મવચન બોલ્યા. બીજે સ્થૂલમૃષાવાદ વિરમણ વ્રત વિષઇઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ॥૨॥

ત્રીજે સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રતે પાંચ અતિચાર.

**તેનાહડપ્પઓગે૦** ॥ ઘર, બાહિર, ક્ષેત્રે, ખળે પરાઇ વસ્તુ અણમોકલી લીધી, વાવરી. ચોરાઈ વસ્તુ વહોરી, ચોર ધાડ પ્રત્યે સંકેત કીધો, તેહને સંબલ દીધું, તેહની વસ્તુ લીધી, વિરુદ્ધ રાજ્યાતિક્રમ કીધો. નવા, પુરાણા, સરસ વિરસ, સજીવ, નિર્જીવ વસ્તુના ભેળસંભેળ કીધા, કૂડે કાટલે તોલે, માને, માપે વહોર્યા, દાણચોરી કીધી. કુણહીને લેખે વરાસ્યો. સાટે લાંચ લીધી. કૂડો કરહો કાઢ્યો. વિશ્વાસઘાત કીધો. પરવંચના કીધી, પાસંગ કૂડાં કીધાં. દાંડી ચઢાવી, લહકે ત્રહકે કૂડાં કાટલાં માન માપાં કીધાં. માતા પિતા, પુત્ર, મિત્ર, કલત્ર વંચી કુણહીને દીધું. જુદી ગાંઠ કીધી, થાપણ ઓળવી. કુણહીને લેખે પલેખે ભૂલવ્યું, પડી વસ્તુ ઓળવી લીધી. ત્રીજે સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત વિષઇઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ॥૩॥

ચોથે સ્વદારાસંતોષ પરસ્ત્રીગમન વિરમણ વ્રતે પાંચ અતિચાર.

**અપરિગ્ગહિયા ઇત્તર** ॥ અપરિગૃહિતા ગમન, ઈત્વરપરિગૃહિતા ગમન કીધું, વિધવા, વેશ્યા, પરસ્ત્રી, કુલાંગના સ્વદારા શોક તણે વિષે દષ્ટિવિપર્યાસ કીધો, સરાગ વચન બોલ્યાં, આઠમ, ચઉદશ, અનેરી પર્વતિથિના નિયમ લઈ ભાંગ્યા, ઘરઘરણાં કીધાં, કરાવ્યાં, વરવહૂ વખાણ્યાં કુવિકલ્પ ચિંતવ્યો, અનંગક્રીડા કીધી, સ્ત્રીનાં અંગોપાંગ નિરખ્યાં. પરાયા વિવાહ જોડ્યા, ઢીંગલા ઢીંગલી પરણાવ્યાં, કામભોગતણે વિષે તીવ્ર અભિલાષ કીધો. અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર, સુહણે સ્વપ્નાંતરે હુઆ,

કુસ્વપ્ન લાધ્યાં, નટ, વિટ, સ્ત્રીશું, હાંસુ કીધું, ચોથે સ્વદારા સંતોષ પરસ્ત્રીગમન વિરમણ વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ॥૪॥

પાંચમે પરિગ્રહ પરિમાણ વ્રતે પાંચ અતિચાર.

**ધણ ધન્ન ખિત્ત વત્થુ૦** ॥ ધન ધાન્ય, ક્ષેત્ર વાસ્તુ, રૂપ્ય, સુવર્ણ, કુપ્ય દ્વિપદ, ચતુષ્પદ એ નવવિધ પરિગ્રહતણા નિયમ ઉપરાંત વૃદ્ધિ દેખી મૂર્ચ્છા લગે સંક્ષેપ ન કીધો, માતા, પિતા, પુત્ર, સ્ત્રી તણે લેખે કીધો, પરિગ્રહ પરિમાણ લીધું નહીં, લઈને પઢ્યું નહિ, પઢવું વિસાર્યું, અલીધું મેલ્યું, નિયમ વિસાર્યા. પાંચમે પરિગ્રહ પરિમાણ વ્રત વિષઈઓ અનેરો જે કોઇ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ॥૫॥

છટ્ઠે દિગ્પરિમાણ વ્રતે પાંચ અતિચાર.

**ગમણસ્સ ઉ પરિમાણે૦** ॥ ઊર્ધ્વદિશિ, અધોદિશિ, તિર્યગ્દિશિએ જાવા આવવા તણા નિયમ લઈ ભાંગ્યા, અનાભોગે વિસ્મૃત લગે અધિક ભૂમિ ગયા, પાઠવણી આઘી પાછી મોકલી, વહાણ વ્યવસાય કીધો, વર્ષાકાળે, ગામતરું કીધું. ભૂમિકા એક ગમા સંક્ષેપી, બીજી ગમા વધારી, છટ્ઠે દિગ્પરિમાણ વ્રત વિષઈઓ અનેરો જે કોઇ અતિચાર પક્ષ દિવસમાંહિ. ॥૬॥

સાતમે ભોગોપભોગ પરિમાણ વ્રતે ભોજન આશ્રયી પાંચ અતિચાર અને કર્મહુંતી પંદર અતિચાર એવં વીશ અતિચાર.

**સચ્ચિત્તે પડિબદ્ધે૦** સચિત્ત નિયમ લીધે અધિક સચિત્ત લીધું. અપક્વાહાર, દુપક્વાહાર, તુચ્છૌષધિતણું ભક્ષણ કીધું, ઓળા, ઉંબી, પોંક, પાપડી ખાધાં.

સચ્ચિત્ત દવ્વ વિગઈ, વાણહ તંબોલ વત્થ કુસુમેસુ,
વાહણ સયણ વિલેવણ, બંભ દિસિ ન્હાણ ભત્તેસુ ॥૧॥

એ ચૌદ નિયમ દિનગત રાત્રિગત લીધા નહિ, લઈને ભાંગ્યા, બાવીશ અભક્ષ્ય, બત્રીશ અનંતકાય માંહિ આદુ, મૂળા, ગાજર, પિંડ, પિંડાલુ, કચૂરો,





સૂરણ, કુણી આંબલી, ગળો, વાઘરડાં ખાધાં. વાશી કઠોળ, પોળી રોટલી, ત્રણ દિવસનું ઓદન લીધું, મધુ, મહુડા, માખણ, માટી, વેંગણ, પીલુ, પીચુ, પંપોટા, વિષ, હિમ, કરહા, ઘોલવડાં, અજાણ્યાં ફળ, ટીંબરું, ગુંદા, મહોર, બોળ અથાણું, આંબલબોર, કાચું મીઠું, તિલ, ખસખસ, કોઠિંબડાં ખાધાં, રાત્રિભોજન કીધાં, લગભગ વેળાએ વાળુ કીધું, દિવસ વિણ ઉગે શીરાવ્યા. તથા કર્મતઃપન્નર કર્માદાન, ઈંગાલકમ્મે, વણકમ્મે, સાડિકમ્મે, ભાડિકમ્મે, ફોડિકમ્મે એ પાંચ કર્મ, દંતવાણિજ્જે લક્ખવાણિજ્જે, રસવાણિજ્જે, કેસવાણિજ્જે, વિસવાણિજ્જે એ પાંચ વાણિજ્ય, જંતપિલ્લણકમ્મે, નિલ્લંછણકમ્મે, દવગ્ગિદાવણયા, સરદહતલાયસોસણયા, અસઈપોસણયા, એ પાંચ સામાન્ય, એ પાંચ કર્મ, પાંચ વાણિજ્ય, પાંચ સામાન્ય એવં પન્નર કર્માદાન બહુ સાવદ્ય, મહારંભ, રાંગણ, લીહાલા કરાવ્યા, ઈંટ નિભાડા પકાવ્યા, ધાણી, ચણા, પકવાન્ન કરી વેચ્યાં, વાશી માખણ તવાવ્યાં, તિલ વહોર્યા, ફાગણ માસ ઉપરાંત રાખ્યા, દલીદો કીધો, અંગીઠા કરાવ્યા, શ્વાન, બિલાડા, સૂડા, સાલહિ પોષ્યા. અનેરાં જે કાંઈ બહુ સાવદ્ય ખરકર્માદિક સમાચર્યાં, વાશી ગાર રાખી, લીંપણે, ગુંપણે મહારંભ કીધો, અણશોધ્યા ચૂલા સંધુક્યા, ઘી, તેલ, ગોળ, છાશ તણાં ભાજન ઉઘાડાં મૂક્યાં, તે માંહિ માખી, કુંતી, ઉંદર,ગરોળી પડી, કીડી ચડી, તેની જયણા ન કીધી. સાતમે ભોગોપભોગ પરિમાણ વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ॥૭॥

આઠમે અનર્થદંડ વિરમણ વ્રતે પાંચ અતિચાર.

**કંદપ્પે કુક્કુઇએ૦** કંદર્પ લગે વિટચેષ્ટા, હાસ્ય, ખેલ, કુતૂહલ કીધાં, પુરુષ સ્ત્રીના હાવભાવ, રૂપ, શૃંગાર, વિષયરસ વખાણ્યાં, રાજકથા, ભક્તકથા, દેશકથા, સ્ત્રીકથા કીધી, પરાઈ તાંત કીધી, તથા પૈશુન્યપણું કીધું, આર્તરૌદ્રધ્યાન ધ્યાયાં.

ખાંડા, કટાર, કોશ, કુહાડા, રથ, ઉખલ, મુશલ, અગ્નિ, ઘરંટી, નિસાહ, દાતરડાં પ્રમુખ અધિકરણ મેલી દાક્ષિણ્યલગે માગ્યાં આપ્યાં,

પાપોપદેશ કીધો, અષ્ટમી ચતુર્દશીએ ખાંડવા દળવાતણા નિયમ ભાંગ્યા, મુખરપણા લગે અસંબદ્ધ વાક્ય બોલ્યા પ્રમાદાચરણ સેવ્યાં.

અંઘોલે, નાહણે, દાતણે, પગ ધોઅણે, ખેલ, પાણી તેલ છાંટ્યાં, ઝીલણે ઝીલ્યા, જુગટે રમ્યા, હિંચોળે હિંચ્યા, નાટક પ્રેક્ષણક જોયાં, કણ, કુવસ્તુ, ઢોર લેવરાવ્યાં, કર્કશ વચન બોલ્યા, આક્રોશ કીધા, અબોલા લીધા, કરકડા મોડ્યા, મચ્છર ધર્યો, સંભેડા લગાડ્યા, શ્રાપ દીધા.

ભેંસા, સાંઢ, હુડુ, કૂકડા, શ્વાનાદિક ઝૂઝાર્યા, ઝૂઝતા જોયા, ખાદિ લગે અદેખાઈ ચિંતવી, માટી, મીઠું કણ, કપાસીયા કાજ વિણ ચાંપ્યા, તે ઉપર બેઠા, આલી વનસ્પતિ ખૂંદી, સૂઈ શસ્ત્રાદિક નિપજાવ્યાં, ઘણી નિદ્રા કીધી, રાગ દ્વેષ લગે એકને ઋદ્ધિ પરિવાર વાંછી, એકને મૃત્યુ હાનિ વાંછી. આઠમે અનર્થદંડ વિરમણ વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ॥૮॥

નવમે સામાયિક વ્રતે પાંચ અતિચાર.

**તિવિહે દુપ્પણિહાણે૦** સામાયિક લીધે મને આહટ્ટદોહટ્ટ ચિંતવ્યું, સાવદ્ય વચન બોલ્યાં, શરીર અણપડિલેહ્યું હલાવ્યું, છતી વેળાએ સામાયિક ન લીધું, સામાયિક લેઈ ઉઘાડે મુખે બોલ્યા, ઊંઘ આવી, વાત વિકથા ઘરતણી ચિંતા કીધી, વીજ દીવાતણી ઉજ્જેહી હુઈ, કણ, કપાસીયા, માટી મીઠું, ખડી, ધાવડી, અરણેટો, પાષાણ પ્રમુખ ચાંપ્યા, પાણી, નીલ, ફૂલ, સેવાલ, હરિયક્કાય, બીયક્કાય ઈત્યાદિક આભડ્યાં, સ્ત્રી તિર્યંચ તણા નિરંતર પરંપર સંઘટ્ટ હુઆ, મુહપત્તિઓ સંઘટ્ટી, સામાયિક અણપૂગ્યું પાર્યું, પારવું વિસાર્યું. નવમે સામાયિક વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ॥૯॥

દશમે દેશાવગાશિક વ્રતે પાંચ અતિચાર.

**આણવણે પેસવણે૦** આણવણપ્પઓગે, પેસવણપ્પઓગે, સદ્દાણુવાઈ, રૂવાણુવાઈ, બહિયા પુગ્ગલપક્ખેવે નિયમિત ભૂમિકા માંહિ બાહેરથી કાંઈ અણાવ્યું, આપણ કન્હે થકી બાહિર કાંઈ મોકલ્યું, અથવા રૂપ





દેખાડી, કાંકરો નાખી, સાદ કરી આપણપણું છતું જણાવ્યું. દશમે દેશાવગાશિક વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ॥૧૦॥

અગ્યારમે પૌષધોપવાસ વ્રતે પાંચ અતિચાર.

**સંથારુચ્ચારવિહિ૦** અપ્પડિલેહિય દુપ્પડિલેહિય સિજ્જાસંથારએ, અપ્પડિલેહિય દુપ્પડિલેહિય ઉચ્ચાર પાસવણ ભૂમિ, પોસહ લીધે સંથારાતણી ભૂમિ ન પૂંજી, બાહિરલાં લહુડાં વડાં સ્થંડિલ દિવસે શોધ્યાં નહિ, પડિલેહ્યાં નહિ, માતરું અણપૂજ્યું હલાવ્યું, અણપૂંજી ભૂમિકાએ પરઠવ્યું, પરઠવતાં "અણુજાણહ જસ્સુગ્ગહો" ન કહ્યો, પરઠવ્યા પૂંઠે વાર ત્રણ "વોસિરે વોસિરે" ન કહ્યો. પોસહશાળા માંહિ પેસતાં "નિસીહિ" નિસરતાં "આવસ્સહિ" ત્રણ વાર ભણી નહિ. પુઢવી, અપ્, તેઉ, વાઉ, વનસ્પતિ, ત્રસકાય તણા સંઘટ્ટ પરિતાપ, ઉપદ્રવ હુઆ, સંથારા પોરિસીતણો વિધિ ભણવો વિસાર્યો, પોરિસિમાંહે ઉંઘ્યા, અવિધે સંથારો પાથર્યો, પારણાદિકતણી ચિંતા કીધી, કાળવેળાએ દેવ ન વાંદ્યા, પડિક્કમણું ન કીધું, પોસહ અસૂરો લીધો, સવેરો પાર્યો, પર્વ તિથિએ પોસહ લીધો નહિ. અગ્યારમે પૌષધોપવાસ વ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ॥૧૧॥

બારમે અતિથિ સંવિભાગ વ્રતે પાંચ અતિચાર.

**સચ્ચિત્તે નિક્ખિવણે૦** સચિત્ત વસ્તુ હેઠ ઉપર છતાં મહાત્મા મહાસતી પ્રત્યે અસૂઝતું દાન દીધું, દેવાની બુદ્ધિએ અસૂઝતું ફેડી સૂઝતું કીધું પરાયું ફેડી આપણું કીધું. અણદેવાની બુદ્ધિએ સૂઝતું ફેડી અસૂઝતું કીધું. આપણું ફેડી પરાયું કીધું, વહોરવા વેળા ટળી રહ્યા, અસૂર કરી મહાત્મા તેડ્યા. મત્સર ધરી દાન દીધું, ગુણવંત આવે ભક્તિ ન સાચવી, છતી શક્તિએ સ્વામીવાત્સલ્ય ન કીધું, અનેરા ધર્મક્ષેત્ર સીદાતાં છતી શક્તિએ ઉદ્ધર્યાં નહી, દીન ક્ષીણ પ્રત્યે અનુકંપા દાન ન દીધું. બારમે અતિથિસંવિભાગવ્રત વિષઈઓ અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ॥૧૨॥

સંલેષણા તણા પાંચ અતિચાર.

**ઇહલોએ પરલોએ૦** ઇહલોગાસંસપ્પઓગે, પરલોગાસંસપ્પઓગે, જીવિયાસંસપ્પઓગે, મરણાસંસપ્પઓગે, કામભોગાસંસપ્પઓગે, ઇહલોકે ધર્મના પ્રભાવ લગે રાજઋદ્ધિ, સુખ, સૌભાગ્ય, પરિવાર વાંછ્યા. પરલોકે દેવ, દેવેંદ્ર, વિદ્યાધર, ચક્રવર્તિતણી પદવી વાંછી, સુખ આવે જીવિતવ્ય વાંછ્યું, દુઃખ આવે મરણ વાંછ્યું, કામ ભોગતણી વાંછા કીધી. સંલેષણા વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ॥૧૩॥

તપાચાર બાર ભેદ છ બાહ્ય, છ અભ્યંતર.

**અણસણ મુણોઅરિયા૦** અણસણ ભણી ઉપવાસ વિશેષ પર્વતિથિએ છતી શક્તિએ કીધો નહી, ઊણોદરી વ્રત તે કોળિયા પાંચ સાત ઊણા રહ્યા નહિ, વૃત્તિ સંક્ષેપ તે દ્રવ્ય ભણી સર્વ વસ્તુનો સંક્ષેપ કીધો નહીં, રસત્યાગ તે વિગઈ ત્યાગ ન કીધો. કાયક્લેશ લોચાદિક કષ્ટ સહન કર્યા નહિ, સંલીનતા અંગોપાંગ સંકોચી રાખ્યાં નહિ. પચ્ચક્ખાણ ભાંગ્યાં. પાટલો ડગડગતો ફેડ્યો નહીં. ગંઠસી, પોરિસિ, સાઢપોરિસિ, પુરિમઢ, એકાસણું, બિઆસણું, નીવિ, આંબિલ પ્રમુખ પચ્ચક્ખાણ પારવું વિસાર્યું, બેસતાં નવકાર ન ભણ્યો, ઉઠતાં પચ્ચક્ખાણ કરવું વિસાર્યું, ગંઠસીયું ભાગ્યું. નીવી, આંબિલ, ઉપવાસાદિક તપ કરી કાચું પાણી પીધું, વમન હુઓ, બાહ્ય તપ વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ॥૧૪॥

અભ્યંતર તપ.

**પાયચ્છિત્તં વિણઓ૦** મનશુદ્ધે ગુરુકન્હે આલોયણા લીધી નહી, ગુરુદત્ત પ્રાયશ્ચિત તપ લેખા શુદ્ધે પહોંચાડ્યો નહીં, દેવ, ગુરુ, સંઘ, સાહમ્મી પ્રત્યે વિનય સાચવ્યો નહિ, બાળ, વૃદ્ધ, ગ્લાન, તપસ્વી પ્રમુખનું વેયાવચ્ચ ન કીધું, વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા લક્ષણ પંચવિધ સ્વાધ્યાય ન કીધો, ધર્મધ્યાન, શુક્લધ્યાન ન ધ્યાયાં, આર્તધ્યાન, રૌદ્રધ્યાન ધ્યાયાં, કર્મક્ષય નિમિત્તે લોગસ્સ દશ વીશનો કાઉસ્સગ્ગ ન કીધો. અભ્યંતર





તપ વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર પક્ષ દિવસ માંહિ૦ ॥૧૫॥

વીર્યાચારના ત્રણ અતિચાર.

**અણિગૂહિઅ બલવીરિઓ૦** પઢવે, ગુણવે, વિનય, વેયાવચ્ચ, દેવપૂજા, સામાયિક, પોસહ, દાન, શીલ, તપ, ભાવનાદિક ધર્મકૃત્યને વિષે મન, વચન, કાયાતણું છતું બળ, છતું વીર્ય ગોપવ્યું. રૂડાં પંચાંગ ખમાસમણ ન દીધા, વાંદણાં તણા આવર્તવિધિ સાચવ્યા નહીં, અન્યચિત્ત નિરાદરપણે બેઠા, ઉતાવળું દેવવંદન, પડિક્કમણું કીધું, વીર્યાચાર વિષઇઓ અનેરો જે કોઇ અતિચાર પક્ષ દિવસમાંહિ૦ ॥૧૬॥

નાણાઈ અટ્ઠ પઈવય, સમ્મ સંલેહણ પણ પન્નર કમ્મેસુ,
બારસ તપવીરિઅતિગં, ચઉવ્વીસસયં અઈયારા.

**પડિસિદ્ધાણં કરણે૦** પ્રતિષેધ અભક્ષ્ય અનંતકાય બહુબીજ ભક્ષણ, મહારંભ પરિગ્રહાદિક કીધાં, જીવાજીવાદિક સૂક્ષ્મ વિચાર સદ્દહ્યા નહિ. આપણી કુમતિ લગે ઉત્સૂત્ર પ્રરૂપણા કીધી તથા પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિ અરતિ, પરપરિવાદ, માયામૃષાવાદ મિથ્યાત્વશલ્ય એ અઢાર પાપસ્થાનક કીધાં, કરાવ્યાં, અનુમોદ્યાં હોય, દિનકૃત્ય પ્રતિક્રમણ વિનય વેયાવચ્ચ ન કીધાં. અનેરું જે કાંઈ વીતરાગની આજ્ઞા વિરુદ્ધ કીધું, કરાવ્યું અનુમોદ્યું હોય. એ ચિહું પ્રકારમાંહે અનેરો જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં અજાણતાં હુઓ હોય, તે સવિ હુ મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં. ॥૧૭॥

એવંકારે શ્રાવકતણે ધર્મે શ્રી સમ્યક્ત્વ મૂલ બાર વ્રત એકસો ચોવીસ અતિચારમાંહિ અનેરો જે કોઇ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ, બાદર, જાણતાં અજાણતાં હુઓ હોય તે સવિ હુ મન વચન કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.

## કાવ્ય વિભાગ

### સ્તવન (શ્રી મહાવીરસ્વામી ભગવાનનું હાલરડું)

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે,
ગાવે હાલો હાલો હાલરવાના ગીત;
સોના રૂપાને વળી રત્ને જડીયું પારણું,
રેશમ દોરી ઘુઘરી વાગે છુમછુમ રીત,
હાલો હાલો હાલો હાલો મારા નંદને રે. હાલો૦ ૧

જિનજી પાસ પ્રભુથી વરસ અઢીસે અંતરે,
હોશે ચોવીશમો તીર્થંકર જિનપરિમાણ;
કેશીસ્વામી મુખથી એહવી વાણી સાંભલી,
સાચી સાચી હુઈ તે મ્હારે અમૃતવાણ. હાલો૦ ૨

ચૌદે સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજ,
વીત્યા બારે ચક્રી નહિ હવે ચક્રીરાજ;
જિનજી પાસપ્રભુના શ્રીકેશી ગણધાર,
તેહને વચને જાણ્યા ચોવીશમા જિનરાજ. હાલો૦ ૩

મ્હારી કૂખે આવ્યા ત્રણ ભુવન શિરતાજ,
મ્હારી કૂખે આવ્યા તારણ તરણ જહાજ;
મ્હારી કૂખે આવ્યા સંઘતીરથની લાજ,
હું તો પુન્ય પનોતી ઇન્દ્રાણી થઈ આજ. હાલો૦ ૪

મુજને દોહલો ઉપન્યો બેસું ગજ અંબાડીએ,
સિંહાસન પર બેસું ચામર છત્ર ધરાય;
એ સહુ લક્ષણ મુજને નંદન ત્હારા તેજના,
તે દિન સંભારું ને આનંદ અંગ ન માય. હાલો૦ ૫





કરતલ પગતલ લક્ષણ એક હજાર ને આઠ છે;
તેહથી નિશ્ચય જાણ્યા જિનવર શ્રી જગદીશ;
નંદન ! જમણી જંઘે લંછન સિંહ બિરાજતો,
મેં તો પહેલે સ્વપ્ને દીઠો વિશવાવીશ. હાલો૦ ૬

નંદન ! નવલા બંધવ નંદિવર્ધનના તમે,
નંદન ! ભોજાઈઓના દીયર છો સુકુમાલ;
હસશે ભોજાઈઓ કહી દીયર મારા લાડકા,
હસશે રમશે ને વળી ચૂંટી ખણશે ગાલ,
હસશે રમશે ને વળી ઠુંસા દેશે ગાલ. હાલો૦ ૭

નંદન ! નવલા ચેડા રાજાના ભાણેજ છો,
નંદન ! નવલા પાંચશે મામીના ભાણેજ છો;
નંદન ! મામલીયાના ભાણેજા સુકુમાળ,
હસશે હાથે ઉછાળી કહીને ન્હાના ભાણેજા,
આંખો આંજીને વળી ટપકું કરશે ગાલ. હાલો૦ ૮

નંદન ! મામા મામી લાવશે ટોપી આંગલાં,
રતને જડીઆં ઝાલર મોતી કસબી કોર,
નીલાં પીળાં ને વળી રાતાં સરવે જાતિના,
પહેરાવશે મામી માહરા નંદકિશોર. હાલો૦ ૯

નંદન ! મામા મામી સુખલડી બહુ લાવશે,
નંદન ! ગજવે ભરશે લાડુ મોતીચૂર,
નંદન ! મુખડાં જોઈને લેશે મામી ભામણાં,
નંદન ! મામી કહેશે જીવો સુખ ભરપૂર. હાલો૦ ૧૦

નંદન ! નવલા ચેડા મામાની સાતે સતી,
મ્હારી ભત્રીજી ને બ્હેન તમારી નંદ;
તે પણ ગજવે ભરવા લાખણસાઈ લાવશે,
તમને જોઈ જોઈ હોશે અધિકો પરમાનંદ. હાલો૦ ૧૧

રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘુઘરો,
વળી સૂડા મેના પોપટ ને ગજરાજ;
સારસ હંસ કોયલ તીતર ને વળી મોરજી,
મામી લાવશે રમવા નંદ તમારે કાજ. હાલો૦ ૧૨

છપ્પનકુમરી અમરી જલકળશે નવરાવીઆ,
નંદન ! તમને અમને કેલી ઘરની માંહી;
ફૂલની વૃષ્ટિ કીધી યોજન એકને માંડલે,
'બહુ ચિરંજીવો' આશિષ દીધી તુમને ત્યાંહી. હાલો૦ ૧૩

તમને મેરુગિરિ પર સુરપતિએ નવરાવીઆ,
નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય;
મુખડા ઉપર વારૂ કોટી કોટી ચંદ્રમા,
વળી તન પર વારૂ ગ્રહગણનો સમુદાય. હાલો૦ ૧૪

નંદન ! નવલા ભણવા નિશાળે પણ મૂકશું,
ગજપર અંબાડી બેસાડી મ્હોટે સાજ;
પસલી ભરશું શ્રીફલ ફોફળ નાગરવેલશું,
સુખલડી લેશું નિશાળીયાને કાજ. હાલો૦ ૧૫

નંદન ! નવલા મ્હોટા થાશો ને પરણાવશું,
વહુ વર સરખી જોડી લાવશું રાજકુમાર;
સરખા વેવાઈ વેવાણોને પધરાવશું,
વરવહુ પોંખી લેશું જોઈ જોઈને દેદાર. હાલો૦ ૧૬

પીયર સાસર મ્હારા બેઉ પખ નંદન ઉજળા,
મારી કૂખે આવ્યા તાત પનોતા નંદ;
મ્હારે આંગણે વુઠ્યા અમૃત દૂધે મેહુલા,
મ્હારે આંગણે ફલીઆ સુરતરુ સુખના કંદ. હાલો૦ ૧૭





ઈણિ પરે ગાયું માતા ત્રિશલાસુતનું પારણું.
જે કોઈ ગાશે લેશે પુત્રતણા સામ્રાજ્ય,
બીલીમોરા નગરે વર્ણવ્યું વીરનું હાલરૂં,
જય જય મંગલ હોજો દીપવિજય કવિરાજ. હાલો૦ ૧૮

## પચ્ચક્ખાણ

## આયંબિલ નીવિ એકાસણું બિયાસણું

ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢ્ઢપોરિસિં, સૂરે ઉગ્ગએ પુરિમુઢ્ઢ મુઠ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ, (પચ્ચક્ખામિ), ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહં પિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિ વત્તિયાગારેણં, આયંબિલં નીવ્વિગઈઓ વિગઈઓ પચ્ચક્ખાઈ, (પચ્ચક્ખામિ,) અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પડુચ્ચમક્ખિએણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, એગાસણં, બિયાસણં, પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ.) તિવિહં પિ આહારં અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણા ભોગેણં, સહસાગારેણં, સાગારિયાગારેણં, આઉંટણપસારેણં, ગુરુઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઈ. (વોસિરામિ.)

નોંધ - બિયાસણાનું પચ્ચક્ખાણ કરવું હોય તો 'બિયાસણં' અને એકાસણાનું પચ્ચક્ખાણ કરવું હોય 'એગાસણં' બોલવું.

## તિવિહાર ઉપવાસ

સૂરે ઉગ્ગએ, અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઈ, તિવિહં પિ આહારં, અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણહાર પોરિસિં,

સાઢપોરિસિં, મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા વોસિરઈ. (વોસિરામી)

## ચઉવિહાર ઉપવાસ

સૂરે ઉગ્ગએ, અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઈ ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ. (વોસિરામી)

## કર્મ સમજાવો

**કર્મ :** ચાર ગતિમાં ભટકી રહેલો આત્મા મિથ્યાત્વ આદિ કારણોને લીધે કાર્મણ વર્ગણાનો જે સમૂહ ગ્રહણ કરે એને કર્મ કહેવાય. કર્મ ના મુખ્ય બે ભેદ છે. ઘાતીકર્મ અને અઘાતી કર્મ.

- **ઘાતીકર્મ :** જે કર્મ આત્માના મૂળ ગુણ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ પર પ્રભાવ પાથરે છે, તે ગુણને ક્ષીણ કરે છે, તે કર્મને ઘાતીકર્મ કહેવાય છે. ઘાતી કર્મ ચાર પ્રકારનાં છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મ તેના પેટા ભેદ છે.
- **અઘાતી કર્મઃ** જે કર્મ પુદ્ગલ, શરીર, ઇન્દ્રિય આદિ પર પ્રભાવ પાથરે છે તેને અઘાતી કર્મ કહેવાય છે. અઘાતી કર્મોના પણ ચાર પેટા ભેદ છે. નામ કર્મ, ગોત્ર કર્મ, વેદનીય કર્મ અને આયુષ્ય કર્મ.

(૧) **જ્ઞાનાવરણીય કર્મ :** આત્માના જ્ઞાનગુણ પર આવરણ કરે. જ્ઞાનગુણને ઢાંકે તે જ્ઞાનાવરણીય કર્મ છે. તે આંખના પાટા સમાન છે. આંખમાં જોવાની શક્તિ હોવા છતા પાટાનું આવરણ વસ્તુના બોધમાં બાધક બને છે. તેમ આત્મામાં અનંત જ્ઞાનગુણ હોવા છતા





જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનમાં બાધક બને છે. જેમ જેમ આવરણ દુર થાય છે, તેમ તેમ જ્ઞાનગુણ પ્રગટ થાય છે.

- **શેનાથી બંધાય :** જ્ઞાન અને જ્ઞાનીની નિંદા , દ્વેષ અને અપમાન કરવાથી, જ્ઞાનીના ઉપકાર ભૂલવાથી, જ્ઞાની સાથે અકારણ ઝઘડા કરવાથી, તેમ જ ભણનારને અને ભણાવનારને અંતરાય પાડવાથી, જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.
- **કર્મનું ફળઃ** જ્ઞાનાવરણીય કર્મના લીધે જીવાત્મા બહેરો હોય, મૂંગો હોય, મંદ બુદ્ધિનો હોય, નિર્મળ બુદ્ધિ ન હોય, તે આત્માનું જ્ઞાન પામે નહીં વિગેરે ફળ ભોગવે છે.
- **જ્ઞાનાવરણીય કર્મના (૫) ભેદ છે.**

(૧) **મતિજ્ઞાનાવરણીય કર્મ :** પાંચ ઈન્દ્રિયો અને મનથી આપણને જે જ્ઞાન થાય છે, તે મતિજ્ઞાન કહેવાય છે. આ મતિજ્ઞાનને અટકાવવાનું કામ જે કર્મ કરે છે તેને મતિજ્ઞાનાવરણીય કર્મ કહે છે. જાતિસ્મરણજ્ઞાન પણ મતિજ્ઞાનનો એક પ્રકાર છે.

(૨) **શ્રુતજ્ઞાનાવરણીય કર્મ :** શબ્દો સાંભળતાં, વાંચતા, લખતાં જે જ્ઞાન થાય છે તેને શ્રુતજ્ઞાન કહે છે. આ શ્રુતજ્ઞાનને અટકાવવાનું કામ જે કર્મ કરે તેને શ્રુતજ્ઞાનાવરણીય કર્મ કહે છે.

(૩) **અવધિજ્ઞાનાવરણીય કર્મ :** મર્યાદામાં રહેલ રૂપી પદાર્થોનું જ્ઞાન તે અવધિજ્ઞાન. અવધિજ્ઞાનને પ્રગટ થતું અટકાવવાનું કામ આ અવધિજ્ઞાનાવરણીય કર્મ કરે છે.

(૪) **મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મ :** અઢીદ્વિપમાં રહેલા સંજ્ઞિ પંચેન્દ્રિય જીવના મનોગતભાવ જાણે તે મનઃપર્યવજ્ઞાન કહેવાય છે. મનઃપર્યવજ્ઞાનને અટકાવવાનું કામ મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મ કરે છે. તીર્થંકર દીક્ષા લે ત્યારે દેવો તેમના ખભે દેવદુષ્ય નાખે છે. તે જ વખતે તીર્થંકરને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે.

**(૫) કેવલજ્ઞાનાવરણીય કર્મ :** વિશ્વના સર્વ કાળના સર્વ ક્ષેત્રના સર્વ પદાર્થોને એકીસાથે જે જ્ઞાન દ્વારા જાણી અને દેખી શકાય તે કેવલજ્ઞાન. કેવલજ્ઞાનને પ્રગટ થતું અટકાવવાનું કર્મ તે કેવલજ્ઞાનાવરણીય કર્મ.

(૨) **દર્શનાવરણીય કર્મ :** આત્માના દર્શનગુણ ઉપર આવરણ કરે, દર્શનગુણને ઢાંકે તે દર્શનાવરણીય કર્મ છે. તે રાજાના દ્વારપાળ સમાન છે. જેમ દ્વારપાળ રાજાના દર્શનમાં બાધક બને છે તેમ દર્શનાવરણીય કર્મ પદાર્થના દર્શનમાં કે સામાન્યબોધમાં બાધક બને છે. જૈન ધર્મમાં શ્રદ્ધા, વિશ્વાસ કે સમકિત ઢાંકનાર કર્મ; ઇંદ્રિયોથી ને આત્માથી જોવાતા વિષયને રોકે તે કર્મ. નિદ્રા આવવી, આંધળાપણું, બહેરાપણું વગેરે આ કર્મનાં ફળ ગણાય છે.

- **શેનાથી બંધાય :** ગુણીજનોની નિંદા – કુથલી કરવાથી, ગુણી અને જ્ઞાનીજનોની અવહેલના કરવાથી, કૃતઘ્ન થવાથી, ભગવાનના વચનોમાં શંકા – કુશંકા કરવાથી, ધર્મ સાધનામાં અવરોધ ઉભો કરવા વગેરેથી દર્શનાવરણીય કર્મ બંધાય છે.
- **કર્મનું ફળ:** દર્શનાવરણીય કર્મના લીધે જીવાત્માને આંખે ઓછું દેખાય. અંધાપો આવે, અનિદ્રાનો ભોગ બને, બેઠાં બેઠાં કે ચાલતા ચાલતા ઊંઘે, આત્માનું દર્શન કરી શકે નહીં વગેરે ફળ ભોગવે છે.
- **દર્શનાવરણીય કર્મના ૪ દર્શનના આવરણના અને ૫ નિંદ્રાના એમ કુલ ૯ ભેદ છે.**

**(૧) ચક્ષુ દર્શનાવરણીય કર્મ :** અંધાપો, કાણિયાપણું, મોતિયો, ઝામર, વગેરે આંખ સંબંધી તકલીફ લાવવાનું કાર્ય આ કર્મ કરે છે.

**(૨) અચક્ષુ દર્શનાવરણીય કર્મ :** બહેરા, મૂંગા બનાવે છે. ઈન્દ્રિયોમાં ખોડખાંપણ પેદા કરે છે.

**(૩) અવધિ દર્શનાવરણીય કર્મ :** અવધિજ્ઞાનની સાથે અવધિદર્શન





પેદા થાય છે. અવધિદર્શનને પ્રગટ થતાં અટકાવવાનું કામ આ કર્મ કરે છે.

**(૪) કેવલ દર્શનાવરણીય કર્મ :** કેવલજ્ઞાન સાથે કેવલદર્શન પેદા થાય છે. કેવલદર્શનને પ્રગટ થતાં અટકાવવાનું કાર્ય આ કર્મ કરે છે.

**(૫) નિંદ્રા :** ખખડાટ થતાં જ ઊઠી જવાય તેવી અલ્પનિંદ્રા ઊંઘ લાવે તે નિંદ્રા દર્શનાવરણીય કર્મ છે.

**(૬) નિંદ્રા નિંદ્રા :** ઢંઢોળીને ઊઠાડો ત્યારે ઊઠે તેવી ઊંઘ લાવનાર કર્મ.

**(૭) પ્રચલા :** બેઠાં બેઠાં કે ઊભા ઊભા ઊંઘ લાવનાર કર્મ.

**(૮) પ્રચલા પ્રચલા :** ઘોડા - બળદ વગેરેની જેમ ચાલતાં ચાલતાં ઊંઘાડે તે કર્મ.

**(૯) થિણદ્ધિ :** આ કર્મના કારણે આવનારી ઊંઘમાં માણસ દિવસે વિચારેલું કાર્ય રાત્રી દરમિયાન કરી દે. તે વખતે તેનું બળ ખૂબ જ વધી જાય.

## મૌખિક - ધો. ૧૦

| | | | |
|---|---|---|---|
| સૂત્ર | : | સ્નાત્રપૂજા સંપૂર્ણ | ૩૦ |
| અર્થ | : | જગચિંતામણિ, જંકિંચિ સૂત્ર (શબ્દાર્થ) | ૧૦ |
| વિધિ | : | પક્ખિ, ચઉમાસી પ્રતિક્રમણની વિધિ | ૨૦ |
| કર્મ | : | (૩) વેદનીય કર્મ | |
| | | (૪) મોહનીય કર્મ | ૨૦ |
| | | ● જૈન ધર્મની મોનોપોલી | ૨૦ |
| | | | ૧૦૦ |

### સ્નાત્રપૂજા

(પંડિત શ્રી વીરવિજયજી કૃત)

### સ્નાત્ર વિધિ

૧ પ્રથમ પૂર્વ દિશાએ કે ઉત્તર દિશાએ અથવા મૂળ પ્રતિમા સન્મુખ ત્રણ સુંદર બાજોઠ મૂકી તે ઉપર સિંહાસન મૂકવું.

૨ પછી નીચેના બાજોઠ ઉપર વચમાં કેસરનો સાથિયો કરી ઉપર ચોખા પૂરીને એટલે ચોખાનો સાથિયો કરી શ્રીફળ મૂકવું.

૩ પછી તે જ બાજોઠ સામે પાટલા ઉપર બીજા ચાર સાથિયા કરી, તે ઉપર ચાર કળશ નાડાછડી બાંધી પંચામૃત (દૂધ, દહીં, ઘી, જળ અને સાકરનું મિશ્રણ કરી) ભરીને મૂકવા.

૪ સિંહાસનના મધ્યભાગમાં કેસરનો સાથિયો કરી, ચોખા પૂરી રૂપાનાણું મૂકી, ત્રણ નવકાર ગણી તેના ઉપર ધાતુના પરિકરવાળા પ્રતિમાજી પધરાવવા.





૫ વળી પ્રતિમાજીની આગળ બીજો સાથિયો કરી તેના ઉપર શ્રી સિદ્ધચક્રજી પધરાવવા.

૬ પ્રતિમાજીની જમણી બાજુએ પ્રતિમાજીની નાસિકા સુધી ઊંચો ઘીનો દીવો મૂકવો.

૭ પછી સ્નાત્રિયાઓએ હાથે નાડાછડી બાંધી, હાથમાં પંચામૃત ભરેલો કળશ લઈને ઉભા રહેવું. ત્રણ નવકાર ગણી શરૂઆત કરવી.

૮ પછી વાળાકુંચી કરી પાણીનો પક્ષાલ કરી ત્રણ અંગલૂહણાં કરી કેસર વડે પૂજા કરવી.

૯ પછી હાથ ધૂપી પોતાના જમણા હાથની હથેળીમાં કેસરનો ચાંલ્લો કરવો.

૧૦ પછી કુસુમાંજલિનો થાળ લઈ સ્નાત્રીઆઓએ ઊભા રહેવું.

### સ્નાત્ર પૂજામાં જોઈતી વસ્તુઓની યાદી

૧. ત્રણ બાજોઠ ૨. સિંહાસન ૩. કળશ ૪. થાળ ૫. ચામર ૬. દર્પણ ૭. ઘંટ ૮. આરતી ૯. મંગળ દીવો ૧૦. વાળાકુંચી ૧૧. કેસર ૧૨. પાણી ૧૩. અંગ લુંછણા ૧૪. દૂધ ૧૫. દહીં ૧૬. ઘી ૧૭. સાકર ૧૮. નાડાછડી ૧૯. કંકુ ૨૦. ચોખા ૨૧. મીઠું ૨૨ માટી ૨૩. શ્રીફળ ૨૪. કપૂર ૨૫. રૂપાનાણું ૨૬. ધૂપ ૨૭. પૂંઠિયું ૨૮. ચંદરવો ૨૯. વાટકીઓ ૩૦. પંખો ૩૧. અગ્નિ ૩૨. દીપક ૩૩. ફાનસ.

(પ્રથમ કળશ લઈ ઊભા રહેવું)

કાવ્યમ્ દ્રુતવિલંબિતવૃત્તમ્

સરસશાન્તિસુધારસસાગરં શુચિતરં ગુણરત્નમહાગરમ્;
ભવિકપંકજબોધદિવાકરં, પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરમ્. ૧.

દુહો કુસુમાભરણ ઉતારીને, પડિમા ધરિય વિવેક,
મજ્જનપીઠે થાપીને, કરીએ જળ અભિષેક. ૨

(જમણે અંગુઠે પખાળ કરી, અંગલૂછણાં કરી પૂજા કરી કુસુમાંજલિની થાળી લઈને ઉભા રહેવું.)

ગાથા આર્યા ગીતિ

જિણ જન્મ સમયે મેરુસિહરે, રયણ કણય કલસેહિં;
દેવાસુરેહિં ણ્હવિઓ, તે ધન્ના જેહિં દિટ્ઠોસિ. ૩

(જ્યાં જ્યાં "કુસુમાંજલિ મેલો આવે" ત્યાં ત્યાં
પ્રભુના જમણા અંગુઠે કુસુમાંજલિ મૂકવી.)

નમોર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

કુસુમાંજલિ ઢાળ

નિર્મળ જળકળશે ન્હવરાવે, વસ્ત્ર અમૂલક અંગ ધરાવે;
કુસુમાંજલિ મેલો આદિ જિણંદા,
સિદ્ધસ્વરૂપી અંગ પખાલી, આતમ નિર્મળ હુઈ સુકુમાલી, કુસુમાં૦ ૪

ગાથા આર્યા ગીતિ

મચકુંદ ચંપ માલઈ; કમલાઈં પુપ્ફ પંચવણ્ણાઈં;
જગનાહ ન્હવણ સમયે, દેવા કુસુમાંજલિ દિંતિ. ૫

નમોર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

કુસુમાંજલિ ઢાળ

રયણ સિંહાસન જિન થાપીજે, કુસુમાંજલિ પ્રભુ ચરણે દીજે,
કુસુમાંજલિ મેલો શાન્તિ જિણંદા. ૬

દુહો

જિણ તિહું કાલય સિદ્ધની, પડિમા ગુણભંડાર;
તસુ ચરણે કુસુમાંજલિ, ભવિક દુરિત હરનાર. ૭

નમોર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ





કુસુમાંજલિ ઢાળ

કૃષ્ણાગરુ વર ધૂપ ધરીજે, સુગંધકર કુસુમાંજલિ દીજે;
કુસુમાંજલિ મેલો નેમિ જિણંદા. ૮

ગાથા આર્યાગીતિ

જસુ પરિમલ બલ દહ દિસિ, મહુકરઝંકાર સદ્દસંગીયા;
જિણચરણોવરિ મુક્કા, સુરનર કુસુમાંજલિ સિદ્ધા. ૯

નમોર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

કુસુમાંજલિ ઢાળ

પાસ જિણેસર જગ જયકારી, જલથલ ફૂલ ઉદક કર ધારી;
કુસુમાંજલિ મેલો પાર્શ્વ જિણંદા. ૧૦

દુહો

મૂકે કુસુમાંજલિ સુરા, વીરચરણ સુકુમાલ;
તે કુસુમાંજલિ ભવિકનાં, પાપ હરે ત્રણ કાળ. ૧૧.

નમોર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

કુસુમાંજલિ ઢાળ

વિવિધ કુસુમ વર જાતિ ગહેવી, જિનચરણે પણમંત ઠવેવી;
કુસુમાંજલિ મેલો વીર જિણંદા. ૧૨

વસ્તુ છંદ

ન્હવણકાલે ન્હવણકાલે, દેવદાણવ સમુચ્ચિય,
કુસુમાંજલિ તહિ સંઠવિય, પસરંત દિસિ પરિમલ સુગંધિય;
જિણપયકમલે નિવડેઈ, વિગ્ઘહર જસ નામ મંતો,
અનંત ચઉવીસ જિન, વાસવ મલીય અસેસ;
સા કુસુમાંજલિ સુહકરો, ચઉવિહ સંઘ વિશેષ. ૧૩

નમોર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

કુસુમાંજલિ ઢાળ

અનંત ચઉવીસી જિનજી જુહારું, વર્તમાન ચઉવીસી સંભારું;
કુસુમાંજલિ મેલો ચોવીસ જિણંદા. ૧૪

દુહો

મહાવિદેહે સંપ્રતિ, વિહરમાન જિન વીસ;
ભક્તિ ભરે તે પૂજિયા, કરો સંઘ સુજગીશ. ૧૫
નમોર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

કુસુમાંજલિ ઢાળ

અપચ્છરમંડલી ગીત ઉચ્ચારા, શ્રી શુભવીરવિજય જયકારા;
કુસુમાંજલિ મેલો સર્વ જિણંદા. ૧૬

(સ્નાત્રપૂજા કરનારે પ્રભુજીના જમણા અંગૂઠે કુસુમાંજલિ મૂકવી. પછી થી પ્રદક્ષિણાના નીચે પ્રમાણેના દુહા બોલવા. પ્રત્યેક દુહો બોલતાં સિંહાસનની પ્રદક્ષિણા કરી પ્રભુ સન્મુખ ખમાસમણ દેવાં.)

પ્રદક્ષિણાના દુહા

(૧) સિદ્ધાચલ સમરું સદા, સોરઠ દેશ મોઝાર;
મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર. ૧
સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢ ગિરનાર;
શેત્રુંજી નદીએ નાહ્યો નહીં, એનો એળે ગયો અવતાર. ૨

(૨) શેત્રુંજી નદીએ નાહીને, મુખબાંધી મુખકોશ;
દેવ યુગાદિ પૂજીએ, આણી મન સંતોષ. ૩
એકેકું ડગલું ભરે, શેત્રુંજા સામું જેહ;
ઋષભ કહે ભવ ક્રોડનાં, કર્મખપાવે તેહ. ૪





(૩) શેત્રુંજા સમો તીરથ નહિ, ઋષભ સમો નહિ દેવ;
ગૌતમ સરિખા ગુરુ નહિ, વળી વળી વંદુ તેહ. ૫
જગમાં તીરથ દો વડા, શત્રુંજય ગિરનાર;
એક ગઢ ઋષભ સમોસર્યા એક ગઢ નેમકુમાર. ૬

(પછી સ્નાત્રીયા ત્રણ ખમાસમણ દેઈ જગચિંતામણિનું ચૈત્યવંદન કરી 'નમુત્થુણં' થી 'જયવીયરાય' પર્યંત કહે. પછી હાથ ધોઈ મુખકોશ બાંધી કળશ લઈ ઊભા રહેવું)

દુહો સયલ જિણેસર પાય નમી, કલ્યાણક વિધિ તાસ;
વર્ણવતાં સુણતાં થકાં, સંઘની પૂરે આશ. ૧.

ઢાળ

સમકિતગુણઠાણે પરિણમ્યા, વળી વ્રતધર સંયમસુખ રમ્યા;
વીશસ્થાનકવિધિએ તપ કરી, એસી ભાવદયા દિલમાં ધરી. ૧
જો હોવે મુજ શકિત ઈસી, સવિ જીવ કરું શાસનરસી;
શુચિરસ ઢલતે તિહાં બાંધતા, તીર્થંકર નામ નિકાચતાં. ૨
સરાગથી સંયમ આચરી, વચમાં એક દેવનો ભવ કરી;
ચ્યવી પન્નર ક્ષેત્રે અવતરે, મધ્યખંડે પણ રાજવીકુલે. ૩
પટરાણી કુખે ગુણનીલો, જેમ માનસરોવર હંસલો;
સુખશય્યાએ રજનીશેષે, ઉતરતાં ચૌદ સુપન દેખે. ૪

ઢાળ ચૌદ સ્વપ્નની

પહેલે ગજવર દીઠો, બીજે વૃષભ પઈઠ્ઠો;
ત્રીજે કેસરીસિંહ, ચોથે લક્ષ્મી અબીહ. ૧
પાંચમે ફૂલની માળા, છઠ્ઠે ચન્દ્ર વિશાળા;
રવિ રાતો ધ્વજ મ્હોટો, પૂરણ કળશ નહિ છોટો. ૨

દશમે પદ્મ સરોવર, અગિયારમે રત્નાકર;
ભવન વિમાન રત્નગંજી, અગ્નિશિખા ધૂમવર્જિ. ૩

સ્વપ્ન લઈ જઈ રાયને ભાસે, રાજા અર્થ પ્રકાશે;
પુત્ર તીર્થંકર ત્રિભુવન નમશે, સકલ મનોરથ ફળશે. ૪

વસ્તુ છંદ

અવધિનાણે અવધિનાણે, ઉપન્યા જિનરાજ,
જગત જસ પરમાણુઆ, વિસ્તર્યા વિશ્વજંતુ સુખકાર;
મિથ્યાત્વ તારા નિર્બલા, ધર્મઉદય પરભાત સુંદર,
માતા પણ આણંદિયા, જાગતી ધર્મ વિધાન;
જાણંતી જગતિલક સમો, હોશે પુત્ર પ્રધાન. ૧.

દુહો

શુભલગ્ને જિન જનમીયા, નારકીમાં સુખજ્યોત;
સુખ પામ્યા ત્રિભુવનજના, હુઓ જગત ઉદ્યોત. ૧.

ઢાળ કડખાની દેશી

સાંભળો કળશ જિન મહોત્સવનો ઈહાં,
છપ્પન કુમરી દિશિ વિદિશિ આવે તિહાં;
માય સુત નમીય, આનંદ અધિકો ધરે,
અષ્ટ સંવર્ત્ત વાયુથી કચરો હરે. ૧

વૃષ્ટિ ગંધોદકે, અષ્ટ કુમરી કરે,
અષ્ટ કલશા ભરી, અષ્ટ દર્પણ ધરે;
અષ્ટ ચામર ધરે, અષ્ટ પંખા લહી,
ચાર રક્ષા કરી, ચાર દીપક ગ્રહી. ૨

ઘર કરી કેળના, માય સુત લાવતી,
કરણ શુચિકર્મ જળ કળશે ન્હવરાવતી;
કુસુમ પૂજી, અલંકાર પહેરાવતી;
રાખડી બાંધી જઈ, શયન પધરાવતી. ૩





નમીય કહે માય તુજ બાળ લીલાવતી,
મેરુ રવિ ચન્દ્ર લગે, જીવજો જગપતિ;
સ્વામી ગુણ ગાવતી, નિજ ઘર જાવતી,
તેણે સમે ઈન્દ્રસિંહાસન કંપતી. ૪

ઢાળ એકવીશાની દેશી

જિન જન્મ્યાજી, જિણ વેળા જનની ઘરે,
તિણ વેળાજી, ઈન્દ્ર સિંહાસન થરહરે;
દાહિણોત્તરજી, જેતા જિન જનમે યદા,
દિશિનાયકજી, સોહમ ઈશાન બિહું તદા. ૧

ત્રોટક છંદ

તદા ચિંતે ઈન્દ્ર મનમાં કોણ અવસર એ બન્યો,
જિનજન્મ અવધિનાણે જાણી હર્ષ આનંદ ઉપન્યો;
સુઘોષ આદે ઘંટનાદે ઘોષણા સુરમેં કરે,
સવિ દેવી દેવા જન્મ મહોત્સવે આવજો સુરગિરિવરે. ૨
(અહીં ઘંટ વગાડવો)

ઢાળ

એમ સાંભળીજી, સુરવર કોડી આવી મળે,
જન્મ મહોત્સવજી, કરવા મેરુ ઉપર ચલે;
સોહમપતિજી, બહુ પરિવારે આવીયા,
માય જિનનેજી, વાંદી પ્રભુને વધાવીયા. ૩
(અહીં પ્રભુને ચોખાથી વધાવવા)

ત્રોટક છંદ

વધાવી બોલે હે રત્નકુક્ષી ધારિણી તુજ સુતતણો,
હું શક્ર સોહમ નામે કરશું, જન્મ મહોત્સવ અતિ ઘણો;

એમ કહી જિનપ્રતિબિંબ થાપી, પંચરૂપે પ્રભુ ગ્રહી,
દેવદેવી નાચે હર્ષ સાથે, સુરગિરિ આવ્યા વહી. ૪

ઢાલ

મેરુ ઉપરજી, પાંડુકવનમેં ચિહું દિશે,
શિલા ઉપરજી, સિંહાસન મન ઉલ્લસે;
તિહાં બેસીજી, શક્રે જિન ખોળે ધર્યા,
હરિ ત્રેસઠજી, બીજા તિહાં આવી મળ્યા. ૫

ત્રોટક છંદ

મળ્યા ચોસઠ સુરપતિ તિહાં, કરે કળશ અડ જાતિના,
માગધાદિ જળતીર્થ ઔષધિ, ધૂપ વળી બહુ ભાતિના;
અચ્યુતપતિએ હુકમ કીનો, સાંભળો દેવા સવે,
ખીરજલધિ ગંગાનીર લાવો, ઝટિતિ જિન જન્મ મહોત્સવે. ૬

ઢાળ વિવાહલાની દેશી

સુર સાંભળીને સંચરીયા, માગધ વરદામે ચલીયા;
પદ્મદ્રહ ગંગા આવે, નિર્મલ જળકળશા ભરાવે. ૧

તીરથજળ ઔષધિ લેતા, વળી ખીરસમુદ્રે જાતા;
જળકળશા બહુલ ભરાવે, ફૂલ ચંગેરી થાળા લાવે. ૨

સિંહાસન ચામર ધારી, ધૂપધાણાં રકેબી સારી;
સિદ્ધાંતે ભાખ્યા જેહ, ઉપકરણ મિલાવે તેહ. ૩

તે દેવા સુરગિરિ આવે, પ્રભુ દેખી આનંદ પાવે;
કળશાદિક સહુ તિહાં ઠાવે, ભકતે પ્રભુના ગુણ ગાવે. ૪

ઢાળ રાગ ધન્યાશ્રી

આતમભક્તિ મળ્યા કેઈ દેવા, કેતા મિત્તનુજાઈ,
નારીપ્રેર્યા વળી નિજ કુલવટ, ધર્મી ધર્મસખાઈ;





જોઈસ વ્યંતર ભવનપતિના, વૈમાનિક સુર આવે,
અચ્યુતપતિ હુકમે ધરી કળશા, અરિહાને નવરાવે. ૧

અડજાતિ કળશા પ્રત્યેકે, આઠ આઠ સહસ પ્રમાણો,
ચઉસઠ સહસ હુઆ અભિષેકે, અઢીસેં ગુણા કરી જાણો;
સાઠ લાખ ઉપર એક કોડી, કળશાનો અધિકાર,
બાસઠ ઈન્દ્ર તણા તિહાં બાસઠ, લોકપાલના ચાર. ૨

ચન્દ્રની પંક્તિ છાસઠ છાસઠ, રવિશ્રેણિ નરલોકો,
ગુરુસ્થાનક સુર કેરો એકજ, સામાનિકનો એકો;
સોહમપતિ ઈશાનપતિની, ઈન્દ્રાણીના સોળ,
અસુરની દશ ઈન્દ્રાણી, નાગની બાર કરે કલ્લોલ. ૩

જ્યોતિષ વ્યંતર ઈન્દ્રની ચઉ ચઉ, પર્ષદા ત્રણનો એકો,
કટકપતિ અંગરક્ષક કેરો, એક એક સુવિવેકો;
પરચુરણ સુરનો એક છેલ્લો, એ અઢીસેં અભિષેકો,
ઈશાન ઈન્દ્ર કહે મુજ આપો, પ્રભુને ક્ષણ અતિરેકો. ૪

તવ તસ ખોળે ઠવી અરિહાને, સોહમપતિ મનરંગે,
વૃષભ રૂપ કરી શૃંગ જળે ભરી, ન્હવણ કરે પ્રભુ અંગે;
પુષ્પાદિક પૂજીને છાંટે, કરી કેસર રંગ રોલે,
મંગળદીવો આરતી કરતાં, સુરવર જય જય બોલે. ૫

ભેરી ભુંગળ તાલ બજાવત, વળિયા જિન કર ધારી,
જનની ઘર માતાને સોંપી, એણીપરે વચન ઉચ્ચારી;
'પુત્ર તુમારો, સ્વામી હમારો, અમ સેવક આધાર;
પંચ ધાવી રંભાદિક થાપી, પ્રભુ ખેલાવણ હાર. ૬

બત્રીસ કોડી કનક મણિ માણેક, વસ્ત્રની વૃષ્ટિ કરાવે,
પૂરણ હર્ષ કરેવા કારણ, દ્વીપ નંદીસર જાવે;

કરીય અઢ્ઢાઈ ઉત્સવ દેવા, નિજ નિજ કલ્પ સધાવે,
દીક્ષા કેવલને અભિલાષે, નિત નિત જિન ગુણ ગાવે. ૭

તપગચ્છ ઈસર સિંહસૂરીશ્વર, કેરા શિષ્ય વડેરા,
સત્યવિજય પંન્યાસતણે પદ, કપૂરવિજય ગંભીરા;
ખિમાવિજય તસ સુજસવિજયના, શ્રી શુભવિજય સવાયા,
પંડિત વીરવિજય શિષ્યે, જિન જન્મ મહોત્સવ ગાયા. ૮

ઉત્કૃષ્ટા એકસો ને સિત્તેર, સંપ્રતિ વિચરે વીશ,
અતીત અનાગત કાલે અનંતા, તીર્થંકર જગદીશ;
સાધારણ એ કળશ જે ગાવે, શ્રી શુભવીર સવાઈ,
મંગળલીલા સુખભર પાવે, ઘર ઘર હર્ષ વધાઈ. ૯

## જગચિંતામણિ સૂત્ર (ચૈત્યવંદન) અર્થ

જગચિંતામણિ - ભવ્ય જીવોના ચિંતામણિ રત્ન સમાન.
જગ-નાહ - ભવ્ય જીવોના નાથ.
જગગુરુ - સર્વ લોકના હિતનો ઉપદેશ કરનાર.
જગરક્ખણ - છ જીવ નિકાયના રક્ષક.
જગબંધવ - સમાન બોધવાળાના તથા સકળ જંતુના બંધુ.
જગસત્થવાહ - મોક્ષાભિલાષીના સાર્થવાહ.
જગભાવ - ષડ્દ્રવ્ય તથા નવ તત્વના સ્વરૂપને કહેવામાં.
વિઅક્ખણ - વિચક્ષણ.
અટ્ઠાવય - અષ્ટાપદ પર્વત ઉપર.
સંઠવિયરૂવ - જેમનાં બિંબ સ્થાપન કરેલાં છે.
કમ્મટ્ઠ - આઠ કર્મને.
વિણાસણ - નાશ કરનારા.
જિણવર - તીર્થંકરો.
જયંતુ - જય પામો !
અપ્પડિહય - કોઈથી હણાયું નથી.
સાસણ - શાસન જેમનું.
કમ્મભૂમિહિં- જ્યાં કર્મ વર્તે છે એવાં
કમ્મભૂમિહિં- કર્મભૂમિનાક્ષેત્રોને વિષે.





પઢમસંઘયણી - પહેલા સંઘયણવાળા
ઉક્કોસય - ઉત્કૃષ્ટપણે.
સત્તરિસય - એકસો સિત્તેર.
જિણવરાણ - તીર્થંકરો.
વિહરંત - વિચરતા.
લબ્ભઈ - પામીએ.
નવકોડિહિં - નવ ક્રોડ.
કેવલીણ - કેવળી.
કોડિસહસ્સ - હજારક્રોડ.
નવ - નવ.
સાહુ - સાધુઓ.
ગમ્મઈ - જાણીએ.
સંપઈ - વર્તમાનકાળે .
જિણવર - તીર્થંકર.
વીસ - વીશ.
મુણિ - મુનિઓ.
બિહું - બે.
વરનાણ - ઉત્તમ (કેવલ) જ્ઞાનવાળા.
સમણહ - સાધુઓ.
કોડિ - ક્રોડ.
સહસ્સદુઅ - બે હજાર.
થુણિજ્જઈ - સ્તવના કરીએ.
નિચ્ચવિહાણિ - નિત્ય પ્રભાતે
જયઉ સામિય - સ્વામી જય પામો.
રિસહ - ઋષભદેવ ભગવાન.
સત્તુંજિ - શત્રુંજયને વિષે.
ઉજ્જિંતિ - શ્રી ગિરનાર પર્વત ઉપર.
પહુ - પ્રભુ.
નેમિજિણ - નેમિનાથ ભગવાન.
વીર - શ્રી વીર ભગવાન.
સચ્ચઉરિ - સત્યપુરી (સાચોર) નગરનાં.
મંડણ - આભૂષણરૂપ.
ભરૂઅચ્છહિં- ભરૂચને વિષે.
મુણિસુવ્વય - મુનિસુવ્રતસ્વામી.
મુહરિ - મુહરિ ગામમાં.
પાસ - શ્રી પાર્શ્વનાથ ભગવાન.
દુહ - દુઃખ.
દુરિઅ - પાપના.
ખંડણ - ખંડન કરનાર.
અવર - બીજા.
વિદેહિં - પાંચ મહાવિદેહ ક્ષેત્રને વિષે.
તિત્થયરા - તીર્થંકરો.
ચિહું - ચાર.
દિસિ - દિશાઓમાં.
વિદિસિ - વિદિશાઓમાં, ખૂણામાં
જિંકેવિ - જે કોઈપણ.

| | |
|---|---|
| તીઅ - અતીત (ભૂત)કાળ સંબંધી | તિઅલોએ - ત્રણ લોકને વિષે. |
| અણાગય - અનાગત ભવિષ્યકાળ સંબંધી. | ચેઈએ - ચૈત્યોને. |
| | વંદે - હું વંદના કરું છું. |
| સંપઈઅ - વર્તમાનકાળ સંબંધી. | પનરસ - પંદર. |
| વંદું - હું વંદના કરું છું. | કોડિસયાઈં - સો ક્રોડ. |
| જિણ - જિનેશ્વરોને. | કોડિ - ક્રોડ. |
| સવ્વેવિ - સર્વે પણ. | બાયાલ - બેંતાળીશ. |
| સત્તાણવઈ - સત્તાણું. | લક્ખ - લાખ. |
| સહસ્સા - હજાર. | અડવન્ના - અઠ્ઠાવન. |
| લક્ખા - લાખ. | છત્તીસ - છત્રીશ. |
| છપ્પન - છપ્પન્ન. | સહસ - હજાર. |
| અટ્ઠ - આઠ. | અસિઈં - એંશી. |
| કોડિઓ - ક્રોડ. | સાસય - શાશ્વતા. |
| બત્તીસસય - બત્રીશસો. | બિંબાઈં - બિબોને. |
| બાસિઆઈં - બ્યાશી. | પણમામિ - હું પ્રણામ કરું છું. |

## જંકિંચિ સૂત્ર અર્થ

| | |
|---|---|
| જંકિંચિ - જે કોઈ. | જાઈં - જેટલાં. |
| નામતિત્થં - નામરૂપ તીર્થો છે. | જિણબિંબાઈં - જિનબિંબો. |
| સગ્ગે - સ્વર્ગલોકમાં. | તાઈં - તે. |
| પાયાલિ - પાતાલલોકમાં. | સવ્વાઈં - સર્વને. |
| માણુસેલોએ- મનુષ્યલોકમાં. | વંદામિ - વંદુ છું. |





## પક્ખિ પ્રતિક્રમણની વિધિ

૧ પ્રથમ દેવસિઅ પ્રતિક્રમણમાં વંદિત્તુ કહીએ ત્યાં સુધી સર્વ કહેવું પણ ચૈત્યવંદન સકલાર્હતનું કહેવું અને થોય સ્નાતસ્યાની કહેવી, પછી એક ખમાસમણ દેવું.

૨ પછી દેવસિઅ આલોઇઅ પડિક્કંતા ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! પક્ખિ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં, કહી મુહપત્તિ પડીલેહવી પછી બે વાંદણા દેવાં.

૩ પછી ઇચ્છાકારેણ સંદિ૦ ભગ૦ સંબુદ્ધા ખામણેણં અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર પક્ખિઅં ખામેઉં ? ઇચ્છં ખામેમિ પક્ખિઅં, એક પક્ખસ્સ પનરસ રાઈ દિયાણં, જંકિંચિ અપત્તિયં, પરપત્તિયં કહેવું.

૪ પછી ઇચ્છાકારેણ સંદિ૦ ભગ૦ પક્ખિઅં આલોઉં ? ઇચ્છં, આલોએમિ જો મે પક્ખિઓ અઈઆરો કઓ કહી.

૫ પછી 'ઇચ્છાકારેણ૦ સંદિ૦ ભગ૦ પક્ખિ અતિચાર આલોઉં ? ઇચ્છં, એમ કહી પક્ખિ અતિચાર સંપૂર્ણ કહેવા.

૬ પછી 'સવ્વસ્સવિ પક્ખિઅ દુચ્ચિંતિઅ, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ, ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ ઇચ્છં, તસ્સ મિચ્છામિ દુક્કડં' એમ કહી.

૭ પછી ઇચ્છકારી ભગવન્ ! પસાય કરી પક્ખિ તપ પસાય કરશોજી' ચઉત્થેણં એક ઉપવાસ, બે આયંબિલ, ત્રણ નીવિ, ચાર એકાસણાં, આઠ બિઆસણાં, બે હજાર સજ્ઝાય યથાશક્તિ તપ કરી પહોંચાડશો.'

૮ પછી પ્રવેશ કર્યો હોય તો 'પઇટ્ઠિઓ' કહીએ અને કરવો હોય તો તહત્તિ' કહીએ તથા ન કરવો હોય તો મૌન રહેવું.

૯ પછી બે વાંદણાં દઇ, 'ઇચ્છા૦ સદિ૦ ભગ૦ પત્તેઅ ખામણેણં અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિતર પક્ખિઅં ખામેઉં ? ઇચ્છં, ખામેમિ પક્ખિઅં, એક પક્ખસ્સ પનરસ રાઈ દિયાણં જંકિંચિ અપત્તિઅં૦ કહી પછી શ્રી સકલ સંઘને મિચ્છામિ દુક્કડમ્ કહેવું. ત્યારબાદ બે વાંદણાં દેવા.

૧૦ પછી 'દેવસિઅ આલોઇઅ પડિક્કંતા ઇચ્છા૦ સંદિ ભગવન્૦ પક્ખિઅં પડિક્કમામિ ? સમ્મં પડિક્કમામિ,' એમ કહી.

૧૧ કરેમિ ભંતે૦ ઇચ્છામિ પડિક્કમીઉં જો મે પક્ખિઓ૦ કહી. પછી

૧૨ ખમાસમણ દઇ, ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ પક્ખિસૂત્ર પઢું ? ઇચ્છં કહી ત્રણ નવકાર ગણી (સાધુ ભગવંત હોય તો પક્ખિસૂત્ર કહે) અને સાધુ ભગવંત ન હોય તો શ્રાવકે વંદિત્તુ કહેવું પછી સુઅદેવયાની થોય કહેવી.

૧૩ પછી નીચે બેસી જમણો ઢીંચણ ઊભો રાખી, એક નવકાર ગણી, કરેમિભંતે૦ ઇચ્છામિ પડિ૦ કહી વંદિત્તુ કહેવું. પછી,

૧૪ કરેમિ ભંતે૦ ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં જો મે પક્ખિઓ૦ તસ્સ ઉત્તરી૦ અન્નથ૦ કહી બાર લોગસ્સ ચંદેસુ નિમ્મલયરા સુધી ન આવડે તો અડતાલીસ નવકારનો કાઉસ્સગ્ગ કરવો.

૧૫ પારીને પ્રગટ લોગસ્સ કહી, મુહપત્તિ પડિલેહીને, બે વાંદણાં દેવાં. પછી ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ સમત્ત ખામણેણં અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર પક્ખિઅં ખામેઉં ? ઇચ્છં. ખામેમિ પક્ખિઅં, એક પક્ખસ્સ પનરસ રાઇદિયાણં જંકિંચિ અપત્તિઅં૦' કહેવું.

૧૬ પછી ખમાસમણ દઈને ઇચ્છા૦ પક્ખિ ખામણાં ખામું ? ઇચ્છં, કહી ચરવળા પર હાથ સ્થાપી ચાર ખામણાં ખામવાં.
૧લા, ૨જા અને ૪થા ખામણામાં ઈચ્છામી ખમાસમણો કહી ૧ નવકાર ગણી સિરસા મણસા મત્થએણ વંદામિ કહેવું અને
૩જા ખામણામાં ઈચ્છામી ખમાસમણો કહી ૧ નવકાર ગણી તસ્સ મિચ્છા મિ દુક્કડમ કહેવું.

૧૭ પછી દેવસિઅ પ્રતિક્રમણમાં વંદિત્તુ કહ્યા પછી બે વાંદણાં દઈએ ત્યાંથી તે સામાયિક પારીએ ત્યાંસુધી સર્વ દેવસિઅની પેઠે જાણવું, પણ સુઅદેવયા તથા જીસે ખિત્તેની થોયને બદલે જ્ઞાનાદિ તથા યસ્યાઃક્ષેત્રંની થોયો કહેવી. સ્તવન અજિતશાંતિનું કહેવું. સજ્ઝાયને બદલે નવકાર ઉવસ્સગહરં તથા સંસારદાવાનલની ચાર થોયો કહેવી અને લઘુશાંતિને બદલે મોટી શાન્તિ કહેવી. પછી છેલ્લે સંતિકરં કહેવું. પછી દેવસિઅ પ્રતિક્રમણની વિધિ પ્રમાણે સામાયિક પારવું.





## ચઉમાસી પ્રતિક્રમણની વિધિ

**આમાં પક્ખિની વિધિ પ્રમાણે કરવું, પણ એટલું વિશેષ કે બાર લોગસ્સના કાઉસ્સગ્ગને બદલે વીશ લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધી કાઉસ્સગ્ગ કરવો અને પક્ખિ શબ્દને બદલે ચઉમાસીનો શબ્દ કહેવો તથા તપમાં "છટ્ઠેણં, બે ઉપવાસ, ચાર આયંબિલ, છ નીવિ, આઠ એકાસણાં, સોલ બિયાસણાં, ચાર હજાર સજ્ઝાય૦" એ રીતે કહેવું.**

### કર્મ સમજાવો

(૩) **વેદનીય કર્મ :** ઇન્દ્રિયજન્ય કે મનોજન્ય ભૌતિક સુખ-દુઃખનું વેદન કરાવે તે વેદનીય કર્મ છે. તે મધુલિપ્ત તલવારની ધાર સમાન છે. તલવારની ધાર પર મધ ચોપડ્યું હોય અને તે ચાટવાથી પહેલા તો મીઠાશનો અનુભવ થાય, પણ પછી તે ધાર વાગવાથી દુઃખ અને વેદનાનો અનુભવ થાય છે. સુખની અને દુઃખની બંનેની અનુભૂતિ આ કર્મ કરાવે છે. આ કર્મ ૨ પ્રકારનું છે.

૧. શાતા વેદનીય કર્મ
૨. અશાતા વેદનીય કર્મ

- **શેનાથી બંધાય ? :** જીવ માત્ર ઉપર દયા – કરુણા કરવાથી, દુઃખીઓનાં દુઃખમાં સહભાગી થવાથી તેમના દુઃખ હળવા કરવાથી શાતા વેદનીય કર્મ બંધાય છે. અને જીવોને ત્રાસ સંતાપ આપવાથી, તેમના દુઃખોથી રાજી થવાથી અશાતા વેદનીય કર્મ બંધાય છે.
- **કર્મનું ફળ :** શાતા વેદનીય કર્મના લીધે જીવાત્માને મનગમતા અને મનભાવતા ભોગોપભોગ મળે છે. અશાતા વેદનીય કર્મના લીધે ગરીબાઈ, રોગ વગેરે દુઃખો મળે છે.

(૪) **મોહનીય કર્મ :** જીવને મૂઢ બનાવી હિતાહિતનો વિવેક ન થવા દે, તે મોહનીય કર્મ છે. તે મદિરાપાન સમાન છે. મદિરાના નશામાં વ્યક્તિ ભાન ભુલી જાય છે. તેમ મોહનીય કર્મ જીવને હિતાહિતના વિવેકમાં

ભાન ભુલાવે છે. આ કર્મના લીધે જીવાત્મા આત્મભાન ભૂલી જાય છે અને ક્ષણભંગુર ભોગોપભોગમાં આસક્ત બને છે. તે જ પ્રમાણે આત્માને વિકૃત અને મૂઢ બનાવનાર કર્મને મોહનીય કર્મ કહે છે. ધર્મની બાબતમાં અનેક પ્રકારની શંકા કુશંકા પેદા કરવાનું કામ આ મોહનીય કર્મ કરે છે. આઠેય કર્મમાં સૌથી ભયંકર આ મોહનીય કર્મ છે. બધા કર્મનો તે રાજા છે. તેના આધારે જ બાકીના કર્મો જીવને ચાર ગતિમાં રખડાવે છે.

આ મોહનીય કર્મના બે (૨) ભેદ છે. દર્શન મોહનીય કર્મ અને ચારિત્ર મોહનીય કર્મ. દર્શન મોહનીય કર્મનાં ત્રણ અને ચારિત્ર મોહનીય કર્મનાં બે ભેદો છે.

- **દર્શન મોહનીય કર્મ :** પરમાત્માની વાણી પ્રત્યે શ્રદ્ધાને ઉત્પન્ન ન થવા દેનાર કે ઉત્પન્ન થયેલી શ્રદ્ધાને પણ શંકાઓ દ્વારા તોડી નાખનાર કર્મ તે દર્શન મોહનીય કર્મ. તેના ત્રણ પેટા પ્રકાર છે. ૧. સમ્યક મોહનીય, ૨. મિથ્યાત્વ મોહનીય, ૩. સમ્યક્-મિથ્યાત્વ (મિશ્ર) મોહનીય.
- **ચારિત્ર મોહનીય કર્મ :** પરમાત્માની વાણી પ્રત્યે શ્રદ્ધા પેદા થાય તો પણ તે પ્રમાણે આચરણ ન કરવા દે તે ચારિત્ર મોહનીય કર્મ. ચારિત્ર મોહનીય બે પ્રકારનું છે. ૧. કષાય મોહનીય, ૨. નોકષાય મોહનીય. કષાયથી ઉત્તપન્ન થયેલાં કર્મોનાં સોળ ભેદો છે અને નોકષાયથી ઉત્તપન્ન થેયેલાં કર્મોનાં નવ ભેદો છે. આમ તેના ૨૫ પેટા પ્રકાર છે.
- **મોહનીય કર્મના કુલ ૩ + ૨૫ = ૨૮ પેટા ભેદ છે.**
- **શેનાથી બંધાય ?:** તીવ્રપણે ક્રોધ, માન, માયા અને લોભ કરવાથી, ધર્મના નામે અધર્મનું આચરણ કરવાથી, અનાચાર - વ્યભિચાર કરવા વગેરેથી મોહનીય કર્મ બંધાય છે.
- **કર્મનું ફળ:** આ કર્મના લીધે જીવાત્મા મોહાંધ, રાગાંધ અને વિષયલુબ્ધ બને છે. તે ઈર્ષાળુ, ઝઘડાખોર, માયાવી અને દંભી બને છે. અકારણ – સકારણ ભયભીત અને શોકાકુળ બને છે.





## જૈન ધર્મની મોનોપોલી

આજના આધુનિક યુગમાં વિજ્ઞાન આપણને માત્ર સુખ-સુવિધાઓ આપી શકે છે, પણ સાચું 'સુખ' અને 'શાંતિ' તો જીવન જીવવાની કળામાં જ રહેલા છે. હજારો વર્ષ જૂના જૈન ધર્મના સિદ્ધાંતો આજે માત્ર ધાર્મિક માન્યતા નથી, પરંતુ વિજ્ઞાન અને મનોવિજ્ઞાનનો અદ્ભુત સંગમ છે. જૈન ધર્મની 'મોનોપોલી' સત્તા કે સંપત્તિ પર નહીં, પરંતુ નીચેના ૫ સિદ્ધાંતો છે. આપણે જૈન ધર્મના સિદ્ધાંતોને માત્ર ધાર્મિક રીતે જ નહીં, પણ એક 'Life Management Tools (લાઈફ મેનેજમેન્ટ ટૂલ્સ)' તરીકે જોવાની જરૂર છે.

(૧) **અહિંસાઃ** અહિંસા એ માત્ર 'ન મારવું' એવું બંધન નથી, પણ સહ-અસ્તિત્વ નું વિજ્ઞાન છે.

**વિજ્ઞાનઃ** દરેક જીવમાં પીડા અનુભવવાની ક્ષમતા હોય છે. જ્યારે પ્રાણીઓ પર હિંસા થાય છે, ત્યારે તેમનામાં પેદા થતા 'ઝેરી તત્ત્વો' માનવ શરીરને નુકસાન કરે છે.

**મનોવિજ્ઞાનઃ** કરુણા અને દયાનો ભાવ વ્યક્તિના હૃદયમાં તણાવ ઘટાડીને તેની ભાવનાત્મક બુદ્ધિમાં વધારો કરે છે.

**પ્રેરક ઉદાહરણોઃ** ભગવાન નેમિનાથની પશુઓ પ્રત્યેની સંવેદનશીલતા અને મેતારજ મુનિનું પક્ષી માટેનું બલિદાન એ સાબિત કરે છે કે વ્યક્તિગત સુખ કરતાં 'જીવદયા' અને 'સ્વાર્થ ત્યાગ' હંમેશા ચડિયાતા છે.

**આધુનિક સંદર્ભઃ** 'અહિંસા પરમો ધર્મઃ'ના સૂત્રને જૈન ધર્મે જેટલી સૂક્ષ્મતાથી સમજાવ્યું છે, તેટલું કદાચ વિશ્વના અન્ય કોઈ દર્શનમાં જોવા મળતું નથી. જૈન ધર્મમાં 'છકાય જીવ'ની રક્ષાનો આદેશ છે, જે આધુનિક પર્યાવરણ સંતુલન ને બચાવવાનું વિજ્ઞાન છે.

(૨) **આજ્ઞાઃ** આજ્ઞા એ આત્માને પરમ સ્વાસ્થ્ય અને શિસ્ત તરફ લઈ જતું માર્ગદર્શન છે.

વિજ્ઞાન કહે છે કે સૂર્યાસ્ત પછી શરીરની જઠરાગ્નિ મંદ પડે છે. પ્રભુએ આપેલી 'ચૌવિહાર' ની આજ્ઞા વાસ્તવમાં આધુનિક Intermittent Fasting (ઇન્ટરમિટેન્ટ ફાસ્ટિંગ) છે, જે કેન્સર અને ડાયાબિટીસ જેવા રોગો સામે રક્ષણ આપે છે.

**માનસિક શિસ્તઃ** જ્યારે આપણે ગુરુ કે તીર્થંકરની આજ્ઞા પાળીએ છીએ, ત્યારે અહંકાર ઓગળે છે. આ શિસ્ત જીવનમાં માનસિક શાંતિ અને સ્થિરતા લાવે છે.

**પ્રેરક ઉદાહરણઃ** ગૌતમ સ્વામી પાસે અનંત લબ્ધિઓ હોવા છતાં તેમણે ભગવાન મહાવીરની આજ્ઞાને જ સર્વોપરી માની. આ અનન્ય શ્રદ્ધા અને અહંકારનો લય જ તેમને કેવલજ્ઞાન સુધી લઈ ગયો.

**આધુનિક સંદર્ભઃ** આજના યુગમાં સ્વતંત્રતાના નામે સ્વચ્છંદતા વધી રહી છે, ત્યારે જૈન દર્શનમાં આજ્ઞા એ ગુલામી નથી, પણ 'સુરક્ષા' છે. જે રીતે ટ્રાફિકના નિયમોનું પાલન કરવું એ આપણી ભલાઈ માટે છે, તેમ વીતરાગની આજ્ઞાનું પાલન એ સંસારના સંઘર્ષોથી બચવા અને આત્માના ઉદ્ધાર માટેની 'ટ્રાફિક ગાઈડલાઈન્સ' છે.

(૩) **અનેકાંતવાદ અને સ્યાદવાદઃ** જૈન દર્શનનો અનેકાંતવાદ એ માત્ર સિદ્ધાંત નથી, પરંતુ આધુનિક વિજ્ઞાન અને મનોવિજ્ઞાનની દ્રષ્ટિએ સત્યને સમજવાની સર્વોચ્ચ પદ્ધતિ છે. અનેકાંતવાદ જો 'વિચાર' છે, તો સ્યાદવાદ એ 'સંવાદની કળા' છે.

**વિજ્ઞાનઃ** આઈન્સ્ટાઈનના સાપેક્ષતાવાદના સિદ્ધાંતની જેમ અનેકાંતવાદ શીખવે છે કે સત્ય દ્રષ્ટિબિંદુ પર આધારિત છે. વિજ્ઞાનના 'Conditions Apply' (કંડિશન્સ એપ્લાય)ના નિયમની





જેમ, સ્યાદવાદ શીખવે છે કે આપણું વિધાન કોઈ ચોક્કસ અપેક્ષાએ જ સાચું હોઈ શકે છે.

**મનોવિજ્ઞાનઃ** બીજાના મંતવ્યોને સ્વીકારવાની ક્ષમતા તણાવ ઘટાડે છે અને ભાવનાત્મક બુદ્ધિ વધારે છે. 'સ્યાદ' (કદાચ) શબ્દનો પ્રયોગ વાણીમાં વિનમ્રતા લાવે છે.

**પ્રેરક ઉદાહરણ :** પ્રભુએ કથા દ્વારા બહુ સુંદર રીતે સમજાવ્યું છે કે છ અંધજનો જ્યારે હાથીના અલગ-અલગ અંગો સ્પર્શે છે ત્યારે દરેક પોતાની જગ્યાએ સાચા છે, પણ સત્ય તો અધૂરું જ છે. સંપૂર્ણ સત્ય તો ત્યારે જ સમજાય જ્યારે આખાય હાથીને જોવાની દ્રષ્ટિ મળે. આ કથા આપણને શીખવે છે કે પૂરા સત્ય માટે દરેકના પક્ષને સમજવો અનિવાર્ય છે.

**આધુનિક સંદર્ભઃ** આજના સોશિયલ મીડિયા અને કટ્ટરતાના યુગમાં આ એક 'ગ્લોબલ સોલ્યુશન' છે. તે 'હું જ સાચો' ના અહંકારને તોડી 'સંવાદ'નો માર્ગ ખોલે છે. અનેકાંતવાદ આપણને 'ઓપન માઇન્ડ' રાખી દરેક પાસાને સમજવાની દ્રષ્ટિ આપે છે, જે વૈશ્વિક શાંતિ માટે અનિવાર્ય છે.

(૪) **માધ્યસ્થ ભાવઃ** જૈન દર્શનમાં 'માધ્યસ્થ ભાવ' એટલે કોઈના પ્રત્યે રાગ કે દ્વેષ રાખ્યા વગર સ્થિતપ્રજ્ઞ રહેવું. આ આધુનિક મનોવિજ્ઞાન અને વિજ્ઞાન માટે સુખની ચાવી છે.

**વિજ્ઞાન :** જ્યારે આપણે કોઈના પર ગુસ્સો કે દ્વેષ કરીએ છીએ, ત્યારે મગજમાં સ્ટ્રેસ વધે છે. માધ્યસ્થ ભાવ મગજને સ્થિર રાખી રોગપ્રતિકારક શક્તિ વધારે છે.

**મનોવિજ્ઞાન :** મનોવિજ્ઞાન મુજબ, પરિસ્થિતિને જજ કરવાને બદલે માત્ર અવલોકન કરવાથી ભાવનાત્મક ઉથલપાથલ રોકી શકાય છે; જ્યાં પરિસ્થિતિ બદલવી શક્ય ન હોય, ત્યાં મનસ્થિતિ બદલવી એ જ સાચો માધ્યસ્થ ભાવ છે.

**પ્રેરક ઉદાહરણ :** ઝેરીલા સર્પ ચંડકૌશિકે જ્યારે ભગવાન

મહાવીરને ડંખ માર્યો, ત્યારે પ્રભુએ તેના પર ગુસ્સો કરવાને બદલે 'માધ્યસ્થ ભાવ' રાખ્યો. પ્રભુની આ શાંતિએ સર્પનું હૃદય પરિવર્તન કરી નાખ્યું.

**આધુનિક સંદર્ભ :** સુખમાં બહુ છકી ન જવું અને દુઃખમાં હિંમત ન હારવી, આ સ્થિરતા ને કારણે વ્યક્તિ વધુ સારા નિર્ણયો લઈ શકે છે. બહારની દુનિયા ગમે તેટલી અશાંત હોય, જો તમે અંદરથી તટસ્થ છો, તો તમારી શાંતિ કોઈ છીનવી શકતું નથી. 'માધ્યસ્થ ભાવ' એ હાર માની લેવી કે નસીબ પર છોડી દેવું (ભાગ્યવાદ) નથી, પરંતુ મનને મજબૂત રાખવાની એક કળા છે.

(૫) **અપરિગ્રહઃ** જૈન દર્શનનો 'અપરિગ્રહ' એટલે કેવળ વસ્તુઓનો જ ત્યાગ નહીં, પણ વસ્તુઓ પ્રત્યેની 'મમત્વ વૃત્તિ' નો ત્યાગ.

**વિજ્ઞાનઃ** વિજ્ઞાનની દ્રષ્ટિએ આ સિદ્ધાંત પૃથ્વીના મર્યાદિત સંસાધનોનો બચાવ કરી ગ્લોબલ વોર્મિંગ જેવી સમસ્યાઓ અટકાવે છે.

**મનોવિજ્ઞાનઃ** મનોવિજ્ઞાન મુજબ વધુ પડતી વસ્તુઓ માનસિક બોજ અને ચિંતા વધારે છે, જ્યારે અપરિગ્રહ 'Less is More' ના મંત્ર દ્વારા મનને શાંતિ અને સ્પષ્ટતા આપે છે.

**પ્રેરક ઉદાહરણ :** જૈન સાધુઓનું સાવ સાદું અને સંપત્તિ વગરનું ત્યાગી જીવન સાબિત કરે છે કે સાચું સુખ વસ્તુઓ 'ભેગી કરવામાં' નહીં, પણ તેને ત્યાગવામાં છે.

**આધુનિક સંદર્ભ :** આજના સંદર્ભમાં, જરૂરિયાત અને લાલચ વચ્ચેનો ભેદ સમજી અપરિગ્રહ અપનાવનાર વ્યક્તિ દેખાડાના ખર્ચથી બચીને આર્થિક સ્વતંત્રતા મેળવે છે. આમ, અપરિગ્રહ એ સંગ્રહખોરી છોડી સંતોષથી જીવવાનું શ્રેષ્ઠ વિજ્ઞાન છે.





**નિષ્કર્ષઃ**

તીર્થંકર પરમાત્માના સિદ્ધાંતો હજારો વર્ષો પછી પણ આધુનિક વિજ્ઞાનની કસોટીએ ખરા ઉતર્યા છે. આ માત્ર ધર્મ નથી, પરંતુ ૨૧મી સદીમાં જીવવાનું એક 'Advanced Science (એડવાન્સ સાયન્સ)' અને 'Future Ready Survival Kit (ફ્યુચર રેડી સરવાઈવલ કીટ)' છે. જ્યારે જીવનમાં મૂંઝવણ હોય, સંબંધોમાં તિરાડ પડતી હોય કે માનસિક શાંતિ જોખમાતી હોય, ત્યારે જૈન દર્શનના આ સિદ્ધાંતો માર્ગદર્શક બનીને દરેક સમસ્યાનો સચોટ ઉકેલ આપે છે. તે સુખ, શાંતિ અને સફળતાપૂર્વક જીવવાની સાચી કળા છે.

(૧) **અહિંસાઃ** તે આપણા શરીર, મન અને આખી પૃથ્વીને પ્રેમથી જોડે છે.

(૨) **આજ્ઞાઃ** તે આત્માની રક્ષા કરતી 'સેફ્ટી ગાઈડલાઈન' છે, જે આપણને નિરોગી શરીર અને શાંત મન આપે છે.

(૩) **અનેકાંતવાદઃ** તે ખુલ્લા મનનું વિજ્ઞાન છે, જે આપણામાંથી જીદ દૂર કરી ઉદારતા લાવે છે.

(૪) **માધ્યસ્થ ભાવઃ** તે બુદ્ધિ અને લાગણીનું સંતુલન છે; તે આપણને ગુસ્સામાં સામે લડવાને બદલે શાંતિથી જવાબ આપતા શીખવે છે.

(૫) **અપરિગ્રહઃ** તે ઈચ્છાઓને કાબૂમાં રાખવાનું વિજ્ઞાન છે, જે આપણને વસ્તુઓના માલિક બનાવે છે, તેના ગુલામ નહીં.

ટૂંકમાં, જૈન ધર્મની આ 'મોનોપોલી' આધુનિક માણસ માટે એક શક્તિશાળી 'Survival Kit' અને 'Master Key' છે. હવે સુખી જીવનનું તાળું ખોલવાની જવાબદારી તમારી છે!

## મૌખિક - ધો. ૧૧

| | | | |
|---|---|---|---|
| સૂત્ર | : | ભક્તામર સ્તોત્ર (સૂત્ર ૫૮) | ૪૦ |
| અર્થ | : | નમુત્થુણં થી નમોડર્હત્ સૂત્ર (શબ્દાર્થ) | ૩૦ |
| કર્મ | : | (૫) આયુષ્ય કર્મ | |
| | | (૬) નામ કર્મ | |
| | | (૭) ગોત્ર કર્મ | |
| | | (૮) અંતરાય કર્મ | ૩૦ |
| | | | ૧૦૦ |

### (૫૮) શ્રી ભક્તામરસ્તોત્ર

ભક્તામર-પ્રણત-મૌલિ-મણિ-પ્રભાણા-મુદ્યોતકં દલિત-પાપ-તમો-વિતાનમ્ ।
સમ્યક્ પ્રણમ્ય જિન-પાદ-યુગં યુગાદા-વાલમ્બનં ભવ-જલે પતતાં જનાનામ્ ॥૧॥

યઃસંસ્તુતઃ સકલ-વાંગ્મય-તત્ત્વબોધા-દુદ્ભૂત-બુદ્ધિ-પટુભિઃ સુરલોક-નાથૈઃ ।
સ્તોત્રૈર્જગત્ત્રિતય-ચિત્ત-હરૈ-રુદારૈઃ,સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રમ્ ॥૨॥

બુદ્ધયા વિનાપિ વિબુધાર્ચિત-પાદ-પીઠ, સ્તોતું સમુદ્યત-મતિર્વિગત-ત્રપોહમ્ ।
બાલં વિહાય જલ-સંસ્થિત-મિન્દુ-બિમ્બ-મન્યઃક ઇચ્છતિ જનઃ સહસા ગ્રહીતુમ્ ॥૩॥

વક્તું ગુણાન્ ગુણ-સમુદ્ર! શશાંક-કાંતાન્, કસ્તે ક્ષમઃ સુર-ગુરુ-પ્રતિમોપિ બુદ્ધયા ।
કલ્પાંત-કાલ-પવનોદ્ધત-નક્ર-ચક્રં, કો વા તરીતુ-મલમમ્બુ નિધિં ભુજાભ્યામ્ ॥૪॥

સોડહં તથાપિ તવ ભક્તિ-વશાન્મુનીશ, કર્તું સ્તવં વિગત-શક્તિ-રપિ પ્રવૃત્તઃ ।
પ્રીત્યાત્મ-વીર્ય-મવિચાર્ય મૃગો મૃગેન્દ્રં, નાભ્યેતિ કિં નિજ-શિશોઃ પરિ-પાલનાર્થમ્ ॥૫॥

અલ્પશ્રુતં શ્રુતવતાં પરિહાસ-ધામ, ત્વદ્ભક્તિ-રેવ-મુખરી-કુરુતે બલાન્મામ્ ।
યત્કોકિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ, તચ્ચારુચૂત-કલિકા-નિકરૈક-હેતુઃ ॥૬॥





ત્વત્સંસ્તવેન ભવ-સંતતિ-સન્નિબદ્ધં પાપં ક્ષણાત્ક્ષય-મુપૈતિ શરીર-ભાજામ્ ।
આક્રાંત-લોક-મલિનીલ-મશેષ-માશુ, સૂર્યાંશુ-ભિન્ન-મિવ શાર્વર-મન્ધકારમ્ ॥૭॥

મત્ત્વેતિ નાથ તવ સંસ્તવનં મયેદ-મારભ્યતે તનુધિયાપિ તવ પ્રભાવાત્ ।
ચેતો હરિષ્યતિ સતાં નલિની-દલેષુ, મુક્તાફલ-દ્યુતિ-મુપૈતિ નનૂદ-બિન્દુઃ ॥૮॥

આસ્તાં તવ સ્તવન-મસ્ત-સમસ્ત-દોષં, ત્વત્સંકથાપિ જગતાં દુરિતાનિ હંતિ ।
દૂરે સહસ્ર-કિરણઃ કુરુતે પ્રભૈવ, પદ્માકરેષુ જલજાનિ વિકાસ-ભાંજિ ॥૯॥

નાત્યદ્ભુતં ભુવન-ભૂષણ-ભૂતનાથ, ભૂતૈર્ગુણૈર્ભુવિ ભવંત-મભિષ્ટુ-વંતઃ ।
તુલ્યા ભવંતિ ભવતો નનુ તેન કિં વા, ભૂત્યાશ્રિતં ય ઇહ નાત્મસમં કરોતિ ॥૧૦॥

દૃષ્ટ્વા ભવંત-મનિમેષ-વિલોકનીયં, નાન્યત્ર તોષ-મુપયાતિ જનસ્ય ચક્ષુઃ ।
પીત્વા પયઃ શશિકર-દ્યુતિ-દુગ્ધ-સિન્ધોઃ, ક્ષારં જલં જલનિધે રસિતું ક ઇચ્છેત્ ॥૧૧॥

યૈઃ શાંત-રાગ-રુચિભિઃ પરમાણુ-ભિસ્ત્વં, નિર્માપિતસ્ત્રિ-ભુવનૈક-લલામ-ભૂત ।
તાવંત એવ ખલુ તેપ્યણવઃ પૃથિવ્યાં, યત્તે સમાન-મપરં ન હિ રૂપમસ્તિ ॥૧૨॥

વક્ત્રં ક્વ તે સુર-નરોરગનેત્ર-હારિ, નિઃશેષ-નિર્જિત-જગત્ત્રિત-યોપમાનમ્ ।
બિમ્બં કલંક-મલિનં ક્વ નિશાકરસ્ય, યદ્વાસરે ભવતિ પાણ્ડુ-પલાશ-કલ્પમ્ ॥૧૩॥

સમ્પૂર્ણ-મણ્ડલ-શશાંક-કલા કલાપ-શુભ્રા ગુણાસ્ત્રિભુવનં તવ લંઘયંતિ ।
યે સંશ્રિતાસ્ત્રિજગદીશ્વર-નાથમેકં, કસ્તાન્નિવારયતિ સંચરતો યથેષ્ટમ્ ॥૧૪॥

ચિત્રં કિમત્ર યદિ તે ત્રિદશાંગનાભિ-ર્નીતં મનાગપિ મનો ન વિકાર-માર્ગમ્ ।
કલ્પાંત-કાલ-મરુતા ચલિતા ચલેન, કિં મન્દરાદ્રિ-શિખરં ચલિતં કદાચિત્ ॥૧૫॥

નિર્ધૂમ-વર્ત્તિ-રપવર્જિત-તૈલપૂરઃ, કૃત્સ્નં જગત્ત્રયમિદં પ્રકટી-કરોષિ ।
ગમ્યો ન જાતુ મરુતાં ચલિતા-ચલાનાં, દીપોપરસ્ત્વમસિ નાથ! જગત્પ્રકાશઃ ॥૧૬॥

નાસ્તં કદાચિદુપયાસિ ન રાહુ-ગમ્યઃ, સ્પષ્ટી-કરોષિ સહસા યુગપજ્જગંતિ ।
નામ્ભોધરોદર-નિરુદ્ધ-મહા-પ્રભાવઃ, સૂર્યાતિશાયિ-મહિમાસિ મુનીન્દ્ર લોકે ॥૧૭॥

નિત્યોદયં દલિત-મોહ-મહાન્ધકારં ગમ્યં ન રાહુ-વદનસ્ય ન વારિદાનામ્ ।
વિભ્રાજતે તવ મુખાબ્જ-મનલ્પ-કાંતિ, વિદ્યોતયજ્-જગદપૂર્વ-શશાંક-બિમ્બમ્ ॥૧૮॥

કિં શર્વરીષુ શશિનાહ્નિ વિવસ્વતા વા, યુષ્મન્મુખેન્દુ-દલિતેષુ તમસ્સુ નાથ ।
નિષ્પન્ન-શાલિ-વન-શાલિની જીવ-લોકે, કાર્યં કિયજ્-જલધરૈર્જલ-ભારનમ્રૈઃ ॥૧૯॥

જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં, નૈવં તથા હરિ-હરાદિષુ નાયકેષુ ।
તેજઃસ્ફુરન્મણિષુ યાતિ યથા મહત્વં, નૈવં તુ કાચ-શકલે કિરણા-કુલેપિ ॥૨૦॥

મન્યે વરં હરિ-હરાદય એવ દૃષ્ટા, દૃષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ ।
કિં વીક્ષિતેન ભવતા ભુવિ યેન નાન્યઃ, કશ્ચિન્મનો હરતિ નાથ ભવાંતરેપિ ॥૨૧॥

સ્ત્રીણાં શતાનિ શતશો જનયંતિ પુત્રાન્-નાન્યા સુતં ત્વદુપમં જનની પ્રસૂતા ।
સર્વા દિશો દધતિ ભાનિ સહસ્ર-રશ્મિં, પ્રાચ્યેવ દિગ્જનયતિ સ્ફુર-દંશુ-જાલમ્ ॥૨૨॥

ત્વામા-મનંતિ મુનયઃ પરમં પુમાંસ-માદિત્ય-વર્ણ-મમલં તમસઃ પુરસ્તાત્
ત્વામેવ સમ્ય-ગુપલભ્ય જયંતિ મૃત્યું, નાન્યઃ શિવઃ શિવ-પદસ્ય મુનીન્દ્ર પંથાઃ ॥૨૩॥

ત્વા-મવ્યયં વિભુ-મચિંત્ય-મસંખય-માદ્યં, બ્રહ્માણ-મીશ્વર-મનંત-મનંગ કેતુમ્ ।
યોગીશ્વરં વિદિત-યોગ-મનેક-મેકં, જ્ઞાન-સ્વરૂપ-મમલં પ્રવદંતિ સંતઃ ॥૨૪॥

બુદ્ધસ્ત્વમેવ વિબુધાર્ચિત-બુદ્ધિ-બોધાત્, ત્વં શંકરોસિ ભુવન-ત્રય-શંકરત્વાત્ ।
ધાતાસિ ધીર! શિવ-માર્ગ-વિધેર્-વિધાનાત્, વ્યક્તં ત્વમેવ ભગવન્ પુરુષોત્તમોઽસિ ॥૨૫॥
તુભ્યં નમ સ્ત્રિભુવનાર્તિ-હારાય નાથ, તુભ્યં નમઃ ક્ષિતિ-તલામલ-ભૂષણાય ।
તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય, તુભ્યં નમો જિન! ભવોદધિ-શોષણાય ॥૨૬॥

કો વિસ્મયોઽત્ર ! યદિ નામ ગુણૈરશેષૈ, સ્ત્વં સંશ્રિતો નિરવકાશ-તયા મુનીશ ! ।
દોષૈ-રુપાત્ત-વિવિધાશ્રય-જાત-ગર્વૈઃ, સ્વપ્રાંતરેપિ ન કદાચિદ-પીક્ષિતોઽસિ ॥૨૭॥

ઉચ્ચૈર-શોક-તરુ-સંશ્રિત-મુન્મયૂખ-માભાતિ રૂપ-મમલં ભવતો નિતાંતમ્ ।
સ્પષ્ટોલ્લસત-કિરણમસ્ત-તમોવિતાનં, બિમ્બં રવેરિવ પયોધર-પાર્શ્વવર્તિ ॥૨૮॥

સિંહાસને મણિ-મયૂખ-શિખા-વિચિત્રે, વિભ્રાજતે તવ વપુઃ કનકા-વદાતમ ।
બિમ્બં વિયદ્-વિલસ-દંશુ-લતા-વિતાનં, તુંગોદયાદ્રિ-શિરસીવ સહસ્ર-રશ્મેઃ ॥૨૯॥

કુન્દાવદાત-ચલ-ચામર-ચારુ-શોભં, વિભ્રાજતે તવ વપુઃ કલધૌત-કાંતમ્ ।
ઉદ્યચ્છશાંક-શુચિ-નિર્ઝર-વારિ-ધાર-મુચ્ચૈસ્તટં સુર-ગિરેરિવ શાત-કૌમ્ભમ્ ॥૩૦॥

છત્ર-ત્રયં તવ વિભાતિ શશાંક-કાંત-મુચ્ચૈઃ સ્થિતં સ્થગિત-ભાનુ-કર-પ્રતાપમ્ ।
મુક્તા-ફલ-પ્રકર-જાલ-વિવૃદ્ધ-શોભં, પ્રખ્યાપયત્-ત્રિજગતઃ પરમેશ્વરત્વમ્ ॥૩૧॥

ઉન્નિદ્ર-હેમ-નવપંકજપુંજ-કાંતિ, પર્યુલ્લસન્નખ-મયૂખ-શિખા-ભિરામૌ ।
પાદૌ પદાનિ તવ યત્ર જિનેન્દ્ર ધત્તઃ, પદ્માનિ તત્ર વિબુધાઃ પરિ-કલ્પયંતિ ॥૩૨॥





ઈત્થં યથા તવ વિભૂતિ-રભૂજ્જિનેન્દ્ર!, ધર્મોપ-દેશન વિધૌ ન તથા પરસ્ય ।
યાદૃક્ પ્રભા દિનકૃતઃ પ્રહતાન્ધ-કારા, તાદૃક્કુતો ગ્રહ-ગણસ્ય વિકાશિનોપિ ॥૩૩॥

શ્ચ્યોતન-મદા-વિલ-વિલોલ-કપોલ-મૂલ-મત્ત-ભ્રમદ્-ભ્રમર-નાદ વિવૃદ્ધ-કોપમ્ ।
ઐરાવતાભ-મિભ-મુદ્ધત-માપતંતં, દૃષ્ટવા ભયં ભવતિ નો ભવદા-શ્રિતાનામ્ ॥૩૪॥

ભિન્નેભ-કુમ્ભ-ગલ-દુજ્જ્વલ-શોણિતાક્ત-મુક્તાફલ-પ્રકર-ભૂષિત-ભૂમિભાગઃ ।
બદ્ધ-ક્રમઃ ક્રમ-ગતં હરિણા-ધિપોપિ, નાક્રામતિ ક્રમ-યુગાચલ-સંશ્રિતં તે ॥૩૫॥

કલ્પાંત-કાલ-પવનોદ્ધત-વહ્નિ-કલ્પં, દાવાનલં જ્વલિત-મુજ્જ્વલ-મુત્ફુલિંગમ્ ।
વિશ્વં જિઘત્સુમિવ સમ્મુખ-માપતંતં, ત્વન્નામ-કીર્તન-જલં શમયત્ય-શેષમ્ ॥૩૬॥

રક્તેક્ષણં સમદ-કોકિલ-કણ્ઠ-નીલં, ક્રોધોદ્ધતં ફણિન-મુત્ફણ-માપતંતમ્ ।
આક્રામતિ ક્રમયુગેન નિરસ્ત-શંક-સ્ત્વન્નામ-નાગ-દમની હૃદિ યસ્ય પુંસઃ ॥૩૭॥

વલ્ગત્તુરંગ-ગજ-ગર્જિત-ભીમ-નાદ-માજૌ બલં બલવતામપિ ભૂ-પતીનામ્ ।
ઉદ્યદ્-દિવાકર-મયૂખ-શિખા-પવિદ્ધં, ત્વત્કીર્ત્તનાત્-તમ ઈવાશુ ભિદા-મુપૈતિ ॥૩૮॥

કુંતાગ્ર-ભિન્ન-ગજ-શોણિત-વારિવાહ-વેગાવતાર-તરણાતુર-યોધ-ભીમે ।
યુદ્ધે જયં વિજિત-દુર્જય-જેય-પક્ષાસ્-ત્વત્-પાદ-પંકજ-વના-શ્રયિણો લભંતે ॥૩૯॥

અમ્ભો-નિધૌ ક્ષુભિત-ભીષણ-નક્ર-ચક્ર-પાઠીન-પીઠ-ભય-દોલ્બણ-વાડવાગ્નૌ ।
રંગત્તરંગ-શિખર-સ્થિત-યાન-પાત્રાસ્-ત્રાસં વિહાય ભવતઃ સ્મરણાદ્-વ્રજંતિ ॥૪૦॥

ઉદ્ભૂત-ભીષણ-જલોદર-ભાર-ભુગ્નાઃ, શોચ્યાં દશા-મુપગતાશ્-ચ્યુત-જીવિતાશાઃ ।
ત્વત્પાદ-પંકજ-રજોમૃતદિગ્ધ-દેહાઃ, મર્ત્યા ભવંતિ મકર-ધ્વજ-તુલ્ય-રૂપાઃ ॥૪૧॥

આપાદ-કણ્ઠ-મુરુશૃંખલ-વેષ્ટિતાંગા, ગાઢં બૃહન્નિગડ-કોટિ-નિઘૃષ્ટ-જંઘાઃ ।
ત્વન્નામ-મંત્ર-મનિશં મનુજાઃ સ્મરંતઃ સદ્યઃ સ્વયં વિગત-બન્ધ-ભયા ભવંતિ ॥૪૨॥

મત્ત-દ્વિપેન્દ્ર-મૃગરાજ-દવાનલાહિ-સંગ્રામ-વારિધિ-મહોદર-બન્ધનોત્થમ્ ।
તસ્યાશુ નાશ-મુપયાતિ ભયં ભિયેવ, યસ્તાવકં સ્તવ-મિમં મતિમાન-ધીતે ॥૪૩॥

સ્તોત્ર-સ્રજં તવ જિનેન્દ્ર ગુણૈ-ર્નિબદ્ધાં ભક્ત્યા મયા વિવિધ-વર્ણ-વિચિત્ર-પુષ્પામ્ ।
ધત્તે જનો ય ઈહ કણ્ઠ-ગતામજસ્રં તં માનતુંગમવશા સમુપૈતિ લક્ષ્મીઃ ॥૪૪॥

## નમુત્થુણં સૂત્ર અર્થ

નમુત્થુણં - નમસ્કાર હો.
અરિહંતાણં - અરિહંતોને.
ભગવંતાણં - ભગવાનોને.
આઈગરાણં - દ્વાદશાંગીની આદિના કરનારને.
તિત્થયરાણં - ધર્મતીર્થના પ્રવર્તાવનારને.
સયંસંબુદ્ધાણં - પોતાની મેળે તત્વના જાણનારને.
પુરિસુત્તમાણં - પુરુષોમાં ઉત્તમને.
પુરિસસિહાણં - પુરૂષોને વિષે સિંહ સમાનને.
પુરિસ - પુરૂષોને વિષે.
વર - પ્રધાન.
પુંડરિઆણં - કમળ સમાનને.
ગંધહત્થીણં - ગંધહસ્તી સમાનને.
લોગુત્તમાણં - લોકમાં ઉત્તમને.
લોગનાહાણં - લોકોના નાથને.
લોગહિયાણં - લોકના હિતકારીને
લોગપઈવાણં - લોકોને વિષે દીપક સમાનને.
લોગપજ્જોઅગરાણં - લોકને વિષે ઉદ્યોત કરનારને.
અભયદયાણં - અભયદાન આપનાર.
ચક્ખુદયાણં - આંતરચક્ષુના આપનારને.
મગ્ગદયાણં - મોક્ષમાર્ગને આપનારાને.
સરણદયાણં - શરણ આપનારને.
બોહિદયાણં - બોધિબીજને આપનારાને
ધમ્મદયાણં - ધર્મના આપનારને.
ધમ્મદેસયાણં - ધર્મનો ઉપદેશ કરનારને
ધમ્મનાયગાણં - ધર્મના નાયકને.
ધમ્મસારહીણં - ધર્મના સારથીને.
ધમ્મવર - ધર્મ રૂપી.
ચાઉરંત - ચાર ગતિનો અંત કરનાર.
ચક્કવટ્ટીણં - ધર્મના ચક્રવર્તીને.
અપ્પડિહય - કોઈથી હણાય નહીં તેવા.
વરનાણ - કેવલજ્ઞાન.
દંસણ - કેવલદર્શનને.
ધરાણં - ધારણ કરનારને.
વિયટ્ટ - જે નિવર્ત્યા છે.
છઉમાણં -છદ્મસ્થાવસ્થામાંથી તેને
જિણાણં - જીતનારને
જાવયાણં - જિતાડનારને.





તિન્નાણં - તરનારને.
તારયાણં - તારનારને.
બુદ્ધાણં - તત્વ જાણનારને.
બોહયાણં - બોધ આપનારને.
મુત્તાણં - પોતે કર્મથી મુકાયેલાને.
મોઅગાણં - બીજાને કર્મથી મુકાવનારને.
સવ્વન્નૂણં - સર્વજ્ઞોને.
સવ્વદરિસીણં - સર્વદર્શીને.
સિવ - ઉપદ્રવ રહિત.
અયલ - અચળ.
અરુઅ - રોગ રહિત.
અણંત - અનંત.
અક્ખય - અક્ષય.
અવ્વાબાહ - બાધા રહિત.
અપુણરાવિત્તિ - જ્યાંથી ફરી અવતાર લેવો નથી એવું.
સિદ્ધિગઈનામધેયં - સિદ્ધિગતિ નામનું.
ઠાણં - સ્થાનને.
સંપત્તાણં - પામેલાને.
નમો - નમસ્કાર હો.
જિણાણં - જિનેશ્વરોને.
જિઅભયાણં- જીત્યા છે ઈહલોકાદિ સાત ભય જેણે એવાને.
જે અ - જેઓ
અઈઆ - અતીતકાળે.
સિદ્ધા - સિદ્ધ થયા.
ભવિસ્સંતિ - સિદ્ધ થશે.
અણાગએકાલે-અનાગતકાળનેવિષે.
સંપઈ અ - જે વર્તમાનકાળે.
વટ્ટમાણા - વિદ્યમાન છે.
સવ્વે - તે (દ્રવ્યજિન) ને.
તિવિહેણ - મન, વચન, કાયાએ
વંદામિ - હું વંદના કરું છું.

## જાવંતિ ચેઇઆઇં સૂત્ર અર્થ

જાવંતિ - જેટલાં.
ચેઈઆઈં - ચૈત્યો છે.
ઉડ્ઢે - ઉર્ધ્વલોકને વિષે.
અહે - અધોલોકને વિષે.
તિરિઅલોએ- તિર્ચ્છાલોકને વિષે.
સવ્વાઈં - સર્વને.
તાઈં - તેને.
વંદે - હું વંદના કરું છું.
ઈહ - અહીં.
સંતો - છતો.
તત્થ - ત્યાં.
સંતાઈં - રહેલાને.

## જાવંત કેવિ સાહૂ સૂત્ર અર્થ

| | | | |
|---|---|---|---|
| જાવંત | - જેટલા. | સવ્વેસિં | - સર્વને. |
| કેવિ | - કોઈપણ. | તેસિં | - તેઓને. |
| સાહૂ | - સાધુઓ. | પણઓ | - નમ્યો. |
| ભરહ | - ભરતક્ષેત્રને વિષે. | તિવિહેણ | - મન, વચન, કાયાએ કરીને. |
| એરવય | - ઐરાવત ક્ષેત્રને વિષે. | | |
| મહાવિદેહે | - મહાવિદેહ ક્ષેત્રને | તિદંડ | - ત્રણ દંડથી. |
| | | વિરયાણં | - નિવર્તેલાને |

## નમોઽર્હત્ (સંક્ષિપ્ત-પંચ-પરમેષ્ઠી-નમસ્કાર) સૂત્ર અર્થ

| | | | |
|---|---|---|---|
| નમો | - નમસ્કાર હો. | આચાર્ય | - આચાર્ય. |
| અર્હત્ | - અરિહંત. | ઉપાધ્યાય | - ઉપાધ્યાય. |
| સિદ્ધ | - સિદ્ધ. | સર્વસાધુભ્યઃ | - સર્વ સાધુઓને |

## કર્મ સમજાવો

(૫) **આયુષ્ય કર્મ :** જીવનનું નિર્માણ કરતાં પુદ્‌ગલને આયુષ્ય કર્મ કહે છે. કેદખાના જેવું છે આ કર્મ. કેદ (જેલ)માં પુરાયેલ માણસ પોતાની ઈચ્છા મુજબ આવાગમન નથી કરી શકતો. તે પ્રમાણે આ કર્મના લીધે જીવાત્મા દેહરૂપી કેદખાનામાં પુરાયેલો રહે છે. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એમ આયુષ્યકર્મનાં ચાર ભેદ છે.

**શેનાથી બંધાય અને તેનું ફળઃ**

જીવોની જેમાં પ્રતિપળ હિંસા થતી હોય તેવા કામ ધંધા કરવાથી, સંગ્રહખોરી કરવાથી, માંસાહાર કરવાથી અને પંચેન્દ્રિય જીવની હત્યા કરવાથી જીવાત્મા નરક ગતિમાં જાય છે.

કપટ સહિત જુઠું બોલવાથી, વિશ્વાસઘાત કરવાથી, ખોટા તોલ-માપ કરવાથી જીવાત્મા તિર્યંચ ગતિમાં જાય છે.





સ્વભાવથી નિષ્કપટી, સ્વભાવથી વિનીત, દયાળુ અને ઈર્ષારહિત હોય તે મનુષ્ય ગતિ પામે છે.

દીક્ષા લઈને સંયમ પાળવાથી, ગૃહસ્થપણામાં બાર વ્રતનું પાલન કરવાથી, તપ કરવાથી અને પરવશપણે સમતાભાવે દુઃખ સહન કરવાથી જીવાત્મા દેવગતિમાં જાય છે.

(૬) **નામ કર્મ :** જે પુદ્‌ગલના નિમિત્તથી જીવનની વિવિધ સામગ્રી મળે છે તેને નામ કર્મ કહે છે. ચિત્રકાર જેવું છે આ કર્મ. ચિત્રકાર પેન્સિલ અને પીંછીથી જાતજાતના ચિત્રો બનાવે છે. તે જ પ્રમાણે આ કર્મના લીધે જીવાત્મા વિવિધ રૂપ અને આકારના શરીરને પ્રાપ્ત કરે છે. શુભનામ અને અશુભનામ એમ નામ કર્મ બે પ્રકારનું કહ્યું છે અને નામ કર્મનાં કુલ ૧૦૩ પેટા ભેદો છે.

**શેનાથી બંધાય :** મન, વચન અને કાયાને સરળ અને પવિત્ર રાખવાથી તેમ જ સહુ સાથે પ્રેમ અને મિત્રતાભાવથી વ્યવહાર કરવાથી શુભનામ કર્મ બંધાય છે અને મન, વચન અને કાયાને વક્ર અને અપવિત્ર રાખવાથી તેમ જ સહુ સાથે કલેશ - કંકાસ કરવાથી અશુભ નામ કર્મ બંધાય છે.

**કર્મનું ફળ :** શુભ નામ કર્મથી મનગમતાં ભોગોપભોગ મળે છે, યશ મળે છે, રૂપ મળે છે, આરોગ્ય વગેરે સુખો મળે છે. અશુભ નામ કર્મથી અભાવ, દુર્ભાવ અને પીડા મળે છે. બદનામી મળે છે. બીમારી આવે છે વગેરે અનેક દુઃખો ભોગવવા પડે છે.

(૭) **ગોત્ર કર્મ :** જીવને ઉંચ કે નીચ ગોત્રમાં જન્મ ધારણ કરાવી ઉચ્ચતા કે નિમ્નતા પ્રાપ્ત કરાવે તે ગોત્ર કર્મ છે. ઉચ્ચ અને નીચ એમ બે પ્રકારનું આ કર્મ છે. જે કર્મના પ્રભાવથી ઉચ્ચ ગોત્ર મળે તે ઉચ્ચ ગોત્ર કર્મ અને જે કર્મના પ્રભાવથી નીચ ગોત્ર મળે તે નીચ ગોત્ર કર્મ કહેવાય છે. કુંભારના જેવું છે આ કર્મ. જેમ કુંભાર એક જ માટી અને એક જ ચાકડા પરથી અલગ-અલગ વાસણો બનાવે છે - કોઈ

દેવ-પૂજા માટેનો કળશ બને છે, તો કોઈ અપવિત્ર વસ્તુઓ રાખવાનું પાત્ર બને છે. તેમ ગોત્ર કર્મ પણ દરેક આત્માને તેના બાંધેલા કર્મોના આધારે જાતિ, કુળ, બળ આદિની ઉચ્ચતા કે નિમ્નતા પ્રાપ્ત કરાવીને સમાજમાં પૂજનીય (ઉચ્ચ ગોત્ર) કે નિંદનીય (નીચ ગોત્ર) બનાવે છે.

**શેનાથી બંધાય :** જાતિ, કુળ, બળ, રૂપ, તપ, જ્ઞાન, લાભ અને ઐશ્વર્ય આમાંથી કોઈ એકનું કે એકથી વધુનું અભિમાન કરવાથી નીચ ગોત્ર કર્મ બંધાય છે અને એવું અભિમાન ન કરવાથી ઉચ્ચ ગોત્ર કર્મ બંધાય છે.

**કર્મનું ફળ:** ઉચ્ચ ગોત્ર કર્મથી સુખી સંપન્ન અને સંસ્કારી કુટુંબમાં જન્મ મળે છે, રૂપ મળે છે, બળ મળે છે, સમૃદ્ધિ મળે છે. વગેરે ઉત્તમ સામગ્રી મળે છે. જયારે નીચ ગોત્ર કર્મથી એથી વિપરીત મળે છે. અર્થાત્ હલકા કુળમાં જન્મ મળે છે. ગરીબાઈ, રોગ, કુરૂપ વગેરે મળે છે.

(૮) **અંતરાય કર્મ :** ક્રિયાત્મક શક્તિમાં અવરોધ ઉભા કરતાં કર્મને અંતરાય કર્મ કહે છે. જીવને દાન, લાભ, ભોગ, ઉપભોગ કે વીર્ય-પરાક્મ ફોરવવામા બાધક બને તે અંતરાય કર્મ છે. તે રાજાના ભંડારી સમાન છે જેમ રાજા કોઈ યાચકને દાન દેવાની ઈચ્છા કરે, પરંતુ ભંડારી તેમાં વિઘ્ન કરે તો રાજાની ઈચ્છા સફળ થતી નથી તેમ અંતરાય કર્મ દાન આદિ પરિમાણોમાં વિઘ્ન કરે છે. એ જ પ્રમાણે આત્મામાં અનંત શક્તિ અને ગુણો રહેલા છે. પરંતુ આ કર્મના લીધે તે પ્રાપ્ત થઈ શકતા નથી. દાનાન્તરાય, લાભાન્તરાય, ભોગાન્તરાય, ઉપભોગાન્તરાય અને વીર્યાન્તરાય એમ અંતરાયકર્મ ના ૫ પ્રકાર છે.

**શેનાથી બંધાય :** કોઈ દાન દેતું હોય તો તેમાં આડખીલી રૂપ બનવાથી, કોઈને લાભ મળતો હોય તો તે લાભ મળતો રોકવાથી, કોઈને ખાન–પાન કરતાં રોકવાથી, ધર્મધ્યાન કરતાં રોકવાથી





વગેરેથી આ અંતરાય કર્મ બંધાય છે.

**કર્મનું ફળ:** આ કર્મના લીધે જીવાત્મા દાન દઈ શકતો નથી, લાભ મેળવી શકતો નથી. ભોગ અને ઉપભોગ ભોગવી શકતો નથી. તેમજ ધર્મની આરાધના કરી શકતો નથી.

આ ૮ કર્મો અને તેના ભેદકર્મોથી આત્મા જ્યાં સુધી સંયુક્ત અને સંબદ્ધ હોય છે, ત્યાં સુધી જીવાત્માનો પુનર્જન્મ થતો જ રહે છે. માણસ પોતાના આત્માને કર્મથી મુક્ત પણ કરી શકે છે. તપ, ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાન, ધ્યાન, જપ આદિ ધર્મસાધના કરીને તે પોતાના આત્માને નિર્મળ અને નિર્મમ બનાવી શકે છે. ધર્મની ઉતકૃષ્ટ અને ઉગ્ર સાધનાથી તમામ કર્મોનો ક્ષય કરીને જીવાત્મા મુક્ત અને બુદ્ધ થઈ શકે છે. જીવાત્મા તમામ કર્મોનો નાશ કરે છે ત્યારે તે પરમાત્મા બને છે.

## પરીક્ષા લેવાનો હેતુ

- **આજની સ્કુલોમાં શિક્ષણ મળે છે, સંસ્કારો નહીં. ઉપરથી કુસંસ્કારોનું પોષણ થાય છે. સંસ્કારો આપવાનું સ્થાન છે પાઠશાળા.**
- **બાળકોને સૂત્રો કંઠસ્થ થાય, તેમાં મૌખિક પરીક્ષાઓ દ્વારા ઉચ્ચારણની અશુધ્ધિઓ દૂર થાય.**
- **અંગ્રેજી માધ્યમમાં ભણતા બાળકોને સૂત્રો દ્વારા સંસ્કૃત, પ્રાકૃત શબ્દોનું જ્ઞાન થાય.**
- **ગુરુભગવંતો પાસે અવારનવાર ગાથા લેવા જવાનું થાય તેથી તેમનો પરિચય થાય, ગુરુ પ્રત્યે બહુમાનભાવ વધે.**
- **પરીક્ષાઓની તૈયારી કરવા માટે મોબાઈલ, ટીવી, જેવા દુષણો છોડવા પડે, જૈન ધર્મનો અભ્યાસ વધે.**
- **બાળકોમાં સંસ્કારનું સિંચન થાય અને તત્ત્વજ્ઞાન જીવનમાં ઉતારી ઉત્તરોત્તર ચારિત્ર ગ્રહણ કરી પરંપરાએ મોક્ષ સુખને પામે.**

# મૌખિક - ધો. ૧૨

| | | | |
|---|---|---|---|
| સૂત્ર | : | તિજયપહુત્ત સ્તોત્ર, નમિઉણ સ્તોત્ર (સૂત્ર ૫૯,૬૦) | ૪૦ |
| અર્થ | : | ઉવસગ્ગહરં થી અરિહંત ચેઈઆણં સૂત્ર (શબ્દાર્થ) | ૩૦ |
| વિધિ | : | ચૌદ નિયમ ધારવાની વિધિ | ૧૦ |
| પદાર્થ | : | ભક્ષ્યાભક્ષ્ય ભાગ - ૧ | ૨૦ |
| | | | ૧૦૦ |

## (૫૯) શ્રી તિજયપહુત્તસ્તોત્ર

તિજય-પહુત્ત-પયાસય, અટ્ઠ-મહાપાડિહેર-જુત્તાણં;
સમયક્ખિત્ત-ઠિઆણં, સરેમિ ચક્કં-જિણિંદાણં ૧

પણવીસા ય અસીઆ, પનરસ પન્નાસ જિણવર સમૂહો;
નાસેઉ સયલ-દુરિઅં, ભવિઆણં ભત્તિ-જુત્તાણં ૨

વીસા પણયાલા વિય, તીસા પન્નત્તરી જિણવરિંદા;
ગહભૂઅરક્ખસાઇણિ-ઘોરુવસગ્ગં પણાસંતુ. ૩

સત્તરિ પણતીસા વિ ય, સટ્ઠી પંચેવ જિણગણો એસો;
વાહિજલજલણહરિકરિ-ચોરારિમહાભયં હરઉ. ૪

પણપન્ના ય દસેવ ય, પન્નટ્ઠી તહ ય ચેવ ચાલીસા;
રક્ખંતુ મે સરીરં, દેવાસુર-પણમિયા સિદ્ધા. ૫

ૐ હરહુંહઃ સરસુંસઃ, હરહુંહઃ તહ ય ચેવ સરસુંસઃ;
આલિહિયનામગબ્ભં, ચક્કં કિર સવ્વઓભદ્દં. ૬
ૐ રોહિણી પન્નત્તી, વજ્જસિંખલા તહ ય વજ્જઅંકુસિઆ;
ચક્કેસરી નરદત્તા, કાલિ મહાકાલિ તહ ગોરી. ૭





ગંધારી મહજાલા, માણવિ વઇરુટ્ટ તહય અચ્છુત્તા;
માણસિ મહમાણસિઆ, વિજ્જાદેવીઓ રક્ખંતુ. ૮

પંચદસકમ્મભૂમિસુ, ઉપ્પન્નં સત્તરી જિણાણ સયં;
વિવિહરયણાઇવન્નો-વસોહિઅં હરઉ દુરિઆઇં. ૯

ચઉતીસ અઇસયજુઆ, અટ્ઠમહાપાડિહેરકયસોહા;
તિત્થયરા ગયમોહા, ઝાએઅવ્વા પયત્તેણં. ૧૦

ૐવરકણયસંખવિદ્દુમ, મરગયઘણસંનિહં વિગયમોહં;
સત્તરિસયં જિણાણં, સવ્વામરપૂઇઅં વંદે સ્વાહા. ૧૧

ૐભવણવઈવાણવંતર-જોઇસવાસી વિમાણવાસી અ;
જે કે વિ દુટ્ઠદેવા, તે સવ્વે ઉવસમંતુ મમ સ્વાહા. ૧૨

ચંદણકપ્પૂરેણં, ફલએ લિહિઉણ ખાલિઅં પીઅં;
એગંતરાઇગહભૂઅ-સાઇણીમુગ્ગં પણાસેઈ. ૧૩

ઈઅ સત્તરિસયં જંતં, સમ્મં મંતં દુવારિપડિલિહિઅં;
દુરિઆરિવિજયવંતં, નિબ્ભંતં નિચ્ચમચ્ચેહ. ૧૪

## (૬૦) શ્રી નમિઊણ સ્તોત્ર

નમિઊણ પણય-સુર-ગણ,-ચૂડા-મણિ-કિરણ-રંજિઅં મુણિણો;
ચલણ-જુઅલં મહા-ભય-પણાસણં સંથવં વુચ્છં. ૧

સડિય-કર-ચરણ-નહ-મુહ-નિબુડ્ડ-નાસા વિવન્ન-લાયન્ના;
કુટ્ઠ-મહારોગાનલ-ફુલિંગનિદડ્ઢ-સવ્વંગા. ૨

તે તુહ ચલણારાહણ સલિલંજલિ-સેય વુડ્ઢિયચ્છાયા;
વણ-દવ-દડ્ઢા ગિરિ-પાયવવ્વ, પત્તા પુણો લચ્છિં. ૩

દુવ્વાય-ખુભિય-જલ-નિહિ-ઉબ્ભડ-કલ્લોલ-ભીસણારાવે;
સંભંત-ભય-વિસંઠુલ-નિજ્ઝામય-મુક્કવાવારે. ૪

અ-વિદલિઅ-જાણ-વત્તા, ખણેણ પાવંતિ ઇચ્છિઅં કૂલં;
પાસ જિણ-ચલણ-જુઅલં, નિચ્ચં ચિઅ જે નમંતિ નરા. ૫

ખર-પવણુદ્ધુઅ-વણ-દવ-જાલાવલિ-મિલિય-સયલ-દુમગહણે
ડજ્ઝંત-મુદ્ધ-મય-વહુ-ભીસણરવ-ભીસણમ્મિ વણે. ૬

જગ-ગુરુણો કમ-જુઅલં, નિવ્વાવિઅ-સયલતિ-હુઅણાભોઅં;
જે સંભરંતિ મણુઆ, ન કુણઇ જલણો ભયં તેસિં. ૭

વિલસંત-ભોગ-ભીસણ-ફુરિયા-ડરુણ નયણ-તરલ-જીહાલં;
ઉગ્ગ-ભુઅંગં નવજલય-સત્થહં ભીસણાડડયારં. ૮

મન્નંતિ કીડ-સરિસં, દૂર-પરિચ્છુઢ-વિસમ-વિસવેગા;
તુહ નામક્ખર-ફુડ-સિદ્ધ-મંત-ગુરુઆ નરા લોએ. ૯

અડવીસુ ભિલ્લ-તક્કર, પુલિંદ સદ્દુલસદ-ભીમાસુ;
ભયવિહુર-વુન્ન-કાયર-ઉલ્લૂરિઅ-પહિઅ-સત્થાસુ. ૧૦

અ-વિલુત્ત-વિહવ-સારા, તુહ નાહ! પણામ-મત્તવાવારા;
વવગય-વિગ્ઘા સિગ્ઘં, પત્તા હિય-ઈચ્છિયં ઠાણં. ૧૧

પજ્જલિઆનલ-નયણં, દૂર-વિયારિય-મુહં મહા-કાયં;
નહ કુલિસ-ઘાય-વિઅલિઅ-ગઈંદ-કુંભત્થલાડડભોઅં. ૧૨

પણય-સસંભમ-પત્થિવ-નહ-મણિ-માણિક્ક-પડિઅ-પડિમસ્સ;
તુહ વયણ-પહરણ-ધરા, સીહં કુદ્ધંપિ ન ગણંતિ. ૧૩

સસિ-ધવલ-દંત-મૂસલં, દીહ-કરુલ્લાલ-વુડ્ઢિ-ઉચ્છાહં;
મહુ-પિંગ-નયણજુઅલં, સ-સલિલ-નવજલ-હરાડડરાવં. ૧૪

ભીમં મહા-ગઈંદં, અચ્ચા-ડડસન્નં પિ તે નવિ ગણંતિ;
જે તુમ્હ ચલણ-જુઅલં, મુણિ-વઈ! તુંગં સમલ્લીણા. ૧૫

સમરમ્મિ તિક્ખ-ખગ્ગા-ડભિગ્ઘાય પવિદ્ધ-ઉદ્ધુય-કબંધે;
કુંત-વિણિભિન્ન-કરિ-કલહ-મુક્ક-સિક્કાર-પઉરંમિ. ૧૬

નિજ્જિય દપ્પુદ્ધર-રિઉ-નરિંદ-નિવહા ભડા જસં ધવલં;
પાવંતિ પાવ-પસમિણ! પાસ-જિણ! તુહ પ્પભાવેણ. ૧૭

રોગ-જલ-જલણ-વિસ-હર,-ચોરાડરિ-મઈંદ-ગય-રણ-ભયાઈં;
પાસ-જિણ-નામ-સંકિત્તણેણ પસમંતિ સવ્વાઈં. ૧૮

**સુશ્રાવક એટલે સંસારને કેદખાનું માનનારો**



એવં મહા-ભય-હરં, પાસ-જિણિંદસ્સ સંથવમુઆરં;
ભવિય-જણા-ડડણંદ-યરં, કલ્લાણ-પરંપર-નિહાણં. ૧૯

રાય-ભય-જક્ખ-રક્ખસ-કુસુમિણ-દુસ્સઉણ-રિક્ખ-પીડાસુ;
સંઝાસુ દોસુ પંથે, ઉવસગ્ગે તહ ય રયણીસુ. ૨૦

જો પઢઇ જો અ નિસુણઈ, તાણં કઈણો ય માણતુંગસ્સ;
પાસો પાવં પસમેઉ, સયલ ભુવણડચ્ચિઅ ચલણો. ૨૧

ઉવસગ્ગંતે કમઠા-ડસુરમ્મિ, ઝાણાઓ જો ન સંચલિઓ;
સુર નર-કિન્નર-જુવઈહિં, સંથુઓ જયઉ પાસ જિણો. ૨૨

એઅસ્સ મજ્ઝયારે, અટ્ઠારસ અક્ખરેહિં જો મંતો;
જો જાણઈ સો ઝાયઈ, પરમ પયત્થં ફુડં પાસં. ૨૩

પાસહ સમરણ જો કુણઈ, સંતુટ્ઠે હિયએણ;
અટ્ઠુત્તર સય વાહિ ભય, નાસઈ તસ્સ દૂરેણ. ૨૪

## ઉવસગ્ગહરં સૂત્ર અર્થ

| | | | |
|---|---|---|---|
| ઉવસગ્ગ | - ઉપસર્ગ (વિઘ્ન)ને. | કલ્લાણ | - કલ્યાણના. |
| હરં | - હરનાર. | આવાસં | - ઘરરૂપ છે. |
| પાસં | - પાર્શ્વ નામનો યક્ષ જેને છે એવા. | વિસહરકુલિંગમંતં | - વિષધર સ્કુલિંગ નામના મંત્રને. |
| પાસં | - પાર્શ્વનાથને. | કંઠે | - કંઠમાં. |
| વંદામિ | - હું વાંદુ છું. | ધારેઈ | - ધારણ કરે. |
| કમ્મઘણ | - કર્મના સમૂહથી. | જો | - જે. |
| મુક્કં | - મુકાયેલા. | સયા | - હંમેશાં. |
| વિસહર | - વિષધર સર્પના. | મણુઓ | - મનુષ્ય. |
| વિસ | - વિષને | તસ્સ | - તેના. |
| નિન્નાસં | - નાશ કરનારા. | ગહ | - ગ્રહ |
| મંગલ | - મંગલ. | રોગ | - રોગ |

**માયા સર્વગુણોને ગળી જનાર રાક્ષસી છે**

મારી - મરકી.
દુટ્ઠ - અશુભ, ખરાબ.
જરા - તાવ
જંતિ - પામે છે.
ઉવસામં - શાન્તિને
ચિટ્ઠઉ - રહો.
દુરે - દૂર
મંતો - મંત્ર
તુજ્ઝ - તમારો.
પણામોવિ - નમસ્કાર પણ.
બહુફલો - ઘણા ફળવાળો.
હોઈ - થાય છે.
નર - મનુષ્ય.
તિરિએસુવિ - તિર્યંચને વિષે પણ.
જીવા - જીવો.
પાવંતિ - પામે.
ન - નહીં.
દુક્ખ - દુઃખ.
દોગચ્ચં - દુર્ભાગ્ય.
તુહ - તમારું.
સમ્મત્તે - સમકિત દર્શન.
લદ્ધે - પામ્યે છતે.
ચિંતામણિ - ચિંતામણિ રત્ન.
કપ્પપાયવબ્ભહિએ - કલ્પવૃક્ષથી અધિક.

પાવંતિ - પામે છે.
અવિગ્ઘેણં - નિર્વિઘ્નપણે.
જીવા - જીવો.
અયરામરં - અજરામર.
ઠાણં - સ્થાનને.
ઈઅ - એ પ્રકારે.
સંથુઓ - સ્તવેલા.
મહાયસ - હે મોટા યશવાળા
ભત્તિબ્ભર - ભક્તિના સમૂહે કરી.
નિબ્ભરેણ - પરિપૂર્ણ એવા.
હિયએણ - હૃદયે કરી.
તા - તે કારણ માટે.
દેવ - હે દેવ!
દિક્ષ્ - આપો.
બોહિં - સમ્યક્ત્વ
ભવે ભવે - ભવોભવને વિષે.
પાસ જિણચંદ - હે શ્રી પાર્શ્વ જિનચંદ્ર !





## જયવીયરાય (પ્રાર્થના) સૂત્ર અર્થ

જય - જય પામો.
વીયરાય - હે વીતરાગ.
જગગુરુ - હે જગતના ગુરુ.
હોઉ - થાઓ.
મમ - મને.
તુહ - તમારા.
પભાવઓ - પ્રભાવથી.
ભયવં - હે ભગવંત્
ભવનિવ્વેઓ - ભવનું ઉદાસપણું.
મગ્ગાણુસારિઆ - માર્ગાનુસારીપણું
ઈટ્ઠફલ - ઈષ્ટ ફળની.
સિદ્ધી - સિદ્ધિ.
લોગવિરુદ્ધચ્ચાઓ - લોકવિરુદ્ધનો ત્યાગ
ગુરુજણપૂઆ - વડિલજનની પૂજા.
પરત્થકરણં - પરોપકાર કરવાપણું
સુહગુરુજોગો - શુદ્ધ ગુરુનો યોગ.
તવ્વયણ - તેમનાં વચનનો.
સેવણા - અંગીકાર.
આભવ - જયાં સુધી ભવ કરવા પડે ત્યાં સુધી.
અખંડા - અખંડ.
વારિજ્જઈ - નિષેધ્યું છે.
જઈ વિ - જો કે
નિયાણબંધણં - નિયાણાનું બાંધવું.
તુહ - તમારા.

સમએ - સિદ્ધાંતમાં.
તહવિ - તો પણ.
મમ - મારે.
હુજ - હોજો.
સેવા - સેવા.
ભવેભવે - ભવોભવને વિષે.
તુમ્હ - તમારા.
ચલણાણં - ચરણની.
દુક્ખક્ખઓ - દુઃખનો ક્ષય.
કમ્મક્ખઓ - કર્મનો ક્ષય.
સમાહિમરણં - સમાધિમરણ.
બોહિલાભો - બોધિબીજનો લાભ.
સંપજ્જઉ - પ્રાપ્ત થાઓ.
મહ એઅં - મને, એ.
તુહ - તમને.
નાહ - હે નાથ
પણામકરણેણં - પ્રણામ કરવાથી.
સર્વમંગલ - સર્વ માંગલિકમાં.
માંગલ્યં - મંગળરૂપ.
સર્વકલ્યાણ - સર્વ કલ્યાણનું.
કારણમ્ - કારણરૂપ
પ્રધાનં - પ્રધાન એવું.
સર્વધર્માણાં - સર્વ ધર્મોમાં.
જૈનં - જૈન,
જયતિ - જય પામે છે.
શાસનમ્ - શાસન.

## અરિહંત-ચેઇયાણં સૂત્ર અર્થ

અરિહંત - અરિહંતની.
ચેઈયાણં - પ્રતિમાને
વંદણવત્તિયાએ - વાંદવાને નિમિત્તે
પૂઅણવત્તિયાએ - પૂજા કરવાને નિમિત્તે.
સક્કારવત્તિયાએ - સત્કાર કરવાને નિમિત્તે.
સમ્માણવત્તિયાએ - સન્માનને નિમિત્તે.
બોહિલાભવત્તિયાએ - બોધિલાભને નિમિત્તે.
નિરુવસગ્ગવત્તિયાએ - ઉપસર્ગ રહિત સ્થાનક (મોક્ષ) પામવા નિમિત્તે.
સદ્ધાએ - શ્રદ્ધાથી.
મેહાએ - નિર્મળ બુદ્ધિથી.
ધિઈએ - ચિત્તની સ્થિરતાથી.
ધારણાએ - ધારણાપૂર્વક.
અણુપ્પેહાએ - વારંવાર વિચારીને.
વઢ્ઢમાણીએ - વધતાં પરિણામે.
ઠામિ - રહું છું (કરું છું).
કાઉસ્સગ્ગં - કાયોત્સર્ગ.

## ચૌદ નિયમ ધારવાની વિધિ

કારણઃ સંસારમાં ભોગવવા માટે અગણિત વસ્તુઓ છે, પણ આપણે તે બધી વાપરતા નથી. જ્યાં સુધી આપણે કોઈ વસ્તુનો ત્યાગ ન કરીએ, ત્યાં સુધી તે ન વાપરવા છતાં તેનું પાપ લાગતું રહે છે. ચૌદ નિયમ લેવાથી આપણે આપણી જરૂરિયાત મુજબ મર્યાદા નક્કી કરીએ છીએ અને બાકીની બધી વસ્તુઓના પાપથી બચી જઈએ છીએ.

ફાયદાઃ

૧ ભોગવવાની ઈચ્છાશક્તિ ઘટે છે.
૨ નવા કર્મો બંધાતા અટકે છે.
૩ થોડું વાપરીને આખા જગતના પાપના દોષિત બનવામાંથી બચી શકાય છે.





### નિયમ લેવાની રીતઃ

- ક્યારે લેવા - દિવસમાં બે વાર (સવારે અને સાંજે દેશાવગાસિકના પચ્ચક્ખાણ લેવા).
- સમયગાળો - આ નિયમ માત્ર ૧૨-૧૨ કલાક માટે જ હોય છે (સવારે લો તે સાંજ સુધી અને સાંજે લો તે સવાર સુધી).

વિધિઃ રોજિંદી જરૂરિયાતની વસ્તુઓની સંખ્યા કે સીમા નક્કી કરવી અને બાકીની બધી જ ચીજોનો ત્યાગ કરવો. તો આપણે હવે આ ચૌદ નિયમ ક્યા ક્યા છે તે પહેલા જાણી લઈએ.

સચિત્ત-દવ્વ-વિગઈ-વાણહ-તંબોલ-વત્થ-કુસુમેસુ,
વાહણ-સયણ-વિલેવણ-બંભ-દિસિ-ન્હાણ-ભત્તેસુ.

સચિત : સજીવ વસ્તુ, કાચું પાણી, કોલ્ડ્રીંક્સ, ફળ, મીઠું (સંખ્યા ધારવી)
દ્રવ્ય : મુખમાં ખવાતી જુદા જુદા નામ - સ્વાદવાળી વસ્તુ (સંખ્યા ધારવી)
વિગઈ : દુધ, દહી, ઘી, તેલ, ગોળ, કડાઇ વિગઇ (મૂળથી કે કાચી ત્યાગ)
વાણહ : બુટ, ચંપલ, સ્લીપર (સંખ્યા ધારવી)
તંબોલ : પાન - સોપારી - વરીયાળી - મુખવાસ (વજન ધારવું)
વસ્ત્ર : કપડાની જોડ (સંખ્યા ધારવી)
કુસુમેસુ : સુંઘવાની વસ્તુઓ (વજન ધારવું)
વાહણ : સ્કુટર - ગાડી ( સંખ્યા ધારવી)
સયણ : બેસવા - સુવા - પથારી - સોફા - ખુરશી (સંખ્યા)
વિલેપણ : શરીરે લગાડતા સાબુ - તેલ - પાવડર (વજન)
બંભ : યથાશક્તિ ધારવું.
દિશિ : દશે દિશામા જવા આવવાની મર્યાદા ( કી.મી. ધારવા)

**ન્હાણ** : સ્નાન (સંખ્યા)

**ભત્તેસુ** : આહાર - પાણી (વજન)

**આ સિવાય નીચે પ્રમાણે ધારવું.**

**પૃથ્વીકાય :** માટી - મીઠું (વજન) , સોનું, ચાંદી, ડાયમંડ વગેરે.

**અપકાય :** પાણી ન્હાવા - ધોવા - પીવામા અમુક ડોલ ધારવી.

**તેઉકાય :** અગ્નિ ચુલા વીજળીની સ્વીચ ધારવી.

**વાઉકાય :** પંખા - હિંચકા - એસી ની સંખ્યા ધારવી.

**વનસ્પતિકાય :** લીલા શાકભાજી - ફળ (સંખ્યા ધારવી)

**ત્રસકાય :** હાલતા ચાલતા જીવોની જયણા કરવી.

**અસિ** : સોંય, ચપ્પુ, કાતર, સુડી (સંખ્યા)

**મસિ** : પેન પેન્સિલ (સંખ્યા)

**કૃષિ** : ખેતીના સાધનો હળ - પાવડા - કુહાડી (સંખ્યા)

## પદાર્થ : ભક્ષ્યાભક્ષ્ય ભાગ - ૧

જૈન ધર્મમાં આહારને માત્ર શરીર ટકાવવાનું સાધન નહીં, પણ આત્માની શુદ્ધિનો માર્ગ માનવામાં આવ્યો છે. 'જેવો આહાર, તેવો ઓડકાર અને તેવા જ વિચાર.' શાસ્ત્રો મુજબ અશુદ્ધ આહારથી મનમાં કામ, ક્રોધ અને લોભ જેવા વિકારો પેદા થાય છે. સાત્વિક આહાર મનને શાંત અને ધ્યાન માટે યોગ્ય બનાવે છે. આધુનિક વિજ્ઞાન પણ સ્વીકારે છે કે ખોરાકની પસંદગી આપણા શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને અસર કરે છે.

જૈન ધર્મમાં આહારની પસંદગીનો મુખ્ય આધાર 'અહિંસા' છે. જે ખોરાકમાં ઓછામાં ઓછી હિંસા હોય (જેમ કે ફળ, અનાજ) તેને 'ભક્ષ્ય' અને જેમાં વધુ હિંસા કે અનંત જીવો હોય (જેમ કે કંદમૂળ, માંસ) તેને 'અભક્ષ્ય' ગણવામાં આવે છે.

**શાસ્ત્રોમાં ૨૨ પ્રકારના અભક્ષ્ય બતાવ્યા છે, જેમાંથી કેટલાક નીચે મુજબ છે**





- **ચાર મહાવિગઈ**

૧. **મદિરા –** દરેક પ્રકારના દારૂ બુદ્ધિને ભ્રષ્ટ કરીને બધા જ પાપો કરાવનાર છે.

૨. **માંસ –** તે ક્રૂરતાપૂર્વક જીવોને મારીને મેળવાય છે, જેમાં અસંખ્ય જીવો ઉત્પન્ન થાય છે.

૩. **મધ –** તે મધમાખીની લાળ જેવી અશુચિ વસ્તુ છે. હજારો મધમાખીઓને મારીને મેળવાય છે.

૪. **માખણ (બટર) –** જ્યારે છાશમાંથી માખણ છૂટું પડે છે ત્યારે તેમાં અસંખ્ય જીવો ઉત્પન્ન થાય છે.

- **ચાર પ્રકારનાં ફળ**

૫. **તુચ્છ ફળ –** જેમાં ખાવાનું ઓછું, ફેંકી દેવાનું વધારે હોય. જેમ કે ચણીબોર.

૬. **અજાણ્યા ફળ –** જેનાં નામ, ગુણ-દોષ ખબર ન હોય.

૭. **બહુબીજ –** જેમાં ઘણાં બી એકબીજાને અડેલા હોય. જેમ કે અંજીર, ખસખસ વગેરે.

૮. **રીંગણા –** તામસી પ્રકૃતિના હોવાથી વિકારોનું કારણ છે.

- **ચાર પદાર્થ**

૯-૧૦. **હિમ/કરા –** પાણીનું ઘનરૂપ હોવાથી તેમાં અનંતા જીવો રૂપી નિગોદની ઉત્પત્તિ થતી હોવાનો સંભવ છે.

૧૧. **ઝેર –** મૃત્યુનું કારણ છે.

**૧૨. માટી – તેમાં અનેક જીવો હોવાની સંભાવના છે.**

૧૩-૧૭. **પાંચ ટેટાં :** વડ, પીપળો, પ્લક્ષ, ઉદુંબર અને કાકોદુંબરના ટેટાં; જેમાં ઘણાં જીવો હોય છે.

૧૮. **અનંતકાયઃ** ભૂમીકંદ, લીલી હળદર, આદુ, કુંવારપાઠું (એલોવેરા),

લસણ, ગાજર, મૂળો, બિલાડીનાં ટોપ (મશરૂમ), બટાકા, ડુંગળી, રતાળુ વગેરે, ફૂગ વગેરેમાં અનંત જીવો હોય છે.

- બજારની ચા અને શેરડીના રસમાં આદુ અને પાપડમાં આદુ-લસણ હોઈ શકે છે, જે અનંતકાય છે.
- ભેજવાળા વાતાવરણમાં લાડવા વગેરે મીઠાઈ અને અથાણાં- પાપડ ની ઉપર ફૂગ થાય છે, જે અનંતકાય છે એટલે બરાબર જોયા વિના ન વાપરવા.
- કોઈપણ વસ્તુ ખરીદતા પહેલા તેના પેકેટ પાછળ લખેલું સામગ્રીનું લિસ્ટ ખાસ વાંચવું. ઘણીવાર તેમાં અજાણતા જ કંદમૂળ (બટાકા, ડુંગળી, લસણ, બીટ) નો પાવડર અથવા અભક્ષ્ય ચીજો ઉમેરેલી હોય છે. માટે ઘણીવાર અભક્ષ્ય તત્વોનો ઉપયોગ થતો હોય છે.
- ઘણીવાર તૈયાર સૂપ અને સોયા સોસ, ચીલી સોસ અને ઇન્સ્ટન્ટ નૂડલ્સના મસાલામાં સ્વાદ વધારવા અને ઘટ્ટ બનાવવા માટે બટાકા અથવા સાબુદાણામાંથી બનાવેલા સ્ટાર્ચનો ઉપયોગ થતો હોય છે. બહાર તૈયાર મળતાં પાપડ, સારેવડાં વગેરેમાં પણ સાબુદાણાના પાવડરનો ઉપયોગ થતો હોય છે.





## મૌખિક - ધો. ૧૩

| | | | |
|---|---|---|---|
| સૂત્ર | : | કલ્યાણમંદિર સ્તોત્ર (સૂત્ર ૬૧) | ૪૦ |
| અર્થ | : | વંદિત્તુ સૂત્ર (શબ્દાર્થ) | ૩૦ |
| વિધિ | : | ધારણા અભિગ્રહ, મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ લેવાની વિધિ | ૧૦ |
| પદાર્થ | : | ભક્ષ્યાભક્ષ્ય ભાગ - ૨ | ૨૦ |
| | | | ૧૦૦ |

### (૬૧) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર

કલ્યાણ-મંદિરમુદારમવદ્ય ભેદિ, ભીતાભય-પ્રદમનિન્દિતમઙ્ઘ્રિ-પદ્મમ્;
સંસાર-સાગર-નિમજ્જદશેષ-જન્તુ-પોતાયમાનમભિનમ્ય જિનેશ્વરસ્ય. ૧

યસ્ય સ્વયં સુરગુરુર્ગરિમામ્બુરાશેઃ, સ્તોત્રં સુવિસ્તૃતમતિર્ન વિભુર્વિધાતુમ્;
તીર્થેશ્વરસ્ય કમઠ-સ્મય-ધૂમકેતો, સ્તસ્યાહમેષ કિલ સંસ્તવનં કરિષ્યે (યુગ્મમ્) ૨

સામાન્યતોઽપિ તવ વર્ણયિતું સ્વરૂપ-મસ્માદશાઃ કથમધીશ! ભવન્ત્યધીશાઃ;
ધૃષ્ટોઽપિ કૌશિક-શિશુર્યદિવા દિવાન્ધો, રૂપં પ્રરૂપયતિ કિં કિલ ઘર્મરશ્મેઃ?. ૩

મોહક્ષયાદનુભવન્નપિ નાથ! મર્ત્યો, નૂનં ગુણાન્ ગણયિતું ન તવ ક્ષમેત;
કલ્પાન્ત-વાન્ત-પયસઃ પ્રકટોઽપિ યસ્માન્, મીયેત કેન જલધેર્નનુ રત્નરાશિઃ?. ૪

અભ્યુદ્યતોઽસ્મિ તવ નાથ! જડાશયોઽપિ, કર્તું સ્તવં લસદસંખ્ય-ગુણાકરસ્ય;
બાલોઽપિ કિં ન નિજબાહુ-યુગં વિતત્ય, વિસ્તીર્ણતાં કથયતિ સ્વ-ધિયામ્બુ-રાશેઃ?. ૫

યે યોગિનામપિ ન યાન્તિ ગુણાસ્તવેશ?, વક્તું કથં ભવતિ તેષુ મમાવકાશઃ?;
જાતા તદેવમસમીક્ષિત-કારિતેયં, જલ્પન્તિ વા નિજ-ગિરા નનુ પક્ષિણોઽપિ. ૬

આસ્તામચિન્ત્ય-મહિમા-જિન સંસ્તવસ્તે, નામાપિ પાતિ ભવતો ભવતો જગન્તિ;
તીવ્રાતપોપહત-પાન્થ-જનાન્નિદાઘે, પ્રીણાતિ પદ્મસરસઃ સરસોઽનિલોઽપિ. ૭

હૃદ્વર્ત્તિનિ ત્વયિ વિભો! શિથિલીભવન્તિ, જન્તોઃ ક્ષણેન નિબિડા અપિ કર્મબન્ધાઃ;
સદ્યો ભુજંગમમયા ઈવ મધ્યભાગ-મભ્યાગતે વન શિખણ્ડિનિ ચન્દનસ્ય. ૮

મુચ્યન્ત એવ મનુજાઃ સહસા જિનેન્દ્ર!, રૌદ્રૈરુપદ્રવ શતૈસ્ત્વયિ વીક્ષિતેડપિ;
ગો-સ્વામિનિ સ્ફુરિત-તેજસિ દૃષ્ટમાત્રે, ચૌરૈરિવાશુ પશવઃ પ્રપલાયમાનૈઃ. ૯

ત્વં તારકો જિન! કથં ભવિનાં ત એવ, ત્વામુદ્વહન્તિ હૃદયેન યદુત્તરન્તઃ;
યદ્વા દૃતિસ્તરતિ યજ્જલમેષ નૂન-મન્તર્ગતસ્ય મરુતઃ સ કિલાનુભાવઃ. ૧૦

યસ્મિન્ હર-પ્રભૃતયોડપિ હતપ્રભાવાઃ, સોડપિ ત્વયા રતિપતિઃ ક્ષપિતઃ ક્ષણેન;
વિધ્યાપિતા હુત-ભુજઃ પયસાથ યેન, પીતં ન કિં તદપિ દુર્દ્ધર-વાડવેન. ૧૧

સ્વામિન્નનલ્પ-ગરિમાણમપિ પ્રપન્ના-સ્ત્વાં જન્તવઃ કથમહો હૃદયે દધાનાઃ?;
જન્મોદધિં લઘુ તરન્ત્યતિ-લાઘવેન, ચિન્ત્યો ન હન્ત મહતાં યદિ વા પ્રભાવઃ. ૧૨

ક્રોધસ્ત્વયા યદિ વિભો ? પ્રથમં નિરસ્તો, ધ્વસ્તાસ્તદા બત કથં કિલ કર્મ-ચૌરાઃ?;
પ્લોષત્યમુત્ર યદિ વા શિશિરાડપિ લોકે; નીલદ્રુમાણિ વિપિનાનિ ન કિં હિમાની?.૧૩

ત્વાં યોગિના જિન! સદા પરમાત્મ-રૂપ-મન્વેષયન્તિ હૃદયામ્બુજ-કોશ-દેશે;
પૂતસ્ય નિર્મલ-રુચેર્યદિ વા કિમન્ય-દક્ષસ્ય સંભવિ પદં નનુ કર્ણિકાયાઃ. ૧૪

ધ્યાનાજ્જિનેશ! ભવતો ભવિનઃ ક્ષણેન, દેહં વિહાય પરમાત્મ-દશાં વ્રજન્તિ;
તીવ્રાનલાદુપલ-ભાવમપાસ્ય લોકે, ચામીકરત્વમચિરાદિવ ધાતુ-ભેદાઃ. ૧૫

અંતઃ સદૈવ જિન! યસ્ય વિભાવ્યસે ત્વં, ભવ્યૈઃ કથં તદપિ નાશયસે શરીરમ્?;
એતત્સ્વરૂપમથ મધ્ય-વિવર્ત્તિનો હિ, યદ્વિગ્રહં પ્રશમયન્તિ મહાનુભાવાઃ; ૧૬

આત્મા મનીષિભિરયં ત્વદભેદ-બુદ્ધ્યા; ધ્યાતો જિનેન્દ્ર ભવતીહ ભવત્પ્રભાવઃ,
પાનીયમપ્યમૃતમિત્યનુચિન્ત્યમાનં, કિં નામ નો વિષ-વિકારમપાકરોતિ. ૧૭

ત્વામેવ વીત-તમસં પરવાદિનોડપિ, નૂનં વિભો! હરિ-હરાદિ-ધિયા પ્રપન્નાઃ;
કિં કાચ કામલિભિરીશ! સિતોડપિ શંખો, નો ગૃહ્યતે વિવિધ-વર્ણ-વિપર્યયેણ? ૧૮

ધર્મોપદેશ-સમયે સ-વિધાનુભાવા-દાસ્તાં જનો ભવતિ તે તરુરપ્યશોકઃ;
અભ્યુદ્ગતે દિનપતૌ સ-મહીરુહોડપિ, કિંવા વિબોધમુપયાતિ ન જીવ-લોકઃ?. ૧૯

ચિત્રં વિભો! કથમવાઙ્મુખ-વૃન્તમેવ, વિષ્વક્ પતત્યવિરલા સુર-પુષ્પ-વૃષ્ટિઃ!;
ત્વદ્ગોચરે સુ-મનસાં યદિ વા મુનીશ!, ગચ્છન્તિ નૂનમધ એવ હિ બંધનાનિ. ૨૦

**સુશ્રાવક એટલે સંસારને કેદખાનું માનનારો**



સ્થાને ગભીર-હૃદયોદધિ-સંભવાયાઃ, પીયૂષતાં તવ ગિરઃ સમુદીરયંતિ;
પીત્વા યતઃ પરમ-સંમદ-સંગ-ભાજો; ભવ્યા વ્રજન્તિ તરસાપ્યજરામરત્વમ્. ૨૧

સ્વામિન્! સુ-દૂરમવનમ્ય સમુત્પતન્તો, મન્યે વદન્તિ શુચયઃ સુર-ચામરૌઘાઃ,
યેડસ્મૈ નતિં વિદધતે મુનિ પુંગવાય, તે નુનમૂર્ધ્વ-ગતયઃ ખલુ શુદ્ધ ભાવાઃ. ૨૨

શ્યામં ગભીર-ગિરમુજ્જ્વલ-હેમ-રત્ન-સિંહાસન-સ્થમિહ ભવ્ય-શિખણ્ડિનસ્ત્વામ્;
આલોકયન્તિ રભસેન નદન્તમુચ્ચૈ-શ્ચામીકરાદ્રિ-શિરસીવ નવામ્બુવાહમ્. ૨૩

ઉદ્ગચ્છતા તવ શિતિ-દ્યુતિ-મણ્ડલેન, લુપ્તચ્છદચ્છવિરશોક-તરુર્બભૂવ;
સાન્નિધ્યતોડપિ યદિ વા તવ વીતરાગ!, નીરાગતાં વ્રજતિ કો ન સચેતનોડપિ. ૨૪

ભોઃ ભોઃ પ્રમાદમવધૂય ભજધ્વમેન, માગત્ય નિર્વૃતિ-પુરીં પ્રતિ સાર્થવાહમ્;
એતન્નિવેદયતિ દેવ! જગત્ત્રયાય, મન્યે નદન્નભિ-નભઃ સુર-દુંદુભિસ્તે. ૨૫

ઉદ્યોતિતેષુ ભવતા ભુવનેષુ નાથ! તારાન્વિતો વિધુરયં વિહતાધિકારઃ;
મુક્તા-કલાપ-કલિતોચ્છ્વસિતાતપત્ર, વ્યાજાત્ત્રિધા ધૃત-તનુર્ધ્રુવમભ્યુપેતઃ. ૨૬

સ્વેન પ્રપૂરિત-જગત્ત્રય-પિણ્ડિતેન, કાન્તિ-પ્રતાપ-યશસામિવ સંચયેન;
માણિક્ય-હેમ-રજત પ્રવિનિર્મિતેન, સાલ-ત્રયેણ ભગવન્નભિતો વિભાસિ. ૨૭

દિવ્ય-સ્રજો જિન! નમત્ત્રિ-દશાધિપાના-મુત્સૃજ્ય રત્ન-રચિતાનપિ મૌલિ-બન્ધાન્,
પાદૌ શ્રયન્તિ ભવતો યદિ વા પરત્ર, ત્વત્સંગમે સુમનસો ન રમન્ત એવ. ૨૮

ત્વં નાથ! જન્મ-જલધેર્વિપરાઙ્મુખોડપિ, યત્તારયસ્યસુમતો નિજ-પૃષ્ઠ-લગ્નાન્;
યુક્તં હિ પાર્થિવ-નિપસ્ય સતસ્તવૈવ, ચિત્રં વિભો યદસિ કર્મ-વિપાક-શૂન્યઃ. ૨૯

વિશ્વેશ્વરોડપિ જન-પાલક! દુર્ગતસ્ત્વં, કિં વાક્ષર-પ્રકૃતિરપ્યલિપિસ્ત્વમીશ!;
અ-જ્ઞાનવત્યપિ સદૈવ કથંચિદેવ, જ્ઞાનં ત્વયિ સ્ફુરતિ વિશ્વ-વિકાશ-હેતુઃ. ૩૦

પ્રાગ્ભાર-સંભૃતનભાંસિ રજાંસિ રોષા-દુત્થાપિતાનિ કમઠેન શઠેન યાનિ;
છાયાપિ તૈસ્તવ ન નાથ! હતા હતાશો, ગ્રસ્તસ્ત્વમીભિરયમેવ પરં દુરાત્મા. ૩૧

યદ્ ગર્જ્જદૂર્જિત-ઘનૌઘ-મદભ્ર-ભીમં, ભ્રશ્યત્તડિન્મુસલ-માંસલ-ઘોર-ધારમ્;
દૈત્યેન મુક્તમથ દુસ્તર-વારિ દધ્રે; તેનૈવ તસ્ય જિન! દુસ્તરવારિ-કૃત્યમ્. ૩૨

ધ્વસ્તોર્ધ્વ-કેશવિકૃતાકૃતિ-મર્ત્ય-મુણ્ડ-પ્રાલમ્બ-ભૃદ્-ભયદ-વક્ત્રવિનિર્યદગ્નિઃ;
પ્રેત-વ્રજઃ પ્રતિભવન્તમપીરિતો યઃ, સોડસ્યાભવત્પ્રતિભવં ભવ-દુઃખ-હેતુઃ. ૩૩

**માયા સર્વગુણોને ગળી જનાર રાક્ષસી છે**

ધન્યાસ્ત એવ ભુવનાધિપ! યે ત્રિ-સન્ધ્ય-મારાધયન્તિ વિધિવદ્વિધૂતાન્ય-કૃત્યાઃ;
ભક્ત્યોલ્લસત્પુલક-પક્ષ્મલ-દેહ-દેશાઃ, પાદ-દ્વયં તવ વિભો! ભુવિ જન્મ-ભાજઃ. ૩૪

અસ્મિન્નપાર-ભવ-વારિ-નિધૌ મુનીશ!, મન્યે ન મે શ્રવણ-ગોચરતાં ગતોઽસિ;
આકર્ણિતે તુ તવ ગોત્ર-પવિત્ર-મન્ત્રે, કિં વા વિપદ્વિષ-ધરી સ-વિધં સમેતિ. ૩૫

જન્માન્તરેઽપિ તવ પાદ-યુગં ન દેવ!, મન્યે મયા મહિત-મીહિત-દાન-દક્ષમ્;
તેનેહ જન્મનિ મુનીશ! પરાભવાનાં, જાતો નિકેતનમહં મથિતાશયાનામ્. ૩૬

નૂનં ન મોહ-તિમિરાવૃત-લોચનેન, પૂર્વં વિભો! સકૃદપિ પ્રવિલોકિતોઽસિ;
મર્માવિધો વિધુરયન્તિ હિ મામનર્થાઃ, પ્રોદ્યત્પ્રબન્ધ-ગતયઃ કથમન્યથૈતે? ૩૭

આકર્ણિતોઽપિ મહિતોઽપિ નિરીક્ષિતોઽપિ, નૂનં ન ચેતસિ મયા વિધૃતોઽસિ ભક્ત્યા;
જાતોઽસ્મિ તેન જનબાન્ધવ! દુઃખ-પાત્રં, યસ્માત્ક્રિયાઃ પ્રતિફલન્તિ ન ભાવ-શૂન્યાઃ.૩૮

ત્વં નાથ! દુઃખિ-જન-વત્સલ! હે શરણ્ય! કારુણ્ય-પુણ્ય-વસતે! વશિનાં વરેણ્ય!;
ભક્ત્યા નતે મયિ મહેશ! દયાં વિધાય, દુઃખાંકુરોદ્દલન-તત્પરતાં વિધેહિ. ૩૯

નિઃસંખ્ય-સાર-શરણં શરણં શરણ્ય-માસાદ્ય સાદિત-રિપુ પ્રથિતાવદાતમ્;
ત્વત્પાદ-પંકજમપિ પ્રણિધાન-વન્ધ્યો, વધ્યોઽસ્મિ ચેદ્ ભુવન-પાવન! હા હતોઽસ્મિ.૪૦

દેવેન્દ્ર-વન્દ્ય! વિદિતાખિલ-વસ્તુ-સાર!, સંસાર-તારક! વિભો! ભુવનાધિનાથ!;
ત્રાયસ્વ દેવ! કરુણા-હ્રદ! માં પુનીહિ, સીદન્તમદ્ય ભયદ-વ્યસનામ્બુ-રાશેઃ. ૪૧

યદ્યસ્તિ નાથ! ભવદંઘ્રિ-સરો-રુહાણાં, ભક્તેઃ ફલં કિમપિ સંતતિ-સંચિતાયાઃ;
તન્મે ત્વદેક-શરણસ્ય શરણ્ય ભૂયાઃ, સ્વામી ત્વમેવ ભુવનેઽત્ર ભવાન્તરેઽપિ. ૪૨

ઈત્થં સમાહિત-ધિયો વિધિવજ્જિનેન્દ્ર!, સાન્દ્રોલ્લસત્પુલક-કંચુકિતાંગ-ભાગાઃ;
ત્વદ્-બિમ્બ-નિર્મલ-મુખામ્બુજ-બદ્ધ-લક્ષ્યા, યે સંસ્તવં તવ વિભો! રચયન્તિ ભવ્યાઃ૪૩

જન-નયન-કુમુદ-ચન્દ્ર!, પ્રભા-સ્વરાઃ સ્વર્ગ-સંપદો ભુક્ત્વા;
તે વિગલિત-મલ-નિચયા, અ-ચિરાન્મોક્ષં પ્રપદ્યન્તે. (યુગ્મમ્.) ૪૪





## વંદિત્તુ સૂત્ર શબ્દાર્થ

વંદિત્તુ - વાંદીને.
સવ્વસિદ્ધે - સર્વ એવા તીર્થંકર તથા સિદ્ધ ભગવાનને.
ધમ્માયરિએ - ધર્માચાર્યને.
સવ્વસાહૂઅ - આચાર્ય, ઉપાધ્યાય વગેરે સર્વ સાધુઓને.
ઈચ્છામિ - હું ઈચ્છું છું.
પડિક્કમિઉં - પ્રતિક્રમવાને.
સાવગધમ્માઈઆરસ્સ - શ્રાવક ધર્મને વિષે લાગેલા અતિચારથી.
જો મે - જે મારે.
વયાઈઆરો - વ્રતોને વિષે અતિચાર લાગ્યો હોય.
નાણે - જ્ઞાનને વિષે.
તહ - તથા.
દંસણે - દર્શનને વિષે.
ચરિત્તે - ચારિત્રને વિષે.
સુહુમો - સૂક્ષ્મ.
બાયરો વા - અથવા બાદર.
તં - તેને
નિંદે - હું નિંદુ છું.
ચ - તથા
ગરિહામિ - ગુરુની સાખે ગર્હું છું.
દુવિહે - બે પ્રકારના.
પરિગ્ગહંમિ - પરિગ્રહને વિષે.
સાવજ્જે - સાવદ્ય પાપવાળા.
બહુવિહે - બહુ પ્રકારના.
આરંભે - આરંભ.
કારાવણે - બીજાની પાસે કરાવવાથી.
કરણે - પોતાની જાતે કરવાથી.
અ - અનુમોદવાથી.
પડિક્કમે - પડિક્કમું છું.
દેસિઅં - દિવસ સંબંધી.
સવ્વં - સર્વ અતિચાર પ્રત્યે.
બદ્ધં - બાંધ્યું હોય.
ઈંદિએહિં - ઈન્દ્રિયો વડે કરી.
ચઉહિં - ચાર.
કસાએહિં - કષાયે કરી.
અપ્પસત્થેહિં - અપ્રશસ્ત ભાવે કરી.
રાગેણ - રાગે કરી.
વ - અથવા.
દોસેણ - દ્વેષે કરી.
આગમણે - જતાં.
નિગ્ગમણે - આવતાં.
ઠાણે - મિથ્યાત્વીઓના સ્થાને ઊભા રહેતાં.
ચંકમણે - આમતેમ ફરતાં.
અણાભોગે - ઉપયોગ વિના.

અભિઓગે - રાજા અથવા ઘણા
લોકોના આગ્રહથી.
નિઓગે - પરાધીનતાના કારણથી.
સંકા - જિનવચનમાં શંકા.
કંખ - અન્ય મતની ઈચ્છા.
વિગિચ્છા - સાધુ-સાધ્વીની
મલિનતા દેખી દુર્ગંછા કરવી
અથવા ધર્મના ફળનો સંદેહ.
પસંસ - મિથ્યાત્વીની પ્રશંસા.
તહ - તેમજ.
સંથવો - પરિચય.
કુલિંગીસુ - મિથ્યાત્વીનો.
સમ્મત્તસ્સ - સમકિતના.
છક્કાય - છ કાયના.
સમારંભે - સમારંભને વિષે.
પયણે - પોતે રાંધતાં.
પયાવણે - બીજાની પાસે રંધાવતાં.
જે - જે.
દોસા - દોષ લાગ્યા હોય.
અત્તટ્ઠા - પોતાને અર્થે.
પરટ્ઠા - પરને અર્થે.
ઉભયટ્ઠા - પોતાને તથા પરને
બંનેને અર્થે.
ચેવ - નિશ્ચે.
પંચણ્હં - પાંચ.
અણુવ્વયાણં - અણુવ્રતને વિષે.

ગુણવ્વયાણં - ગુણવ્રતને વિષે.
તિણ્હં - ત્રણ.
સિક્ખાણં - શિક્ષાવ્રતને વિષે.
ચઉણ્હં - ચાર.
પડિક્કમે - હું પડિક્કમું છું.
પઢમે - પહેલા.
અણુવ્વયંમિ - અણુવ્રતને વિષે.
થૂલગ - સ્થૂળ.
પાણાઈવાય - પ્રાણાતિપાતની.
વિરઈઓ - વિરતિનું ઉલ્લંઘન
કરીને.
આયરિયં - જે આચરણ
સેવ્યાં હોય.
અપ્પસત્થે - અપ્રશસ્તભાવે વર્તતા.
ઈત્થ - અહીંયા.
પમાયપ્પસંગેણં - પ્રમાદના
પ્રસંગથી.
વહ - જીવને મારવો.
બંધ - દોરડા વડે બાંધવો.
છવિચ્છેએ - તેના અવયવને
છેદવા.
અઈભારે - તેના ઉપર ઘણો
ભાર ભરવો.
ભત્તપાણ - ભાતપાણી-ચારાનો.
વુચ્છેએ - અંતરાય કરવો.
પઢમવયસ્સ - આ પહેલા વ્રતના.





અઈયારે - અતિચારમાં.
બીએ - બીજા.
અણુવ્વયંમિ - અણુવ્રતને વિષે.
પરિથૂલગ - અતિ મોટા.
અલિઅવયણ - જૂઠા વચનની.
વિરઈઓ - વિરતિનું ઉલ્લંઘન
કરીને.
સહસા - અણવિચારે.
રહસ્સ - એકાંતે (છાની વાત
કરનાર ઉપર રાજ્ય
વિરૂદ્ધ ગુન્હો મુકતાં).
દારે - સ્રીએ કહેલી વાત પ્રગટ કરતાં.
મોસુવએસે- ખોટો ઉપદેશ આપતાં
કૂડલેહે - જુઠા દસ્તાવેજ કરવા.
બીઅ - બીજા.
વયસ્સઈયારે - વ્રતના અતિચારને.
તઈએ - ત્રીજા.
અણુવ્વયંમિ - અણુવ્રતને વિષે.
થૂલગ - મોટા (બાદરપણે).
પરદવ્વ - પારકા દ્રવ્યના.
હરણ - હરણની.
વિરઈઓ - વિરતિથી.
તેનાહડપ્પઓગે - ચોરીનો માલ
લેવો, ચોરને સહાય આપવી.
તપ્પડિરૂવે - ખોટી વસ્તુને ખરી
જેવી કરી વેચવી.

વિરુદ્ધગમણે - દાણચોરી વગેરે
રાજ્યવિરુદ્ધ આચરવું.
કૂડતુલ - ખોટા તોલ રાખવા.
કૂડમાણે - ખોટાં માપ રાખવાં.
ચઉત્થે - ચોથા.
અણુવ્વયં - અણુવ્રતને વિષે.
નિચ્ચં - નિત્યે.
પરદારગમણ - પરસ્રી સાથે
ગમન કરવાની.
અપરિગ્ગહિઆ - કુંવારી કન્યા
અથવા વિધવાની સાથે
વિષય સેવવો.
ઈત્તર - બીજાએ થોડા વખત
માટે રાખેલી વેશ્યાની
સાથે વિષય સેવવો.
અણંગ - ભિન્ન અંગોથી
ક્રીડા કરવી.
વિવાહ - પોતાના પુત્ર-પુત્રી
સિવાય બીજાના
વિવાહ કરવા.
તિવ્વઅણુરાગે - કામભોગને વિષે
તીવ્ર અનુરાગ કરવો.
ચઉત્થ - ચોથા.
ઈત્તો - એ પછી.
અણુવ્વએ - અણુવ્રતને વિષે.
પંચમંમિ - પાંચમા.

પરિમાણ પરિચ્છેએ - પરિગ્રહના પરિમાણનું ઉલ્લંઘન કરવાથી.
ધણ - ધન.
ધન્ન - ધાન્ય.
ખિત્ત - ક્ષેત્ર.
વત્થુ - ઘર-હાટ.
રુપ્પ - રૂપું.
સુવન્ને - સોનું.
કુવિઅ - સોના-રૂપા સિવાય બીજી ધાતુઓની વસ્તુને.
પરિમાણે - પરિમાણ ઉપરાંત રાખવાથી.
દુપએ - દાસદાસીઓ વગેરે બે પગવાળાં.
ચઉપ્પયંમિ - ઘોડા વગેરે ચાર પગવાળાં પ્રાણીઓને.
ગમણસ્સ - જવાના.
પરિમાણે - પરિમાણથી અધિક જતાં.
દિસાસુ - દિશામાં.
ઉડ્ઢં - ઊર્ધ્વદિશા.
અહે - અધોદિશા.
તિરિઅં - તિર્છી દિશા.
વુડ્ઢિ - પરિમાણ વધારતાં.

સઈઅંતરદ્ધા - માર્ગમાં અમુક હદની સ્મૃતિનો ભ્રંશ થવાથી વધારે જતાં.
પઢમંમિ - પહેલા.
ગુણવ્વએ - ગુણવ્રતને વિષે.
મર્જ્જંમિ - મદિરા.
મંસંમિ - માંસ.
પુપ્ફે - પુષ્પ.
ફલે - ફળ.
ગંધ - બરાસ પ્રમુખ ગંધ.
મલ્લે - પુષ્પની માળા.
ઉવભોગ-પરિભોગે - ઉપભોગ પરિભોગ નામના.
બીઅંમિ - બીજા.
ગુણવ્વએ - ગુણવ્રતને વિષે.
સચ્ચિત્તે - સચિત્ત વસ્તુ વાપરવી.
પડિબદ્ધે - સચિત્ત સાથે જોડાયેલી વસ્તુ વાપરવી.
અપોલ - નહિ પકાવેલા પદાર્થ વાપરવા.
દુપ્પોલિઅં - અરધા કાચા પદાર્થ.
આહારે - ખાવાથી.
તુચ્છોસહિ - તુચ્છ પદાર્થ.
ભકખણયા - ભક્ષણ કરવાથી.
ઈંગાલી - અંગાર કર્મ-એટલે કુંભાર અને ભાડભુંજા





વગેરેનાં અગ્નિ સંબંધી કર્મ.
વણ - વનકર્મ, એટલે ફળ, ફૂલ, વનસ્પતિ, અનાજ વગેરે, ઉગાડવાં તથા છેદવાનું કર્મ.
સાડી - શકટકર્મ - એટલે ગાડાં, બળદ વગેરે વેચવા, વેચાવવાનું કર્મ.
ભાડી - ભાટિકકર્મ - એટલે ઘોડા, ઉંટ, બળદ વગેરે ભાડે આપવા અપાવવાનું કર્મ.
ફોડી - સ્ફોટિકકર્મ-કુવા, વાવ વગેરે ખોદવા-ખોદાવવાનું કર્મ.
સુવર્જ્જએ - અત્યંતપણે વર્જવા.
કમ્મં - કર્મ.
વાણિર્જ્જં - વેપાર.
ચેવ - વળી નિશ્ચે.
દંત - હાથીદાંત, મુક્તાફળ વગેરેનો વેપાર.
લક્ખ - લાખનો વેપાર.
રસ - રસનો વ્યાપાર, ઘી, તેલ, ગોળ વગેરેનો વ્યાપાર.

કેસ - કેશનો વ્યાપાર, મોર, પોપટ, મનુષ્ય અને પશુનો વ્યાપાર.
વિસવિસયં - ઝેરનો વ્યાપાર, અફીણ, સોમલ વગેરેનો તથા શસ્ત્રાદિનો વ્યાપાર.
એવં - એ પ્રમાણે.
ખુ - નિશ્ચયથી.
જંતપિલ્લણ - ઘંટી, ચરખા પ્રમુખ, યંત્રમાં શેરડી, તલ વગેરે પીલાવવા.
કમ્મં - કર્મ.
નિલ્લંછણં - નાક, કાન વીંધવા, વીંધાવવા.
ચ - અને.
દવદાણં - અગ્નિદાહ દેવો.
સર - સરોવર.
દહ - દ્રહ.
તલાય - તળાવને.
સોસં - સુકાવી નાખવાં.
અસઈપોસં - હિંસક જીવો તથા નઠારી સ્ત્રી વગેરેનું પોષણ કરવું.
વર્જ્જિજ્જા - વર્જવાં.
સત્થ - શસ્ત્ર.
અગ્ગિ - અગ્નિ.
મુસલ - સાંબેલું.

જંતગ - યંત્ર.
તણ - તૃણ.
કટ્ઠે - કાષ્ઠ.
મંત - સર્પ વગેરેને ઉતારવાના મંત્ર.
મૂલ - નાગદમણી પ્રમુખ જડીબુટ્ટી.
ભેસજ્જે - ગોળી, ચૂરણ વગેરે વસ્તુઓ.
દિન્ને - આપવાથી.
દવાવિએ - બીજાની પાસે અપાવવાથી.
વા - અથવા.
ન્હાણ - અણગળ પાણીથી ન્હાવું.
ઉવ્વટ્ટણ - પીઠી વગેરે ચોળી શરીરનો મેલ ઉતારવો.
વન્નગ - અળતો, ગુલાલ વગેરેથી રંગ કરવો.
વિલેવણે - કેસર ચંદન વગેરેનું વિલેપન કરવું.
સદ્દ - શબ્દ.
રૂવ - રૂપ.
રસ - રસ.
ગંધે - ગંધ.
વત્થ - વસ્ત્ર.
આસણ - આસન.
આભરણે - આભૂષણ.

કંદપ્પે - કામભોગની કથા કરવી.
કુક્કુઈએ - લોકોને હાંસી આવે એવી કાયચેષ્ટા કરવી.
મોહરિ - વાચાળપણે અઘટિત વચન બોલવાં.
અહિગરણ - શસ્ત્ર વગેરે સજ્જ કરવા.
ભોગઅઈરિત્તે - ઉપભોગ-પરિભોગની વસ્તુ ખપ કરતાં વિશેષ રાખવી.
દંડમિ અણટ્ઠાએ - અનર્થદંડ વિરમણ નામના.
તઈઅંમિ - ત્રીજા.
ગુણવ્વએ - ગુણવ્રતને વિષે.
તિવિહે - ત્રણ પ્રકારના.
દુપ્પણિહાણે - દુઃપ્રણિધાન દુષ્ટ યોગ વ્યાપારમાં.
અણવટ્ઠાણે - અવિનયપણે, બે ઘડી કરતાં ઓછા વખતે સામાયિક પારવું.
સઈવિહૂણે - પ્રમાદથી સામાયિક લીધું છે કે નહિ તે યાદ ન રહેવું.
વિતહકએ - વિતથપણે અર્થાત્ ખોટી રીતે કરતાં.
પઢમે - પ્રથમ.
સિક્ખાવએ - શિક્ષાવ્રતને વિષે.





આણવણે - નિયમિત ભૂમિમાં બહારથી કાંઈ ચીજ મંગાવવી.
પેસવણે - પરિમાણ ઉપરાંત ભૂમિને વિષે પોતાના કાર્ય માટે બીજાને મોકલવા.
સદ્દે - પરિમાણ ઉપરાંત ભૂમિએ રહેલાને ખોંખારાદિકથી જણાવવું.
રૂવે - રૂપ દેખાડીને પોતાની જાણ કરવી.
પુગ્ગલક્ખેવે - પદાર્થ નાખી પોતાપણું જણાવવું.
દેસાવગાસિઅંમિ - દેશાવકાશિક નામના.
બીએ - બીજા.
સિક્ખાવએ - શિક્ષાવ્રતને વિષે.
સંથારા - સંથારા સંબંધી.
ઉચ્ચારવિહિ - લઘુનીતિ તથા વડીનીતિ સંબંધી.
પમાય - પ્રમાદ.
તહ ચેવ - તેમ વળી.
ભોયણાભોએ - ભોજન સંબંધી ચિંતા કરવી.

પોસહવિહિ - પોસહનો વિધિ.
વિવરીએ - વિપરીત કરવાથી.
તઈએ - ત્રીજા.
સિક્ખાવએ - શિક્ષાવ્રતને વિષે.
સચ્ચિત્તે - સચિત્ત વસ્તુ.
નિક્ખિવણે - નાંખવી.
પિહિણે - દેવા યોગ્ય વસ્તુને સચિત્ત પદાર્થ વડે ઢાંકવી.
વવએસ - નહિ દેવાની બુદ્ધિએ પોતાની વસ્તુને પારકી કહેવી અને દેવાની બુદ્ધિએ પરની વસ્તુને પોતાની કહેવી.
મચ્છરે - ક્રોધ, અભિમાન, ઈર્ષ્યા કરતાં દાન દેવું.
ચેવ - નિશ્ચે.
કાલાઈક્કમદાણે - ગોચરીનો કાળ વીતી જતાં મુનિને આમંત્રણ કરવું.
ચઉત્થે - ચોથા.
સુહિએસુ - જ્ઞાનાદિકને વિષે જેનું હિત છે એવા સુવિહિતને વિષે અથવા સુખીને વિષે.
દુહિએસુ - વ્યાધિથી પીડાએલા તપે કરી દુર્બળ એવા દુઃખીને વિષે.
જા - જે.
મે - મને.

અસ્સંજએસુ અ - નથી.
સ્વં - સ્વછંદે
યત - યત્ન એટલે પોતાની સ્વેચ્છાએ વિચરવાવાળા નહીં પણ ગુરુની આજ્ઞાએ વિચરવાવાળા એવા સુસાધુને વિષે.
અણુકંપા - અનુકંપા-દયા.
સાહૂસુ - સાધુને વિષે.
સંવિભાગો - સંવિભાગ.
ચરણ - ચરણસિત્તરી.
કરણ - કરણસિત્તરી.
જુત્તેસુ - સહિત એવા.
સંતે - હોવા છતાં.
ફાસુઅદાણે - નિર્દોષ અશનાદિક.
ઈહલોએ - આલોકને વિષે.
પરલોએ - પરલોકને વિષે.
જીવિઅ - જીવવાની.
મરણે - મરવાની.
આસંસપઓગે - વાંચ્છાનો-મનનો વ્યાપાર.
પંચવિહો - પાંચ પ્રકારના.
મા - ન.
મજ્ઝ - મને.
હુજ્જ - હોજો.
મરણંતે - મરણાંત સુધી.

કાએણ - કાયોત્સર્ગ વગેરે કાયાના વ્યાપારથી.
કાઈઅસ્સ - કાયાથી વધ વગેરે કરાયેલા અતિચારને
વાઈઅસ્સ - વચનના અતિચારને
વાયાએ - જિનસ્તવ વગેરે વચનના વ્યાપારથી.
મણસા - મન વડે.
માણસિઅસ્સ - મનના અતિચારને
વંદણ - બે પ્રકારનાં વંદન.
વય - બાર પ્રકારના વ્રત.
સિક્ખા - બે પ્રકારની શિક્ષા.
ગારવેસુ - ત્રણ ગારવને વિષે.
સન્ના - ચાર સંજ્ઞા.
કસાય - ચાર કષાય.
દંડેસુ - ત્રણ દંડને વિષે.
ગુત્તીસુ - ત્રણ ગુપ્તિને વિષે.
સમિઈસુ - પાંચ સમિતિને વિષે
સમ્મદિટ્ઠી - સમ્યગ્દષ્ટિ.
જીવો - જીવ.
જઈવિ હુ - જો કે નિશ્ચયે.
પાવં - પાપ.
સમાયારે - કરે.
કિંચિ - થોડું.
અપ્પો - અલ્પ.
સિ - તેનો (શ્રાવકનો).





બંધો - બંધ.
જેણ - કારણ કે.
નિદ્ધંધસં - નિર્દયપણે હિંસાનો વ્યાપાર.
કુણઈ - કરે.
તંપિ હુ - તેને પણ નિશ્ચયે.
સપડિક્કમણં - પ્રતિક્રમણ કરવાથી યુક્ત.
સપ્પરિઆવં - પશ્ચાત્તાપ કરવાથી યુક્ત.
સઉત્તરગુણં - ગુરુએ આપેલાં પ્રાયશ્ચિત કરવાથી યુક્ત.
ખિપ્પં - શીઘ્રપણે.
ઉવસામેઈ - શમાવે છે.
વાહિવ્વ - વ્યાધિની જેમ.
સુસિક્ખિઓ - સારી રીતે શીખેલો
વિજ્જો - વૈદ્ય.
જહા - જેમ.
વિસં - ઝેરને.
કુટ્ઠગયં - શરીરમાં વ્યાપેલા.
મંતમૂલ - મંત્ર મૂળના.
વિસારયા - જાણનારા.
વિજ્જા - વૈદ્યો.
હણંતિ - હણે છે.
મંતેહિં - મંત્રો વડે.

તો - તેથી.
નિવ્વિસં - વિષ રહિત.
અટ્ઠવિહં - આઠ પ્રકારના.
કમ્મં - કર્મને.
રાગદોસ - રાગદ્વેષથી.
સમજ્જિઅં - બાંધેલાં.
આલોઅંતો - ગુરુની સમીપે, પોતાનાં પાપ પ્રકાશતો.
નિંદંતો - આત્માની સાખે નિંદતો.
ખિપ્પં - શીઘ્ર.
હણઈ - હણે છે.
સુસાવઓ - ભલો શ્રાવક.
કયપાવો - કર્યું છે પાપ જેણે એવો.
અવિ - પણ.
મણુસ્સો - મનુષ્ય.
આલોઈય - પાપને પ્રકાશ કરતો.
નિંદિય - આત્માની સાખે નિંદતો.
ગુરુસગાસે - ગુરુની સમીપે.
અઈરેગ - અતિશય.
લહુઓ - હલકો.
ઓહરિઅભરુવ્વ - જેમ ભારને ઉતારીને.
ભારવહો - ભારને વહન કરનાર
આવસ્સએણ - આવશ્યક કરવાથી.

બહુરઓ - આરંભ તથા
પરિગ્રહથી ઘણાં પાપવાળો.
દુક્ખાણં - પાપરૂપ દુઃખનો.
અંતકિરિઅં - નાશ.
કાહી - કરશે.
અચિરેણ - થોડા.
કાલેણ - કાળમાં.
આલોયણા - આલોવવાની રીતિ.
બહુવિહા - બહુ પ્રકારની છે.
સંભરિઆ - સંભારી હોય.
પડિક્કમણકાલે - પ્રતિક્રમણ
કરવાને અવસરે.
મૂલગુણ - મૂળગુણને વિષે.
ઉત્તરગુણે - ઉત્તરગુણને વિષે.
નિંદે - હું નિંદુ છું.
ગરિહામિ - ગુરુની સાખે ગર્હું છું.
ધમ્મસ્સ - શ્રાવક ધર્મને.
કેવલિપન્નત્તસ્સ - કેવળીભાષિત
અબ્ભુટ્ઠિઓમિ - હું ઉઠ્યો છું.
આરાહણાએ - આરાધનાને માટે
વિરઓમિ - હું નિવર્ત્યો છું.
વિરાહણાએ - ધર્મની વિરાધનાથી.
પડિક્કંતો - પાપથી નિવર્ત્યો થકો.
ચિર-સંચિઅ - લાંબા કાળથી
એકઠાં કરેલાં.
પણાસણીઈ - નાશ કરનારી.

ભવ - ભવને.
સયસહસ્સ - શતસહસ્ર લાખ.
મહણીએ - હણનારી.
વિણિગ્ગય - મુખથી નીકળેલી.
કહાઈ - કથાએ કરવે કરીને.
વોલંતુ - વ્યતીત થાઓ.
દિઅહા - દિવસો.
મમ - મારે.
મંગલં - મંગળરૂપ હો.
અરિહંતા - અરિહંત ભગવાન.
સિદ્ધા - સિદ્ધ ભગવાન.
સાહૂ - સાધુ મહારાજ.
સુઅં - શ્રુતધર્મ.
ધમ્મો - ચારિત્ર ધર્મ.
સમ્મદિટ્ઠી - સમ્યગ્દષ્ટિ.
દેવા - દેવતાઓ.
દિંતુ - આપો.
સમાહિં - ચિત્તની સ્થિરતા.
બોહિં - સમ્યક્ત્વ.
પડિસિદ્ધાણં - નિષેધવા યોગ્ય
અશુભ કાર્ય.
કરણે - કરવાથી.
કિચ્ચાણં - કરવા યોગ્ય શુભ કાર્ય.
અકરણે - ન કરવાથી.
પડિક્કમણં - પ્રતિક્રમણ છે.
અસદહણે - સૂક્ષ્મ વિચાર ઉપર





શ્રદ્ધા ન કરવાથી.
વિવરીય - વિપરીત.
પરૂવણાએ - પ્રરૂપણા કરવાથી.
ખામેમિ - ખમાવું છું.
સવ્વજીવે - સર્વ જીવોને.
સવ્વે - સર્વ.
જીવા - જીવો.
ખમંતુ - ખમજો.
મે - મારે.
મિત્તી - મૈત્રી છે.
સવ્વભૂએસુ - સર્વ જીવોની સાથે.
વેરં - વૈરભાવ.
મજ્ઝ - મારે.
કેણઈ - કોઈ જીવ સાથે.
અહં - મેં.

આલોઈઅ - પાપ આલોચ્યું
(પ્રકાશ્યું).
નિંદિઅ - આત્માની સાખે
નિંદા કરી.
ગરહિઅ - ગુરુ સાખે
ગર્હણા કરી.
દુગંછિઅં - દુર્ગંછા કરીને.
સમ્મં - સમ્યક્ પ્રકારે.
તિવિહેણ - ત્રિવિધે - મન,
વચન, કાયાએ કરી.
પડિક્કંતો - પડિક્કમતો થકો
(પાછા હઠતો થકો).
વંદામિ - હું વંદના કરું છું.
જિણે - જિનને.
ચઉવ્વીસં - ચોવીશ.

## ધારણા અભિગ્રહ પચ્ચક્ખાણ

**કારણઃ** આ પચ્ચક્ખાણનો મુખ્ય હેતુ જીવનમાં શિસ્ત અને સંયમ લાવવાનો છે. મનમાં જે ચોક્કસ ધારણા કે નિશ્ચય કર્યો હોય, તેને ધાર્મિક વિધિ દ્વારા દૃઢ કરવા માટે આ પચ્ચક્ખાણ લેવામાં આવે છે. આ પચ્ચક્ખાણ શ્રાવક જીવનમાં નાના-નાના નિયમો દ્વારા મોટા ફળની પ્રાપ્તિ કરાવનારું છે.

ફાયદા

૧ **સંકલ્પ શક્તિઃ** આ પચ્ચક્ખાણથી વ્યક્તિની ઈચ્છાશક્તિ અને સંકલ્પ શક્તિ મજબૂત બને છે.

૨ **અવિરતિનો નાશઃ** જે બાબતનો ત્યાગ કર્યો હોય, તેટલા સમય માટે પાપ કર્મોથી બચી શકાય છે.

૩ **ધાર્મિક શિસ્તઃ** જીવનમાં ક્રમબદ્ધ રીતે ધર્મનું પાલન કરવાની આદત પડે છે.

પચ્ચક્ખાણ લેવાની રીત :

**બે હાથ જોડી, મનમાં દૃઢ સંકલ્પ કરીને નીચે મુજબ બોલીને પચ્ચક્ખાણ લેવું:**

**'ધારણા અભિગ્રહ પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ).'**

- **લેવાની પદ્ધતિઃ** શક્ય હોય ત્યાં સુધી કોઈ પણ નિયમ કે પચ્ચક્ખાણ ગુરુ ભગવંત પાસે જ લેવો જોઈએ. જો ગુરુ ભગવંતનો સંયોગ ન હોય, તો ઉપર મુજબ સાક્ષી બોલીને જાતે નિયમ લઈ શકાય છે. જાતે નિયમ લીધા પછી, જ્યારે પણ ભવિષ્યમાં ગુરુ ભગવંતનો મેળાપ થાય, ત્યારે તેમની પાસે આ પચ્ચક્ખાણ ફરીથી વિધિવત લેવું જોઈએ.
- **નિયમનો પ્રકારઃ** કોઈ પણ પ્રકારનો નાનો કે મોટો નિયમ આ પચ્ચક્ખાણ દ્વારા લઈ શકાય છે. તમે મનમાં જે વસ્તુ કે કાર્યનો





ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો હોય, તેટલા સમય સુધી તે વસ્તુનો ત્યાગ આ પચ્ચક્ખાણથી ગણાય છે. ઉદાહરણઃ જેમ કે, કોઈ એવો અભિગ્રહ લે કે 'હું એક વર્ષ સુધી દરેક પાંચ તિથિએ લીલોતરીનો ત્યાગ કરીશ.'

## મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ

**કારણઃ** આ પચ્ચક્ખાણનું મુખ્ય કારણ અવિરતિનો ત્યાગ છે. જે શ્રાવક-શ્રાવિકા એક ક્ષણ પણ પચ્ચક્ખાણ વગર રહેવા માંગતા નથી, તેમના માટે આ પચ્ચક્ખાણ ખૂબ જ ઉપયોગી છે. દરેક વખતે વાપરીને ઊભા થતી વખતે મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ લેવાની ટેવ પાડીએ, તો દિવસના ૨૧-૨૨ કલાક વિરતિનો લાભ મળે.

**ફાયદાઃ** આ પચ્ચક્ખાણ વારંવાર લેવાથી ઘણો મોટો આત્મિક લાભ મળે છેઃ

૧ **એકાસણું કરનારનેઃ** જો રોજ આ પચ્ચક્ખાણ લેવામાં આવે, તો એક મહિનામાં લગભગ ૨૯ ઉપવાસ જેટલું પુણ્ય મળી શકે છે.

૨ **બિઆસણું કરનારનેઃ** એક મહિનામાં લગભગ ૨૮ ઉપવાસ જેટલો લાભ મળે છે.

૩ **સામાન્ય શ્રાવકનેઃ** જે કોઈ તપ નથી કરતા, તેઓ પણ જો વારંવાર આ પચ્ચક્ખાણ લે તો તેમનો દિવસ વિરતિપણામાં (સંયમમાં) ગણાય છે અને અઢળક પુણ્યનું ભાથું બંધાય છે.

પચ્ચક્ખાણ લેવાની રીતઃ

**બે હાથ જોડીને નીચે મુજબ બોલીને પચ્ચક્ખાણ લેવું.**

**'મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ). '**

લેવાનો સમય અને નિયમ

- **સમયઃ** આ પચ્ચક્ખાણ દિવસ દરમિયાન ગમે ત્યારે લઈ શકાય છે.

- **નિયમઃ** પચ્ચક્ખાણ લીધા પછી જ્યાં સુધી મુઠ્ઠી વાળીને નવકાર ગણવામાં ન આવે, ત્યાં સુધી ચારે આહાર (અશન, પાન, ખાદિમ, સ્વાદિમ) નો ત્યાગ રહે છે.

**પચ્ચક્ખાણ પારવાની રીતઃ** આ પચ્ચક્ખાણ બે રીતે પાળી શકાય છેઃ

૧. જમીન કે આસન પર બેસીને, મુઠ્ઠી વાળીને ૩ નવકાર ગણીને પારી શકાય.

૨. અથવા ૧ નવકાર + પારવાનું સૂત્ર + ૧ નવકાર ગણીને પારી શકાય.

**પારવાનું સૂત્રઃ**

**'મુટ્ઠિસહિઅં (મુઠસી) પચ્ચક્ખાણ ફાસિઅં પાલિઅં સોહિઅં તીરિઅં કીટ્ટિઅં આરાહિઅં, જં ચ ન આરાહિઅં તસ્સ મિચ્છા મિ દુક્કડં.'**

## પદાર્થ : ભક્ષ્યાભક્ષ્ય ભાગ - ૨

**શાસ્ત્રોમાં ૨૨ પ્રકારના અભક્ષ્ય બતાવ્યા છે, જેમાંથી કેટલાક નીચે મુજબ છે.**

**૧૯. દ્વિદળઃ** કાચાં (સરખાં ગરમ ન કરેલાં) દૂધ-દહીં કે છાસ સાથે કઠોળ ભેગું થવાથી તેમાં અસંખ્ય બેઇંદ્રિય જીવો ઉત્પન્ન થાય છે.

- કઢી, ગટ્ટાનું શાક, મેથીનાં થેપલાં, ઢોસા-ઢોકળાં-ઇડલી વગેરે બનાવતી વખતે; દહીં-છાસ ગરમ કર્યા વગર જ લોટમાં નાખતા હોય છે, તેથી દ્વિદળ થાય છે.
- રાયતું-દહીંવડાં વગેરેમાં મોટે ભાગે દહીં ગરમ કરાતું ન હોવાથી દ્વિદળ થાય છે.
- બજારમાં મળતા કેરીના રસમાં કાચું દૂધ નાખેલું હોય છે. તેની સાથે મગની દાળ, કઢી, વટાણા વગેરે શાક, ચણાના લોટના ફરસાણ ખાવાથી દ્વિદળ થાય છે.





- સામાન્ય ગરમ દૂધમાં ઇન્સ્ટન્ટ કોફી કે ચાની બેગ મેળવીને બનાવેલા ચા-કોફી સાથે ગાંઠીયા વગેરે ખાવાથી દ્વિદળ થાય છે.
- કાચાં દૂધ - દહીં - છાસ; જેમ મગ - ચણા - અડદ - તુવરદાળ વગેરે કઠોળ સાથે દ્વિદળ થાય, તેમ લીલા વટાણા, લીલી ચોળી, લીલી - સૂકી મેથીની ભાજી, ગુવારફળી, વાલોળ, લીલવા વગેરે સાથે પણ દ્વિદળ થાય છે.

**૨૦. રાત્રિભોજન :** જૈન પરંપરામાં રાત્રિભોજનને 'નરકનું પ્રથમ દ્વાર' માનવામાં આવે છે. સૂર્યાસ્ત પછી વાતાવરણમાં અસંખ્ય સૂક્ષ્મ જીવો (ત્રસ જીવો) ઉત્પન્ન થાય છે. રાત્રે ખાવાથી આ જીવોની અજાણતા પણ હિંસા થાય છે, જે પાપનું કારણ બને છે. વીજળીના પ્રકાશમાં પણ તે જીવો દેખાતા નથી, પણ ભોજનમાં પડે છે, આનાથી શારીરિક નુક્સાન તો થાય જ છે, જીવહિંસા પણ થાય છે.

**૨૧. ચલિત-રસ (વાસી) :** ખાદ્ય પદાર્થો અમૂક સમય મર્યાદા પછી બગડવા માંડે છે, એના ગંધ, સ્વાદ વગેરે બદલાય જાય છે તેને ચલિત રસ કહેવામાં આવે છે. તેમાં અસંખ્ય બેઇન્દ્રિય જીવો તથા લીલ, ફુગ ઉત્પન્ન થાય છે, માટે આવા ચલિત રસ વાળા પદાર્થો અભક્ષ્ય છે

- **એક દિવસ :** રોટલા - રોટલી, ભાખરી, થેપલા, ઇડલી, ઢોંસા, ક્ચોરી, સમોસા વગેરે જે દિવસે બનાવ્યા હોય તે જ દિવસે ચાલે, બીજે દિવસે વાસી ગણાય છે. તેમાં પાણીનો અંશ હોવાને કારણે લાળીયા બેઇન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે માટે તે ખવાય નહીં તેમજ કુતરા કે અન્ય પ્રાણીને પણ ખવડાવાય નહીં. પાકી ચાસણી વિનાના પેંડા બીજે દિવસે ન ચાલે. જો ચટણી વાટતા પાણી નાંખ્યું હોય અથવા મેથી, દાળીયા, ચણા નો લોટ વગેરે ભેળવ્યો હોય તો ચટણી બીજે દિવસે વાસી બને છે. ચટણી બનાવતા કોથમીર, મરચાં પાણી થી ધોયા હોય તો પાણી ચટણીમાં રહી જવાથી તે ચટણી બીજે દિવસે અભક્ષ્ય બને છે.

- ખાસ ધ્યાનમાં રાખવું કાળ થતાં પૂર્વે પણ રંગ-સ્વાદ બદલાઈ જાય તો તે જીવોત્પત્તિ થયાની નિશાની હોવાથી અભક્ષ્ય બને.

૨૨. **બોળ-અથાણું :** કેરી, ગુંદા, ખારેક, મરચા વગેરેનું સુકવેલું અથાણું તડકા બરાબર દેવાયા ન હોય અને વાળ્યું વળી શકતું હોય તો તેવું અથાણું ત્રણ દિવસ ઉપરાંત અભક્ષ્ય થાય. ઘણાં કહે છે ત્રણ તડકા આપીને અથાણું બનાવ્યું છે, ત્રણ તડકા દેવા તેવું નહિં પણ જ્યાં સુધી બંગડી જેવું સૂકાય નહિં ત્યાં સુધી પાંચ સાત કે વધારે દિવસ પણ તડકા દેવા જોઈએ. તે મુજબ સુકવ્યા બાદ રાઈ, ગોળ અને તેલબુડ(અથાણામાં તે ચીજ ઉપર ડુબતી રહે તેવું તેલ) હોય તો તેવું અથાણું વર્ણ-ગંધ-રસ-સ્પર્શ ફરે નહિ ત્યાં સુધી ભક્ષ્ય સંભવે છે પણ તેલ ઓછું હોય તો વેળાસર બગડી અભક્ષ્ય થાય.

- **અન્ય પદાર્થો**
- સૂર્યના આદ્રા નક્ષત્ર પ્રવેશ થી અભક્ષ્ય થતી વસ્તુઓ - કાચી-પાકી કેરી, રાયણ, જાંબુ આ બધું સૂર્યના સ્વાતિ નક્ષત્રમાં પ્રવેશ સુધી અભક્ષ્ય રહે.
- લીંબુનાં ફૂલ, સાબુદાણા, શિંગોડા વગેરેના ઉત્પાદનની પ્રક્રિયા હિંસક હોવાથી અભક્ષ્ય છે.
- ફ્લાવરમાં પુષ્કળ ત્રસ જીવો છુપાયેલા હોવાથી ન વાપરવા જોઈએ.
- બજારના રવો, મેંદો, બેસન, બિસ્કીટ વગેરેના પીસવાની તથા ઉત્પાદનની પ્રક્રિયામાં જયણા પળાતી નથી, કાળ જળવાતો નથી. તેથી ન વાપરવા જોઈએ.
- વિનેગર, યીસ્ટ વગેરે પદાર્થોમાં પુષ્કળ જીવોત્પત્તિ હોવાની સંભાવના છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે એક જીવને અભયદાન આપો કે સુવર્ણના મેરુ જેટલું દાન આપો તો તેમાં એક જીવને અભયદાન આપ્યાનું ફળ વધશે. આ બધા અભક્ષ્યોનો સર્વથા પ્રકારે ત્યાગ કરવાથી અસંખ્ય અને અનંત જીવોને અભયદાન આપ્યાનું ફળ મળે છે.





## મૌખિક - ધો. ૧૪

| | | | |
|---|---|---|---|
| સૂત્ર | : | જીવવિચાર | ૫૦ |
| પ્રશ્નોત્તરી | : | જીવવિચાર પ્રશ્નોત્તરી | ૫૦ |
| | | | ૧૦૦ |

## મૌખિક - ધો. ૧૫

| | | | |
|---|---|---|---|
| સૂત્ર | : | નવતત્ત્વ | ૫૦ |
| પ્રશ્નોત્તરી | : | નવતત્ત્વ પ્રશ્નોત્તરી | ૫૦ |
| | | | ૧૦૦ |

## મૌખિક - ધો. ૧૬

| | | | |
|---|---|---|---|
| સૂત્ર | : | પ્રથમ કર્મગ્રંથ | ૫૦ |
| પ્રશ્નોત્તરી | : | પ્રથમ કર્મગ્રંથ પ્રશ્નોત્તરી | ૫૦ |
| | | | ૧૦૦ |

## મૌખિક - ધો. ૧૭

| | | | |
|---|---|---|---|
| સૂત્ર | : | તત્ત્વાર્થ સૂત્ર - ૧ થી ૫ અધ્યાય | ૫૦ |
| પ્રશ્નોત્તરી | : | તત્ત્વાર્થ સૂત્ર - ૧ થી ૫ અધ્યાય અર્થ | ૫૦ |
| | | | ૧૦૦ |

## મૌખિક - ધો. ૧૮

| | | | |
|---|---|---|---|
| સૂત્ર | : | તત્ત્વાર્થ સૂત્ર - ૬ થી ૧૦ અધ્યાય | ૫૦ |
| પ્રશ્નોત્તરી | : | તત્ત્વાર્થ સૂત્ર - ૬ થી ૧૦ અધ્યાય અર્થ | ૫૦ |
| | | | ૧૦૦ |

## લેખિત ધો. ૧

| | |
|---|---|
| મૂળ સૂત્ર | : નવકાર થી વંદિત્તુ (સૂત્ર ૧ થી ૩૬) (પાના નં. ૧ થી ૪, ૧૨ થી ૧૬, ૨૬ થી ૩૦, ૪૧) |
| અર્થ | : નવકાર થી સામાઈય વયજુત્તો (પાના નં.૩૧, ૩૨, ૪૬, ૬૦, ૬૧, ૭૮, ૯૩, ૧૦૮) |
| વિધિ | : દેવવંદનની વિધિ |
| ચૈત્યવંદન | : શ્રી આદિશ્વર ભગવાનનું - આદિદેવ અલવેસરૂ |
| સ્તવન | : શ્રી આદિશ્વર ભગવાનનું - જગ જીવન જગ વાલહો |
| થોય | : શ્રી આદિ જિનવર રાયા (પાના નં. ૮૨) |
| રત્નાકર પચ્ચીસી | : ૧ થી ૫ ગાથા (પાના નં. ૧૦) |
| રાજનગર પ્રશ્નોત્તરી | : ૩૧ થી ૬૦(૧) (પાના નં.૩૮, ૬૭, ૮૫) |

### દેવવંદનની વિધિ

પ્રથમ ઈરિયાવહિયં પડિક્કમવાથી માંડીને યાવત્ લોગસ્સ કહી ઉત્તરાસણ નાખી, ચૈત્યવંદન, નમુત્થુણં કહી, જય વીયરાય આભવમંખડા સુધી કહેવા. પછી બીજું ચૈત્યવંદન કહી, નમુત્થુણં કહી, અરિહંત ચેઈ૦ અન્નત્થ૦ એક નવકારનો કાઉસ્સગ્ગ ને નમોઽર્હત્૦ એક થોય પછી લોગસ્સ૦ સવ્વલોએ૦ અન્નત્થ૦ કાઉસ્સગ્ગ, બીજી થોય, પુક્ખવરદી સુઅસ્સ૦ અન્નત્થ૦ કાઉ૦ ત્રીજી થોય, સિદ્ધાણં૦ વેયાવચ્ચ૦ અન્નત્થ૦ એક નવકારનો કાઉસ્સગ્ગ નમોઽર્હત્૦ ચોથી થોય, વળી નમુત્થુણં કહી એ જ પ્રમાણે ફરી ચાર





થોયો કહેવી. પછી નમુત્થુણં તથા જાવંતિ અને જાવંત કે વિ સાહૂ કહી, સ્તવન કહી અર્ધા જય વીયરાય આભવમખંડા સુધી કહેવા. પછી ચૈત્યવંદન કરી નમુત્થુણં કહી આખા જય વીયરાય કહેવા ત્યાર પછી ખમાસમણ દઈ, ઈચ્છા૦ સજ્ઝાય કરું ? ઈચ્છં, કહી, નવકાર ગણી, મન્નહ જિણાણં ની સજ્ઝાય કહેવી,

મધ્યાહ્ને તથા સાંજે દેવવાંદીએ ત્યારે સજ્ઝાય ન કહેવી.

### શ્રી આદિશ્વર ભગવાનનું ચૈત્યવંદન

આદિદેવ અલવેસરૂ, વિનીતાનો રાય;
નાભિરાયા કુલમંડણો, મરૂદેવા માય.
પાંચસો ધનુષ્યની દેહડી, પ્રભુજી પરમ દયાલ;
ચોરાશી લાખ પૂર્વનું, જસ આયુ વિશાલ.
વૃષભ લંછન જિન વૃષધરૂ એ, ઉત્તમ ગુણમણીખાણ;
તસ પદપદ્મ સેવન થકી, લહીએ અવિચલ ઠાણ.

### શ્રી આદિશ્વર ભગવાનનું સ્તવન

જગજીવન જગવાલહો, મરુદેવીનો નંદ લાલ રે,
મુખ દીઠે સુખ ઊપજે, દરિશન અતિહિ આનંદ લાલ રે. (૧)
આંખડી અમ્બુજ પાંખડી, અષ્ટમી શશિ સમ ભાલ લાલ રે;
વદન તે શારદ ચંદલો, વાણી અતિહિ રસાલ લાલ રે. (૨)
લક્ષણ અંગે વિરાજતાં, અડહિય સહસ ઉદાર લાલ રે;
રેખા કર ચરણાદિકે, અભ્યંતર નહિ પાર લાલ રે. (૩)
ઈન્દ્ર ચન્દ્ર રવિ ગિરિતણાં, ગુણ લહી ઘડિયું અંગ લાલ રે;
ભાગ્ય કિહાં થકી આવીયું, અચરિજ એહ ઉત્તુંગ લાલ રે. (૪)
ગુણ સઘળા અંગી કર્યા, દૂર કર્યા સવિ દોષ લાલ રે;
વાચક "જશવિજયે" થુણ્યો, દેજો સુખનો પોષ લાલ રે. (૫)

# લેખિત ધો. ૨

| | |
|---|---|
| મૂળ સૂત્ર | : આયરિય ઉવજ્ઝાએ થી સકલતીર્થ (સૂત્ર ૩૭ થી ૫૧) (પાના નં. ૫૨ થી ૫૯) સ્નાતસ્યા (સૂત્ર ૫૩) (પાના નં. ૭૬) |
| અર્થ | : જગચિંતામણિ થી સંસારદાવાનલ (પાના નં. ૧૪૮, ૧૬૪ થી ૧૬૬, ૧૭૩ થી ૧૭૬) |
| વિધિ | : રાઈ પ્રતિક્રમણની વિધિ (પાના નં. ૯૭), તપચિંતવણીનો કાઉસ્સગ્ગ |
| ચૈત્યવંદન | : શ્રી સીમંધર જગધણી (પાના નં. ૮૦), શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર (પાના નં. ૯૫) |
| સ્તવન | : સુણો ચંદાજી (પાના નં. ૮૧) વિમલાચલ નિતુ નંદીએ (પાના નં. ૯૬) |
| થોય | : શ્રી સીમંધર જિનવર (પાના નં. ૮૨) |
| | : શ્રી શત્રુંજય મંડણ (પાના નં. ૯૬) |
| રત્નાકર પચ્ચીસી | : ૬ થી ૧૦ ગાથા |
| રાજનગર પ્રશ્નોત્તરી | : ૬૧ થી ૯૦ (પાના નં. ૧૦૦, ૧૧૬) |

### તપ ચિંતવણીના કાઉસ્સગ્ગમાં કરવાનું ચિંતન

શ્રી પ્રભુ વીરે ૬ મહિનાના ચોવિહારા ઉપવાસ કર્યા હતા - મારી શક્તિ નથી, પરિણામ નથી.

ચંપા શ્રાવિકાએ ૬ મહિનાના તિવિહારા ઉપવાસ કર્યા હતા - મારી શક્તિ નથી, પરિણામ નથી.

હે ચેતન! ૫ મહિનાના ઉપવાસ કર- મારી શક્તિ નથી, પરિણામ નથી.

હે ચેતન! ૪ મહિનાના ઉપવાસ કર- મારી શક્તિ નથી, પરિણામ નથી.





હે ચેતન! ૩ મહિનાના ઉપવાસ કર- મારી શક્તિ નથી, પરિણામ નથી.

હે ચેતન! ૨ મહિનાના ઉપવાસ કર- મારી શક્તિ નથી, પરિણામ નથી.

હે ચેતન! દોઢ મહિનાના ઉપવાસ કર - મારી શક્તિ નથી, પરિણામ નથી.

એમ એકેક ન્યૂન કરતાં...૪૪ દિવસ, ૪૩ દિવસ... ઉપવાસ કર - મારી શક્તિ નથી, પરિણામ નથી.

માસક્ષમણ કર - મારી શક્તિ નથી, પરિણામ નથી.

૨૯ ઉપવાસ કર - મારી શક્તિ નથી, પરિણામ નથી.

૨૮ ઉપવાસ કર - મારી શક્તિ નથી, પરિણામ નથી.

એમ એકેક ન્યૂન કરતાં....૧૭ ઉપવાસ કર - મારી શક્તિ નથી, પરિણામ નથી.

ચોત્રીસ-ભત્ત કર - મારી શક્તિ નથી, પરિણામ નથી.

બત્રીસ-ભત્ત કર - મારી શક્તિ નથી, પરિણામ નથી.

એમ બે-બે ઓછાં કરતાં...દશ-ભત્ત કર - મારી શક્તિ નથી, પરિણામ નથી.

અઠ્ઠમ કર - મારી શક્તિ નથી, પરિણામ નથી.

આ રીતે છઠ્ઠ, ઉપવાસ, આયંબિલ, નીવી, એકાસણું, બિયાસણું, પુરિમઢ્ઢ, સાઢ્ઢપોરિસી, પોરિસી, નવકારશી સુધી વિચારવું.

પૂર્વે વધુમાં વધુ જે તપ કર્યો હોય તે તપ આવે ત્યારથી મારી શક્તિ નથી, પરિણામ નથી, ના બદલે શક્તિ છે, પરિણામ નથી વિચારવું.

આજે જે તપ કરવાનો હોય તે તપ આવે ત્યારે શક્તિ છે, પરિણામ છે એમ વિચારવું. ત્યાર પછીનો તપ ચિંતવ્યા વિના જ 'નમો અરિહંતાણં' કહીને કાયોત્સર્ગ પારવો.

## શ્રી રત્નાકર પચ્ચીસી

મેં પરભવે કે આ ભવે પણ હિત કાંઈ કર્યું નહિ,
તેથી કરી સંસારમાં સુખ અલ્પ પણ પામ્યો નહિ;
જન્મો અમારા જિનજી ભવ પૂર્ણ કરવાને થયા,
આવેલ બાજી હાથમાં અજ્ઞાનથી હારી ગયા. ૬

અમૃત ઝરે તુજ મુખરૂપી ચંદ્રથી તો પણ પ્રભુ,
ભિંજાય નહિ મુજ મન અરેરે ! શું કરું હું તો વિભુ;
પત્થર થકી પણ કઠણ મારું મન ખરે ક્યાંથી દ્રવે,
મરકટ સમા આ મન થકી હું તો પ્રભુ હાર્યો હવે. ૭

ભમતાં મહાભવસાગરે પામ્યો પસાયે આપના,
જે જ્ઞાન દર્શન ચરણરૂપી રત્નત્રય દુષ્કર ઘણા;
તે પણ ગયા પરમાદના વશથી પ્રભુ કહું છું ખરૂં,
કોની કને કિરતાર આ, પોકાર હું જઈને કરૂં ? ૮

ઠગવા વિભુ આ વિશ્વને વૈરાગ્યના રંગો ધર્યા,
ને ધર્મનો ઉપદેશ રંજન લોકને કરવા કર્યા;
વિદ્યા ભણ્યો હું વાદ માટે કેટલી કથની કહું ?
સાધુ થઈને બહારથી દાંભિક અંદરથી રહું. ૯

મેં મુખને મેલું કર્યું દોષો પરાયા ગાઈને,
ને નેત્રને નિંદિત કર્યાં પરનારીમાં લપટાઈને;
વળી ચિત્તને દોષિત કર્યું ચિંતી નઠારૂં પરતણું,
હે નાથ ! મારૂં શું થશે ચાલાક થઈ ચૂક્યો ઘણું. ૧૦





# લેખિત ધો. ૩

| | |
|---|---|
| મૂળ સૂત્ર | : સકલાર્હત્ (સૂત્ર ૫૨) (પાના નં. ૭૩),<br>સંતિકરમ્ (સૂત્ર ૫૪) (પાના નં. ૭૭),<br>મોટીશાન્તિ (સૂત્ર ૫૬) (પાના નં. ૧૦૫) |
| અર્થ | : પુક્ખરવરદીવડ્ઢે થી ઈચ્છામિ પડિક્કમિઉં સુધી |
| વિધિ | : દેવસિ પ્રતિક્રમણની વિધિ (પાના નં. ૧૧૨) |
| સજ્ઝાય | : પ્રણમું તુમારા પાય પ્રસન્નચંદ્ર (પાના નં. ૮૨) |
| રત્નાકર પચ્ચીસી | : ૧૧ થી ૧૫ |
| રાજનગર પ્રશ્નોત્તરી | : ૯૧ થી ૧૨૦ (રાજનગર જ્ઞાનમાળા) |

## શ્રી રત્નાકર પચ્ચીશી

કરે કાળજાને કતલ પીડા, કામની બીહામણી,
એ વિષયમાં બની અંધ હું, વિડંબના પામ્યો ઘણી;
તે પણ પ્રકાશ્યું આજ લાવી, લાજ આપ તણી કને,
જાણો સહું તેથી કહું, કર માફ મારા વાંકને. ૧૧

નવકાર મંત્ર વિનાશ કીધો, અન્ય મંત્રો જાણીને,
કુશાસ્ત્રનાં વાક્યો વડે, હણી આગમોની વાણીને;
કુદેવની સંગત થકી, કર્મો નકામાં આચર્યાં,
મતિ ભ્રમ થકી રત્નો ગુમાવી, કાચ કટકા મેં ગ્રહ્યા. ૧૨

આવેલ દ્રષ્ટિમાર્ગમાં, મૂકી મહાવીર આપને,
મેં મૂઢધીએ હૃદયમાં, ધ્યાયા મદનના ચાપને;

નેત્રબાણો ને પયોધર, નાભી ને સુંદર કટી,
શણગાર સુંદરીઓ તણા, છટકેલ થઈ જોયા અતિ. ૧૩

મૃગનયનીસમ નારી તણાં, મુખચંદ્ર નીરખવા થકી,
મુજ મન વિષે જે રંગ લાગ્યો, અલ્પ પણ ગૂઢો અતિ;
તે શ્રુતરૂપ સમુદ્રમાં, ધોયા છતાં જાતો નથી,
તેનું કહો કારણ તમે, બચું કેમ હું આ પાપથી ? ૧૪

સુંદર નથી આ શરીર કે, સમુદાય ગુણ તણો નથી,
ઉત્તમ વિલાસ કળા તણી, દેદીપ્યમાન પ્રભા નથી;
પ્રભુતા નથી તો પણ પ્રભુ, અભિમાનથી અક્કડ ફરૂં,
ચોપાટ ચાર ગતિ તણી, સંસારમાં ખેલ્યા કરૂં. ૧૫

## સાગરચંદો (પૌષધ પારવાનું સૂત્ર)

સાગર ચંદો કામો, ચંદવડિંસો, સુદંસણો ધન્નો;
જેસિં પોસહ પડિમા, અખંડિઆ જીવિઅંતે વિ. ૧

ધન્ના સલાહણિજ્જા, સુલસા, આણંદ કામદેવા ય;
જાસ પસંસઈ ભયવં, દઢવ્વયત્તં મહાવીરો. ૨

પોસહ વિધિએ લીધો, વિધિએ પાર્યો, વિધિ કરતાં જે કોઈ અવિધિ હુઈ હોય તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.

પોસહના અઢાર દોષ માંહે જે કોઈ દોષ લાગ્યો હોય, તે સવિ હું મન વચન કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં.





# લેખિત ધો. ૪

| | |
|---|---|
| મૂળ સૂત્ર | : અજિતશાંતિ (સૂત્ર ૫૫) (પાના નં.૮૮) અને તિજયપહુત્ત (સૂત્ર ૫૯) (પાના નં. ૧૭૦) |
| અર્થ | : વંદિત્તુ સૂત્ર (સૂત્ર ૩૬) (પાના નં. ૧૮૫) |
| વિધિ | : મુહપત્તિ પડિલેહણના ૫૦ બોલ (પાના નં. ૬૩) |
| ચૈત્યવંદન | : પર્વ પર્યુષણ ગુણનીલો |
| સ્તવન | : સુણજો સાજન સંત (પાના નં. ૧૦૯) |
| થોય | : પુણ્યનું પોષણ (પાના નં. ૧૧૦) |
| રત્નાકર પચ્ચીસી | : ૧૬ થી ૨૦ |
| રાજનગર પ્રશ્નોત્તરી | : ૧૨૧ થી ૧૩૯ (રાજનગર જ્ઞાનમાળા) |

## કાવ્ય વિભાગ - પર્યુષણ પર્વનું ચૈત્યવંદન

પર્વ પર્યુષણ ગુણનીલો, નવ કલ્પી વિહાર;
ચાર માસાન્તર થિર રહે, એહી જ અર્થ ઉદાર. ૧

અષાઢ સુદિ ચૌદશ થકી, સંવત્સરી પચાસ;
મુનિવર દિન સિત્તેરમેં, પડિક્કમતાં ચૌમાસ. ૨

શ્રાવક પણ સમતા ધરી, કરે ગુરુના બહુમાન;
કલ્પસૂત્ર સુવિહિત મુખે, સાંભલે થઈ એકતાન. ૩

જિનવર ચૈત્ય જુહારીએ, ગુરુ ભક્તિ વિશાલ;
પ્રાયે અષ્ટ ભવાંતરે, વરીએ શિવ વરમાલ. ૪

દર્પણથી નિજ રૂપને, જુવે સુદ્રષ્ટિ રૂપ;
દર્પણ અનુભવ અર્પણો, જ્ઞાનરમણ મુનિભૂપ. ૫

આત્મ સ્વરૂપ વિલોકતાં, પ્રગટે મિત્ર સ્વભાવ;
રાય ઉદાયી ખામણાં, પર્વ પર્યુષણ દાવ. ૬

નવ વખાણ પૂજી સુણો, શુક્લ ચતુર્થી સીમા;
પંચમી દિન વાંચે સુણે, હોય વિરાધક નિયમા. ૭
એ નહિ પર્વ પંચમી, સર્વ સમાણી ચોથે;
ભવભીરુ મુનિ માનશે, ભાખ્યું અરિહા નાથે. ૮
શ્રુતકેવલી વયણાં સુણીએ, લહી માનવ અવતાર;
શ્રી શુભવીરને શાસને, પામ્યા જયજયકાર. ૯

## શ્રી રત્નાકર પચ્ચીસી

આયુષ્ય ઘટતું જાય તો પણ પાપ બુદ્ધિ નવ ઘટે,
આશા જીવનની જાય પણ વિષયાભિલાષા નવ મટે;
ઔષધ વિષે કરૂં યત્ન પણ હું ધર્મને તો નવ ગણું,
બની મોહમાં મસ્તાન હું પાયા વિનાના ઘર ચણું. ૧૬

આત્મા નથી પરભવ નથી, વળી પુણ્ય પાપ કશું નથી,
મિથ્યાત્વની કટુ વાણી મેં, ધરી કાન પીધી સ્વાદથી;
રવિ સમ હતા જ્ઞાને કરી, પ્રભુ આપશ્રી તો પણ અરે,
દીવો લઈ કૂવે પડ્યો, ધિક્કાર છે મુજને ખરે. ૧૭

મેં ચિત્તથી નહિ દેવની કે પાત્રની પૂજા ચહી,
ને શ્રાવકો કે સાધુઓનો, ધર્મ પણ પાળ્યો નહિ;
પામ્યો પ્રભુ નરભવ છતાં, રણમાં રડ્યા જેવું થયું,
ધોબીતણા કુત્તા સમું, મમ જીવન સહુ એળે ગયું. ૧૮

હું કામધેનુ કલ્પતરુ ચિંતામણિના પ્યારમાં,
ખોટા છતાં ઝંખ્યો ઘણું, બની લુબ્ધ આ સંસારમાં;
જે પ્રગટ સુખ દેનાર ત્હારો ધર્મ તે સેવ્યો નહિ,
મુજ મૂર્ખ ભાવોને નિહાળી નાથ ! કર કરુણા કાંઈ. ૧૯

મેં ભોગ સારા ચિંતવ્યા તે રોગ સમ ચિંત્યા નહિ,
આગમન ઈચ્છ્યું ધન તણું પણ મૃત્યુને પીછ્યું નહિ;
નહિ ચિંતવ્યું મેં નર્ક કારાગ્રહ સમી છે નારીઓ,
મધુબિંદુની આશા મહીં ભયમાત્ર હું ભૂલી ગયો. ૨૦





# લેખિત ધો. ૫

| | |
|---|---|
| મૂળ સૂત્ર | : અતિચાર (સૂત્ર ૫૭) (પાના નં. ૧૧૮),<br>ભક્તામર (સૂત્ર ૫૮) (પાના નં. ૧૬૦) |
| અર્થ | : આયરિય ઉવજ્ઝાએ થી સકલતીર્થ |
| વિધિ | : પક્ખિ, ચઉમાસી (પાના નં.૧૫૧, ૧૫૩),<br>સંવત્સરી અને છીંકના કાઉસ્સગ્ગની |
| રત્નાકર પચ્ચીસી | : ૨૧ થી ૨૫ |
| રાજનગર પ્રશ્નોત્તરી | : ૧૪૦ થી ૧૫૫ (રાજનગર જ્ઞાનમાળા) |

## સંવત્સરી પ્રતિક્રમણની વિધિ

શ્રી સંવત્સરી પ્રતિક્રમણની વિધિમાં પણ પક્ખિની વિધિ પ્રમાણે કરવું, પણ એટલું વિશેષ કે બાર લોગસ્સના કાઉસ્સગ્ગને બદલે ચાલીશ લોગસ્સ ચંદેસુ નિમ્મલયરા સુધી અને એક નવકાર અથવા એકસો અને સાઈઠ નવકારનો કાઉસ્સગ્ગ કરવો અને તપને ઠેકાણે અટ્ઠમ ભત્તેણં, ત્રણ ઉપવાસ, છ આયંબિલ, નવ નીવિ, બાર એકાસણાં, ચોવીશ બિઆસણાં અને છ હજાર સજ્ઝાય૦'' એ રીતે કહેવું, અને પક્ખિ શબ્દને બદલે સંવત્સરી શબ્દ કહેવો.

## પક્ખિ, ચઉમાસી અને સંવત્સરી પ્રતિક્રમણમાં છીંક આવે તો

પ્રતિક્રમણમાં અતિચાર બોલતાં પહેલાં જો છીંક આવે, તો ચૈત્યવંદનથી ફરીથી શરૂઆત કરવી જોઈએ, અને દુક્ખક્ખય કમ્મક્ખયના કાઉસ્સગ્ગ પહેલાં છીંક આવે તો છીંકનો કાઉસ્સગ્ગ સજ્ઝાય કર્યા પછી કરવો અને માંગલિક માટે શ્રી સકલચંદ્રજી ઉપાધ્યાય ભગવંતની રચેલી સત્તરભેદી પૂજા ભણાવવી જોઈએ.

## છીંકના કાઉસ્સગ્ગની વિધિ

એક ખમાસમણ આપી ઈરિયાવહિયંથી કાઉસ્સગ્ગ કરી લોગસ્સ કહેવો, પછી ખમાસમણ દઈ ઈચ્છા૦ સંદિ૦ ભગ૦ ક્ષુદ્રોપદ્રવ ઓહડ્ડાવણત્થં

કાઉસ્સગ્ગ કરું ? ઇચ્છં, ક્ષુદ્રોપદ્રવ ઓહડ્ડાવણત્થં કરેમિ કાઉસ્સગ્ગં, અન્નથ૦ કહી ચાર લોગસ્સ સાગરવરગંભીરા સુધી (ન આવડે તો સોળ નવકારનો કાઉસ્સગ્ગ કરવો), અને નીચેની થોય કહેવી.

સર્વે યક્ષામ્બિકાદ્યા યે, વૈયાવૃત્યકરા જિને,
ક્ષુદ્રોપદ્રવસંઘાતં, તે દ્રુતં દ્રાવયન્તુ નઃ ॥૧॥

પછી લોગસ્સ કહી બાકી હોય ત્યાંથી વિધિ ચાલુ કરવી.

## શ્રી રત્નાકર પચ્ચીસી

હું શુદ્ધ આચારો વડે, સાધુ હૃદયમાં નવ રહ્યો,
કરી કામ પર ઉપકારનાં, યશ પણ ઉપાર્જન નવ કર્યા;
વળી તીર્થના ઉદ્ધાર આદિ, કોઇ કાર્યો નવ કર્યા,
ફોગટ અરે આ લક્ષ, ચોરાશી તણા ફેરા ફર્યા. ૨૧

ગુરુવાણીમાં વૈરાગ્ય કેરો, રંગ લાગ્યો નહિ અને,
દુર્જન તણા વાક્યો મહીં, શાંતિ મળે ક્યાંથી મને;
તરું કેમ હું સંસાર આ, અધ્યાત્મ તો છે નહિ જરી,
તુટેલ તળીયાનો ઘડો, જળથી ભરાયે કેમ કરી ? ૨૨

મેં પરભવે નથી પુન્ય કીધું, ને નથી કરતો હજી,
તો આવતા ભવમાં કહો, ક્યાંથી થશે હે નાથજી;
ભૂત ભાવી ને સાંપ્રત ત્રણે, ભવ નાથ ! હું હારી ગયો,
સ્વામી ! ત્રિશંકુ જેમ હું, આકાશમાં લટકી રહ્યો. ૨૩

અથવા નકામું આપ પાસે, નાથ શું બકવું ઘણું ?
હે દેવતાના પૂજ્ય ! આ, ચારિત્ર મુજ પોતા તણું;
જાણો સ્વરૂપ ત્રણ લોકનું, તો મ્હારૂં શું માત્ર આ,
જ્યાં ક્રોડનો હિસાબ નહિ ત્યાં, પાઇની તો વાત ક્યાં ? ૨૪

તારાથી ન સમર્થ અન્ય દીનનો, ઉદ્ધારનારો પ્રભુ !
મ્હારાથી નહિ અન્ય પાત્ર જગમાં, જોતાં જડે હે વિભુ;
મુક્તિ મંગળ સ્થાન તોય મુજને, ઇચ્છા ન લક્ષ્મી તણી,
આપો સમ્યગ્રત્ન શ્યામ જીવને, તો તૃપ્તિ થાયે ઘણી. ૨૫





# લેખિત ધો. ૬

| | |
|---|---|
| મૂળ સૂત્ર | : નમિઉણ (સૂત્ર ૬૦) (પાના નં. ૧૭૧), કલ્યાણ મંદિર (સૂત્ર ૬૧) (પાના નં. ૧૮૧) |
| અર્થ | : સ્નાતસ્યા, સક્લાર્હત્ |
| સ્તવન | : ૨૭ ભવની ઢાળ પહેલી (દુહો : શ્રી શુભવિજય સુગુરુ નમી, પહેલે ભવે) |
| થોય | : મનોહર મૂર્તિ મહાવીર તણી |
| સજ્ઝાય | : જુઓ રે જુઓ જૈનો કેવા વ્રતધારી |
| રાજનગર પ્રશ્નોત્તરી | : ૧૫૬ થી ૧૭૫ (રાજનગર જ્ઞાનમાળા) |

## શ્રી મહાવીરપ્રભુના સત્તાવીશભવનું સ્તવન

(૧)

શ્રીશુભવિજય સુગુરુ નમી, નમી પદ્માવતીમાય;
ભવ સત્તાવીશ વર્ણવું, સુણતાં સમકિત થાય. ૧

સમકિત પામે જીવને, ભવ ગણતીએ ગણાય;
જો વળી સંસારે ભમે, તો પણ મુગતે જાય. ૨

વીર જિનેશ્વર સાહેબો, ભમીયો કાળ અનંત;
પણ સમકિત પામ્યા પછી, અંતે થયા અરિહંત. ૩

(ઢાળ પહેલી)

પહેલે ભવે એક ગામનો રે, રાય નામે નયસાર;
કાષ્ટ લેવા અટવી ગયો રે, ભોજનવેળા થાય રે,
પ્રાણી ! ધરિયે સમકિત રંગ, જિમ પામિયે સુખ અભંગ રે,
પ્રાણી ! ધરિયે સમકિત રંગ. ૧

મન ચિંતે મહિમા નીલો રે, આવે તપસી કોય;
દાન દેઈ ભોજન કરું રે, તો વાંછિત ફળ હોય રે. પ્રાણી૦ ૨

મારગ દેખી મુનિવરા રે, વંદે દેઈ ઉપયોગ;
પૂછે કેમ ભટકો ઇહાં રે ? મુનિ કહે સાર્થવિયોગ રે. પ્રાણી૦ ૩

હરખભેર તેડી ગયો રે, પડિલાભ્યા મુનિરાજ;
ભોજન કરી કહે ચાલીએ રે, સાર્થ ભેળાં કરું આજ રે. પ્રાણી૦ ૪

પગવટીયે ભેળાં કર્યા રે, કહે મુનિ દ્રવ્ય એ માર્ગ
સંસારે ભૂલા ભમો રે, ભાવમારગ અપવર્ગ રે. પ્રાણી૦ ૫

દેવ ગુરુ ઓળખાવીયાં રે, દીધો વિધિ નવકાર;
પશ્ચિમ મહાવિદેહમાં રે, પામ્યો સમકિત સાર રે. પ્રાણી૦ ૬

શુભધ્યાને મરી સુર હુઓ રે, પહેલા સ્વર્ગ મોઝાર;
પલ્યોપમ આયુ ચ્યવી રે, ભરત ઘરે અવતાર રે. પ્રાણી૦ ૭

નામે મરીચિ યૌવને રે, સંયમ લીયે પ્રભુ પાસ;
દુષ્કર ચરણ લહી થયો રે, ત્રિદંડિક શુભ વાસ રે. પ્રાણી૦ ૮

## શ્રી મહાવીરસ્વામી ભગવાનની થોય

મનોહર મૂર્તિ મહાવીરતણી, જિણે સોલ પહોર દેશના પભણી,
નવ મલ્લી નવ લચ્છિ નૃપતિ સુણી, કહી શિવ પામ્યા ત્રિભુવનધણી. ૧

શિવ પામ્યાં ઋષભ ચઉદશ ભક્તે, બાવીશ લહ્યા શિવ માસતીથે,
છટ્ઠે શિવ પામ્યા વીર વળી, કાર્તિક વદિ અમાવાસ્યા નિરમલી. ૨





આગામી ભાવી ભાવ કહ્યાં, દીવાળી કલ્પે જેહ લહ્યાં,
પુણ્ય પાપ ફલ અજ્ઝયણે કહ્યાં, સવિ તહત્તિ કરીને સદ્દહ્યાં. ૩

સવિ દેવ મળી ઉદ્યોત કરે, પરભાતે ગૌતમ જ્ઞાન વરે,
જ્ઞાનવિમલ સદા ગુણ વિસ્તરે, જિનશાસનમાં જયકાર કરે. ૪

## ધર્મ દૃઢતાની સજ્ઝાય

જુઓ રે જુઓ જૈનો કેવા વ્રતધારી,
કેવા વ્રતધારી આગે થયા નરનારી;
થયા નરનારી તેને વંદના અમારી.
વંદના અમારી તેને વંદના હમારી. ૧

જુઓ જુઓ જંબૂસ્વામી, બાળ વયે બોધ પામી;
તજી ભોગ રિદ્ધિ જેણે, તજી આઠ નારી. ૨

ગજસુકુમાલ મુનિ, ધખે શિર પર ધૂણી;
અડગ રહ્યા તે ધ્યાને, ડગ્યા ના લગારી. ૩

કોશ્યાના મંદિર મધ્યે, રહ્યા મુનિ સ્થૂલીભદ્ર;
વેશ્યા સંગ વાસો તોયે, થયા ના વિકારી. ૪

સતી તે રાજુલનારી, જગમાં ન જોડી એની;
પતિવ્રતા કાજે કન્યા, રહી તે કુંવારી. ૫

જનકસુતા તે સીતા, બાર વર્ષ વનમાં વીત્યા;
ઘણું કષ્ટ વેઠ્યું તોયે, ડગ્યા ના લગારી. ૬

ધન્ય ધન્ય નરનારી, એવી દૃઢ ટેક ધારી;
જીવિત સુધાર્યું જેણે, પામ્યા ભવ પારી. ૭

એવું જાણી સુજ્ઞજનો, એવા ઉત્તમ આપ બનો;
વીરવિજય ધર્મ પ્રેમે, દીએ ગતિ સારી. ૮

## લેખિત ધો. ૭

| | |
|---|---|
| મૂળ સૂત્ર | : જીવવિચાર |
| અર્થ | : જીવવિચાર, સંતિકરમ્ |
| સ્નાત્ર | : સ્નાત્રની વિધિ, સરસ શાન્તિ સુધારસ થી શુભ લગ્ને જિન... (પાના નં. ૧૩૮) |
| સ્તવન | : ૨૭ ભવની ઢાળ બીજી.. (નવો વેષ રચે) |
| થોય | : જય જય ભવિહિતકર (પાના નં. ૩૩) |
| સજ્ઝાય | : જગત હે સ્વાર્થ કા સાથી (વૈરાગ્યની) |
| રાજનગર પ્રશ્નોત્તરી | : ૧૭૬ થી ૨૧૦ (રાજનગર જ્ઞાનમાળા) |

### શ્રી મહાવીરપ્રભુના સત્તાવીશભવનું સ્તવન

(ઢાળ બીજી)

નવો વેષ રચે તેણી વેળા, વિચરે આદીશ્વર ભેળા,
જળ થોડે સ્નાન વિશેષે પગ પાવડી ભગવે વેષે. ૧
ધરે ત્રિદંડ લાકડી મ્હોટી, શિર મુંડણ ને ધરે ચોટી;
વળી છત્ર વિલેપન અંગે, થૂલથી વ્રત ધરતો રંગે. ૨
સોનાની જનોઈ રાખે, સહુને મુનિમારગ ભાખે;
સમોસરણે પૂછે નરેશ, કોઈ આગે હોશે જિનેશ. ૩
જિન જંપે ભરતને તામ, તુજ પુત્ર મરિચિ નામ;
વીર નામે થશે જિન છેલ્લા, આ ભરતે વાસુદેવ પહેલા. ૪
ચક્રવર્તી વિદેહે થાશે, સુણી આવ્યા ભરત ઉલ્લાસે;
મરીચિને પ્રદક્ષિણા દેતા નમી વંદીને એમ કહેતા. ૫
તમે પુન્યાઈવંત ગવાશો, હરિ ચક્રી ચરમજિન થાશો;
નવિ વંદું ત્રિદંડિક વેષ, નમું ભક્તિયે વીરજિનેશ. ૬





એમ સ્તવના કરી ઘર જાવે, મરીચિ મન હર્ષ ન માવે;
મ્હારે ત્રણ પદવીની છાપ, દાદા જિન ચક્રી બાપ. ૭
અમે વાસુદેવ ધુર થઈશું, કુલ ઉત્તમ મ્હારું કહીશું;
નાચે કુળમદશું ભરાણો, નીચગોત્ર તિહાં બંધાણો. ૮
એક દિન તનુ રોગે વ્યાપે, કોઈ સાધુ પાણી ન આપે;
ત્યારે વંછે ચેલો એક, તવ મળિયો કપિલ અવિવેક. ૯
દેશના સુણી દીક્ષા વાસે, કહે મરીચિ લીયો પ્રભુ પાસે;
રાજપુત્ર કહે તુમ પાસે, લેશું અમે દીક્ષા ઉલ્લાસે. ૧૦
તુમ દરશને ધરમનો વ્હેમ, સુણી ચિંતે મરીચિ એમ;
મુજ યોગ્ય મળ્યો એ ચેલો, મૂળ કડવે કડવો વેલો. ૧૧
મરીચિ કહે ધર્મ ઉભયમાં, લીયે દીક્ષા યૌવન વયમાં;
એણે વચને વધ્યો સંસાર, એ ત્રીજો કહ્યો અવતાર. ૧૨
લાખ ચોરાશી પૂરવ આય, પાળી પાંચમે સ્વર્ગે સિધાય;
દશ સાગર જીવિત ત્યાંહી, શુભવીર સદા સુખમાંહી. ૧૩

### વૈરાગ્યની સજ્ઝાય

જગત હે સ્વાર્થકા સાથી, સમજ લે કૌન હૈ અપના;
યે કાયા કાચકા કુંભા, નાહક તું દેખકે ફુલતા,
પલકમેં ફુટ જાવેગા, પતા જ્યું ડાલસે ગિરતા. જગત૦૧
મનુષ્યકી એસી જીંદગાની, અબ તું ચેત અભિમાની;
જીવનકા ક્યા ભરોસા હૈ, કરી લે ધર્મ કી કરણી. જગત૦ ૨
ખજાના માલ ને મિલકત,તું ક્યું કહેતા મેરા મેરા;
ઈહાં સબ છોડ જાના હૈ, ન આવે સાથ અબ તેરા. જગત૦ ૩
કુટુંબ પરિવાર સુત દારા, સુપન સમ દેખ જગ સારા;
નિકલ જબ હંસ જાવેગા, ઉસી દિન હૈ સભી ન્યારા. જગત૦ ૪
તરે સંસાર સાગર કો, જપે જો નામ જિનવરકો;
કહે ખાન્તિ વહી પ્રાણી, હઠાવે કર્મ જંજીર કો. જગત૦ ૫

# લેખિત ધો. ૮

| | |
|---|---|
| મૂળ સૂત્ર | : નવતત્વ |
| અર્થ | : નવતત્વ |
| સ્નાત્ર | : સાંભળો કળશથી પૂર્ણ (પાના નં. ૧૪૪) |
| સ્તવન | : ૨૭ ભવની ઢાળ ત્રીજી (પાંચમે ભવે) |
| થોય | : જીવાજીવા પુન્ય |
| સજ્ઝાય | : જોઈતું નથી જોઈતું નથી (ઘડપણની) |
| રાજનગર પ્રશ્નોત્તરી | : ૨૧૧ થી ૨૬૧ (રાજનગર જ્ઞાનમાળા) |

## શ્રી મહાવીરપ્રભુના સત્તાવીશભવનું સ્તવન

(ઢાળ ત્રીજી)

પાંચમે ભવ કોલ્લાગસન્નિવેશ, કૌશિક નામે બ્રાહ્મણ વેષ;
એંશીલાખપૂરવ અનુસરી, ત્રિદંડીયાને વેષે મરી. ૧

કાળ બહુ ભમીયો સંસાર, થુણાપુરી છટ્ઠો અવતાર;
બહોંતેરલાખ પૂરવને આય, વિપ્ર ત્રિદંડી વેષ ધરાય. ૨

સૌધર્મે મધ્યસ્થિતિએ થયો, આઠમે ચૈત્ય સન્નિવેષે ગયો;
અગ્નિદ્યોત દ્વિજ ત્રિદંડીયો, પૂર્વ આયુ લાખ સાઠે મૂઓ. ૩

મધ્યસ્થિતિયે સુર સ્વર્ગ ઈશાન, દશમે મંદિરપુર દ્વિજઠાણ;
લાખછપ્પનપૂરવાયુધરી અગ્નિભૂતિ ત્રિદંડીક મરી. ૪

ત્રીજે સરગે મધ્યાયુ ધરી, બારમે ભવે શ્વેતાંબીપુરી;
પૂરવલાખ ચુમ્માળીશ આય, ભારદ્વિજ ત્રિદંડીક થાય. ૫





તેરમે ચોથે સ્વર્ગે રમી, કાળ ઘણો સંસારે ભમી;
ચઉદમે ભવ રાજગૃહી જાય, ચોત્રીશલાખ પૂરવનું આય. ૬

થાવર વિપ્ર ત્રિદંડી થયો, પાંચમે સ્વર્ગે મરીને ગયો;
સોળમે ભવ ક્રોડ વરસનું આય, રાજકુમાર વિશ્વભૂતિ થાય. ૭

સંભૂતિમુનિ પાસે અણગાર, દુષ્કરતપ કરી વરસ હજાર;
માસખમણ પારણે ધરી દયા, મથુરામાં ગોચરીએ ગયા. ૮

ગાયે હણ્યા મુનિ પડીયા વસા, વિશાખાનંદી પિતરિયા હસ્યા;
ગૌશૃંગે મુનિ ગરવે કરી, ગયણ ઉછાળી ધરતી ધરી. ૯

તપ બળથી હોજો બળ ધણી, કરી નિયાણું મુનિ અણસણી;
સત્તરમે મહાશુક્રે સુરા, શ્રીશુભવીર સત્તરસાગરા. ૧૦

## નવ તત્ત્વની થોય

જીવાજીવા પુન્ય ને પાવા, આશ્રવ સંવર તત્તા જી,
સાતમે નિર્જરા આઠમે બંધ, નવમે મોક્ષપદ સત્તા જી,
એ નવતત્તા સમકિત સત્તા, ભાખે શ્રી અરિહંતા જી,
ભૂજનયર મંડણ રિસહેસર, વંદો તે ભગવંતા જી. ૧

ધમ્માધમ્માગાસા પુગ્ગલ, સમયા પંચ અજીવા જી,
નાણ વિનાણ શુભાશુભ યોગે, ચેતન લક્ષણ છવા જી,
ઈત્યાદિક ષટ્ દ્રવ્ય પ્રરૂપક, લોકાલોક દિણંદા જી,
પ્રહ ઊઠી નિત્યનમિયે વિધિશું, સિત્તરિસો જિન ચંદા જી. ૨

સૂક્ષ્મ બાદર દોય એકેન્દ્રિય, બી તી ચઉરિન્દ્રિ દુવિહા જી,
તિવિહા પંચિંદા પજજતા, અપજજતા તે વિવિહા જી,
સંસારી અસંસારી સિદ્ધા, નિશ્ચય ને વ્યવહાર જી,
પન્નવણાદિક આગમ સુણતાં, લહીએ શુદ્ધ વિચાર જી. ૩

ભુવનપતિ વ્યંતરજયોતિષવર, વૈમાનિક સુરવૃન્દા જી,
ચોવીશ જિનના યક્ષ યક્ષિણિ, સમકિતદૃષ્ટિ સુરિદા જી,
ભૂજનગર મહિમંડળ સઘળે, સંઘ સકલ સુખ કરજો જી,
પંડિત માનવિજય ઈમ જંપે, સમકિતગુણ ચિત્ત ધરજો જી. ૪

## ઘડપણની સજ્ઝાય

જોઈતું નથી જોઈતું નથી, જોઈતું નથી રે, અલ્યા જીવડા,
ઘડપણ મારે જોઈતું નથી રે.
હાથમાં છે લાકડી ને, પગમાં છે પાવડી,
દાંત વિના મોઢું સાવ ખોખું, અલ્યા જીવડા. ઘડપણ...૧

પહેરવી પડશે ધાબળી ને, પીવી પડશે રાબડી,
શરીર થયું સાવ ખોખું, અલ્યા જીવડા. ઘડપણ...૨

સૂવા તૂટેલ ખાટલો ને, થૂંકવા ફૂટેલ માટલી,
ખાંસી આવે તો થાય ઠુંઠું, અલ્યા જીવડા. ઘડપણ...૩

કર રહ્યાં કેડે ને, પગ રહ્યાં બાપજી,
શરીર કંપે અને પગ ડોલે, અલ્યા જીવડા. ઘડપણ...૪

વહુઓ કહે છે, ફૂટો મરતો નથી ડોકરો,
વહુઓ કહે છે, ફૂટી મરતી નથી ડોકરી,
મરે તો ઘર થાય ચોખ્ખું, અલ્યા જીવડા. ઘડપણ...૫

ચોરાશી લાખનાં ફેરા ફરીને, માનવભવનો દેહ ધરીને,
હારી ના જઈશ તું આજ, અલ્યા જીવડા. ઘડપણ...૬

વીરવિજયજી એણી પેરે બોલે, નહીં કોઈ આતમ સરીખો તોલે,
રત્નચિંતામણિ આવ્યું હાથ, અલ્યા જીવડા. ઘડપણ...૭





# લેખિત ધો. ૯

| | |
|---|---|
| મૂળ સૂત્ર | : દંડક પ્રકરણ |
| અર્થ | : દંડક પ્રકરણ |
| ચૈત્યવંદન | : કલ્પવૃક્ષની છાંયડી |
| સ્તવન | : ૨૭ ભવની ઢાળ ચોથી, પાંચમી (અઢારમે ભવે સાત, નયર મહાણકુંડમાં) |
| થોય | : શ્રી આદિ જિનવર રાયા (૧ થી ૪) |
| રાજનગર પ્રશ્નોત્તરી | : ૨૬૨ થી ૨૮૭ (રાજનગર જ્ઞાનમાળા) |

## કાવ્ય વિભાગ

### શ્રી આદિશ્વર ભગવાનનું ચૈત્યવંદન

કલ્પવૃક્ષની છાંયડી, નાનડીયો રમતો;
સોવન હિંડોળે હિંચતો, માતાને મનગમતો. ૧

સૌ દેવી બાલક થઈ, ઋષભજીને તેડે;
વ્હાલા લાગો છો કહી, હૈડે શું ભીડે. ૨

જિનપતિ યૌવન પામીયા, ભાવે શું ભગવાન;
ઈન્દ્રે ઘાલ્યો માંડવો, વિવાહનો મંડાણ. ૩

ચોરી બાંધી ચિહું દિશે, સુરગોરી ગીત ગાવે;
સુનંદા સુમંગલા, પ્રભુજીને પરણાવે. ૪

સકલ સંગ છંડી કરી, કેવળજ્ઞાનને પામે;
અષ્ટકર્મનો ક્ષય કરી, પહોંચ્યા શિવપુર ધામે. ૫

ભરતે બિંબ ભરાવીયા એ, શત્રુંજય ગિરિરાય;
શ્રીવિજયપ્રભસૂરિતણા, ઉદયરત્ન ગુણ ગાય. ૬

## શ્રી મહાવીરપ્રભુના સત્તાવીશભવનું સ્તવન

(ઢાળ ચોથી)

અઢારમે ભવે સાત, સુપન સૂચિતસતી,
પોતનપુરીયે પ્રજાપતિ, રાણી મૃગાવતી;
તસ સુત નામે ત્રિપૃષ્ઠ, વાસુદેવ નીપન્યા,
પાપ ઘણું કરી, સાતમી નરકે ઉપન્યા. ૧

વીશમે ભવ થઈ સિંહ, ચોથી નરકે ગયા,
તિહાંથી ચવી સંસારે, ભવ બહુલાં થયા;
બાવીશમે નરભવ લહી, પુણ્ય દશા વર્યા,
ત્રેવીશમે રાજધાની, મૂકાએ સંચર્યા. ૨

રાય ધનંજય ધારણી રાણીએ જનમિયા,
લાખચોરાશી પૂરવ આયુ જીવિઆ;
પ્રિયમિત્ર નામે ચક્રવર્તી દીક્ષા લહી,
કોડી વરસ ચારિત્રદશા પાળી સહી. ૩

મહાશુક્રે થઈ દેવ ઈણે ભરતે ચ્યવી,
છત્રિકા નગરીએ જિતશત્રુ રાજવી;
ભદ્રામાય લખ પચવીશ વરસ સ્થિતિ ધરી,
નંદનનામે પુત્રે દીક્ષા આચરી. ૪

અગીયારલાખને એંશીહજાર છસ્સેં વળી,
ઉપર પીસ્તાળીશ અધિક પણ દિન રૂળી;
વીશસ્થાનક માસખમણે, જાવજ્જીવ સાધતા,
તિર્થંકર નામકર્મ તિહાં નિકાચતા. ૫





લાખવરસ દીક્ષાપર્યાય તે પાળતા,
છવ્વીશમે ભવ પ્રાણતકલ્પે દેવતા;
સાગરવીશનું જીવિત સુખભર ભોગવે,
શ્રીશુભવીરજિનેશ્વર ભવ સુણજો હવે. ૬

(ઢાળ પાંચમી)

નયર માહણકુંડમાં વસે રે, મહાૠદ્ધિ ૠષભદત્ત નામ;
દેવાનંદા દ્વિજ શ્રાવિકા રે, પેટ લીધો પ્રભુ વિસરામ રે,
પેટ લીધો પ્રભુ વિસરામ. ૧

બ્યાશી દિવસને અંતરે રે, સુર હરિણગમેષી આય;
સિદ્ધારથ રાજા ઘરે રે, ત્રિશલાકૂખે છટકાય રે. ૨

નવ માસાંતરે જનમીયા રે, દેવ દેવીએ ઓચ્છવ કીધ;
પરણી યશોદા યૌવને રે, નામે મહાવીર પ્રસિદ્ધ રે. ૩

સંસારલીલા ભોગવી રે, ત્રીસ વર્ષે દીક્ષા લીધ;
બાર વરસે હુઆ કેવળી રે, શિવવહુનું તિલક શિર દીધ રે. ૪

સંઘ ચતુર્વિધ થાપીયો રે, દેવાનંદા ૠષભદત્ત પ્યાર;
સંયમ દેઈ શિવ મોકલ્યાં રે, ભગવતીસૂત્રે અધિકાર રે. ૫

ચોત્રીશ અતિશય શોભતા રે, સાથે ચઉદસહસ અણગાર,
છત્રીસ સહસ તે સાધવી રે. બીજો દેવ દેવી પરિવાર રે. ૬

ત્રીસ વરસ પ્રભુ કેવળી રે, ગામ નગર તે પાવન કીધ;
બહોંતેર વરસનું આઉખું રે, દિવાળીયે શિવપદ લીધ રે. ૭

અગુરુલઘુ અવગાહને રે, કીયો સાદિ અનંત નિવાસ;
મોહરાય મલ્લ મૂળશું રે, તન મન સુખનો હોય નાશ રે. ૮

તુમ સુખ એકપ્રદેશનું રે, નવિ માવે લોકાકાશ;
તો અમને સુખીયા કરો રે, અમે ધરીયે તુમારી આશ રે. ૯

અક્ષયખજાનો નાથનો રે, મેં દીઠો ગુરુ ઉપદેશ;
લાલચ લાગી સાહેબા રે, નવિ ભજીયે કુમતિનો લેશ રે. ૧૦

મ્હોટાનો જે આશરો રે, તેથી પામીયે લીલ વિલાસ;
દ્રવ્ય ભાવ શત્રુ હણી રે, શુભવીર સદા સુખવાસ રે. ૧૧

॥ કળશ ॥

ઓગણીશ એકે વરસ છેકે, પૂર્ણિમા શ્રાવણ વરો;
મેં થુણ્યો લાયક વિશ્વનાયક, વર્ધમાનજિનેશ્વરો,
સંવેગ રંગ તરંગ ઝીલે, જસવિજય સમતા ધરો;
શુભવિજયપંડિત ચરણ સેવક વીરવિજયો જયકરો. ૧

## શ્રી આદિશ્વર ભગવાન થોય

આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા;
મરુદેવી માયા, ધોરી લંછન પાયા;
જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા,
કેવલ સિરી રાયા, મોક્ષ નગરે સિધાયા. ૧

સવિ જિન સુખકારી, મોહ મિથ્યા નિવારી;
દુર્ગતિ દુઃખ ભારી, શોક સંતાપ વારી.
શ્રેણી ક્ષપક સુધારી, કેવલાનંત ધારી;
નમીએ નર નારી, જેહ વિશ્વોપકારી. ૨

સમવસરણ બેઠા, લાગે જે જિનજી મિઠા;
કરે ગણપ પઈટ્ઠા, ઇન્દ્ર ચન્દ્રાદિ દીઠા.
દ્વાદશાંગી વરિટ્ઠા, ગુંથતાં ટાળે રિટ્ઠા;
ભવિજન હોય હિટ્ઠા, દેખી પુણ્યે ગરિટ્ઠા. ૩

સુર સમકિતવંતા, જેહ ઋધ્ધે મહંતા;
જેહ સજ્જન સંતા, ટાળીએ મુજ ચિંતા.
જિનવર સેવંતા, વિઘ્ન વારે દુરંતા;
જિન ઉત્તમ થુણંતા, પદમને સુખ દિંતા. ૪





# લેખિત ધો. ૧૦

| | |
|---|---|
| મૂળ સૂત્ર | : લઘુસંગ્રહણી, સંથારા પોરિસી |
| અર્થ | : લઘુસંગ્રહણી, સંથારા પોરિસી |
| સ્તવન | : હાલરડું (માતા ત્રિશલા ઝુલાવે) (પાના નં. ૧૩૦) |
| રાજનગર પ્રશ્નોત્તરી | : ૨૮૮ થી ૩૧૦ (રાજનગર જ્ઞાનમાળા) |

## સંથારા પોરિસીની વિધિ

સૌપ્રથમ ખમા૦ દઈ 'ઈચ્છા૦ બહુપડિપુન્ના પોરિસી રાઈય સંથારએ ઠાઈશું ? ' ઈચ્છં', કહી ચઉક્કસાયનું ચૈત્યવંદન જય વીયરાય પર્યંત કરે. પછી ખમા૦ 'ઈચ્છા૦ સંથારા પોરિસી વિધિ ભણવા મુહપત્તિ પડિલેહું? ઈચ્છં' કહી મુહપત્તિ પડિલેહીને 'નિસીહિ નિસીહિ નિસીહિ નમો ખમાસમણાણં ગોયમાઈણં મહામુણીણં' આટલો પાઠ નવકાર તથા કરેમિ ભંતે એ બધું ત્રણવાર કહે. પછી સંથારા પોરિસીનો પાઠ બોલે.

## સંથારા પોરિસી

અણુજાણહ જિટ્ઠિજ્જા,
અણુજાણહ પરમગુરુ, ગુરુગુણરયણેહિં મંડિયસરીરા,
બહુપડિપુણ્ણા પોરિસી, રાઈય સંથારએ ઠામિ. ...૧

અણુજાણહ સંથારં, બાહુવહાણેણ વામપાસેણં,
કુક્કુડી પાય પસારણ, અતંરત પમજ્જએ ભૂમિં. ...૨

સંકોઈઅ સંડાસા, ઉવ્વટ્ટંતે અ કાયપડિલેહા,
દવ્વાઈ-ઉવઓગં, ઉસાસ-નિરુંભણા-લોએ. ...૩

જઈ મે હુજ્જ પમાઓ, ઈમસ્સ દેહસ્સિમાઈ રયણીએ,
આહાર-મુવહિ-દેહં, સવ્વં તિવિહેણ વોસિરિઅં. ...૪

ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં,
સાહૂ મંગલં, કેવલિપન્નત્તો ધમ્મો મંગલં. ...૫

ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા,
સાહૂ લોગુત્તમા, કેવલિપન્નત્તો ધમ્મો લોગુત્તમો. ...૬
ચત્તારિ સરણં પવજ્જામિ, અરિહંતે સરણં પવજ્જામિ,
સિદ્ધે સરણં પવજ્જામિ, સાહૂ સરણં પવજ્જામિ,
કેવલિપણત્તં ધમ્મં સરણં પવજ્જામિ. ...૭
પાણાઈવાય-મલિઅં, ચોરિક્કં મેહુણં દવિણમુચ્છં,
કોહં માણં માયં, લોહં પિજ્જં તહા દોસં. ...૮
કલહં અબ્ભક્ખાણં, પેસુન્નં રઈઅરઈ-સમાઉત્તં,
પરપરિવાયં માયા-મોસં મિચ્છત્તસલ્લં ચ. ...૯
વોસિરિસુ ઈમાઈં, મુક્ખ-મગ્ગ-સંસગ્ગ-વિગ્ધભૂયાઈં,
દુગ્ગઈ-નિબંધણાઈં, અટ્ઠારસ પાવઠાણાઈં. ...૧૦
એગોહં નત્થિ મે કોઈ, નાહમન્નસ્સ કસ્સઈ,
એવં અદીણમણસો, અપ્પાણમણુસાસઈ. ...૧૧
એગો મે સાસઓ અપ્પા, નાણ-દંસણ-સંજુઓ,
સેસા મે બાહિરા ભાવા, સવ્વે સંજોગ લક્ખણા. ...૧૨
સંજોગમૂલા જીવેણ, પત્તા દુક્ખ પરંપરા,
તમ્હા સંજોગ સંબંધં, સવ્વં તિવિહેણ વોસિરિઅં. ...૧૩
અરિહંતો મહ દેવો, જાવજ્જીવં સુસાહુણો ગુરુણો,
જિણ-પણત્તં તત્તં, ઈઅ સમ્મતં મએ ગહિઅં. ...૧૪

(આ ચૌદમી ગાથા ત્રણવાર કહેવી. પછી સાત નવકાર ગણવા)

ખમિઅ ખમાવિઅ મઈ ખમહ, સવ્વહ જીવનિકાય
સિદ્ધહ સાખ આલોયણહ, મુજ્ઝહ વઈર ન ભાવ. ...૧૫
સવ્વે જીવા કમ્મવસ, ચઉદહ રાજ ભમંત,
તે મે સવ્વ ખમાવિઆ, મુજ્ઝ વિ તેહ ખમંત. ...૧૬
જં જં મણેણ બદ્ધં, જં જં વાએણ ભાસિઅં પાવં,
જં જં કાએણં કયં, મિચ્છા મિ દુક્કડં તસ્સ. ...૧૭





# લેખિત ધો. ૧૧

| | |
|---|---|
| મૂળ સૂત્ર | : ચૈત્યવંદન ભાષ્ય |
| અર્થ | : ચૈત્યવંદન ભાષ્ય |
| ચૈત્યવંદન | : ૐ નમઃ પાર્શ્વનાથાય |
| સ્તવન | : રાધા જેવા ફૂલડા, પંચકલ્યાણકની પહેલી ઢાળ (દુહો : શાસનનાયક શિવકરણ, સાંભળજો સસનેહિ સયણાં) |
| થોય | : ત્રણ નિસિહી (૧૦ ત્રિકની) |
| રાજનગર પ્રશ્નોત્તરી | : ૩૧૧ થી ૩૩૧ (રાજનગર જ્ઞાનમાળા) |

## કાવ્ય વિભાગ

## શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ચૈત્યવંદન

ૐ નમઃ પાર્શ્વનાથાય, વિશ્વ ચિન્તામણીયતે;
હ્રીઁ ધરણેન્દ્ર વૈરુટ્યા, પદ્માદેવી યુતાય તે. ૧

શાન્તિ તુષ્ટિ મહાપુષ્ટિ ધૃતિ કીર્તિ વિધાયિને;
ૐ હ્રીઁ દ્વિડ્ વ્યાલ વૈતાલ સર્વાધિ વ્યાધિ નાશિને. ૨

જયાઽજિતાખ્યા વિજયાખ્યાઽપરાજિતયાન્વિતઃ
દિશાં પાલૈર્ગ્રહૈર્યક્ષૈ વિદ્યાદેવીભિરન્વિતઃ ૩

ૐ અસિઆઉસાય નમસ્તત્ર ત્રૈલોક્યનાથતામ્;
ચતુઃષષ્ટિ સુરેન્દ્રાસ્તે, ભાસન્તે છત્ર ચામરૈઃ ૪

શ્રીશંખેશ્વરમણ્ડન ! પાર્શ્વજિન ! પ્રણત કલ્પતરુકલ્પ !
ચૂરય દુષ્ટવ્રાતં, પૂરય મે વાઞ્છિતં નાથ ! ૫

## શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન

રાધા (રાતા) જેવા ફૂલડાં ને, શામળ જેવો રંગ;
આજ તારી આંગીનો કાંઈ, રૂડો બન્યો છે રંગ,
પ્યારા પાસજી હો લાલ ! દીનદયાળ મુજને નયણે નિહાલ. ૧

જોગીવાડે જાગતો ને, માતો ધિંગડમલ્લ;
શામળો સોહામણો કાંઈ, જીત્યા આઠે મલ્લ. પ્યારા૦ ૨
તું છે મારો સાહિબો ને, હું છું તારો દાસ;
આશા પૂરો દાસની કાંઈ સાંભળી અરદાસ. પ્યારા૦ ૩

દેવ સઘળા દીઠાં તેમાં, એક તું અવલ્લ;
લાખેણું છે લટકું તાહરૂં, દેખી રીઝે દિલ્લ. પ્યારા૦ ૪

કોઈ નમે પીરને ને, કોઈ નમે રામ;
ઉદયરત્ન કહે પ્રભુ, મારે તુમશું કામ, પ્યારા૦ ૫

## શ્રીમહાવીરસ્વામી ભગવાનનું પંચકલ્યાણકનું સ્તવન

દુહા

શાસનનાયક શિવકરણ, વંદું વીરજિણંદ;
પંચકલ્યાણક જેહના, ગાશું ધરી આણંદ. ૧

સુણતાં થુણતાં પ્રભુતણાં, ગુણ ગિરુઆ એક તાર;
ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપદા, સફલ હુવે અવતાર. ૨

ઢાળ : (૧)

સાંભળજો સસનેહિ સયણાં, પ્રભુજીના ચરિત્ર ઉલ્લાસે રે;
જે સાંભળશે પ્રભુ ગુણ તેહનાં, સમકિત નિર્મળ થાશે રે. સાં૦ ૧





જંબૂદ્વીપે દક્ષિણભરતે, વર માહણકુંડ ગામે રે,
ઋષભદત્ત બ્રાહ્મણ તસ નારી, દેવાનંદા નામે રે. સાં૦ ૨

અષાઢસુદિ છટ્ઠે પ્રભુજી, પુષ્પોત્તરથી ચવીયા રે;
ઉત્તરાફાલ્ગુની યોગે આવી, તસ કૂખે અવતરીયા રે. સાં૦ ૩

તિણ રયણી સા દેવાનંદા, સુપન ગજાદિક નિરખે રે;
પ્રભાતે સુણી કંત ઋષભદત્ત, હૈડામાંહી હરખે રે. સાં૦ ૪

ભાખે ભોગ અર્થ સુખ હોસ્યે, હોસ્યે પુત્ર સુજાણ રે;
તે નિસુણી સા દેવાનંદા, કીધું વચન પ્રમાણ રે. સાં૦ ૫

ભોગ ભલા ભોગવતાં વિચરે, એહવે અચરિજ હોવે રે;
શતક્રતુ જીવ સુરેસર હરખ્યો, અવધિ પ્રભુને જોવે રે. સાં૦ ૬

કરી વંદનને ઇન્દ્ર સન્મુખ, સાત આઠ પગ આવે રે;
શક્રસ્તવ વિધિસહિત ભણીને, સિંહાસન સોહાવે રે. સાં૦ ૭

સંશય પડીયો એમ વિમાસે, જિન ચક્રી હરિ રામ રે;
તુચ્છ દરિદ્ર માહણકુલ નાવે, ઉગ્ર ભોગ વિણ ધામ રે. સાં૦ ૮

અંતિમ જિન માહણકુલ આવ્યા, એહ અચ્છેરું કહીએ રે;
ઉત્સર્પિણી અવસર્પિણી અનંતી, જાતાં એહવું લહીએ રે. સાં૦ ૯

ઇણ અવસર્પિણી દશ અચ્છેરાં, થયાં તે કહીએ તેહ રે;
ગર્ભ હરણ ગોશાલા ઉપસર્ગ, નિષ્ફળ દેશના જેહ રે. સાં૦ ૧૦

મૂલવિમાને રવિ શશી આવ્યા, ચમરાનો ઉત્પાત રે;
એ શ્રીવીરજિણેસર વારે, ઉપના પંચ વિખ્યાત રે. સાં૦ ૧૧

સ્ત્રીતીર્થ મલ્લિજિન વારે, શીતલને હરિવંશ રે;
ઋષભને અટ્ઠોત્તરસો સીધાં, સુવિધિ અસંજતિ શંસ રે. સાં૦ ૧૨

શંખશબ્દ મીલીયાં હરિ હરિસ્યું, નેમિસરને વારે રે;
તિમ પ્રભુ નીચ કુલે અવતરીયા, સુરપતિ એમ વિચારે રે. સાં૦૧૩

## દસ (૧૦) ત્રિકની થોય

ત્રણ નિસિહી ત્રણ પ્રદક્ષિણા, ત્રણ પ્રણામ કરીજે જી,
ત્રણ દિશી વરજી જિન જુઓ, ભૂમિ ત્રણ પુંજીજે જી,
ત્રણ પ્રકારની પૂજા કરીને, ત્રણ અવસ્થા ભાવીજે જી,
આલંબન ત્રણ મુદ્રા પ્રણિધાન, ચૈત્યવંદન ત્રણ કીજે જી. ૧

પહેલે ભાવજિન દ્રવ્યજિન બીજે, ત્રીજે એકચૈત્ય ધારો જી,
ચોથે નામજિન પાંચમે સર્વે, લોક ચૈત્ય જુહારો જી,
વિહરમાન છઠ્ઠે જિન વંદો, સાતમે નાણ નિહાળો જી,
સિદ્ધ વીર ઉજ્જંત અષ્ટાપદ, શાસનસુર સંભારો જી, ૨

શક્રસ્તવમાં દોય અધિકાર, અરિહંત ચેઈઆણં ત્રીજે જી,
નામસ્તવમાં દોય પ્રકાર, શ્રુતસ્તવ દોય લીજે જી,
સિદ્ધસ્તવમાં પાંચ પ્રકાર, એ બારે અધિકારજી,
જિતનિર્યુકિત માંહે ભાખ્યો, તેહ તણો વિસ્તાર જી, ૩

ભોયણ પાણ તંબોલ વાહન, મેહુણ એક ચિત્ત ધારોજી,
થૂંક સળેખમ વડી લઘુનીતિ, જુગટે રમવું વારો જી,
એ દસે આશાતના મોટી, વરજો જિનવર દ્વારો જી,
ક્ષમાવિજય જિન ઇણિપરે જંપે, શાસનસુર સંભારો જી, ૪

## ગમણાગમણે સૂત્ર

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ગમણાગમણે આલોઉં ?, ઈચ્છં, ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનભંડ મત્તનિક્ખેવણાસમિતિ, પારિષ્ઠાપનિકાસમિતિ, મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ એ પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ એ અષ્ટ પ્રવચનમાતા શ્રાવકતણે ધર્મે સામાયિક, પોષહ લીધે રૂડીપેરે પાળી નહીં, જે કાંઈ ખંડણા વિરાધના હુઈ હોય તે સવિ હું મન વચન કાયાએ કરી મિચ્છા મિ દુક્કડમ્.





# લેખિત ધો. ૧૨

| | |
|---|---|
| મૂળ સૂત્ર | : ગુરુવંદન ભાષ્ય |
| અર્થ | : ગુરુવંદન ભાષ્ય |
| ચૈત્યવંદન | : નેમિનાથ બાવીસમા |
| સ્તવન | : મેં આજ દિરસણ પાયા, |
| પંચકલ્યાણકની ઢાળ: | : બીજી (ભવ સત્તાવીશ સ્થૂલમાંહી) |
| થોય | : સુર અસુર વંદિત પાય (શ્રી નેમિનાથ ભગવાનની) |

## કાવ્ય વિભાગ

## શ્રી નેમિનાથ ભગવાનનું ચૈત્યવંદન

નેમિનાથ બાવીશમાં, શિવાદેવી માય;
સમુદ્રવિજય પૃથ્વીપતિ, જે પ્રભુના તાય. ૧

દશ ધનુષ્યની દેહડી, આયુ વર્ષ હજાર;
શંખ લંછનધર સ્વામીજી, તજી રાજુલ નાર. ૨

શૌરીપુરી નયરી ભલીએ, બ્રહ્મચારી ભગવાન;
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં અવિચલ ઠાણ. ૩

## શ્રી નેમિનાથ ભગવાનનું સ્તવન

મેં આજ દરિસણ પાયા, શ્રી નેમિનાથ જિનરાયા,
પ્રભુ શિવાદેવીના જાયા, પ્રભુ સમુદ્રવિજય કુલ આયા,
કર્મો કે ફંદ છોડાયા, બ્રહ્મચારી નામ ધરાયા,
જિણે તોડી જગતકી માયા. જિન૦ મેં૦ ૧

રૈવતગિરિ મંડનરાયા, કલ્યાણક તીન સોહાયા;
દીક્ષા કેવલ શિવરાયા, જગતારક બિરુદ ધરાયા,
તુમ બેઠે ધ્યાન લગાયા. તુમ૦ મેં૦ ૨

અબ સુનો ત્રિભુવન રાયા, મેં કર્મો કે વશ આયા;
હું ચતુર્ગતિ ભટકાયા, મેં દુઃખ અનંતા પાયા,
તે ગીનતી નાહી ગણાયા. તુમ૦ મેં૦ ૩

મેં ગર્ભાવાસમેં આયા, ઉંધે મસ્તક લટકાયા;
આહાર સરસ વિરસ ભુક્તાયા, એમ અશુભ કરમ ફલ પાયા,
ઈણ દુઃખસે નાહી મૂકાયા. ઈણ૦ મેં૦ ૪

નરભવ ચિંતામણી પાયા, તબ ચાર ચોર મિલ આયા;
મુજે ચૌટેમેં લૂંટ ખાયા, અબ સાર કરો જિનરાયા,
કિસ કારણ દેર લગાયા. કિસ૦ મેં૦ ૫

જિણે અંતરગતમેં લાયા, પ્રભુ નેમિ નિરંજન ધ્યાયા;
દુઃખ સંકટ વિઘન હટાયા, તે પરમાનંદ પદ પાયા.
ફિર સંસારે નહીં આયા. ફિર૦ મેં૦ ૬

મેં દૂર દેશસેં આયા, પ્રભુ ચરણે શીશ નમાયા;
મેં અરજ કરી સુખદાયા, તુમે અવધારો મહારાયા,
એમ વીરવિજય ગુણ ગાયા. એમ૦ મૈં ૭

## શ્રી મહાવીરસ્વામી ભગવાનનું પંચકલ્યાણકનું સ્તવન

### ઢાળ (૨)

ભવ સત્તાવીશ સ્થૂલમાંહી ત્રીજે ભવે,
મરિચિ કીયો કુલ મદ ભરત યદા સ્તવે;
નીચગોત્ર કરમ બાંધ્યું તિહાં તે થકી,





અવતરીયા માહણકુલ અંતિમજિનપતિ. ૧

અતિ અઘટતું એહ થયું થાશે નહીં,
જે પ્રસવે જિન ચક્રી નીચકુલે નહી;
ઈહાં મારો આચાર ધરું ઉત્તમકુલે,
હરિણગમેષી દેવ તેડાવે એટલે. ૨

કહે માહણકુંડનયરે જઈ ઉચિત કરો,
દેવાનંદાકૂખેથી પ્રભુને સંહરો,
નયરક્ષત્રિયકુંડ રાયસિદ્ધારથગેહિની,
ત્રિશલા નામે ધરો પ્રભુ કુખે તેહની. ૩

ત્રિશલાગર્ભ લઈને ધરો માહણી ઉરે,
બ્યાસીરાત વસિને કહ્યું તિમ સુર કરે;
માહણી દેખે સુપન જાણે ત્રિશલા હર્યા,
ત્રિશલા સુપન લહે તવ ચૌદ અલંકર્યા. ૪

હાથી વૃષભ સિંહ લક્ષ્મી માલા સુંદરું,
શશિ રવિ ધ્વજ કુંભ પદ્મસરોવર સાગરું;
દેવવિમાન રયણપુંજ અગ્નિ વિમલ હવે,
દેખે ત્રિશલા એહ કે પિયુને વિનવે. ૫

હરખ્યો રાય સુપનપાઠક તેડાવીયા,
રાજભોગ સુત ફલ સુણી તેહ વધાવીયા;
ત્રિશલારાણી વિધિસ્યું ગર્ભ સુખે વહે,
માયતણે હિત હેતકે પ્રભુ નિશ્ચલ રહે. ૬

માય ધરે દુઃખ જોર વિલાપ ઘણું કરે,
કેહ મેં કીધાં પાપ અઘોર ભવાંતરે;
ગર્ભ હર્યો મુજ કોણે હવે કેમ પામીએ ?
દુઃખનું કારણ જાણી વિચાર્યું સ્વામીએ. ૭

અહો અહો મોહ વિટંબણ જાલિમ જગતમેં,
અણદીઠે દુઃખ એવડો ઉપાયો પલકમેં,

તામ અભિગ્રહધારે પ્રભુ તે કહ્યું,
માત પિતા જીવતાં સંયમ નવિ ગ્રહું. ૮

કરુણા આણી અંગ હલાવ્યું જિનપતિ,
બોલી ત્રિશલા માત હૈયે ઘણું હસતી;
અહો મુજ જાગ્યાં ભાગ્ય ગર્ભ મુજ સળવળ્યો,
સેવ્યો શ્રીજિનધર્મ કે સુરતરું જિમ ફલ્યો.. ૯

સખીયો કહે શિખામણ સ્વામિની સાંભલો,
હળવે હળવે બોલો હસો રંગે ચલો;
ઈમ આનંદે વિચરતાં દોહલા પૂરતે,
નવમહિના ને સાડાસાત દિવસ થતે. ૧૦

ચૈત્ર તણી સુદ તેરસ નક્ષત્ર ઉત્તરા (ફા.),
જોગે જન્મ્યા વીર કે તવ વિકસી ધરા;
ત્રિભુવન થયો ઉદ્યોત કે રંગ વધામણાં,
સોના રૂપાની વૃષ્ટિ કરે ઘેર સુર ઘણા. ૧૧

આવી છપ્પનકુમારી કે ઓચ્છવ પ્રભુતણે,
ચલ્યું રે સિંહાસન ઈંદ્ર કે ઘંટા રણઝણે;
મળી સુરની કોડ કે સુરપતિ આવીયો,
પંચરૂપ કરી પ્રભુને સુરગિરિ લાવીયો. ૧૨

એક ક્રોડ સાઠ લાખ કલશ જલશું ભર્યા,
કિમ સહેસ્યે લઘુવીર કે ઈંદ્ર સંશય ધર્યા;
પ્રભુ અંગુઠે મેરુ ચાંપ્યો અતિ ગડગડે,
ગડગડે પૃથ્વી લોક જગતના લડથડે. ૧૩

અનંત બળી પ્રભુ જાણી ઈંદ્રે ખમાવીઓ,
ચાર વૃષભનાં રૂપ કરી જલ નામીઓ,
પૂજી અરચી પ્રભુને માય પાસે ધરે,
ધરી અંગૂઠે અમૃત ગયા નંદીશ્વરે. ૧૪





## શ્રી નેમિનાથ ભગવાનની થોય

સુર અસુર વંદિત પાય પંકજ, મયણ મલ્લમક્ષોભિતં,
ઘન સુઘન શ્યામ શરીર સુંદર, શંખ લંછન શોભિતં,
શિવાદેવી નંદન ત્રિજગવંદન, ભવિક કમળ દિનેશ્વરં,
ગિરનાર ગિરિવર શિખર વંદો, નેમિનાથજિનેશ્વરં. ૧

અષ્ટાપદે શ્રી આદિ જિનવર, વીર પાવાપુરીવરં,
વાસુપૂજ્ય ચંપાનગર સિધ્યા, નેમ રૈવતગિરિવરં,
સમ્મેતશિખરે વીશ જિનવર, મુક્તિ પહોંચ્યા મુનિવરં,
ચોવીશ જિનવર નિત્ય વંદો, સકલસંઘને સુખકરં. ૨

અગ્યાર અંગ ઉપાંગ બાર, દશ પયન્ના જાણીએ,
છ છેદ ગ્રંથ પસત્થ સત્થા, મૂળ ચાર વખાણીએ,
અનુયોગદ્વાર ઉદાર નંદીસૂત્ર જિનમત ગાઈએ,
વૃત્તિ, ટીકા, ભાષ્ય, ચૂર્ણિ, પીસ્તાલીશ આગમ ધ્યાઈએ. ૩

દોય દિશિ બાળક દોય જેહને, સદા ભવિયણ સુખકરું,
દુઃખહરુ અંબ લુંબ સુંદર, દુરિત દોહગ અપહરું,
ગિરનાર મંડણ નેમિજિનવર, ચરણ પંકજ સેવિએ,
ચઉવિહસંઘ સુપ્રસન્ન મંગલ, કરો અંબાદેવીએ. ૪

## લેખિત ધો. ૧૩

| | |
|---|---|
| મૂળ સૂત્ર | : પચ્ચક્ખાણ ભાષ્ય |
| અર્થ | પચ્ચક્ખાણ ભાષ્ય |
| ચૈત્યવંદન | : દશમે ભવે શાન્તિનાથ |
| સ્તવન | : શાન્તિ જિનેશ્વર સાહિબા રે |
| પંચકલ્યાણકની ઢાળ | : ત્રીજી (કરી મહોચ્છવ સિદ્ધારથભૂપ, કળશઃ ઈમ ચરમ જિનવર) |
| થોય | : સકલકુશલવલ્લી (સંસ્કૃત) (શ્રી શાન્તિનાથ ભગવાનની) |

### કાવ્ય વિભાગ

### શ્રી શાન્તિનાથ ભગવાનનું ચૈત્યવંદન

દશમે ભવે શ્રી શાન્તિનાથ, મેઘરથ રાજા રાય,
પોષહ લીધો પ્રેમ શું, આત્મસ્વરૂપ અભિરામ. ૧

એક દિન ઈન્દ્રે વખાણીયો, મેઘરથ મહારાય,
ધર્મે ચળાવ્યો નવિ ચળે, જો પ્રાણ પરલોક જાય. ૨

દેવ માયા ધારણ કરી, પારેવો સિંચાણો થાય,
અણધાર્યું આવી પડ્યું, પારેવડું ખોળામાંય. ૩

શરણે આવ્યું પારેવડું, થર થર કંપે કાય,
રાખ રાખ મુઝ રાજવી, મુજને સિંચાણો ખાય. ૪

જીવદયા મનમાં વસી, કહે સિંચાણાને એહ,
નહીં આપું રે પારેવડું, કહે તો કાપી આપું દેહ. ૫





એક પારેવાની દયા થકી, દોય પદવી પામ્યા,
પંચમ ચક્રવર્તિ ઉપન્યા, સોલમા શાન્તિનાથ. ૬

અભયદાન દેઈ કરી, બાંધ્યું તીર્થંકર નામ,
ઉદયરત્ન નિત્ય પ્રણમતાં, પામે અવિચલ ઠામ. ૭

### શ્રી શાન્તિનાથ ભગવાનનું સ્તવન

શાન્તિ જિનેશ્વર સાહિબા રે, શાન્તિ તણા દાતાર;
અંતરજામી છો માહરા રે, આતમના આધાર. શાંતિ૦ ૧

ચિત્ત ચાહે પ્રભુ ચાકરી રે, મન ચાહે મળવાને કાજ;
નયન ચાહે પ્રભુ નિરખવા રે, દ્યો દરિશણ મહારાજ. શાંતિ૦ ૨

પલક ન વિસરો મન થકી રે, જિમ મોરા મન મેહ;
એક પખો કેમ રાખીએ રે, રાજ કપટનો નેહ. શાંતિ૦ ૩

નેહ નજરે નિહાળતા રે, વાધે બમણો વાન;
અખૂટ ખજાનો પ્રભુ તાહરો રે, દીજીએ વાંછિત દાન. શાંતિ૦ ૪

આશ કરે જે કોઈ આપણી રે, નવી મૂકીએ નિરાશ;
સેવક જાણીને આપણો રે, દીજીએ તાસ વિલાસ. શાંતિ૦ ૫

દાયકને દેતાં થકાં રે, ક્ષણ નવિ લાગે વાર;
કાજ સરે નિજ દાસનાં રે, એ મ્હોટો ઉપકાર. શાંતિ૦ ૬

એવું જાણીને જગધણી રે, દિલમાંહી ધરજો પ્યાર;
રૂપવિજય કવિરાયનો રે, મોહન જય જયકાર. શાંતિ૦ ૭

### શ્રી મહાવીરસ્વામી ભગવાનની પંચકલ્યાણકની ઢાળ

**ઢાળ : (૩)**
(રંગ : હમચડીની તેશી)

કરી મહોચ્છવ સિદ્ધારથભૂપ, નામ ધરે વર્ધમાન,
દિનદિન વાધે પ્રભુ સુરતરુ, જિમ રૂપકલા અસમાન રે. હમચડી૦ ૧

એક દિન પ્રભુજી રમવા કારણ, પુર બાહિર જબ જાવે;
ઈંદ્ર મુખે પ્રશંસા સુણી તિહાં, મિથ્યાત્વીસુર આવે રે. હ૦ ૨

અહિરૂપે વિંટાણો તરુસ્યું, પ્રભુ નાખ્યો ઉછાલી;
સાત તાડનું રૂપ કર્યું તવ, મુઠે નાખ્યો વાલી રે. હ૦ ૩

પાયે લાગીને તે સુર ખામે, નામ ધરે મહાવીર;
જેવો ઈન્દ્રે વખાણ્યો સ્વામી, તેવો સાહસ ધીર રે. હ૦ ૪

માતા પિતા નિશાળે મૂકે, આઠવરસના જાણી;
ઈન્દ્રતણાં તિહાં સંશય ટાળ્યા, નવ વ્યાકરણ વખાણી રે. હ૦ ૫

અનુક્રમે યૌવન પામ્યા પ્રભુજી, વર્યા યશોદારાણી;
અટ્ઠાવીશ વરસે પ્રભુનાં માત પિતા નિર્વાણી રે. હ૦ ૬

દોયવરસ ભાઈને આગ્રહ, પ્રભુ ગૃહવાસે વસીયા;
ધર્મપંથ દેખાડો ઈમ કહે, લોકાંતિક ઉલ્લસીયા રે. હ૦ ૭

એક ક્રોડ આઠ લાખ સોનૈયા, દિન દિન પ્રભુજી આપે;
ઈમ સંવચ્છરી દાન દઈને જગનાં દારિદ્ર કાપે રે. હ૦ ૮

છાંડ્યા રાજ અંતેઉર પ્રભુજી, ભાઈએ અનુમતિ દીધી;
મૃગશિરવદિ દશમી ઉત્તરાયે, વીરે દીક્ષા લીધી રે. હ૦ ૯

ચઉનાણી તિણદિનથી પ્રભુજી, વરસ દિવસ ઝાઝે રે;
ચીવરઅર્ધ બ્રાહ્મણને આપ્યું, ખંડ ખંડ બે ફેરે રે. હ૦ ૧૦

ઘોર પરિષહ સાડાબારે, વરસે જે જે સહીયા;
ઘોર અભિગ્રહ જે જે ધરિયા, તે નવિ જાયે કહીયા રે. હ૦ ૧૧

શૂલપાણિ ને સંગમદેવે, ચંડકોશી ગોશાલે;
દીધું દુઃખ ને પાયસ રાંધી, પગ ઉપર ગોવાલે રે. હ૦ ૧૨

કાને ગોપે ખીલા માર્યા, કાઢતાં મૂકી રાટી;
જે સાંભળતાં ત્રિભુવન કંપ્યાં, પર્વત શીલા ફાટી રે. હ૦ ૧૩





તે તે દુષ્ટ સહુ ઉદ્ધરિયા, પ્રભુજી પર ઉપગારી;
અડદતણા બાકુલા લઈને, ચંદનબાલા તારી રે. હ૦ ૧૪

દોય છ માસી નવ ચઉમાસી, અઢી માસી ત્રણ માસી;
દોઢ માસી બે બે કીધાં, છ કીધાં બે માસી રે. હ૦ ૧૫

બાર માસ ને પખ બ્હોંતેર, છટ્ઠ બસેં ઓગણત્તીસ વખાણું;
બાર અટ્ઠમ ભદ્રાદિ પ્રતિમા, દિન દોય ચાર દશ જાણું રે. હ૦ ૧૬

ઈમ તપ કીધાં બારે વરસે, વિણ પાણી ઉલ્લાસે;
તેમાં પારણાં પ્રભુજીએ કીધાં, ત્રણસેં ઓગણપચાસ રે. હ૦ ૧૭

કર્મ ખપાવી વૈશાખમાસે, સુદ દશમી શુભ જાણ;
ઉત્તરાયોગ શાલિવૃક્ષ તળે, પામ્યા કેવલનાણ રે. હ૦ ૧૮

ઈંદ્રભૂતિ આદિ પ્રતિબોધ્યા, ગણધરપદવી દીધી;
સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા, સંઘ સ્થાપના કીધી રે. હ૦ ૧૯

ચઉદ સહસ અણગાર સાધવી, સહસ છત્રીસ કહીજે;
એકલાખને સહસ ગુણસટ્ઠિ, શ્રાવક શુદ્ધ કહીજે રે. હ૦ ૨૦

તીનલાખ અઢાર સહસ વલી, શ્રાવિકા સંખ્યા જાણી;
ત્રણસેં ચૌદ પૂરવધારી, તેરસેં ઓહિનાણી રે. હ૦ ૨૧

સાતસયાં તે કેવલનાણી, લબ્ધિધારી પણ તેટલા;
વિપુલમતિયા પાંચસે કહીયાં, ચારસેં વાદી જીત્યા રે. હ૦ ૨૨

સાતસેં અંતેવાસી સિધ્યા, સાધવી ચૌદસેં સાર;
દિનદિન તેજ સવાયે દીપે, એ પ્રભુજીનો પરિવાર રે. હ૦ ૨૩

ત્રીસ વરસ ઘરવાસે વસીયા, બાર વરસ છદ્મસ્થે;
ત્રીસ વરસ કેવલ બેંતાલીશ, વરસ શ્રમણાવસ્થે રે. હ૦ ૨૪

વરસ બ્હોંતેર કેરું આયુ, વીરજિણંદનું જાણો;
દીવાલી દિન સ્વાતિ નક્ષત્રે, પ્રભુજીનું નિર્વાણ રે. હ૦ ૨૫

પંચકલ્યાણક એમ વખાણ્યા, પ્રભુજીના ઉલ્લાસે;
સંઘતણે આગ્રહ હરખ ભરીને, સુરત રહી ચોમાસું રે. હ૦ ૨૬

**કળશ**

ઈમ ચરમ જિનવર, સયલ સુખકર, થુણ્યો અતિ ઉલટ ધરી,
અષાઢ ઉજ્જવલ પંચમી દિન, સંવત શત ત્રિહોત્તરે;
ભાદરવા સુદ પડવા તણે દિન, રવિવારે ઉલટ ભરે;
(વિમલવિજય ઉવજ્ઝાય પંકજ, ભ્રમર સમ શુભ શિષ્ય એ;)
રામવિજય જિનવર નામે, લહે અધિક જગીશ એ.

### શ્રી શાન્તિનાથ ભગવાનની થોય

સકલ કુશલ વલ્લી, પુષ્કરાવર્તમેઘો મદન સદશ રૂપ; પુર્ણરાકેન્દુ વક્ત્રઃ
પ્રથયતુ મૃગ લક્ષ્મા, શાન્તિ નાથો જનાનાં પ્રસૃત ભુવન કીર્તિ, કામિતં ક્રમ કાંતિ. ૧

જિન પતિ સમુદાયો દાયકો ભીપ્સીતાનામ્ દુરિત તિમિર ભાનુઃ કલ્પવૃક્ષોપમાનઃ
રચયતુ શિવશાન્તિં, પ્રતિહાર્ય શ્રિયં યો વિકટ વિષમ ભૂમી જાત હેતુ ર્બિભર્તિ. ૨

પ્રથયતુ ભવિકાનાં જ્ઞાન સંપત્ સમુહં સમય ઈહ જગત્યા માપ્ત વક્ત્ર પ્રસૂતઃ
ભવજલ નિધિ પોતઃ સર્વ સંપત્તિ હેતુઃ પ્રથિત ઘન ઘટાયાં, સૂર્યકાન્ત પ્રકાશઃ ૩

જયવિજય મનિષા મંદિરં બ્રહ્મશાન્તિઃ સુર ગિરિ સમ ધીરઃ પૂજીતો ન્યક્ષયક્ષૈઃ
હરતુ સકલ વિઘ્નં યોજને ચિન્ત્યમાનઃ સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાન્તિનાથઃ ૪





## લેખિત ધો. ૧૪

| | |
|---|---|
| મૂળ સૂત્ર | : તત્વાર્થ ૧ થી ૫ અધ્યાય અર્થ સહિત |
| ચૈત્યવંદન | : શ્રી સિદ્ધચક્ર આરાધીયે |
| સ્તવન | : નવપદ ધરજો ધ્યાન |
| થોય | : અરિહંત નમો |
| શરણા | : ૧ અને ૨ |

### કાવ્ય વિભાગ

### શ્રી નવપદજીનું ચૈત્યવંદન

શ્રીસિદ્ધચક્ર આરાધીએ, આસો ચૈતર માસ,
નવ દિન નવ આંબિલ કરી, કીજીએ ઓળી ખાસ. ૧

કેસર ચંદન ઘસી ઘણાં, કસ્તુરી બરાસ,
જુગતે જિનવર પૂજીયા, મયણા ને શ્રીપાલ. ૨

પૂજા અષ્ટપ્રકારની, દેવવંદન ત્રણકાળ,
મંત્ર જપો ત્રણ કાળને, ગણણું તેર હજાર. ૩

કષ્ટ ટળ્યું ઉંબર તણું, જપતાં નવપદ ધ્યાન,
શ્રી શ્રીપાલ નરીંદ થયા, વાધ્યો બમણો વાન. ૪

સાતસેં કોઢી સુખ લહ્યા એ, પામ્યા નિજ આવાસ,
પુણ્યે મુક્તિવધૂ વર્યા, પામ્યા લીલવિલાસ. ૫

## શ્રી નવપદજીનું સ્તવન

નવપદ ધરજો ધ્યાન, ભવિ તુમે નવપદ ધરજો ધ્યાન;
એ નવપદનું ધ્યાન કરતાં, પામે જીવ વિશ્રામ. ભવિ૦ ૧

અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ સકળ ગુણખાણ; ભ૦
દર્શન જ્ઞાન ચારિત્ર એ ઉત્તમ, તપ તપો ધરી બહુમાન. ભ૦ ૨

આસો ચૈત્રની સુદિ સાતમથી, પૂનમ લગી પરમાણ; ભ૦
એમ એકાશી આંબિલ કીજે, વરસ સાડાચારનું માન. ભ૦ ૩

પડિક્કમણાં દોય ટંકનાં કીજે, પડિલેહણ બે વાર; ભ૦
દેવવંદન ત્રણ ટંકનાં કીજે, દેવ પૂજો ત્રિકાળ. ભ૦ ૪

બાર આઠ છત્રીસ પચવીશનો, સત્તાવીશ સડસઠ સાર; ભ૦
એકાવન સિત્તેર પચાસનો, કાઉસ્સગ્ગ કરો સાવધાન. ભ૦ ૫

એક એક પદનું ગણણું, ગણીએ દોય હજાર; ભ૦
એણી વિધે જે એ તપ આરાધે, તે પામે ભવપાર. ભ૦ ૬

કરજોડી સેવક ગુણ ગાવે, મોહન ગુણમણિમાળ; ભ૦
તાસ શિષ્ય મુનિ હેમ કહે છે, જન્મ મરણ દુઃખટાળ. ભ૦ ૭

## શ્રી નવપદજીની થોય

અરિહંત નમો વળી સિદ્ધ નમો, આચારજ વાચક સાહુ નમો,
દર્શન જ્ઞાન ચારિત્ર નમો, તપ એ સિદ્ધચક્ર સદા પ્રણમો. ૧

અરિહંત અનંત થયા થાશે, વળી ભાવ નિક્ષેપે ગુણ ગાશે,
પડિક્કમણાં દેવવંદન વિધિશું, આંબીલતપ ગણણું ગણો વિધિશું. ૨

છ'રિ પાળી જે તપ કરશે, શ્રીપાલ તણી પરે ભવ તરશે,
સિદ્ધચક્રને કુણ આવે તોલે, એહવા જિન આગમ ગુણ બોલે. ૩

સાડાચાર વરસે એ તપ પૂરો, એ કર્મવિદારણ તપ શૂરો,
સિદ્ધચક્રને મનમંદિર થાપો, નયવિમલેસર વર આપો. ૪





## શરણા

### (૧)

મુજને ચાર શરણાં હોજો, અરિહંત સિદ્ધ સુ સાધુજી,
કેવલીધર્મ પ્રકાશીયો, રત્ન અમુલખ લાધુંજી. મુજને૦ ૧

ચઉગતિ તણાં દુઃખ છેદવા , સમરથ શરણાં એહોજી;
પૂર્વે મુનિવરજે હુઆ, તેણે કીધાં શરણાં તેહોજી. મુજને ૦૨

સંસારમાંહી જીવને, સમરથ શરણાં ચારોજી;
ગણી સમયસુંદર એમ કહે, કલ્યાણ મંગળકારોજી. મુજને ૦૩

### (૨)

લાખ ચોરાશી જીવ ખમાવીએ, મનધરી પરમ વિવેકજી;
મિચ્છામિ દુક્કડં દીજીએ, જિનવચને લહિએ ટેકજી. લાખ૦ ૧

સાતલાખ ભૂ દગ તેઉ વાઉના, દશ ચૌદે વનના ભેદોજી;
ખટ વિગલ સુર તિરિ નારકી, ચઉ ચઉ ચઉદે નરના ભેદોજી. લાખ૦ ૨

મુજ વૈર નહિ કેહશું, સહુ શું મૈત્રી ભાવોજી;
ગણી સમયસુંદર એમ કહે, પામીયે પુણ્ય પ્રભાવોજી. લાખ૦ ૩

# લેખિત ધો. ૧૫

| | | |
|---|---|---|
| મૂળ સૂત્ર | : | તત્ત્વાર્થ ૬ થી ૧૦ અધ્યાય અર્થ સહિત |
| ચૈત્યવંદન | : | આજ દેવ અરિહંત નમું |
| સ્તવન | : | આજ મારા પ્રભુ સામું જોવોને |
| થોય | : | ષડ્ અતિશય |
| શરણા | : | ૩ અને ૪ |

## કાવ્ય વિભાગ

### સામાન્ય જિન ચૈત્યવંદન

આજ દેવ અરિહંત નમું, સમરું તારું નામ;
જ્યાં જ્યાં પ્રતિમા જિન તણી, ત્યાં ત્યાં કરું પ્રણામ. ૧

શત્રુંજય શ્રી આદિદેવ, નેમ નમું ગિરનાર;
તારંગે શ્રી અજિતનાથ, આબુ રિખવ જુહાર. ૨

અષ્ટાપદ ગિરિ ઉપરે, જિન ચોવીશે જોય;
મણિમય મૂરતિ માનશું, ભરતે ભરાવી સોય. ૩

સમેતશિખર તીરથ વડું, જિહાં વીસે જિન પાય;
વૈભાર ગિરિવર ઉપરે, શ્રી વીર જિનેસર રાય. ૪

માંડવગઢનો રાજિયો, નામે દેવ સુપાસ;
ઋષભ કહે જિન સમરતાં, પહોંચે મનની આશ. ૫





### સામાન્ય જિન સ્તવન

આજ મારા પ્રભુજી સામું જુઓને, સેવક કહીને બોલાવો રે;
એટલે હું મનગમતું પામ્યો, રૂઠડાં બાલ મનાવો મોરા સાંઈ રે. ૧

પતિત પાવન શરણાગત વત્સલ, એ જશ જગમાં ચાવો રે;
મન રે મનાવ્યા વિણ નવિ મૂકું, એહિ જ મારો દાવો. મોરા૦ ૨

કબજે આવ્યાં હવે નહિ મૂકું, જિહાં લગે તુમ સમ થાવો રે;
જો તુમ ધ્યાન વિના શિવ લહીએ, તો તે દાવ બતાવો. મોરા૦ ૩

મહાગોપ ને મહાનિર્યામક, એવા એવા બિરુદ ધરાવો રે;
તો શું આશ્રિતને ઉદ્ધરતાં, બહુ બહુ શું કહાવો. મોરા૦ ૪

જ્ઞાનવિમલગુરુનો નિધિ મહિમા, મંગલ એહિ વધાવો રે;
અચલ અભેદપણે અવલંબી, અહોનિશ એહિ દિલ ધ્યાવો. મોરા૦ ૫

### ષડ્ અતિશયની થોય

ષડ્ અતિશય કહું વર્ષીદાન, સૌધર્મ ઈન્દ્ર સુગુણ નિધાન,
અવસર પુણ્ય પ્રધાન,
દોય હાથ પર બેસે સુજાણ, થાકે નહીં પ્રભુ દેતાં દાન,
અતિશય પહેલો જાણ,
બીજો ઈન્દ્ર જે કહીએ ઈશાન, છડીદાર થઈ રહે એક ધ્યાન,
શાશ્વત એહ વિધાન,
ચોસઠ ઈંદ્ર વર્જીને જાણ, લેતાં દેતાં સુર વારે તે ઠાણ,
અતિશય બીજો પ્રમાણ. ૧

ભવનપતિમાં વડા કહાવે, ચમર બલીન્દ્ર નામ સુહાવે,
જિનપતિના ગુણ ગાવે,
પ્રભુજી જ્યારે મુઠ્ઠી નમાવે, યાચક ભાગ્યથી અધિક જાવે,
ચમરેન્દ્ર હીન કરાવે,

ભાગ્યાધિકને ઓછા થાવે, બલીન્દ્ર તેહમાં અધિક બનાવે,
ભાગ્ય પ્રમાણે પાવે,
નિજ કરણી કરી આનંદ પાવે, ત્રીજો અતિશય એહ જણાવે,
પ્રભુ ભક્તિ દિલ લાવે... ૨

ભવનપતિના નવ નિકાય, તેહના ઈન્દ્ર અઢાર કહાય,
સૂત્રસિદ્ધાંતે લખાય,
તે સહુ ઈન્દ્રના જીત ગણાય, દાન સમય લહી અવસર પાય,
કરણી આપ કરાય,
ભરતક્ષેત્રના નર સમુદાય, દાન લેવા જસ ઈચ્છા થાય,
તે લેવા મન ધાય,
તે સહુ માણસને ઈહાં લાય, એ ચોથો અતિશય ગવાય,
દીપવિજય કવિરાય... ૩

વાણવ્યંતર ને વ્યંતર એહ, સહુ મળી ઈન્દ્ર બત્રીસ ગુણ ગેહ,
સમકિત દષ્ટિ તેહ,
ભરતવાસી માનવને એહ, પાછા નિજ નિજ ધામ ધરેહ,
અતિશય પંચમ એહ,
જ્યોતિષી ઈન્દ્ર કરણી એહ, વિદ્યાધરને જાણ કરેહ,
છઠ્ઠો અતિશય તેહ,
'દીપવિજય' કવિરાજ સનેહ, એ ષડ્ અતિશય વરસે સદેહ,
વીર જગતગુરુ મેહ... ૪

## શરણા

### (૩)

પાપ અઢારે જીવ પરિહરો, અરિહંત સિદ્ધની શાખે જી;
આલોવ્યાં પાપ તે છૂટીએ, ભગવંત એણી પેરે ભાખે જી. પાપ૦ ૧

આશ્રવ કષાય દોય બંધવા, વળી કલહ અભ્યાખ્યાન જી;
રતિ અરતિ પૈશુન નિંદના, માયા મોહ મિથ્યાત્વ જી. પાપ૦ ૨





મન વચન કાયાએ જે કર્યા, મિચ્છામિ દુક્કડં તેહો જી;
ગણી સમયસુંદર એમ કહે, જૈન ધર્મનો મર્મ એહો જી. પાપ૦ ૩

### (૪)

ધન ધન તે દિન મુજ કદિ હોશે, હું પામીશ સંજમ સૂધોજી;
પૂર્વ ઋષિ પંથે ચાલશું, ગુરુ વચને પ્રતિબુદ્ધો જી. ધન૦ ૧

આંત પ્રાન્ત ભિક્ષા ગોચરી, રણ વને કાઉસ્સગ્ગ કરશું જી;
સમતા શત્રુ મિત્ર ભાવશું, સંવેગ સૂધો ધરશું જી. ધન૦ ૨

સંસારના સંકટ થકી છૂટીશ, જિનવચન અવધારો જી;
ધન ધન સમયસુંદર તે ઘડી, હું પામીશ ભવનો પારોજી. ધન૦ ૩

## લેખિત ધો. ૧૬

| | | |
|---|---|---|
| મૂળ સૂત્ર | : | કર્મગ્રંથ ૧લો અર્થ સહિત |
| પંચસૂત્ર | : | પંચસૂત્ર - ણમો વીયરાગાણં થી મિચ્છા મિ દુક્કડં સુધી ગાથા અર્થ સહિત |

## લેખિત ધો. ૧૭

| | | |
|---|---|---|
| મૂળ સૂત્ર | : | કર્મગ્રંથ ૨જો અર્થ સહિત |
| પંચસૂત્ર | : | પંચસૂત્ર - હોઉ મે એસા સમ્મં થી સુહિણો ભવંતુ જીવા (પૂર્ણ) ગાથા અર્થ સહિત |

## લેખિત ધો. ૧૮

| | | |
|---|---|---|
| મૂળ સૂત્ર | : | કર્મગ્રંથ ૩જો અર્થ સહિત |
| સજ્ઝાય | : | અમૃતવેલની સજ્ઝાય |

### અમૃતવેલની સજ્ઝાય

ચેતન ! જ્ઞાન અજુવાળીયે, ટાળીયે મોહ સંતાપ રે;
ચિત્ત ડમડોલતું વાળીએ, પામીએ સહજ ગુણ આપ રે. ૧

ઉપશમ અમૃતરસ પીજીએ, કીજીએ સાધુ ગુણગાન રે;
અધમ વયણે નવિ ખીજીએ, દીજીએ સજ્જનને માન રે. ૨

ક્રોધ અનુબંધ નવિ રાખીએ, ભાખીએ વયણ મુખ સાચ રે;
સમકિત રત્નરૂચિ જોડીએ, છોડીએ કુમતિ મતિ કાચ રે. ૩

શુદ્ધ પરિણામને કારણે, ચારનાં શરણ ધરે ચિત્ત રે;
પ્રથમ તિહાં શરણ અરિહંતનું, જેહ જગદીશ જગ મિત્ત રે. ૪

જે સમોસરણમાં રાજતાં, ભાંજતા ભવિક સંદેહ રે;
ધર્મના વચન વરસે સદા, પુષ્કરાવર્ત જિમ મેહ રે. ૫

શરણ બીજું ભજે સિદ્ધનું, જે કરે કર્મ ચકચૂર રે;
ભોગવે રાજ શિવનગરનું, જ્ઞાન આનંદ ભરપૂર રે. ૬

સાધુનું શરણ ત્રીજું ધરે, જેહ સાધે શિવપંથ રે;
મૂળ ઉત્તર ગુણે જે વર્યા, ભવ તર્યા ભાવ નિગ્રંથ રે. ૭

શરણ ચોથું ધરે ધર્મનું, જેહમાં વર દયાભાવ રે;
જેહ સુખ હેતુ જિનવર કહ્યો, પાપ જલ તરવા નાવ રે. ૮

ચારનાં શરણ એ પડિવજે, વળી ભજે ભાવના શુદ્ધિ રે;
દુરિત સવિ આપણા નિંદિએ, જીમ હોયે સંવર વૃદ્ધિ રે. ૯





ઈહભવ પરભવ આચર્યાં, પાપ અધિકરણ મિથ્યાત્વ રે;
જે જિનાશાતનાદિક ઘણાં, નિંદિએ તેહ ગુણઘાત રે. ૧૦

ગુરૂતણા વચન જે અવગણી, ગુંથિયા આપ મત જાલ રે;
બહુપરે લોકોને ભોળવ્યાં, નિંદિએ તેહ જંજાલ રે. ૧૧

જેહ હિંસા કરી આકરી, જેહ બોલ્યા મૃષાવાદ રે;
જેહ પરધન હરી હરખીયાં, કીધલો કામ ઉન્માદ રે. ૧૨

જેહ ધન ધાન્ય મૂર્છા ધરી, સેવિયા ચાર કષાય રે;
રાગ ને દ્વેષને વશ હુઆ, જે કીયો કલહ ઉપાય રે. ૧૩

જૂઠ જે આળ પરને દિયા, જે કર્યા પિશુનતા પાપ રે;
રતિ અરતિ નિંદ માયા મૃષા, વળીય મિથ્યાત્વ સંતાપ રે. ૧૪

પાપ જે એહવા સેવિયાં, નિંદિએ તેહ ત્રિહું કાલ રે;
સુકૃત અનુમોદના કીજીએ, જિમ હોય કર્મ વિસરાલ રે. ૧૫

વિશ્વ ઉપકાર જે જિન કરે, સાર જિનનામ સંયોગ રે;
તેહ ગુણ તાસ અનુમોદિએ, પુણ્ય અનુબંધ શુભયોગ રે. ૧૬

સિદ્ધની સિદ્ધતા કર્મના, ક્ષય થકી ઉપની જેહ રે;
જેહ આચાર આચાર્યનો, ચરણવન સિંચવા મેહ રે. ૧૭

જેહ ઉવજ્ઝાયનો ગુણ ભલો, સૂત્ર સજ્ઝાય પરિણામ રે;
સાધુની જેહ વળી સાધુતા, મૂળ ઉત્તર ગુણ ધામ રે. ૧૮

જેહ વિરતિ દેશશ્રાવક તણી, જેહ સમકિત સદાચાર રે;
સમકિત દૃષ્ટિ સુરનર તણો, તેહ અનુમોદિયે સાર રે. ૧૯

અન્યમાં પણ દયાદિક ગુણો, જેહ જિનવચન અનુસાર રે;
સર્વ તે ચિત્ત અનુમોદિએ, સમકિત બીજ નિરધાર રે. ૨૦

પાપ નવિ તીવ્ર ભાવે કરે, જેહને નવિ ભવ રાગ રે;
ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદવા લાગ રે. ૨૧

થોડલો પણ ગુણ પરતણો, સાંભળી હર્ષ મન આણ રે;
દોષ લવ પણ નિજ દેખતાં, નિર્ગુણ નિજઆતમા જાણ રે. ૨૨
ઉચિત વ્યવહાર અવલંબને, એમ કરી સ્થિર પરિણામ રે;
ભાવિયે શુદ્ધનય ભાવના, પાપનાશય તણું ઠામ રે. ૨૩
દેહ મન વચન પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે;
અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે. ૨૪
કર્મથી કલ્પના ઉપજે, પવનથી જેમ જલધિ વેલ રે;
રૂપ પ્રગટે સહજ આપણું, દેખતાં દૃષ્ટિ સ્થિર મેલ રે. ૨૫
ધારતાં ધર્મની ધારણા, મારતાં મોહવડ ચોર રે;
જ્ઞાનરૂચિ વેલ વિસ્તારતાં, વારતાં કર્મનું જોર રે. ૨૬
રાગ વિષ દોષ ઉતારતાં, જારતાં દ્વેષ રસ શેષ રે;
પૂર્વ મુનિ વચન સંભારતાં, વારતાં કર્મ નિઃશેષ રે. ૨૭
દેખિયે માર્ગ શિવ નગરનો, જે ઉદાસીન પરિણામ રે;
તેહ અણછોડતાં ચાલીએ, પામીયે જિમ પરમધામ રે. ૨૮
શ્રી નયવિજય ગુરૂ શિષ્યની શીખડી અમૃત વેલ રે;
એહ જે ચતુર નાર આદરે, તે લહે સુયશ રંગરેલ રે. ૨૯

## લેખિત ધો. ૧૯

મૂળ સૂત્ર : કર્મગ્રંથ ૪થો અર્થ સહિત
સજ્ઝાય : સમકિતના સડસઠ બોલની સજ્ઝાય
ઢાળ ૧ થી ૫ અર્થ સહિત

## લેખિત ધો. ૨૦

મૂળ સૂત્ર : કર્મગ્રંથ ૫મો અર્થ સહિત
સજ્ઝાય : સમકિતના સડસઠ બોલની સજ્ઝાય
ઢાળ ૬ થી ૯ અર્થ સહિત





## લેખિત ધો. ૨૧

મૂળ સૂત્ર : કર્મગ્રંથ ૬ઠ્ઠો અર્થ સહિત
સજ્ઝાય : સમકિતના સડસઠ બોલની સજ્ઝાય
ઢાળ ૧૦ થી ૧૨ અર્થ સહિત

## લેખિત ધો. ૨૨

જ્ઞાનસાર અષ્ટક મૂળ તથા અર્થ

## લેખિત ધો. ૨૩

હેમસંસ્કૃત પ્રવેશિકા ભાગ ૧

## લેખિત ધો. ૨૪

હેમસંસ્કૃત મધ્યમા (બીજી બુક)

## લેખિત ધો. ૨૫

પ્રાકૃત વિજ્ઞાન પાઠમાળા

## નિયમાવલી

(૧) દરેક વિદ્યાર્થીએ પ્રથમ વાર પોતાનું નામ રજીસ્ટર કરાવવું પડશે. જે વર્ષ દરમ્યાન ક્યારેય પણ કરાવી શકાશે અને પરીક્ષા માટે ઓનલાઈન નોંધણી કરાવવી પડશે.

(૨) વિદ્યાર્થી દીઠ રજીસ્ટ્રેશન ફી ભરવી પડશે. ફી ભરનાર મૌખિક ધોરણના વિદ્યાર્થીને સંસ્થા તરફથી પ્રગતિપત્રક આપવામાં આવશે. જેમાં આપેલ પરીક્ષાની નોંધ કરી આપવામાં આવશે. પ્રગતિપત્રક વિદ્યાર્થીએ પોતાની પાસે જ સાચવવાનું રહેશે.

(૩) જ્યારે મૌખિક પરીક્ષા આપવા માટે આવો ત્યારે પ્રગતિપત્રક અવશ્ય સાથે લાવવું. તે વિના માર્ક મુકી શકાશે નહીં.

(૪) પરીક્ષાના પાસીંગ માર્કસ ૬૦ છે. પરંતુ સૂત્ર વિભાગમાં ૬૦% માર્કસ ફરજીયાત છે.

(૫) ઊત્તીર્ણ થયેલ વિદ્યાર્થી વેબસાઈટ ઉપરથી પ્રમાણપત્ર ડાઉનલોડ કરી શકશે.

(૬) મૌખિક અને લેખિત એક સાથે આપી શકાશે.

(૭) એક સાથે બે મૌખિક પરીક્ષા આપી શકાશે નહી.

(૮) વિદ્યાર્થીને રજી. સમયે મેસેજ દ્વારા આપેલ **User ID**, **Password** અને રજી. **ID** નં. સાચવવા ફરજીયાત છે. તેના દ્વારા જાતે જ વેબસાઈટમાં પોતાની માહિતીમાં (સરનામા ફેરફાર જેવાં) સુધારા-વધારા કરી શકશે તેમજ પરીક્ષાનું ફોર્મ પણ ભરી શકશે.

(૯) ઓનલાઈન પરીક્ષા આપનાર વિદ્યાર્થી ઈનામ અને એવોર્ડને પાત્ર નથી. માત્ર સર્ટીફીકેટ ડાઉનલોડ કરી શકશે.

(૧૦) એવોર્ડ વ્યવસ્થા માત્ર અમદાવાદ પુરતી જ રહેશે.

(૧૧) પ્રથમ વખત પરીક્ષા આપનાર વિદ્યાર્થી ધો.૧ થી ૭ સુધીના કોઈપણ ધોરણ થી પરીક્ષા આપવાની શરૂઆત કરી શકે છે.

(૧૨) પરીક્ષા આપવા માટે ઉંમરનો કોઈ બાધ નથી.

ઈનામ માટે પાત્રતા : (માર્કસ પ્રમાણે)

| | |
|---|---|
| મૌખિક ધો. ૧ | ઉંમર વર્ષ ૮ સુધી |
| મૌખિક ધો. ૨ | ઉંમર વર્ષ ૧૦ સુધી |
| મૌખિક ધો. ૩ થી ૧૦ | ઉંમર વર્ષ ૨૦ સુધી |
| મૌખિક ધો. ૧૧ થી ૧૮ | કોઈપણ ઉંમર |
| લેખિત માટે તમામ ઈનામને પાત્ર છે. | |

**મૌખિક પરીક્ષા પાસ કરનાર દરેકને રૂ. ૫૦નું બહુમાન મળશે.**

# શ્રી રાજનગર જૈન શ્વે. ધાર્મિક ઈનામી પરીક્ષા ટ્રસ્ટ

**શતાધિક વર્ષ પ્રાચીન શ્રુતતીર્થ સમ**

**સ્થાપના : વિ.સં. ૧૯૭૩ (ઈ.સ. ૧૯૧૭)**

**ટ્રસ્ટ રજી. નં. A/1382 અમદાવાદ**



## ટ્રસ્ટીગણ


શ્રી શ્રીયકભાઈ અરવિંદભાઈ શેઠ (પ્રમુખ શ્રી)

(પ્રમુખ શ્રી-શ્રી શંખેશ્વર જૈન તીર્થ)

| | |
|---|---|
| શ્રી ભુપેન્દ્રભાઈ વરધીલાલ શાહ | ૯૪૨૮૧૧૬૨૫૧ |
| શ્રી રાકેશભાઈ રમણલાલ શાહ | ૯૮૨૪૫૭૭૪૭૭ |
| શ્રી હિમાંશુ(હર્ષદ) બાબુલાલ શાહ | ૯૮૨૪૦૨૧૬૪૮ |
| શ્રી બિગેનભાઈ પ્રવિણચંદ્ર શાહ | ૮૧૬૦૯૭૮૪૯૨ |
| શ્રી દિનેશભાઈ બાલચંદભાઈ શાહ | ૯૪૨૭૦૨૮૨૭૨ |
| શ્રી સુહાસભાઈ લહેરચંદભાઈ શાહ | ૯૮૨૪૦૧૪૪૭૧ |
| શ્રી પ્રફુલભાઈ નાનાલાલ શાહ | ૯૩૭૪૫૬૯૦૯૦ |
| શ્રી કમલેશભાઈ આર શાહ | ૯૮૨૫૮૭૯૪૧૧ |
| શ્રી ભૌમિક ભૂપેન્દ્રભાઈ શાહ | ૯૧૫૭૬૪૯૮૬૧ |
| રિદ્ધિ કેયુર બેલાણી | ૮૮૬૬૪૫૦૧૪૯ |



રજી. ઓફિસ - ૭, સંગમપાર્ક, હીરાબાગ કોસીંગ પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬.

પારી વરધીલાલ સંપ્રીતચંદ, ૨૨૮૭/૧, માણેકચોક, અમદાવાદ-૩૮૦૦૦૧.

E : rajnagarpariksha@gmail.com | W : www.rajnagarpariksha.com

મો. ૯૪૦૯૩ ૫૪૫૮૩

# ચાલો.. જ્ઞાનયજ્ઞ રૂપી દીવડાને પ્રગટાવેલો રાખીએ...

## રાજનગર જ્ઞાનશાળાના સંકુલના લાભની યોજના

| | | |
|---|---|---|
| (૧) | સંકુલના મુખ્ય દાતા | આદેશ અપાઈ ગયેલ છે. |
| (૨) | સંકુલના મુખ્ય ભૂમિદાતા | ૫૦૪ લાખ |
| (૩) | સમગ્ર સંકુલના સહાયક દાતા પરિવાર | ૧૦૦ લાખ |
| (૪) | સમગ્ર સંકુલના સહાયક ભૂમિ દાતા પરિવાર | ૫૧ લાખ |
| (૫) | સંકુલના રત્નસ્તંભ | ૧૧ લાખ |
| (૬) | સંકુલના સુવર્ણસ્થંભ | ૫ લાખ |
| (૭) | ભૂમિ સંપાદન લાભ (૧ ચોરસ વાર) | ૫૧ હજાર |



તમે પણ
જ્ઞાનયજ્ઞના
દીવડામાં
ઘી પુરશોને ?

